Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

7.3

31:3/62

संगीत - प्रकाश

भाग 1

[गुजराती]

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

दिनांक - २७-१०-८०.

डॉ. पु. प्रेमलताजी शर्मा को
सप्रेम _

अ : 3/62
आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

शिवलाल तिवारी.
कोकिला तिवारी.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંગીત પ્રકાશ.

ભાગ ૧.

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

પ્રયોજક,

રાજકુમાર પ્રભાતદેવજી નારણદેવજી.

સં. ધરમપુર.

(સુરત ડીસ્ટ્રીક્ટ)

દ્વિતીય આવૃત્તિ.

(સુધારા વધારા સાથે)

મૂલ્ય રૂા. [redacted] ૧૦=૦૦

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રથમ આવૃત્તિ સને ૧૯૨૦.
દ્વિતીય આવૃતિ સને ૧૯૪૧.

आम्नाय-ग्रन्थालय,
भारतनिधि, करौंदी
वाराणसी-5

સર્વ હક્ક ગ્રન્થકર્તાને સ્વાધીન.

આ પુસ્તક આનંદ સાગર પ્રિન્ટિંગ પ્રેસ, વલસાડમાં છપાવ્યું,
અને રાજકુમાર પ્રભાતદેવજીએ પ્રભાતનિવાસ,
ધરમપુરમાં (સુરત ડીસ્ટ્રીકટ) પ્રસિદ્ધ કર્યું.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મર્હુમ

સૂર્યવંશી હિઝ હાઇનેસ શ્રીમંત મહારાણા શ્રી

મોહનદેવજી મહારાજા સાહેબ, સંસ્થાન ધરમપુર.

સુરત એજન્સી. પ્રાંત રામનગર.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અર્પણ.

સૂર્યવંશી સિસોદીઆ કુળની
જવલંત પ્રણાલિકાઓને જેઓશ્રીએ જીવનમાં ઉતારી,
આદર્શ રાજવી તરીકે
પોતાની પ્રજાના કલ્યાણાર્થે જેમણે જીવન સમર્પણ કર્યું
તેવા
સત્ય, ન્યાય, ક્ષમા અને વાત્સલ્યની મૂર્તિસમા
મ્હારા વડિલ બન્ધુ
સૂર્યવંશી સિસોદીઆ કુલભૂષણ
સંસ્થાન ધરમપુરના
સ્વ૦ હિઝહાઇનેસ મહારાણાશ્રી મોહનદેવજી મહારાજા સાહેબના
પૂનિત અને પાવક સ્મરણને
તેઓશ્રીના આજ્ઞાંકિત અને ઋણાનુંબંધી
પ્રભાતદેવ તરફથી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ॐ

પ્રસ્તાવના.

एको रागिषु राजते प्रियतमादेहार्धकारी हरो
नीरागेष्व पियो विमुक्त ललना संघोन यस्मात्परः ।
दुर्वारः स्मरबाण पन्नगविष ज्वालावलीढोजनः
शेषः काम विडंबितोहि विषयान् भोक्तुं न मोक्तुं क्षमः ॥
ईदृशं गिरिजापतिं शिवसुतं देवं गणेशं शिवम्
वन्दे नाद विशारदां भगवतीं वागीश्वरीं शारदाम् ॥

ગ્રંથારંભે ઉપોદ્ઘાત્ ગ્રંથહેતુ સૂચવે છે. સંગીતશાસ્ત્રનાં ઘણાંએક પુસ્તકો હોવા છતાં આ નૂતન ગ્રંથની શી આવશકયતા છે, એવા પ્રશ્નના પ્રતિઉત્તરમાં, આ ગ્રંથ પ્રાચીન સમયનાં પરિવર્તન પામેલાં આર્યસંગીતને આધુનિક સમયનાં સંગીતં વિલાસી સજ્જનોની જીજ્ઞાસા યથાશક્તિ સંતૃપ્ત કરવાની અભિલાષાએ, આધુનિક શૈલીએ રચાયલા સંગીતના અનેક ગ્રંથોનું અવલોકન કરી, તેમાં દૃશ્ય થતી અપૂર્ણતાથી વિમુખ રહી, સંગીતનાં પ્રત્યેક અંગની હકીકત સંક્ષિપ્તમાં અને સરળ ભાષામાં સમાવી, રાગને નિયમિત રીતે થાટની પદ્ધતિથી વિભક્ત કરી રાગનું યથાસ્થિતરૂપ ખડું થાય, એવી રીતે પ્રાચીનકાળથી પ્રચારમાં આવેલા ખાસ પ્રસિદ્ધ રાગનો સંગ્રહ કરી, તેનાં નોટેશન (સરગમ) કરી, જે મનુષ્યનાં હૃદયાકાશપર સંગીતની લેશ માત્ર પણ રેષા અંકાયલી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

નથી, એવા મનુષ્યને પણ સુગમતા થઇ પડે, એવા આશયથી આ ગ્રંથમાં સંગ્રહ કરી, આ પુસ્તક દ્વારા પ્રસિદ્ધ કરવાનો આ અલ્પ પ્રયાસ છે.

કોઇ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શકની જરૂર છે. વિદ્યાર્થીને શાળામાં જ્ઞાન સંપાદન કરવા શિક્ષકની જરૂર છે.

ગુરુ વિના જ્ઞાન નહી.

યોગીને યોગાભ્યાસ માટે યોગજ્ઞ ગુરુની જરુર છે, તદ્વત, સંગીતયોગનું સંપૂર્ણ જ્ઞાન સંપાદન કરવા માટે સારા ગુરુની જરુર છે. જો કે આધુનિક સમયમાં સંગીત કળાનું જ્ઞાન પ્રયોગ અને સતત અભ્યાસથી ગ્રંથ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ પ્રાચીનકાળથી ગુરુ સાન્નિધ્યમાં જ્ઞાન સંપાદન કરવાની મહત્તા વિશેષ હોવાથી તેની આવશ્યકતા છે. આ ગ્રંથ ગુરુ વિના સંગીતનું જ્ઞાન મેળવી શકાય એવા આશયથી, વિદ્યાર્થીને સુગમ પડે. એ રીતે રચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, પણ “ **ગુરુ વિના જ્ઞાન નહીં** ” એવી પ્રાચીન કહેવત મિથ્યા થઇ શકે નહીં. મતલબ આ ગ્રંથના આશ્રય સાથે, જો ગુરુ પાસે શિક્ષણ મળતું હોય તો તે ઘણેભાગે સંપૂર્ણ અને આનંદદાઇ થશે.

નાદઃ—

यदुक्तं ब्रह्मणः स्थानं ब्रह्मग्रंथिश्चयो मतः ।
तन्मध्ये संस्थितः प्राणः प्राणाद्वन्हि समुद्भवः ॥
वन्हि मारुत संयोगान्नादः समुपजायते ॥

એ ઉક્તિ અનુસાર અગ્નિ અને પ્રાણવાયુનો બ્રહ્મગ્રંથીનાં સ્થાનમાં પરસ્પર સંયોગ થતાં પ્રણવમંત્ર સ્વરૂપ ૐ નાદ થયો, અને તે નાદ સૃષ્ટિનાં મૂળરૂપે નાદ બ્રહ્મ ગણાયો. આવા વાયુ અને વહ્નિના પરસ્પર સંયોગથી અને અન્યોન્યના આઘાતથી નાદ ઉત્પન્ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થયો. એ રીતે એ વસ્તુઓના પરસ્પર થતા આઘાતની થતી ક્રિયાને વિશ્વ " નાદ " નામથી જાણે છે. નાદ દ્વિધા વિભક્ત કરી શકાય છે. " સૂક્ષ્મ " અનાહત અને " સ્થૂલ. " આહત નાદો જે વિશ્વમાં સતત ઉત્પન્ન થાય છે, કિંતુ અશ્રાવ્ય છે, તેને " સૂક્ષ્મ " નાદ કહેવામાં આવ્યા છે. અને કેટલાક નાદો શ્રાવ્ય હોઇ તેને " સ્થૂલ " નાદ કહેવામાં આવ્યા છે.

આવા શ્રાવ્યાશ્રાવ્ય નાદ પૈકી આર્ય સંગીતશાસ્ત્રનું શ્રાવ્ય નાદ પરત્વે અવલંબન હોઇ, તે નાદ વિષે અત્ર વિવેચન કરીશું. શ્રાવ્ય વા આહત વા સ્થૂલ નાદના બે વિભાગ કરી શકાય– " પ્રિય " અને " અપ્રિય " – કર્ણને માધુર્યને ભાસ કરાવતો, મનને શાન્ત કરતો આનંદ આપતો નાદ તે " પ્રિયનાદ " કહિ શકાય. કર્ણને કર્કશ લાગતો ભીતિપ્રદ નાદ,–મેઘગર્જના, તોપનો ધડાકો, વગેરે " અપ્રિય " નાદ ગણી શકાય. સંગીતશાસ્ત્રમાં આવા અપ્રિયનાદ કર્ણને અનુકૂળ નહીં હોઇ, ઉપયોગી નથી.

દૈવી નિયમાનુસાર પ્રત્યેક ક્ષણે નૈસર્ગિક રીતે નાદની ક્રિયા ચાલુજ હોય છે. આવા અનંત પ્રિય શ્રાવ્ય વા આહત નાદોથી આ વિશ્વ પરિપૂર્ણ છે. પરંતુ તે સર્વ નાદો સંગીત શાસ્ત્રમાં લેવા અસંભવિત છે, અને તેથી એવા પ્રિય નાદોમાં જે નાદ મન દ્રવિત કરવાને સમર્થ છે, તે નાદજ માત્ર સંગીત શાસ્ત્રમાં ઉપયોગી છે.

પ્રત્યેક કાર્ય કરવા માટે નિયમની જરૂર છે. નાદની ઉત્પત્તિ થઇ, એટલે સંગીત શાસ્ત્રમાં તેને યોજવાની પ્રાચીન સમયમાં આકાંક્ષા થઇ, અને તે આકાંક્ષાએ એવા સંગીત શાસ્ત્રમાં ઉપયોગી નાદને નિયમસર યોજવાની રચના થઇ. તે યોજનાની " સપ્તસ્વર "ના નામથી વિશ્વને પ્રતીતિ થઇ. શ્રોત્રને પ્રિયકર અને મનને આનંદકારક સ્વરને " ષડજ " અથવા " સૂર " કલ્પવામાં આવ્યો છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આર્ય સંગીતનાં ત્રણ અંગો **ગીત, વાદન,** અને **નર્તન,** એવાં છે. તે પ્રત્યેક અંગ અને તેનાં દરેક ઉપાંગમાં નાદનું પ્રાધાન્ય દ્રષ્ટિગોચર થાય છે.

"ષડજ" યા "સૂર" અચળ, અવિકારી યા સ્થાયી બનાવી તેનાથી પ્રમાણુસર ચઢતા પ્રત્યેક સ્વરને, અનુક્રમે ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ એવાં નામો આપી ટુંક સંજ્ઞામાં સા–રી–ગ–મ–પ–ધ–ની–એવા સાત સ્વરોની એક યોજના પ્રચારમાં આવી.

ગીતઃ–માનવ સૃષ્ટિમાં પરસ્પર વિચાર વિનિમય કરવાના હેતુથી નાદના સમૂહને એકત્ર કરી "લિપિ" બનાવવાની યોજના થઇ. આ પ્રકારે થયલી લિપિના ભિન્ન અક્ષરોનો સ્વર સાથે સંયોગ કરી તેવા સંયોગી અક્ષરના સમૂહને "શબ્દ" એવી સંજ્ઞા આપવામાં આવી.

આ રીતે ઉત્પન્ન કરેલા શબ્દના સમૂહને, પિંગળ અને અન્ય કાવ્ય રચનાના નિયમાનુસાર એકત્ર કરવામાં આવતાં, પદ તરીકે મધુર સ્વરોમાં ગાઇ શકાય તેવી રીતે ગોઠવવામાં આવ્યા, અને તેને "**ગીત**" કહેવામાં આવ્યું. આવાં ગીતને, યોજેલા સા–રી–ગ–મ–પ–ધ–ની સ્વરોમાં, નિયમિત રીતે કાળ અને સ્વરનાં યથાસ્થિત નિયમો જાળવી ગોઠવવામાં આવ્યાં. અને તેને ગાયન કહેવામાં આવ્યું. ગીત અને રાગમાં તફાવત છે. ગીત એ **શબ્દ** સમૂહ છે જ્યારે રાગ એ નિયમિત રીતે લેવાતા યોજેલા **સ્વરોનો** સમૂહ છે. કાનને પ્રિય લાગે એવા નિયમિત રીતે ગોઠવેલા સ્વરના સમૂહને "**રાગ આલાપ**" ની સંજ્ઞા આપવામાં આવી છે.

વાદનઃ–આ પ્રમાણે જે સાત સ્વરોની યોજના કરવામાં આવી તે કલ્પિત અને કેટલીક યાંત્રિક યોજના સાથે ગણિતશાસ્ત્રના

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

નિયમોને અનુસરી કરવામાં આવી; પરંતુ તેનો પ્રયોગ કરવા માટે કોઈપણ યંત્રની જરૂર જણાતાં, એ સ્વરોને નિયમિત રીતે રચવામાં આવ્યા, અને તેવી રચનાને "વાદ્ય" કહેવામાં આવ્યું. આવાં વાદ્યો અનાદિ કાળથી ચાલુ છે. મહાદેવ, સરસ્વતી, અને નારદ મુનિયે "**તંતુ વાદ્ય**" (વીણા), તેમજ શંકરે તાંડવનૃત્ય સમયે "**આનદ્ધ વાદ્ય**" (ડમરૂ) અને કૃષ્ણે "**સુષિર વાદ્ય**" (વાંસળી) અને "**ઘન વાદ્ય**" (કિર્તાલ) બ્રહ્માએ ઉત્પન્ન કર્યાનું કહેવાય છે. એ પ્રમાણે તંતુ, સુષીર, આનદ્ધ અને ઘન વાદ્ય મળી એકંદર ચાર પ્રકારના વાદ્ય થયાનું જણાય છે. આવા પ્રાચીન અને મૂળ વાદ્યો ઉપરથી, જન સમાજની અનુકૂળતા જાળવવાના હેતુએ એકજ સિદ્ધાંતનું અવલંબન કરી અનેક, નૂતન વાદ્યો તૈયાર કરવામાં આવ્યાં છે. પરંતુ એ વાદ્યો પૈકી વીણા, ડમરૂ વાંસળી તથા કિર્તાલ આદિ (મૂળ) વાદ્ય છે. આવી રીતે તૈયાર થયેલાં વાદ્ય ઉપર સંગીતના નિયમાનુસાર સ્વર અને કાળને યોગ્ય રચનામાં ગોઠવી, વગાડવાની ક્રિયાને "**વાદન**" નામ આપવામાં આવ્યું છે.

નર્તનઃ—સ્વર અને કાળનાં નિયમો જાળવી વિવિધ પ્રકારના રસ, અને ભાવો,—ગાયનનાં અર્થને અનુસરી, સૂચવનારા હાવ ભાવો, અને શરીરનાં હલન ચલન અને વળણ સાથે પાદસ્પર્શથી નાદ ઉત્પન્ન કરવાની ક્રિયાને "**નર્તન**" કહેવામાં આવ્યું છે.

આ પ્રમાણે સંગીત શાસ્ત્રનાં ત્રણ અંગો પૈકી વાદનમાં, કાળનાં પ્રત્યેક નિયમ શી રીતે જળવાય છે, તેમજ તેની ભિન્ન ભિન્ન યોજનાઓ, તાલ પ્રસ્તારનાં પ્રકરણમાં સુખ્તેસર આપવાનો પ્રયાસ કર્યો છે.

શરીર સુશોભિત આકર્ષક બનાવવાને વસ્ત્રાલંકારની જરૂર છે તેમજ રાગને શ્રવણ સુભગ બનાવવા માટે તે સર્વાંગે સંપૂર્ણ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હોવો જોઇએ. તાન, આલાપ, મૂર્છના વગેરે રાગનાં બલકે સંગીતનાં અંગો અગર અલંકારો છે. અને એ અલંકારો યથાસ્થિત સંપૂર્ણ હોય તોજ રાગ આનંદ આપે છે.

આ પ્રમાણે ત્રિધા વિભક્ત સંગીતની બે કળાએ ગીત (ગાયન) અને વાદનનું સ્પષ્ટીકરણ કરવાનો આ ગ્રંથનો આશય છે.

॥ जयतु जयतु नादः पञ्चमश्चोपवेदा ॥ એવી મહાન રાજર્ષિ ભર્તૃહરિ સંગીત શાસ્ત્રને ઉપમા આપી સંગીત ગૌરવ વધાર્યું છે. નિઃસંશય સંગીતશાસ્ત્ર અને સંગીત કળા અનાદિ કાળથી પ્રચલિત છે અને તે દૈવી છે. વેદની ઋચા, પ્રત્યેક ધર્મની ઇશ્વરની સ્તુતિઓ સંગીતમાંજ છે. તે એમજ સૂચવે છે કે સંગીતમાં તલ્લીન બનાવવાની, આર્દ્રતા, સહૃદયતા વગેરે ગુણો ઉત્પન્ન કરવાની દિવ્ય શકિત છે. સામવેદ, સંગીત શાસ્ત્રના મૂળ જ્ઞાનનો અપૂર્વ ભંડાર છે અને તેજ સર્વ શકિતવાન પરમપુરુષનાં ગુણાનુવાદ કરી પરમાત્મા સાથે ઐકય કરાવે છે.

यथा नयति कैलासं नगं गानसरस्वती ।
तथा नयति कैलासं न गगा न सरस्वती ॥

એ પ્રમાણે નાદ બ્રહ્મ–મૂળ નાદ–જે નાદ પ્રભુના પરમભક્ત નારદને પરમાત્મામાં તલ્લીન બનાવવાને શકિતમાન હતો, જે નાદનો સરસ્વતી પાર પામી શકી નથી, તે નાદબ્રહ્મની, સંગીત શાસ્ત્ર એક શાખા છે એ નિર્વિવાદ છે. માનવસૃષ્ટિ ઉપર એ નાદ કેટલે અંશે આધિપત્ય ભોગવે છે તે જાણવું સ્હેલ છે. જ્ઞાત વા અજ્ઞાત મનુષ્ય સંગીતનો આલાપ માત્ર શ્રવણ કરતાં, થોડે ઘણે અંશે આનંદિત થાય છે–ધ્યાનમગ્ન બને છે. એજ નાદ સંત પુરૂષોને સ્વર સમાધિમાં મૂકી, અંતે પરબ્રહ્મ ધામમાં લઇ જવાને સમર્થ બને છે. એજ નાદ ભીષણ રોગથી પીડાતા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રોગીઓને રોગમુક્ત કરવામાં સહાયભૂત થાય છે અને યોગ શાસ્ત્ર તેની ખાત્રી આપે છે. અજ્ઞાન પારણામાં ઝુલતું બાળક-બ્રહ્મમય શિશુ-નાદથી મોહિત થઇ, માતાનાં મુખમાંથી સરતાં હાલરડાં શ્રવણ કરતાંજ શાંત થઇ નિદ્રાવશ થાય છે. આવા નાદાંગ સંગીતનાં અનેક પ્રકારના પ્રભાવો આપણે અનુભવિયે છિયે. ચૈતન્ય માનવ સૃષ્ટિ ઉપરજ નહીં, પરંતુ પશુ, પક્ષી, સર્પ વગેરે ઉપર પણ સંગીત સરખી રીતે પ્રાબલ્ય ચલાવે છે. મૃગ, નાદ શ્રવણ કરતાં તદ્રૂપ બની પારધિ હાથે હણાય છે. સર્પ, તેજ નાદના નાદમાં ગારુડીને વશ થાય છે. જડ સૃષ્ટિ ઉપર પણ સંગીતનું પ્રાબલ્ય કાંઇ ઓછું નથી વૃક્ષપર્ણની સ્થિરતા, સરિતાનાં નીરની શાંતિ વગેરે, સંગીતના પ્રભાવના પ્રત્યક્ષ પુરાવા છે. ટુંકમાં બ્રહ્માનંદ સર્વ શ્રેષ્ઠ છે. અને તે બ્રહ્માનંદ નાદ બ્રહ્મથી પ્રાપ્ત કરાય છે માટે તે સર્વોત્કૃષ્ટ છે.

साहित्य संगीत कला विहीनः ।

साक्षात् पशुः पुच्छ विषाणहीनः ॥

આવા બ્રહ્મમયકારક અવર્ણનીય સંગીતશાસ્ત્રના પ્રાચીન કાળમાં ઘણા આચાર્યો થઇ ગયા છે, અને જેને ગંધર્વ તરીકે ગણવામાં આવ્યા છે તેમાં પુરુરવા, નારદ, ભરત, તુંબર. હાહા, હુહુ, ચિત્રકેતુ, ઉદ્દાલક વગેરે મુખ્યસ્થાને છે. મધ્યકાળમાં સંગીતનિપુણ વ્યકિતયો ગોપાળ નાયક, ભટ્ટુ, ચરખુ, તાનસેન, મદનરાય, રામદાસ બાવા, બાવા સુરદાસ, સ્વામી હરદાસ, સદારંગ, અદારંગ બચેજુ, બક્ષુ, અમીર ખુશરો, તાનતરંગખાન, અહમદ (બીનકાર) દહલવી, બાહાદુરખાન, મસીદખાન દહલવી (સીતારબાજ,) હદુ હશુખાં ગ્વાલીઅેરી અમૃતસેન, રહીમસેન (સીતારબાજ,) બહેસમખાંન, રહેમતખાં, અલ્લાબંદેખાં, જાકરૂદીન, અલીયાફતુ,

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બંદેઅલીખાં, (બીનકાર) રઝબઅલીખાં, (બીનકાર) વઝીરખાં (બીનકાર) વગેરે થઇ ગયા.

નથ્થેખાં જે હદ્દુ હસુખાં અને બહેરામખાંનાં ઘરાનાનાં થતા હતા, તેમના તરફના મારા ગુરુભાવથી તેમજ બીનકાર બંદેઅલીખાંની શિષ્યા ચુન્નાજી જેનાં ગળામાં બીનની તમામ બારીકીઓ પેદા કરવાની શકિત હતી અને જેને લીધે તે સર્વત્ર સુવિખ્યાત હતી, તેમના ભાઇ અને નથ્થેખાનાં શાગિર્દ, તેમજ બંદેઅલીખાંનાં રાત દિવસના સહવાસમાં રહેલા કાદરબક્ષની તાલીમના પ્રભાવે અને નૈસર્ગિક રીતે મને બાલ્યાવસ્થાથીજ એ વિષય પ્રતિ અનુરાગ હોઇ સતત અભ્યાસથી, આ ગ્રંથ પ્રકટ કરવા જેટલી શક્તિ હું મેળવી શકયો છું.

આ ગ્રંથ લખવાનો મારો લગભગ ત્રણ વર્ષનો પ્રયાસ હતો. તે લખવામાં મારા અનુયાયીઓ અત્રેનાં નાયબ દીવાન મી. દુલ્લભદાસ વિઠ્ઠલદાસ સરૈયા, યાદવ મોતીસીંગ ડાહ્યાભાઇ, મી. નૌતમલાલ મણિશંકર હાથી, મી. ગુલામહુસેન અબદલ્લા એડમાસ્તર, મિ. નિષ્કરરાય ચંપકલાલ મહેતા અને મિ. જમિયતરામ નરભેરામની મદદથી તેમજ તે છપાવતાં તેની પ્રુફ તપાસવામાં અત્રેના રેવન્યુ એન્ડ ફોરેસ્ટ ઓફિસર મિ. ખંડુભાઇ મકનજી દેસાઇની મદદથી તે પૂર્ણ કરવામાં હું ફતેમંદ થયો છું તે માટે તેમનો તેમજ પરમાત્માનો આભાર માનુ છું.

॥ अस्तु. ॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આમુખ.

(૧)

"સંગીત પ્રકાશ" ના બીજી આવૃત્તિ જનતા સમક્ષ મૂકતાં મ્હને આનંદ થાય એ સ્વાભાવિક છે. એની પ્રથમ આવૃત્તિને સંગીતરસિકોએ જે ભાવથી વધાવી લીધી છે, તે માટે એ સર્વનો હાર્દિક આભાર માનવાની આ તક લઉં છું.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ સને ૧૯૨૦ માં પ્રસિદ્ધ થઇ: તે દરમિયાન, જીવનમાં અને વ્યવહારમાં તળસ્પર્શી અનેક રૂપાન્તરો થયાં; વૈજ્ઞાનિકોની શોધને પરિણામે બોલતાં ચિત્રપટો (Talkies) અને બ્રૉડકાસ્ટિંગ સ્ટેશનો આપણા આંગણે સ્થપાયાં; સંગીતના પ્રાણસમા તંતુવાદ્યને બદલે ઘેર ઘેર ગ્રામોફોનના અવાજ સંભળાવા લાગ્યા; લોકભોગ્ય કહેવાતા - folk - સંગીતનો મોહ વધ્યો, પણ શાસ્ત્રીય પરિશીલન શિથિલ થયું. છતાંય, "સંગીત પ્રકાશ" ની પ્રથમ આવૃત્તિની નકલો ખલાસ થતાં એ વિશેની માગણી વધ્યેજ ગઇ, એટલે દ્વિતીય મુદ્રણની જરુર ઉભી થઇ; પણ વ્યવહારની વિવિધ રોકાણો અને વ્યવસાયને લીધે જનતાની માગણીને પહોંચી વળવામાં વિલંબ થયો.

વળી, આ સમય દરમિયાન, "રાગ પ્રવેશિકા" નામક સંગીતશ્રેણી ચાર ભાગમાં પ્રગટ કરવાનું અમે શરુ કર્યું; તથા પાશ્ચાત્ય સંગીતના ધોરણે હિંદી સંગીતમાં "Staff-notation" ની પદ્ધતિ અનુસાર "મ્યુઝીક મૅગેઝિન" નામના માસિકનું પ્રકાશન હાથ પર લીધું. કાંઇક આવાંજ કારણોને લીધે "સંગીત પ્રકાશ" ના દ્વિતીય મુદ્રણમાં અંતરાય થતા ગયા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છેવટે, સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા સંગીતના આ ઋણમાંથી મુક્ત થવા અન્ય વ્યવસાયો ઘડીભર મુલતવી રાખ્યા; અને પ્રસ્તુત વિષય હાથમાં લીધો ત્યારે સવિશેષ પર્યાલોચન અને અવગાહનને પરિણામે સંગીતશાસ્ત્રને લગતા કેટલાક તાત્ત્વિક ફેરફારો કરવા ઇષ્ટ જણાયા તેથી પુસ્તકના પુનર્મુદ્રણને બદલે સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ, સંગીતની વિવિધ ભૂમિકાઓને ઉપયોગી થાય એ ધોરણે, પ્રસિદ્ધ કરવાનું ઉચિત જણાયું; જેને લીધે પ્રકાશનમાં ધારવા કરતાં વધારે વિલંબ થયો. પણ તેથી પ્રસ્તુત સંગ્રહ, અભ્યાસકની તેમજ શાસ્ત્રીય દૃષ્ટિયે, ઉપકારક થયો જણાય તો મ્હારો વિલંબ વાચકસમૂહ ક્ષન્તવ્ય ગણુશે.

અહિં એમ પણ નોંધવું જરુરનું છે કે "સંગીત પ્રકાશ" ના પ્રથમ મુદ્રણને આજ વીસેક વર્ષ થવાં આવ્યાં. એટલા અવધિમાં ભારતીય સંગીત તરફ વર્તમાન યુગનું લક્ષ સારા પ્રમાણમાં દોરાતું જાય છે. એના પુનરુદ્ધાર માટે ઠીક પ્રયાસો થવા માંડયા છે; અને તે વિષય પરત્વે, ઇતર સંસ્થાઓ અને વ્યક્તિયો દ્વારા, સાહિત્યસર્જન પણ આરંભાયું છે. શિક્ષણ સંસ્થાઓમાં સંગીતના વિષયને અપાતું સ્થાન, હિંદના વિદ્યાપીઠોમાં તેના શાસ્ત્રીય અભ્યાસ-ક્રમની યોજના, મુંબઇ યુનિવરસિટીના આશ્રય નીચે દિ. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવની "પદ્યરચનાની સમાલોચના" તેમજ સંસ્થાન ધરમપૂરના હીઝ હાઇનેસ મહારાણા શ્રી વિજયદેવજી મહારાજા સાહેબ પ્રણીત સંગીત શાસ્ત્રનું ઉત્તમ પુસ્તક "સંગીત ભાવ" ની પ્રસિદ્ધિ એ સઘળું પ્રસ્તુત વિષય પ્રત્યે વધતા જતા આદરના સૂચક ચિહ્નો છે. એવા સમયે "સંગીત પ્રકાશ" ની બીજી આવૃત્તિ મારફત અભિપ્રેત વિષયની મ્હારી અલ્પ આરાધના જાહેર પ્રજાની સન્મુખ ધરતાં મ્હને સકારણ હર્ષ થાય છે કેમકે નીરક્ષીરના વિવેકજ્ઞ એવા સંગીત નિષ્ણાતો મ્હારા નમ્ર પ્રયાસની કસોટી, તુલનાત્મક દૃષ્ટિયે, કરી શકશે એ ઘણાજ સંતોષની વાત છે.

હિઝ હાઇનેસ મહારાણા શ્રી વિજયદેવજી મહારાજા સાહેબ બહાદૂર.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai



જેમણે
" સંગીત ભાવ " નામનું અમૂલ્ય પુસ્તક બે ભાગમાં પ્રસિદ્ધ કર્યું, તેમજ સંગીતશાસ્ત્રને અભિનવ પ્રેરણાઓ આપી અને જેમના અનુગ્રહથી ' રાગ પ્રવેશિકા ' અને ' મ્યુઝિક મેગેઝિન ' પ્રસિદ્ધ થયાં.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

(૨)

વ્યક્તિના સર્વતોમુખી વિકાસ માટે પ્રાચીન કાળમાં ચોસઠ કળાનું શિક્ષણ આવશ્યક મનાતું અને એમાં સંગીતને અગત્યનું સ્થાન હતું એ વિશે અનેક પ્રમાણો પૂર્વ તથા પશ્ચિમના ગ્રન્થોમાંથી મળી આવે છે. સ્વર અને સૂરનું સંવાદજન્ય સંગીતજ જીવનની વિષમતામાં આનંદ આપવાની શક્તિ ધરાવે છે. એ સંગીતની આરાધનાથી ગ્રીસનો પ્રખ્યાત સંગીત વિધાતા ઓર્ફ્યૂસ પોતાની પત્ની યુરિડિસીને યમલોકમાંથી પાછી મેળવી શક્યો. એના ઉપાદાનથી

"ગોપી સહાય વૃજ કુંજ છકેલ છૈયો
કાલિંદી રમ્ય તટ રાસ રમ્યો કન્હૈયો."

એની સૂરાવટના ઉલ્લાસમાં મણિધર ડોલે છે. "એ પ્રેમ પારાવારમાં મોંઘું મરણ પણ મિષ્ટ છે" એ કવિઉક્તિ "હર્ષ વર્ષણ" ના એ રસોદધિમાં રહેલી અપૂર્વ શકિત સૂચવે છે.

પણ પ્રાચીનોની આ કળા, વખત જતાં, અધોગતિ પામતી ગઇ, અને જેના હાથમાં એ કળાના કાંઇ અવશેષો રહ્યા તે અશિષ્ટ વર્ગમાં ગણાવા લાગ્યા. સંગીત એ એક પ્રકારનો જલસો કે તમાસો, અને એનો ઉસ્તાદ રાગડા તાણનાર લેખાયો. પરિણામે, યાચક લોકના હાથમાં એ કળા, ઉદરનિર્વાહના સાધન તરીકે સરી પડી. સાક્ષરોના મ્હોટા ભાગે જીવનની અમૃતસંજીવિની સરખી એ કળા તરફ ઉપેક્ષા દેખાડી. અને સાહિત્યના ઘણાખરા પદોમાંથી એનો વિશ્લેષ થયો. આને લીધે છંદ અને પ્રાસ વિશે, માત્રા કે તાલ વિશે, વૃત્ત અને સૂર વિશે ભ્રમજન્ય વિચારો ફેલાયા; અને છન્દઃ શાસ્ત્રના પ્રાણસમું સંગીત બેસૂરૂં બનવા માંડયું.

આવી પરિસ્થિતિને લીધે, અર્વાચીન યુગમાં સંગીતની અભિરુચિને ફરી જાગ્રત કરનાર કયા વિશારદોએ એની પાછળ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જીવનસર્વસ્વ ખર્ચ્યું છે તેનો, તથા એના પ્રવાહમાં સીમાચિહ્ન દેખાડતા કયા ગ્રન્થો લખાયા છે તેનો આછો ઉલ્લેખ, જીજ્ઞાસુને અને ખાસ કરીને અભ્યાસકને સવિશેષ ઉપયોગી થાય એ હેતુથી, અત્ર સંક્ષેપમાં કરવો જરુરનો છે.

આધુનિક સંગીતનો, શાસ્ત્રીય દૃષ્ટિયે, પ્રચાર કરવા કોઇ એક વ્યક્તિયે અનેક રીતે સક્રિય અને સર્જનાત્મક ફાળો આપ્યો હોય તો તે મારા સ્વર્ગસ્થ પરમમિત્ર પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે છે. મુંબઇ વિદ્યાપીઠના આર્ટસ્ અને લૉ (કાયદા) ના ગ્રેડયુએટ, તથા મુંબઇ હાઇકૉર્ટના પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હોવા ઉપરાંત, પંડિત ભાતખંડે સંગીતના અનન્ય ઉપાસક અને પ્રમાણભૂત પ્રણેતા તરીકે ખૂબજ જાણીતા છે. સ્વ. ભાતખંડેએ પોતાની શક્તિ અને લાગવગ, સાધન અને સંપત્તિ, સર્વ સંગીતના ઉદ્ધાર અર્થે ખર્ચ્યાં હતાં. સંગીતની ઉપાસના અને વિકાસ એ એમનું જીવનધ્યેય હતું. એના પ્રચાર અને પરિશીલન માટે એ ધન્ય આત્માએ ભીખ માંગી હતી. ટૂકમાં, પ્રાચીનોની એ કળાને નવા અવતારે ઉતારવા એમણે ફકીરી લીધી હતી એમ કહેવામાં કાંઇજ અતિશયોક્તિ નથી. એમના અવિશ્રાન્ત આયાસને પરિણામે લખનૌમાં મોરિસ કોલેજ, તેમજ ગ્વાલિયર અને વડોદરા આદિ સ્થળોમાં સંગીતની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે.

મ૰ ગાંધીજીના વિદ્યાપીઠમાં વસીને શ્રી૰ ખરેએ પ્રાચીન તેમજ અર્વાચીન સંગીત કલ્પકો–ખાસ કરીને લોકગીતો–દ્વારા આમવર્ગની અભિરુચિ એ તરફ ઉત્પન્ન કરી, કાવ્યમાં છન્દોબદ્ધતા વિશે ઉદાસીનતા સેવનાર કવિશ્રી ન્હાનાલાલની પ્રસિદ્ધ ગરબીઓએ ગુર્જરીના રસોદ્યાનને સંગીતાભિમુખ બનાવ્યો. બીજી તરફથી સમસ્ત ગુજરાત ગર્વ લઇ શકે એવા ભરૂચનિવાસી સંગીતાચાર્ય ઑંકારનાથે સંગીતનું વિજ્ઞાન, પ્રયોગ અને પ્રક્રિયાથી સફળ કરી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બતાવ્યું. સંગીતના સૂક્ષ્મ લક્ષણો સમજવા માટે જેમની શ્રવણેન્દ્રિય કેળવાયેલી છે તેઓજ ૐકારનાથજીના સંગીતમાં એકતાન બની શકે એ ખરું, છતાં બુલંદ આલાપ વડે આરોહ-અવરોહની અનેકમુખી રમઝટ વરસાવતા એ અર્વાચીન આચાર્યમાં વૈજ્ઞાનિકની વિશુદ્ધિ અને કલાકારની સચોટતા પ્રત્યક્ષ થાય છે.

અર્વાચીન ગુજરાત સાહિત્ય પ્રદેશે અક્ષરસ્વામીઓએ અનેક ક્ષેત્ર ખેડયાં હશે, પણ સંગીત વિષયક ખેડાણ બહુ ઓછું થયું છે એમ સખેદ સ્વીકારવું જોઇએ. છતાં આ વિષયની અંશતઃ શાસ્ત્રીય ચર્ચા સર રમણભાઇએ, અને કાંઇક વધારે વિસ્તાર અને વિશદતાથી સા. શ્રી. નરસિંહરાવ દિવટિયાએ કરી છે. સંસ્કૃત મુક્તકો અને વૃત્તોનાં બંધારણ તથા દેશી ગીતો અને ગરબીઓ વચ્ચે સંગીતગત શો ફેર છે તે સા. શ્રી. નરસિંહરાવે એક કરતાં વધારે સ્થળે સ્પષ્ટ કરી બતાવ્યું છે. એટલુંજ નહીં પણ રવમાન સંગીતની મીઠાશ કયા અંશોમાં છે તે લક્ષણદર્શી ઉદાહરણોથી તેમણે સિદ્ધ કર્યું છે. સંગીતના લય અને આલાપ, એના આરોહ અને અવરોહ, તેમજ એના સૂરની મેળવણીમાં વૈજ્ઞાનિકના સૂક્ષ્મ નિયમની અપેક્ષા છે એ સિદ્ધાન્ત એમણે સચોટતાથી પ્રતિપાદન કર્યો છે. ખૂદ ઇશ્વરનું સર્જન નિયમબદ્ધ સંગીતના ક્રમે ચાલી રહ્યું છે એ નવું દર્શન એ સ્વરૂપસ્થ સાક્ષરના નીચેના ચરણોમાં દેખાય છે—

"સર્વ સ્થળમાં વ્યાપિયું
નિયમનું સંગીત એ,
મૂળ સ્વર એ ગીતનો
ઈચ્છા નિયંતાની ખરે;
એહ સ્વર જ પ્રધાન છે
અન્ય તે સંગે ગૂંથ્યા
તીવ્ર કોમળ રુપ સહુ
બનતા વિકારો અવનવા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રસિદ્ધ તેમજ અપ્રસિદ્ધ એવા આવા સાક્ષરોનાં ચિન્તનમાંથી, સંગીત ઉસ્તાદોના પ્રયોગથી તેમજ ન્હાની કે મ્હોટી સંગીત સંસ્થાઓની પ્રેરણાથી આજનું જગત સંગીત તરફ વળતું થયું છે. જનતાના આ વલણને યથેષ્ટ માર્ગદર્શન મળે તો એનું ભાવિ ઉજ્જવળ થાય એમાં સંદેહ નથી.

(૩)

આગ્રાના તાજની પ્રેરણા ઝીલીને મસ્ત બન્યા હોય એવા સંગીતના ઉસ્તાદ ગાયકો ઉત્તર હિંદના મુસલમાન વર્ગમાં બહુ જોવામાં આવે છે એ નોંધવું જરુરનું છે. એવા અનેક ઉસ્તાદોનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર મને મળ્યો છે એટલે એ પૈકી કેટલાકનો નામનિર્દેશ અહિંજ કરું છું. અકબરપૂરના જાગીરદાર લખનૌના નવાબ અલીખાને "મુઆરિફુન્ન ગમાત" નામક સંગીતનો પ્રસિધ્ધ ગ્રન્થ લખ્યો છે. વળી પૂનાવાળા ફીરોઝ ફરામજી દસ્તુરે પણ સારા ગ્રન્થો લખ્યા છે. તેમ મી. સ્વરૂપ. અચરેકર વગેરેના પણ સારા પુસ્તકો છે. અલાબંદેખાન ધ્રુવપદીમાં જેવાજ નામાંકિત થયેલા તેટલાજ ગાયકની પ્રક્રિયામાં તેમના મરહુમ પુત્ર નસીરૂદ્દીનખાન કુશળ તેમજ મશહૂર હતા. ગ્વાલિયરના સરોદ નવાઝ હાફીઝ અલીખાન, વડોદરાના ખાનસાહેબ ફૈયાઝખાન, મ્હૈયરના સરોદ નવાઝ અલાઉદ્દીખાન, ખાનસાહેબ અબ્દુલકરીમખાન તથા અલાદીઆખાન મહશુર બીનકાર મરહુમ મુરાદખાન, કુશળ બીનકાર રઝબ અલીખાન વગેરે સંગીત સહચારીઓનું ઋણ વિસરાય તેમ નથી.

સંગીત જેવા Technical વિષયને યુગાનુરૂપ રજુ કરવામાં અન્ય સાથીઓના સહકારની જરુર ડગલે અને પગલે રહે એ સ્વાભાવિક છે. એ બાબતમાં લખતરના રાજકુમાર સાહેબો કુમારશ્રી વિક્રમસિંહજી સાહેબે આકર્ષક લિપિમાં સરિગમોની નોંધ, કું. શ્રી જુવાનસિંહજી સાહેબે તાલ સબંધી નિરિક્ષણ, કું. શ્રી મહેન્દ્રસિંહજી સાહેબે રાગરાગણીઓની શુદ્ધિ તંતુવાદ્ય સાથે એની

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કસોટી, તથા તેની પ્રુફો સુધારવા અને કું. શ્રી જયવીરસિંહજી સાહેબે નોટેશનના ચિહ્નોની સ્વેચ્છાથી અને વિના સંકોચે સરખામણી કરી આપી છે; તથા રાજકુમારોના ટ્યુટર રા. જયેષ્ઠારામ મ. ઉપાધ્યાયે લેખનશુદ્ધિ તથા એકધારી જોડણી રાખી અથેતિ પ્રુફવાચન કરી આપ્યું છે; તેમજ પુસ્તકના મુદ્રણમાં "આનંદ સાગર" પ્રેસના માલીક રા. રા. છગનલાલ હરગોવનદાસે ત્વરા અને ચીવટ દેખાડેલ છેઃ તેથી તે સર્વેનો આ સ્થળે સહર્ષ આભાર માનું છું.

છેવટમાં, પહેલી આવૃત્તિની જેમ, સુધારા વધારા સંગ્રહિત કરેલી આ બીજી આવૃત્તિ પણ વાચકવૃંદના સત્કારને પાત્ર થશે તો મ્હારો પ્રયાસ સાર્થક થયો લેખાશે.

ધરમપૂર.

તા. ૧ લી જાન્યુ. ૧૯૪૧.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગ્રંથકર્ત્તા

રાજકુમાર પ્રભાતદેવજી નારાયણદેવજી.

સં.-ધરમપુર. (સુરત ડીસ્ટ્રીકટ.)

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું.

પ્રથમ ભાગ.

	પાનું
સંગીત.	૧
સંગીત પ્રકારઃ- દેશી સંગીત અને માર્ગ સંગીત.	”
ગીત, ગાન અને લક્ષણ.	૨
નાદ પ્રકારઃ- આહત અને અનાહત.	૩
સ્વરઃ- પ્રિય અને અપ્રિય.	૪
ષડજ ઉત્પન્ન કરવાનું યંત્ર.	
ષડજ ઉત્પન્ન કરવાની યાંત્રિક યોજના.	૫
સ્વરોના આંદોલન તથા અંતર પ્રમાણ.	૭
સ્વરોના આંદોલન, અપૂર્ણાંક, અંતર પ્રમાણ, વિકૃત સ્વરો, શુદ્ધ સ્વર અને અંતરનું પ્રમાણ પત્રક.	૯
સ્વયંભૂસ્વરો.	૧૦
સ્વયંભૂસ્વર પ્રમાણ.	૧૧
મનુષ્ય શરીરમાં સ્વરસ્થાન.	૧૨
સ્વરસ્થાન દર્શક.	”
પશુ પક્ષીના નાદ સાથે સપ્તસ્વરોની એકતા.	૧૩
આરોહાવરોહ.	૧૪
સપ્ત શુદ્ધ સ્વર આરોહાવરોહ.	”
વિકૃત સ્વર.	૧૫
શુદ્ધ તથા વિકૃત સ્વર આરોહાવરોહ.	૧૭
શ્રુતિ.	૧૮
સ્વર શ્રુતિ પ્રમાણ ૧.	૨૦
છંદોવતીને ષડજ માનતાં પ્રચલિત સ્વર શ્રુતિ પ્રમાણ ૨.	૨૨
સ્વર સ્થાન પ્રમાણ ૩.	૨૩

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
ત્રાંસા.	૩૭
મરફો.	,,
ઢોલ.	,,
એઈઝ ડ્રૂમ સાઈડ ડ્રૂમ.	,,
ઘન વાદ્યો.	,,
કરતાલ.	૩૮
જલતરંગ.	૩૯
તાલ પ્રક્રિયાઃ- દાદરો, પોષ્તો, રૂપક, તેવરો, લાવણી, કહેરવા,	૪૦
ઝપતાલ, સૂલફાગ, નિસારુક, રુદ્રતાલ,	
ધ્રુવપદ, એકતાલ,	૪૧
દિપચંદી, ધમાર, ચંપકતાલ, (આડચોતાલ)	
ઝુમરો, ફરોદસ્ત, છોટીસવારી,	૪૨
ત્રિતાલ, તિલવાડા, પંજાબી, બડીસવારી,	
રુદ્રતાલ પ્રકાર (૨), વિષ્ણુતાલ,	૪૩
ગણેશતાલ, ગણેશ પ્રકાર ૨, અષ્ટમંગળ,	
બહ્મતાલ.	૪૪
લક્ષ્મીતાલ, વિષ્ણુતાલ પ્રકાર ૨.	૪૫
નર્તન.	૪૬

પ્રકરણ ૨ જુ.

સપ્તક.	૪૭
ગ્રામ.	૪૮
ષડજ ગ્રામ, મધ્યમ ગ્રામ.	૫૦
મૂર્છના.	૫૨
માત્ર શુદ્ધ સ્વરોમાંથી ષડજનું સ્થાન બદલતાં ઉત્પન્ન થતા થાટો.	૫૩
થાટ.	૫૪

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
રાગ.	૬૦
જાતિ.	૬૧
સ્વર સ્થિતિ.	૬૩
વાદી સ્વર.	,,
સંવાદી સ્વર.	,,
વાદી સંવાદી સ્વર પ્રમાણુ.	૬૫
અનુવાદી સ્વર.	,,
વિવાદી સ્વર.	૬૬
ગ્રહુ-ન્યાસ સ્વર.	,,
રાગની પરસ્પર ભિન્નતા.	૬૭
રસ.	૬૮
શૃંગારરસ.	૬૯
હાસ્યરસ.	,,
કરૂણુારસ.	૭૦
રૌદ્રરસ.	,,
વીરરસ.	,,
ભયાનકરસ.	,,
અદ્‌ભૂતરસ.	,,
બીભત્સરસ.	,,
શાંતરસ.	૭૧
રાગ સમય.	,,
મધુરાક્ષરમ્.	૭૩
ગીત રચના.	૭૪
પ્રબંધ પ્રકાર.	૭૫
અલંકાર.	૭૭
સંગીતના અલંકારની વિશેષતા.	,,

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
તાન.	૭૮
જડઆતાન.	,,
કૂટતાન.	,,
રેલાતાન.	,,
ગમક.	૭૯
સ્ફૂરિત.	,,
કંપિત.	૮૦
લીન.	,,
સ્તિમિત.	,,
આંદોલિત.	૮૧
આહુત.	,,
ત્રિકભિન્ન.	,,
મીંડ-ખિડાર અને ડાટ.	૮૨
અલંકારની આવશ્યકતા.	૮૩
અલંકારઃ- ૧-૨-૩	૮૪
૪-૫-૬-૭	૮૫
૮-૯-૧૦	૮૬
૧૧-૧૨-૧૩-૧૪	૮૭
૧૫-૧૬-૧૭-૧૮	૮૮
૧૯-૨૦-૨૧.	૮૯
ગાયક ગુણદોષ.	૯૦

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દ્વિતીય ભાગ.

સૂચન.

પાનું

શંકરાભરણ થાટ ૧.

શંકરાભરણ થાટ. ૨
દેશકાર. ૩
દુર્ગા પ્રકાર ૧. ૬
શંકરા. ૮
ગુણકલી પ્રકાર ૧. ૧૨
હેમ કલ્યાણ. ૧૫
દેવગિરિ બિલાવલ. ૧૭
સુરપરદા બિલાવલ. ૨૦
મલુહા કેદાર. ૨૩
તિલક કામોદ. ૨૬
બિહાગડો. ૨૮
સાવની કલ્યાણ. ૩૨
ભવસાખ. ૩૪
આશા ગોડી. ૩૬

કલ્યાણ થાટ ૨.

કલ્યાણ થાટ. ૪૦
હિંદોલ. ૪૨
માલશ્રી. ૪૬
ભૂપાલી (ભૂપ કલ્યાણ.) ૫૦
જેત કલ્યાણ. ૫૩
ચમન. ૫૫

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
શુદ્ધ કલ્યાણ.	૫૮
યમન કલ્યાણ.	૬૦
યમની બિલાવલ.	૬૨
ગૌડ સારંગ.	૬૪
શ્યામ કલ્યાણ.	૬૮
હમીર કલ્યાણ.	૭૧
કેદાર.	૭૪
કામોદ.	૭૭
જલધર કેદાર.	૭૮
બીહાગ.	૮૨

ખમાજ થાટ ૩.

ખમાજ થાટ.	૮૫
તિલંગ.	૮૭
દુર્ગા પ્રકાર ૨.	૯૦
રાગેશ્વરી.	૯૨
બિલાવલ.	૯૬
અલૈયા બિલાવલ.	૧૦૦
શુક્લ બિલાવલ.	૧૦૨
શુક્લ બિલાવલ.	૧૦૪
કકુભ બિલાવલ	૧૦૮
નટ બિલાવલ.	૧૧૧
લચ્છા સાખ.	૧૧૪
ભટીયાર પ્રકાર ૧.	૧૧૬
ખમાજ.	૧૨૦
દેશ.	૧૨૩
સોરઠ (તિલ્લાના).	૧૨૬

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
ખંભાવતી.	૧૨૯
બિહારી.	૧૩૨
માંડ પ્રકાર ૧.	૧૩૪
પહાડી.	૧૩૭
ગૌડ મલ્લાર.	૧૪૦
નટ મલ્લાર.	૧૪૨
નટ.	૧૪૪
કજરી.	૧૪૭
ચાંદની કેદાર (તિલ્લાનો).	૧૪૯
છાયાનટ.	૧૫૨
ઝીંઝોટી.	૧૫૬

મારવા થાટ ૪.

મારવા થાટ.	૧૬૦
જેત.	૧૬૨
પંચમ પ્રકાર ૧.	૧૬૫
બિભાસ પ્રકાર ૧.	૧૬૮
બિભાસ પ્રકાર ૨.	૧૭૧
મારવા.	૧૭૩
રૈનકી-પૂરિયા.	૧૭૬
સોહિની	૧૭૯
લલિત પ્રકાર (૧).	૧૮૨
પંચમ પ્રકાર (૨).	૧૮૪
પંચમ પ્રકાર (૩).	૧૮૭
દિનકી-પૂરિયા	૧૮૯
વેરાટી	૧૯૪
માલીગૌરા	૧૯૭

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
ભંખાર	૨૦૦
ભટિયાર પ્રકાર (૨).	૨૦૪
લલિત પંચમ પ્રકાર (૧).	૨૦૭

ભૈરવ થાટ ૫.

ભૈરવ થાટ.	૨૧૨
ગુણક્રી.	૨૧૩
બિભાસ પ્રકાર (૩).	૨૧૬
જોગીયા પ્રકાર (૧).	૨૧૯
બંગાલ ભૈરવ (બંગાલી).	૨૨૨
જીલફ પ્રકાર (૧).	૨૨૫
કાલિંગડો.	૨૨૮
ભૈરવ.	૨૩૦
ગૌરી પ્રકાર (૧).	૨૩૨
લલિતા ગૌરી.	૨૩૬

પીલુ થાટ ૬.

પીલુ થાટ.	૨૪૦
પીલુ પ્રકાર (૧).	૨૪૧
પીલુ પ્રકાર (૨).	૨૪૫
પીલુ પ્રકાર (૩).	૨૪૭
પીલુ પ્રકાર (૪).	૨૫૦

ભીમપલાસી થાટ ૭.

ભીમપલાસી થાટ.	૨૫૪
ધાની.	૨૫૬
મધમાદ સારંગ.	૨૫૯

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
બિંદ્રાબની સારંગ.	૨૬૨
શુદ્ધ મલ્લાર.	૨૬૫
શુદ્ધ સારંગ.	૨૬૮
મિયાંકા સારંગ.	૨૭૦
સામંત સારંગ.	૨૭૪
બડહંસ.	૨૭૭
સૂર મલ્લાર.	૨૮૧
આલગુંજ.	૨૮૪
દેવશાખ.	૨૮૭
નૂર સારંગ.	૨૯૧
સુહા કાનડો.	૨૯૩
મેઘ (મેઘ મલ્લાર).	૨૯૫
નાયકી કાનડા.	૨૯૮
ભીમપલાસી.	૩૦૧
વાગીશ્વરી.	૩૦૪
કોશી કાનડા પ્રકાર (૧).	૩૦૮
જીલ્લો.	૩૧૦
બહાર.	૩૧૩
પટમંજરી.	૩૧૬
સીંધુરા (સૈંધવી).	૩૧૯
સુઘરાઇ.	૩૨૩
સહના કાનડા.	૩૨૬
મિયાકી મલ્લાર.	૩૨૯
ચર્જુકી મલ્લાર.	૩૩૨
લંકદહન સારંગ.	૩૩૫
દેશી તોડી પ્રકાર (૧).	૩૩૮
પ્રદીપકી (પટદીપકી).	૩૪૧

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	પાનું
ગારા.	૩૪૫
જૈજૈવંતી.	૩૪૮
હુંસકંકણી.	૩૫૧
માંડ પ્રકાર (૨).	૩૫૫
સાવન.	૩૫૮
રૂપમંજરી.	૩૬૩
રામદાસી મલ્લાર.	૩૬૫
ધુંડિયા મલ્લાર (ધૂળીયા).	૩૬૮
કાફી (હરપ્રિય).	૩૭૨
દેશી પ્રકાર (૨).	૩૭૬
મીરાબાઇકા મલ્લાર.	૩૭૯
અહીરી.	૩૮૨

પૂર્વિ થાટ ૮.

પૂર્વિ થાટ.	૩૮૮
રેવા.	૩૯૦
ત્રિવેણી.	૩૯૨
ટંકીકા.	૩૯૫
લલિત-લલત પ્રકાર (૨).	૩૯૮
લલિત પંચમ પ્રકાર (૨).	૪૦૦
પૂરિયા ધનાશ્રી.	૪૦૩
જેતશ્રી (જયશ્રી).	૪૦૫
શ્રી.	૪૦૮
દીપક.	૪૧૦
ગૌરી પ્રકાર (૨).	૪૧૪
બિભાસ પ્રકાર (૪).	૪૧૭
માલવી.	૪૨૦

	પાનું
પૂર્વિ.	૪૨૩
પરજ.	૪૨૬
બસંત પ્રકાર (૧).	૪૨૯
બસંત પ્રકાર (૨).	૪૩૨

જોગિયા થાટ ૯.

જોગિયા થાટ.	૪૩૬
જોગિયો પ્રકાર. (૨).	૪૩૭
રામકલી (રામકરી).	૪૪૦
અહીરી ભૈરવ.	૪૪૩
બિલાસખાની તોડી પ્રકાર (૧).	૪૪૬

કાનરા થાટ ૧૦.

કાનરા થાટ.	૪૫૨
અડાના કાનરા.	૪૫૪
આશાવરી પ્રકાર (૧).	૪૫૮
દરબારી કાનરો.	૪૬૧
કોશી કાનરા પ્રકાર (૨).	૪૬૩
જોનપુરી.	૪૬૫
ખટ પ્રકાર (૧).	૪૬૮
દેવગાંધાર.	૪૭૦
જીલફ પ્રકાર (૨).	૪૭૩
બરવો.	૪૭૬
જંગલો.	૪૮૧
પીલુ બરવો.	૪૮૩
જૈજૈવંતી કાનરો.	૪૮૬

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પાનું

તોડી થાટ ૧૧.

તોડી થાટ.	૪૯૦
ભૂપાલ.	૪૯૧
ગુર્જરી તોડી.	૪૯૫
તોડી.	૪૯૮
બહાદરી તોડી.	૫૦૨
મૂલતાની.	૫૦૪

ભૈરવી થાટ ૧૨.

ભૈરવી થાટ.	૫૦૮
માલકોશ.	૫૧૦
ગોપિકા વસંત.	૫૧૩
ભૈરવી.	૫૧૫
શિવમત ભૈરવ.	૫૧૮
બિલાસખાની તોડી પ્રકાર (૨).	૫૨૧
આશાવરી પ્રકાર (૨).	૫૨૪
આંધારી.	૫૨૮
આશા જોગિયા.	૫૩૧
સીંધભૈરવી.	૫૩૫
લાચારી તોડી.	૫૩૮
ધનાશ્રી.	૫૪૧
ખટ પ્રકાર (૨).	૫૪૫
સંસ્થાન ધરમપુર રાજગીત.	૫૪૮
શુદ્ધિ પત્રક.	

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંગીત પ્રકાશ.

ઉપોદ્ઘાત.

પ્રકરણ ૧ લું.

॥ गीतं वाद्यं नर्तनं च संगीतमुच्यते ॥

સંગીત.

પરમાત્માએ આત્મતત્વનાં અમીઝરણાંમાંથી અનેક અમીઝરણાં વિશ્વમાં દૃશ્યાદૃશ્ય રૂપે વિસ્તાર્યાં છે. સંગીત એ તેમાં રહેલા માધુર્યનું ભાન કરાવે છે અને તેથી તે દિવ્ય ઝરણ હોવાની પ્રતીતિ થાય છે. "સંગીત" ના ગીત, વાદન અને નર્તન એ ત્રણ અંગો છે અને "સંગીત" શબ્દમાં એ ત્રણેનો સમાવેશ થાય છે. તે ત્રણે કળાઓમાં વસ્તુતઃ અનન્ત દિવ્યનાદ પ્રત્યેક અંગે વ્યાપક છે તેથી "નાદ" વા "બ્રહ્મરૂપ સંગીત" પણ તે દિવ્ય ઝરણાંમાંનું એક ઝરણ છે.

સંગીત પ્રકારઃ- દેશી સંગીત અને માર્ગ સંગીત.

આવું દિવ્ય અતિ શુદ્ધ સંગીત અનાદિકાળથી પ્રચલિત છે, અને તે "માર્ગ સંગીત" નામે પ્રાચીન સમયમાં ઓળખાતું હતું. દેવ ગંધર્વના કાળનું આવું દિવ્ય નામ યુક્ત સંગીત, કાળક્રમે પરિવર્તન પામી "દેશી સંગીત" વા "આર્ય સંગીત" ના નામે ઓળખાય છે. પ્રાચીન કાળના આવા દૈવી સંગીતના ગ્રંથોનું અવલોકન કરી, આધુનિક કાળનાં સંગીતના ગ્રંથો સાથે સરખાવતાં, બન્નેનાં નિયમો મળતા આવતા નથી. મુસલમાન ગવૈયાઓએ-તેમાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મુખ્યત્વે કરી ઉત્તર પ્રદેશના ગવૈયાઓએ—આર્ય સંગીતના નિયમોમાં ઘણો ફેરફાર કર્યો હોય એવું અનુમાન થાય છે વળી તેમની એવી માન્યતા જણાય છે કે એ જ્ઞાન, પ્રયોગ અને અભ્યાસનું હોઇ તેના ગ્રંથ રચવા જરૂરના નથી અને રચી શકાય નહીં. આવી માન્યતાના પ્રભાવે ગાયનોની "સરગમ" યાને "નોટેશન" શિષ્યોને જીંહાગ્ર કરાવવામાં આવતાં. આ પ્રમાણે થવાથી, ઉત્તરોત્તર સ્મરણ શકિતમાં થોડાઘણો ફેર થાય, એ સ્વાભાવિક હોઇ, પ્રાચીન ગ્રંથમાં જણાતા નિયમો અને હાલનાં પ્રચલિત નિયમો એક બીજાથી ભિન્ન દેખાય એ સંભવિત છે.

नृत्यं वाद्यानुगं प्रोक्तं वाद्यं गीतानुवृत्तिच ।
अतो गीत प्रधानत्वा दत्रा दावभिधियते ॥

સંગીતની ત્રણે કળામાં ગીતનું પ્રાધાન્ય આ પ્રમાણે દ્રષ્ટિગોચર થાય છે. તે ગીત ઉત્પત્તિ અનાદિ નાદથીજ છે.

ગીત, ગાન અને લક્ષણ. મનુષ્ય જાતિમાં જ્ઞાન હોઇ તે જ્ઞાનનો વિસ્તાર કરવાના આશયથી, વિચાર વિનિમય કરવાની જીજ્ઞાસા થઇ, અને પરિણામે નાદના સમૂહને એકત્ર કરી, "અક્ષર" રચવામાં આવ્યા. આ પ્રમાણે રચાયલા અક્ષરો અને સ્વરોના સમૂહને "લિપિ" એવી સંજ્ઞા આપવામાં આવી. લિપિમાં "સ્વર વ્યંજન" નો સંયોગ કરી તેવા સંયોગી અક્ષરોનો સમૂહ "શબ્દ" તરીકે ઓળખાયો અને ॥ काव्यं रसात्मकं वाक्यं ॥ એ સિદ્ધાંતે કાવ્યકળાના નિયમાનુસાર, શબ્દોનો સમૂહ રચવામાં આવ્યો, અને તેને પદ વા "ગીત" ની સંજ્ઞા અપાઇ. ગીતમાં "રસ" અને "સ્વર" ની મહત્તા હોઇ, આ પ્રમાણે પદ વા ગીતને તાલ તેમજ લયના

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

નિયમાનુસાર સપ્ત સ્વરોમાં ભિન્ન ભિન્ન રીતે ગાઇ શકાય એવી રચના કરવામાં આવી જેને "**ગાન**" સંજ્ઞા આપી, આવાં ગાન અને તેની ભિન્ન પ્રકારની ક્રિયા રાગ પ્રકરણમાં સ્ફુટ આપેલી હોવાથી અત્રે તે વિષે વિવેચન કર્યું નથી.

सुस्वरं सरसं चैव सरागं मधुराक्षरम् ।
सालंकारप्रमाणंच षड्विधं गीतलक्षम् ॥

(सारंगधर पद्धति.)

ગીતના સુસ્વર, સુરસ, સરાગ, મધુરાક્ષર, સાલંકાર, અને સપ્રમાણ એ પ્રમાણે છ લક્ષણો છે. આ રીતે સંગીતની પ્રથમ કળા "**ગીત**" પૂર્ણ થાય છે.

न नादेन विना गीतं न नादेन विना स्वरः ।
न नादेन विना नृत्यं तस्मान्नादात्मकं जगत् ॥

તત્વવેત્તાઓએ જેને પ્રણવ સ્વરૂપ માન્યો છે તે નૈસર્ગિક ધ્વનિ

નાદ પ્રકાર:— नकारं प्राणनामानं दकारमअनलं विदुः ।

આહત અને અનાહત. जातः प्राणाग्निसंयोगात्तेन नादोऽभिधीयते ॥

એ સૂત્રાનુસાર, વાયુ અને વન્હિના પરસ્પર પરમાણુઓના આઘાતથી ઉત્પન્ન થઇ, "**નાદ બ્રહ્મ**" તરીકે મનાયો. ॥ आहतोऽनाहतश्चेति द्विधा नादो निगद्यते ॥ એ નિયમાનુસાર, નાદ સૂક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકારે વિભક્ત છે. વાતાવરણમાં વાયુ અને અગ્નિનાં પરમાણુઓનાં થતા વધતા ઓછા આઘાતથી ઉત્પન્ન થતાં આંદોલન કે મોજાં ઉપર, નાદની સ્થૂલતા વા સૂક્ષ્મતા આધાર રાખે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે. આંદોલનનાં ઓછાં પ્રમાણુને લીધે જ્યારે ધ્વનિ કર્ણગોચર થતો નથી, ત્યારે તે "સૂક્ષ્મ" વા "**અનાહત**" નાદ કહેવામાં આવે છે, અને માત્ર યોગીઓ સમાધિમાંજ તેનો અનુભવ કરે છે. આંદોલન જ્યારે વધારે પ્રમાણુમાં થાય છે, ત્યારે નાદ સાંભળી શકાય છે અને તેનેજ "સ્થૂલ" વા **આહત** નાદ કહેવામાં આવે છે. "સ્થૂલ" નાદના પ્રિય-અપ્રિય, એ બે વિભાગો છે તેમાં પ્રિય અને મનપર અસર કરે એવા નાદને, સંગીત શાસ્ત્રમાં સ્થાન આપ્યું છે. અને તેને સંગીત શાસ્ત્રમાં નિયમિત રીતે ઉપયોગી બનાવવાની યોજના પ્રાચીન કાળથી એટલે સંગીત શાસ્ત્રની ઉત્પત્તિ થઇ ત્યારથી, કરવામાં આવી હોય એમ ભાસે છે.

સ્વર: પ્રિય અને અપ્રિય.

પશુ, પક્ષી, કીટ, પતંગાદિના નાદો, મનુષ્યના બોલવાથી થતો ધ્વનિ, તોપનો ધડાકો, મેઘની ગર્જના, વિદ્યુતનો કડાકો, વગેરે સર્વ, અવાજ, ધ્વનિ કે નાદ નામથી ઓળખાય છે. જેને અંગ્રેજી ભાષામાં "Sound" સંજ્ઞા આપવામાં આવી છે. એ સર્વ નાદો કર્ણ પ્રિય નથી. કેટલાક નાદો શ્રવણ કરતાં હૃદયને પ્રફુલ્લિત કરે છે, જ્યારે કેટલાક અવાજો કાનને પ્રિય ન લાગતાં ભય ઉત્પન્ન કરે છે અને તેથી કાનને પ્રિય લાગે એવા મધુર સ્વરને માટે "**સૂર**" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એથી પ્રમાણુસર ચઢતા ઉતરતા સ્વરોના એકીકરણથી, રાગ ઉત્પન્ન થયો છે. આ રીતે સૂરમાં માધુર્ય તેમજ રાગ ઉત્પન્ન કરવાનાં બે લક્ષણો હોઇ, અવાજથી તે ભિન્ન હોવાનું સ્પષ્ટ સમજાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ષડજ ઉત્પન્ન કરવાનું યંત્ર.



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ષડજ ઉત્પન્ન કરવાની યાંત્રિક યોજના.

કોઈપણ નાદ, કે અવાજ ઉત્પન્ન થાય છે ત્યારે બે વસ્તુઓનાં આઘાતનું આંદોલન થઇ, તે કાનને અથડાય છે. પાણીનાં તલાવમાં એક કાંકરો નાંખતાં તેમાં કુંડાળાં જોવામાં આવે છે અને તે વૃદ્ધિ પામતાં અંતે કીનારે અથડાઇ વિરામ પામે છે; તદ્વત જ્યારે કોઇ અવાજ થાય છે; ત્યારે તે અવાજનાં કુંડાળાં હવામાં વિસ્તાર પામતાં કર્ણને અથડાય છે અને નાદનું ભાન કરાવી વિરામ પામે છે. સંગીત શાસ્ત્રમાં ખાસ કરીને, મધુર અવાજનો સંબંધ હોવાથી મધુર લાગે એવાં નિયમિત મોજાં, જેમાં મધુરતા હોઇ અસર કરવાનું સામર્થ્ય છે તેમાનાં એક સ્વરને "**ષડજ**" વા "**સા**" કલ્પી, ગણિત શાસ્ત્રના નિયમાનુસાર પ્રમાણસર વધારે મોજાં લેતાં, તેટલા પ્રમાણમાં ઊંચો નાદ થતાં, તેને અનુક્રમે, **રિષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત** અને **નિષાદ** કહેવામાં આવે છે.

કલ્પિત "**સા**" ષડજ ઉત્પન્ન કરવા માટે આપેલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણેની યાંત્રિક યોજના સમજુતી ખાતર ઉપયોગી થઇ પડશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બતાવેલા ચિત્રમાં ધાતુનું બનાવેલું નિશાની "अ" વાળું એક ચક્ર છે. તેનાં ઉપર ઘડીયાલનાં ચક્રનાં જેવા, સમાન્તરે ૨૬૪ ત્રાંસા દાંતા પાડેલા છે. તે ચક્ર "ब" નિશાનીનાં ચોકઠામાં જડીત છે. "अ" ચક્રની ધરીના ભાગ ઉપર દોરડી રાખી "क" ચક્રથી તેને ગતિ આપવામાં આવે છે. "ब" ચોકઠામાં "ड" નિશાનીની કમાન રાખવામાં આવી છે, જે "अ" ચક્રના દાંતા સાથે, જેમ જેમ "अ" ચક્ર ફરે તેમ તેમ અથડાઇ અવાજ આપી ખસી જાય છે. આ યોજનાથી પ્રત્યેક ત્રાંસા દાંતામાંથી "કડ કડ" અવાજ નીકળે છે અને "अ" ચક્રનો એક આંટો પૂરો થતાં ૨૬૪ "કડ કડ" ધ્વનિ થાય છે. હવે જો "अ" ચક્રનો એક આંટો નિયત સમયમાં પૂરો થાય એ રીતે "क" ચક્રને ફેરવવામાં આવે, તો તેટલાજ સમયમાં ૨૬૪ "કડકડ" અવાજની કાનપર એકી વખતે અસર થતાં માત્ર એક ચાલુ અવાજ સંભળાશે. એક બળતી દીવાસળીને વર્તુલ આકારમાં ફેરવવામાં આવે તો ગોળાકાર દેખાય છે. તે પ્રમાણે ત્વરિત ગતિએ ફરતાં ચક્રથી થતા જુદા જુદા "કડકડ" અવાજો છુટાછુટા નહી સંભળાતાં, એકજ ધ્વનિ હોય એ પ્રમાણે સંભળાય છે. આ પ્રમાણે થતો ધ્વનિ "સા" અથવા "ષડજ" માનો. આ યોજના મોજાં અથવા આંદોલનના નિયમ ઉપરજ રચાયલી છે. ષડજનાં મોજાં કરતાં રિષભનાં મોજાં ચઢતાં હોઇ, તે દ્વિગુણ હોવાની સહજ કલ્પના થશે; પણ વસ્તુતઃ તેમ નથી. જો દ્વિગુણ મોજાંવાળો સ્વર લઇએ તો તે પ્રથમના ષડજ કરતાં બમણો હોઇ, તાર સપ્તકનો ષડજ થશે. ષડજનાં મોજાં કરતાં દોઢાં મોજાં લેવાય, તો તે સ્વર "પંચમ" થશે, ગણિતના નિયમાનુસાર પ્રત્યેક સ્વરનાં કેટલાં મોજાં આવે છે તે સાથેના કોષ્ટકથી જણાશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શુદ્ધ સ્વર	ષડ્જ	ઋષભ	ગાંધાર	મધ્યમ	પંચમ	ધૈવત	નિષાદ	તારસપ્તક ષડજ
આંદોલન	૨૬૪	૨૯૭	૩૩૦	૩૫૨	૩૯૬	૪૪૦	૪૯૫	૫૨૮

સ્વરોના આંદોલન તથા અંતર પ્રમાણ.

આ પ્રમાણે સર્વ શુદ્ધ સ્વરોના આંદોલનોને અરસ્પરસ સરખાવી, આવતા પ્રમાણને ૧૧ થી ભાગતાં, નીચે પ્રમાણે મોજાં આવશે.

સ્વર	ષડ્જ	ઋષભ	ગાંધાર	મધ્યમ	પંચમ	ધૈવત	નિષાદ	તારસપ્તક ષડજ
આંદોલન	૨૪	૨૭	૩૦	૩૨	૩૬	૪૦	૪૫	૪૮

ઉપરના આંકડાનું પ્રમાણુ એક બીજા સાથે સરખાવતાં સહજ જણુશે કે, પ્રથમના ચાર સ્વરો **સા, રી, ગ, મ,** સ્વરોના મોજા કરતાં પછીના ચાર સ્વરો **પ, ધ, ની, સાં** ના મોજાઓ દોઢાં છે. ૨૪ ના દોઢાં ૩૬ એટલે "સા" સાથે "પ" સત્તાવીસના દોઢાં સાડી ચાલીશ. (લગભગ ૪૦) એટલે "રી" સાથે "ધ" ૩૦ ના દોઢા ૪૫ એટલે "ગ" સાથે "ની" અને ૩૨ નાં દોઢા ૪૮ હોઇ "મ" સાથે તાર સપ્તકના ષડજનો સંબંધ છે. ષડજના ઉત્પન્ન થતા આંદોલનથી તાર સપ્તક ષડજના દ્વિગુણ આંદોલન હોય છે, તેજ પ્રમાણે અડધા આંદોલન મંદ્ર-સપ્તક ષઠજના હોય છે. એ સ્વરોનો આ પ્રકારે અરસ્પરસ સંબંધ હોવાથી કાનને પ્રિય લાગે છે. અને એક બીજા સાથે સંવાદી હોવાનું જણાય છે. આ મોજાંની ગણત્રી અર્વાચીન છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રાચીન સંગીતના ગ્રંથો નિહાળતાં આ સ્વરોનો સંબંધ વાદી સંવાદિ સાથે હોવાનું દ્રષ્ટિ ગોચર થાય છે.

સપ્ત સુદ્ધ સ્વરોનાં બે વિભાગ કરી, "સા – રી – ગ – મ" ના પ્રથમ વિભાગને પૂર્વાંગ અને "પ – ધ – ની – સાં" ના બીજા વિભાગને ઉત્તરાંગ કહેવામાં આવે છે. અને એ રીતે પૂર્વાંગના પ્રથમ સ્વર 'સા' સાથે ઉતરાંગના પ્રથમ સ્વર 'પ' સાથે સંબંધ હોઇ સંવાદિત્વ હોવાનું જણાય છે, તેજ પ્રમાણે બીજા સ્વરોનો સંબંધ છે.

સ્વરોના આંદોલન, અપૂર્ણાંક, અંતર પ્રમાણ, વિકૃત સ્વરો, શુદ્ધ સ્વર અને અંતરનું પ્રમાણ પત્રક.

આંદોલન	અપૂર્ણાંક	અંતરપ્રમાણ	મેરૂ	વિકૃતસ્વર	શુદ્ધસ્વર	અંતર
૧૭૬	૯/૮	મહત્			મ઼	૩૬"
				મં		
૧૯૮	૧૦/૯	મધ્ય			પ઼	૩૨"
				ધ઼		
૨૨૦	૯/૮	મહત્			ધ઼	૨૮ ૪/૫"
				ની઼		
૨૩૪ ૨/૩	૧૬/૧૫	લઘુ			ની઼	૨૫ ૩/૫"
૨૬૪	૯/૮	મહત્			સા	૨૪"
				રી		
૨૯૭	૧૦/૯	મધ્ય			રી	૨૧ ૧/૩"
				ગ		
૩૩૦	૧૬/૧૫	લઘુ			ગ	૧૯ ૧/૫"
૩૫૨	૯/૮	મહત્			મ	૧૮"
				મં		
૩૯૬	૧૦/૯	મધ્ય			પ	૧૬"
				ધ		
૪૪૦	૯/૮	મહત્			ધ	૧૪ ૨/૫"
				ની		
૪૯૫	૧૬/૧૫	લઘુ			ની	૧૨ ૪/૫"
૫૨૮	૯/૮	મહત્			સાં	૧૨"
				રીં		
૫૯૪	૧૦/૯	મધ્ય			રીં	૧૦ ૨/૩"
				ગં		
૬૬૦	૧૬/૧૫	લઘુ			ગં	૯ ૩/૫"
૭૦૪	૯/૮	મહત્			મં	૯"

ઘુડજ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શબ્દાર્થને વળગીને જણાવિયે તો 'સ્વયંભૂ' નો અર્થ પોતાની મેળે ઉત્પન્ન થનાર એમ થાય છે. પણ સંગીતમાં 'સ્વયંભૂસ્વર' વિશેષ અર્થમાં વપરાય છે.

સ્વયંભૂસ્વરો. અંગ્રેજીમાં જેને fundamental nots કહેવામાં આવે છે તેવા અર્થમાં એનો પારિભાષિક અન્વય છે. વાદ્યમાં સૂરો ઉપજાવવા ભિન્નભિન્ન સ્વરોના પડદા કયા અંતર-પ્રમાણમાં ગોઠવવા તે વિશે આગળ જણાવ્યું છે તે શિવાય સ્વયંભૂસ્વરની મદદથી સ્વરોત્પત્તિની વ્યવસ્થા પણ કરી શકાય છે. વાદ્યના તંતુને સૂક્ષ્મસ્પર્શ કરવાથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને સ્વયંભૂસ્વર કહે છે અને એવા સ્વયંભૂ નાદો વાદ્યના કયા કયા સ્થળે કયા કયા સ્વરના તાર ઉપર સંભળાય છે તે નીચેના પ્રમાણથી જણાશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વયંભૂસ્વર પ્રમાણ.



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મનુષ્ય શરીરમાં સ્વર સ્થાન.

જેવી રીતે વ્યાકરણમાં અક્ષરોના પૃથક પૃથક કંઠ તથા મુખસ્થાનો આપેલાં છે, તેવી રીતે માનવવપુમાં આ સ્વરોનાં પૃથક પૃથક સ્થાનો પ્રાચીન સંગીત ગ્રંથોમાં કલ્પેલાં જણાય છે. આ સ્વરોનો ઉચ્ચાર કરતાં જે જે સ્થળો ઉપર જોર પડે છે, તે તે સ્થળો તે તે સ્વરનાં સ્થાન કલ્પ્યાં છે. મનુષ્યના કંઠમાં એક ઉર્ધ્વ નાલિકા હોઇ તેમાં રહેલી બે પટ્ટીઓની હીલચાલથી અવાજ ઉદ્ભવ થવાનો વૈદકીય મત જોવામાં આવે છે.

સ્વર સ્થાન દર્શક.

સ્વર	સ્વર સ્થાન
ષડજ	નાભિ
રિષભ	હૃદય
ગાંધાર	વક્ષસ્થલ
મધ્યમ	કંઠ
પંચમ	મુખ
ધૈવત	તાળુ
નિષાદ	નાસિકા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સપ્તસ્વરો સાથે સમતા ધરાવતા પશુ પક્ષીના નાદોનું પ્રાચીન સંગીતાચાર્યોએ અવલોકન કર્યાનું પ્રાચીન સંગીત ગ્રંથોમાં મળી આવે છે. સ્વર, આંદોલનથી ઉત્પન્ન થાય છે એટલે પશુ પક્ષીનાં નાદો તેટલા પ્રમાણમાંજ થતા હોવાથી, પ્રત્યેક સ્વર સાથે સંબંધ ધરાવતા હોય એ સ્વાભાવિક છે. નીચેના શ્લોકથી પશુ પક્ષીના નાદ સાથે સ્વરોની સરખામણી વિષે સમજણ પડશે.

પશુ પક્ષીના નાદ સાથે સપ્તસ્વરો ની એકતા.

षड्जं वदेन्मयूरो हि ऋषभं चातको वदेत् ।
अजा वदति गान्धारं क्रौञ्चो वदति मध्यमम् ।
पुष्प साधारणे काले कोकिलः पञ्चमं वदेत् ।
दर्दुरो धैवतं चैव निषादं च वरेद्गजः ॥

સ્વર	પશુ પક્ષીનાં નામ
ષડ્જ	મયૂર
રિષભ	ગાય વા ચાતક
ગાંધાર	અજા વા પાડો
મધ્યમ	ક્રૌંચ
પંચમ	પરભૃત, કોકિલ
ધૈવત	અશ્વ વા દેડકો
નિષાદ	હાથી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આરોહાવરોહ. કોઇપણ એક સ્વર લઇ તેના કરતાં અધિક આંદોલનવાળો સૂર લેવામાં આવે અને એ પ્રમાણે ઉત્તરોત્તર સપ્ત સ્વરો વા તેનાથી ઓછા સ્વરો લેવાય તો તે આરોહ થયો કહેવાય. ઉદાહરણ તરીકે સા–રી–ગ–મ–પ–ધ–ની–સાં. કોઇપણ સ્વર લઇ તેનાથી ન્યૂન આંદોલનવાળો સ્વર લઇ ઉત્તરોત્તર સપ્ત સ્વર વા ઓછા સ્વરો લેવાય તો તેને અવરોહની સંજ્ઞા અપાય, જેમકે સાં–ની–ધ–પ–મ–ગ–રી–સા. આ પ્રમાણે સાત શુદ્ધ અથવા કોમળ સ્વરોનો આરોહ અવરોહ કરવામાં આવે છે. અમુક રાગના સ્વરનો આરોહ અવરોહ કરવાને વર્જ્ય થતા સ્વરો છોડી દેવા પડે છે. નીચેની આકૃતિથી સપ્ત શુદ્ધ સ્વરોનાં આરોહ અવરોહ જણાશે.



સપ્ત શુદ્ધ સ્વર આરોહાવરોહ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રચારમાં માત્ર બાર સ્વરોનો ઉપયોગ હોવાથી તે વિષે જણાવીશું. ષડજ, રિષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ પૈકી ષડજ અને પંચમ, પૂર્વાંગ અને ઉત્તરાંગમાં પ્રથમ સ્વર હોઇ તેને અવિકારી વા સ્થાયી વા અચળ કલ્પ્યા છે, એટલે તેમાં કોઇપણ પ્રકારે વિકાર આવી શકતો નથી.

વિકૃત સ્વર.

અન્ય પાંચ સ્વરો રિષભ, ગાંધાર, મધ્યમ, ધૈવત, નિષાદમાંજ વિકૃતિ કરી વિકારી બનાવી શકાય છે. આવા વિકારી વા ચળિત સ્વરો કોમળ તથા તીવ્ર સ્વરના નામથી ઓળખાય છે. આગળ આપેલાં કોષ્ટકો જોતાં પ્રત્યેક સ્વરનાં આંદોલન વચ્ચે "૯/૮" "૧૦/૯" કે "૧૬/૧૫" જેટલો તફાવત માલમ પડશે. જ્યારે બે સ્વરો વચ્ચે નવ અષ્ટમાંશ કે દશ નવમાંશ જેટલો તફાવત હોય ત્યારે તે બે સ્વરોના તફાવતને અંગ્રેજીમાં Major અને Minor interval અનુક્રમે કહે છે પરંતુ આર્યસંગીત તે અંતરને એક સૂર જેટલો માને છે. જ્યારે બે સ્વરોનાં આંદોલનો વચ્ચે સોળ પંદરાંશ જેટલો ફરક હોય છે ત્યારે તેને અંગ્રેજીમાં Semi-tone interval થી ઓળખવામાં આવે છે અને આર્યસંગીત તેને અર્ધ સ્વરનો તફાવત સ્વિકારે છે.

આ ઉપરથી માત્ર ગાંધાર અને મધ્યમ તથા નિષાદ અને ષડજ વચ્ચે સોળ પંદરાંશ એટલે અર્ધ માત્રનો ફરક હોઇ તે શિવાય ષડજ અને રિષભ વચ્ચે, રિષભ અને ગાંધાર વચ્ચે, મધ્યમ અને પંચમ વચ્ચે, પંચમ અને ધૈવત વચ્ચે, અને ધૈવત અને નિષાદ વચ્ચે, એ પ્રમાણે પાંચ સૂરોમાં પ્રત્યેક બે સ્વર વચ્ચે, નવ અષ્ટમાંસ તથા દશ નવમાંશનો ફેર હોઇ, એક નવો સ્વર મુકી શકાય અને તે નીચે પ્રમાણેઃ—

સ્વર	સા–રી	રી–ગ	ગ–મ	મ–પ	પ–ધ	ધ–ની	નિ–સાં તારસપ્તક
વિકૃત સ્વર સંખ્યા	૧ (રી) કોમળ	૧ (ગ) કોમળ	૦ અર્ધમાત્ર નો તફાવત	૧ (મં) તીવ્ર	૧ (ધ) કોમળ	૧ (ની) કોમળ	૦ અર્ધ માત્રનો તફાવત

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ પ્રમાણે વધારે ઓછા આંદોલનના પ્રમાણમાં થતા વિકૃત સ્વરને ' તીવ્ર " યા " કોમળ " શબ્દ જોડી નામ આપવામાં આવ્યા છે. ષડજ, પંચમ, સ્થાયી હોઇ તે તીવ્ર યા કોમળ થતા નથી તે આગળ જણાવ્યું છે. પ્રચારમાં રી̱, ગ̱, ધ̱, ની̱ ને કોમળ અને મં ને માત્ર તીવ્ર સ્વરની સંજ્ઞા આપી છે, એટલે એ વિષે વિવાદની આવશ્યકતા નથી. આવા સ્વરોના અંગ્રેજીમાં sharp અને flat એવાં નામો આપ્યાં છે. આ પ્રમાણે આંદોલનનાં પ્રમાણને અવલંબી ઉત્પન્ન થતા કોમળ વા વિકૃત અને શુદ્ધ સ્વરોનું જ્ઞાન સિદ્ધાંતથી પ્રતિપાદન થયેલું છે, તેમજ અનુભવ સિદ્ધ છે. સંગીતશાસ્ત્ર અનુભવ અને પ્રયોગનુંજ છે, એટલે આ સ્વરો ઓળખવાનું જ્ઞાન સંપાદન કરવા માટે અત્યંત અનુભવ અને સતત પ્રયોગની જરૂર છે. સાધારણતઃ તીવ્ર અને કોમળ સ્વરોમાં સંજ્ઞાનુસાર ગુણ જણાય છે. તીવ્ર સ્વર કોમળ સ્વરથી સાધારણ ઉંચો છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai



શુદ્ધ તથા વિકૃત સ્વર આરોહાવરોહ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

॥ श्रुयते इति श्रुतिः ॥ એ વાકયનુ અવલંબન કરી શ્રુતિનો અર્થ ઘટાવવામાં આવે તો અખિલ વિશ્વમાં થતા અનન્ત નાદો નાનાવિધ પ્રકારની શ્રુતિઓ ગણી શકાય.

શ્રુતિ. સંગીતશાસ્ત્રમાં શ્રુતિનો તેવો વિશાળ અર્થ કરવામાં આવ્યો નથી પણ ॥ नित्यं गीतोपयोगित्वं अभिज्ञेयत्व मुत्तमम् ॥ એ વાકયાનુસાર સંગીતમાં ઉપયોગી થઇ પડે તેવા અને જાણી શકાય તેવા નાદનેજ શ્રુતિ કહી છે અને સંગીતશાસ્ત્રમાં તેનેજ શ્રુતિનું સ્થાન આપી શકાય. મધુર અને રાગોત્પાદક સપ્ત સ્વરો સંગીતમાં સાહાયભૂત હોઇ જે આશયે સંગીત શાસ્ત્રમાં યોજવામાં આવ્યા છે, તેજ નિયમ શ્રુતિઓની યોજના માટે પ્રતિપાદન કરેલો છે. સ્વરમાં જેમ “ મધુરતા ” અને “ રાગોત્પત્તિ ” એ બે અંગોનું પ્રાધાન્ય છે, તેમ શ્રુતિમાં પણ “ ગીતોપયોગિત્વ ” અને “ અભિજ્ઞેયત્વ ” એ બે અંગો પ્રબળ છે. અને તેથીજ બે સ્વરો વચ્ચે થતા અનંત નાદો પૈકી એવા નાદોનેજ માત્ર “ શ્રુતિ ” કહેવામાં આવી છે.

પ્રાચીન ગ્રંથકારોએઃ—

चतुश्चतुश्चतुश्चव षड्ज पञ्चम मध्यमाः ।
द्वेद्वे निषाद गांधारौ तिस्त्रीः ऋषभ धैवतौ ॥

એ પ્રમાણે સંગીતોપયોગી જાણી શકાય એવી ૨૨ શ્રુતિઓ હોવાનું જણાવેલું છે, અને બે સ્વરો વચ્ચેની તેની ન્યૂનાધિકતા પ્રત્યેક બે સ્વરો વચ્ચેનાં તેનાં આંદોલનો ઉપર આધાર રાખે છે: જ્યાં જ્યાં બે સ્વરો વચ્ચે અષ્ટાંશ વા એક સ્વર જેટલો ફેર હોય છે, ત્યાં ત્યાં અર્ધસ્વરનાં ફેરવાળો એક સ્વર વા ચાર શ્રુતિ, નવાંશ ફેર હોય છે, ત્યાં અર્ધસ્વરનાં તફાવતવાળો એક સ્વર વા ત્રણ શ્રુતિ અને પંદરાંશના તફાવતે માત્ર બે શ્રુતિઓજ મુકી શકાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એ પ્રમાણે ષડજ રિષભ, મધ્યમ પંચમ, અને પંચમ ધૈવત પ્રત્યેક વચ્ચે ત્રણ શ્રુતિઓ મુકી શકાય. રિષભ ગાંધાર, ધૈવત નિષાદ પ્રત્યેક વચ્ચે બે શ્રુતિ મુકી શકાય અને ગાંધાર મધ્યમ, નિષાદ ષડજ વચ્ચે એક શ્રુતિ મુકી શકાય. સપ્ત શુદ્ધ સ્વરો તથા પાંચ વિકૃત સ્વરો અને બાકીના સંગીતમાં ઉપયોગી દશ સ્વરો મળી બાવીસ શ્રુતિઓનો સમૂહ રચાયો છે. નીચેની આકૃતિથી પ્રત્યેક બે સ્વરો વચ્ચે આવતી શ્રુતિઓનું જ્ઞાન સ્પષ્ટ થશે.

સા રી̅ રી ગ̅ ગ મ મં પ ધ̅ ધ ની̅ ની સાં



આવી શ્રુતિઓ શુષિર (વાયુ) વાદ્યમાં ઘણી મુશકેલીથી કાઢી શકાય છે અને હારમોનિયમ જેવાં વાદ્ય ઉપર તો તે કાઢવી અશકયજ છે. તંતુવાદ્ય જેવાં કે વીણા, સિતાર, વગેરે આ શ્રુતિઓ મીંડથી કાઢવી સુગમ થઇ પડે છે. ઉદાહરણ તરીકે, સિતારપર ષડજના પડદાને સ્થાયી કરી, હારમોનિયમનાં ષડજ સાથે સિતારનાં ષડજને મેળવી, સિતારનાં ષડજનાં પડદા તરફ કોમળ રિષભનો પડદો હટાવી, હારમોનિયમનાં કોમળ રિષભ જોડે સરખાવી જોતાં, તે બે નાદોમાં ભિન્નતા જણાશે. કારણ શ્રુતિનો ફરક હોય છે. વાદ્યોમાં આ શ્રુતિઓના પડદા દ્રષ્ટિગોચર થતા નથી.

સંગીતશાસ્ત્રમાં રાગોની અરસપરસ એટલી એકતા છે કે તે ભિન્ન કરવા માટે શ્રુતિનો ઉપયોગ આવશકય છે. તેમ કર્યા શિવાય તે રાગનું યથાસ્થિત રૂપ ખડું થતું નથી અને અન્યરાગથી ભિન્ન દેખાતો નથી. મીંડથી શ્રુતિઓનો ઘણા રાગોમાં ઉપયોગ થાય છે પણ વિદ્યાર્થીને શ્રુતિ સાથે ગાન કરવું વા વગાડવું ઘણું વિકટ છે, એટલે એ પરત્વે આ ગ્રંથમાં વિશેષ માહીતી આપવી ઉચિત ધારી નથી, પરંતુ શ્રુતિ વિષે સ્પુટ વિવેચનથી પૂર્ણ માહેતી થશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર શ્રુતિ પ્રમાણ ૧.

પ્રાચીન સ્વર સ્થાન		શ્રુતિ સંજ્ઞા
નિષાદ		ક્ષોભિણી
	તીવ્રા	
	કુમુદ્વતી	
	મંદા	
ષડ્જ		છંદોવતી
	દયાવતી	
	રંજની	
રિષભ		રક્તિકા
	રૌદ્રી	
ગાંધાર		ક્રોધી
	વજ્રિકા	
	પ્રાસારિણી	
	પ્રીતિ	
મધ્યમ		માર્જની
	ક્ષિતિ	
	રક્તા	
	સંદીપિની	
પંચમ		આલાપિની
	મદંતી	
	રોહિણી	
ધૈવત		રમ્યા
	ઉગ્રા	
નિષાદ		ક્ષોભિણી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ પ્રમાણુસર પ્રાચિનકાળમાં શુદ્ધ સ્વરોની રચના હતી, પરંતુ આધુનિક કાળમાં સ્વરોનું પરિવર્તન થવાથી પ્રત્યેક સ્વર પોતાની છેવટની શ્રુતિપર પૂર્ણતા પામે છે એ ન્યાયે શ્રુતિની સંખ્યા સ્પષ્ટ કરવાને અમારી માન્યતા અનુસાર પ્રાચીન શ્લોકમાં નીચે પ્રમાણેના ફેરફારની આવશ્યકતા છે.

चतुश्चतुश्चतुश्चैव रिषभ धैवत पंचमाः
द्वे द्वे षड्ज मध्यमौ त्रिस्त्री निषाद गांधारौ

પ્રચલિત પ્રત્યેક સ્વર પોતાની અંતિમ શ્રુતિપર પૂર્ણતા પામે છે એ પ્રાચીન માન્યતાનો જો સ્વીકાર કરીએ તો પ્રત્યેક સ્વરની શ્રુતિની સંખ્યા સબંધે જણાવેલા પ્રાચીન શ્લોકમાં ઉપર પ્રમાણે ફેરફાર કરવો જરુરનો છે. પ્રાચીન શ્લોકમાં ફેરફાર કરવાનું વ્યાજબી ન ગણાય તો, પ્રચલિત પ્રત્યેક સ્વર પોતાની પ્રથમ શ્રુતિપર પૂર્ણતા પામી પછી પોતાની અન્ય શ્રુતિયો લે છે એ રીતે શ્રુતિની ગણત્રીથી પ્રાચીન શ્લોકનો અર્થ યથાસ્થિત રીતે ઘટે છે. પરંતુ પ્રાચીન ષડજ સ્થાન કાયમ રાખી શ્લોક અનુસાર સ્વર શ્રુતિ સંખ્યા કાયમ કરતાં રી-ગ-ધ-ની ના સ્થાનમાં પરિવર્તન થશે. અને તે આપેલી આ કૃતિથી જણાશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છંદોવતી ને ષડજ માનતાં પ્રચલિત સ્વર શ્રુતિ પ્રમાણ ૨.

સ્વર.	શ્રુતિ.
ષડજ	છંદોવતી
	દયાવતી
	રંજની
	રક્તિકા
રિષભ	રૌદ્રી
	ક્રોધી
	વજ્રિકા
ગાંધાર	પ્રસારિણી
	પ્રીતિ
મધ્યમ	માર્જની
	ક્ષિતિ
	રક્તા
	સંદીપિની
પંચમ	આલાપિની
	મદંતી
	રોહિણી
	રમ્યા
ધૈવત	ઉગ્રા
	ક્ષોભિણી
	તીવ્રા
નિષાદ	કુમુદ્વતી
	મંદા
ષડજ	છંદોવતી

આ બન્નેવ રીતીનો અસ્વીકાર કરીયે તો સર્વથી ઉત્તમ રીતી નિષાદ જે સ્થાન ઉપર છે તે નિષાદને ષડજ માનવાથી શ્રુતિ પ્રમાણ યથાસ્થિત રીતે રહેશે, પરંતુ સ્વર પછી પોતાની શ્રુતિ લે છે એ પ્રમાણે ગણત્રી કરવી પડશે. આ પ્રમાણ વાસ્તવિક છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સ્થાન પ્રમાણ ૩.

પરિવર્તન પામેલો ષડજ.	પ્રાચીન સ્વર	તથા શ્રુતિ.	પ્રચલિત સ્વર સ્થાન પ્રમાણ ૧.
સા	ની઼	ક્ષોભિણી	
		તિવ્રા	
		કુમુદ્વતિ	ની઼
		મંદ્રા	
રી	સા	છંદોવતી	સા
		દયાવતી	
		રંજની	
ગ	રી	રક્તિકા	
		રૌદ્રી	રી
મ	ગ	ક્રોધી	
		વજ્રિકા	
		પ્રાસારિણી	ગ
		પ્રીતિ	
પ	મ	માર્જની	મ
		ક્ષિતિ	
		રક્તા	
		સંદીપિની	
ધ	પ	આલાપિની	પ
		મદંતી	
		રોહિણી	
ની	ધ	રમ્યા	
		ઉગ્રા	ધ
સાં	ની	ક્ષોભિણી	
		તીવ્રા	
		કુમુદ્વતિ	ની
		મંદ્રા	
રીં	સાં	છંદોવતી	સાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર જાતિ. સ્વરોની ત્રણ જાતિ નિર્દિષ્ટ કરેલી છે. જે સ્વરને બે શ્રુતિ હોય તેવા સ્વર **ગાંધાર** તથા **નિષાદ** ને **ઉદાત્ત** કહેવામાં આવે છે. જે સ્વરને **ત્રણ** શ્રુતિ આવતી હોય તેવા સ્વર **રિષભ, ધૈવત** ને **અનુદાત** કહેવામાં આવે છે. જે સ્વરને **ચાર** શ્રુતિ આવતી હોય તેવા **ષડજ, મધ્યમ** અને **પંચમને સ્વરિત** કહેવામાં આવે છે.

સ્વરોના રંગ, દેવ, જન્મ સ્થાન વગેરે કલ્પ્યા છે.

સ્વર પ્રસ્તાર. એક સ્વર શિવાય બેથી સાત સ્વર સુધી સપ્ત શુદ્ધ સ્વરો પૃથક પૃથક રીતે લઇ શકાય છે. તેમજ અનુક્રમે પણ લઇ શકાય છે. સ્વર રચનાની આવી ક્રિયાને "સ્વર પ્રસ્તાર" ની સંજ્ઞા આપી છે. સ્વર જ્યારે એકજ હોય ત્યારે માત્ર એકજ રીતે લઇ શકાય છે, જ્યારે બે સ્વરો બે રીતે લઇ શકાય છે. જેમકે "સારી," "રીસા." નીચેના કોષ્ટકથી સપ્ત શુદ્ધ સ્વરોનો પ્રસ્તાર વ્યકત થશે.

સ્વર	૧	૨	૩	૪	૫	૬	૭
પ્રસ્તાર	૧	૨	૬	૨૪	૧૨૦	૭૨૦	૫૦૪૦

આ માત્ર સપ્ત શુદ્ધ સ્વરોનો પ્રસ્તારનું પ્રમાણ છે જ્યારે કોમળ અને તીવ્ર સ્વર સાથેનો સ્વર પ્રસ્તાર ઘણી મોટી સંખ્યામાં થઇ શકે છે.

ગાન. આગળ જણાવ્યા પ્રમાણે પદ વા ગીતને તાલ તેમજ લયના નિયમાનુસાર સપ્ત સ્વરોમાં ભિન્ન ભિન્ન રીતે ગાઇ શકાય એવી રચના કરવામાં આવી જેને "ગાન" સંજ્ઞા આપી. આવાં ગાનો અને તેની ભિન્ન પ્રકારની વાદન ક્રિયા રાગ પ્રકરણમાં સ્પુટ આપેલી હોવાથી અત્રે તે વિષે વિવેચન કર્યું નથી. આ રીતે સંગીતની પ્રથમ કળા પૂર્ણ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વાદન.

સંગીતની દ્વિતીય કળા વાદન છે. કલ્પિત "ષડજ" આદિ શુદ્ધ કોમળ સ્વરોનો પ્રયોગ કરી, તેની પ્રતીતિ કરવાના આશયથી વાયુ અને આંદોલનનાં પ્રમાણ સાથે ગણિતશાસ્ત્રાધારે અંતરનું પ્રમાણ પ્રાપ્ત કરી, તે સ્વરો નાદ રૂપે પ્રગટ કરવાની, યાંત્રિક યોજના કરવામાં આવી તેને "વાદ્ય" નામ આપવામાં આવ્યું. એવાં વાદ્યો પૈકી મુખ્ય ચાર વાદ્યો છે; તે તથા તેમાંથી ઉત્પન્ન થયેલા વાદ્યો આપેલા વર્ગીકરણથી જણાશે.

તંતુ વાદ્યમાં તુંબર વીણા, સુષિર વાદ્યમાં વાંસળી, આનદ્ધ વાદ્યમાં ડમરૂ અને ઘન વાદ્યમાં કરતાલ આદિ વાદ્યો છે. આ વાદ્યોને મૂળ ગણી, તેમાં ગૃહણ કરેલા સિદ્ધાંતને અનુસરી આધુનિક કાળમાં અનેક વાદ્યોની ઉત્પત્તિ થયેલી છે.

"ચાર પ્રકારનાં મૂળ વાદ્યો અને તે ઉપરથી પ્રચલિત અન્ય વાદ્યો" નું વર્ગીકરણ.

તંતુ વાદ્ય આદિવાદ્ય તુંબર વીણા અધિષ્ઠાતા દેવ તુંબરૂ ગાંધર્વ તથા નારદ મુની				સુષિર વાદ્ય આદિવાદ્ય વાંસળી અધિષ્ઠાતા દેવ શ્રી કૃષ્ણ ભગવાન			આનદ્ધ વાદ્ય આદિવાદ્ય ડમરૂ અધિષ્ઠાતા દેવ શંકરમહાદેવ			ઘન વાદ્ય આદિવાદ્ય કરતાલ અધિષ્ઠાતા દેવ શ્રી બ્રહ્મા
૧	૨	૩	૪	૧	૨	૩	૧	૨	૩	૧
એકતારો	વીણા	સારંગી	સ્વરમંડલ	સરણાઇ	હારમોનીયમ	શંખ	ડફ	મૃદંગ	ડંકા તથા નૌબત	મંજીરા
સુરસોટ	બીન	દીલરૂબા	હાર્પ	ક્લેરેનેટ	ઓરગન	નસતરંગ	ખંજરી	પખવાજ		ઝાંઝ
	સિતાર									
	સુરસાગર	તાઉસ	કહાનુન	પાવો, (અલગુંજો)	ક્રોન્સરટીના	ભુંગળ		તબલાં	ચોઘડીયાં	ઘુઘરા
	સરોદ	ફીડલ (વાયોલીન)	પીયાનો		એકોર્ડીયન	રણશીંગુ		ઢોલક	ત્રાસાં	ઘંટ
	બેંજો			મોહર					મરફો	જલતરંગ
	ગિટાર	આનંદ લહરી (રાવણહથ્થો)		તારપું					ઢોલ	કાચતરંગ
	સુરસીંગાર									
	સુરચેન			મશક (બેગપાઇપ)					ડ્રમ	કાષ્ટતરંગ
	રૂવાબ									ટયુબા ફોન
	મેંડોલીન									

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તંબુર



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તંતુ વાદ્યો.

તંતુ વાદ્ય મુખ્યત્વે કરી તાર અને તાંતનાં વાદ્યો છે. એક વા અનેક રીતિએ તારને સ્પર્શ કરી, તારના કંપિત થવાથી, વાયુમાં તેની આસપાસ વહન કરતાં અદૃશ્ય રજકણો સાથે તેનો આઘાત થાય છે. એવી રીતે ઉત્પન્ન થતા ધ્વનિ દ્વારા સાત શુદ્ધ સ્વરો તથા વિકૃત સ્વરો કાઢવાની, અંતર અને આંદોલનનાં પ્રમાણુસર યોજના કરવામાં આવી છે.

(૧) તંબુર અથવા તુંબર વીણાં એ આદિવાદ્ય હોઇ, આધુનિક સમયનાં પ્રચલિત તંતુ વાદ્યોમાં મૂળ રૂપ છે.

તંબુર. આ વાદ્યનાં ઉત્પાદક તુંબરૂ ગંધર્વ તેમજ નારદ મુની હોવાનું પ્રાચીન પુસ્તક દ્વારા આધાર મળે છે.

આ વાદ્યને પડદા હોતા નથી પરંતુ માત્ર ચાર તારમાંથી અનુક્રમે નાદ કાઢવામાં આવે છે.

આ વાદ્યની આકૃતિ તથા મેળવવાની રીત આપેલા ચિત્રથી જણાશે.

એક તારો, સુરસોટ વગેરે વાદ્યો માત્ર સૂરપૂરતિ માટે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

(૨) **વીણાઃ**–આ વાદ્યને 'બીન' પણ કહેવામાં આવે છે આનું પ્રાચીન નામ રૂદ્ર વીણા છે.

આ વાદ્યની આકૃતિ તથા વગાડવાની રીતની માહીતી ગ્રંથકર્ત્તાનાં આપેલાં ચિત્રથી જણાશે.

વીણા વાદન અતિ વિકટ હોઇ સર્વને અનુકુળ નથી અને તેથી સર્વની અનુકુળતા માટે સિતાર (સે+તાર=ત્રણ તાર)

સિતાર. વીણા ઉપરથી અમીર ખુશરૂએ ઉત્પન્ન કર્યાનું પ્રાચીન સંગીતાચાર્યોનાં ઇતિહાસમાંથી મળી આવે છે, અને તે અદ્યાપિ પર્યંત પ્રચારમાં છે. સિતાર એ વીણા અને તંબુરનું મીશ્ર અનુકરણ છે. આ વાદ્ય ઉપરથી રચનામાં યત્કિંચિત તફાવત કરી રસબીન વા બીનસિતાર અને કચ્છવો સરજાવી કાઢેલાં છે. આજ આકૃતિનું સરસ્વતિ વીણા પણ છે જે દક્ષિણ હિન્દુસ્થાનમાં વિશેષ પ્રચારમાં છે. કછવો સિતાર જેવો હોય છે પરંતુ તુંબાની આકૃતિ ચપટી હોય છે. એ બન્ને વાદ્યની વાદનક્રિયા સિતારને મળતીજ છે.

(વિચિત્ર બીન) આ વાદ્યની યોજના બીનના જેવી છે પરંતુ બીનમાં સાર (પડદા) હોય છે જે આમાં

સૂર સાગર. નથી. વાદન ક્રિયામાં કાચના મોટા મણકા અને મિજરાફનો ઉપયોગ કરવામાં આવે છે, અને જમીનપર મુકી વગાડવામાં આવે છે.

આ વાદ્ય નીચેથી હોડીની આકૃતિ જેવું ન્હાનું હોય છે.

સરોદ. ઉપરના ભાગની આકૃતી વાયોલીન જેવી હોય છે. "જવાથી" વગાડી શકાય છે એને પડદા હોતા નથી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગ્રંથકર્તા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બેંજો. પ્રાશ્ચાત્ય વાદ્ય પૈકીનું આ એક છે, આ વાદ્યની રચના કચ્છવા સિતારના જેવીજ પણ થોડી ટુંકી છે. તબલી ચામડાથી મઢેલી હોય છે. સિતાર મીજરાફથી વાગે છે જયારે બેંજો કચકડાનાં વા હાડકાનાં જવની આકૃતિનાં "જવા" થી વગાડવામાં આવે છે.

ગિટાર. આ વાદ્ય પણ પ્રાશ્ચાત્ય છે. આકૃતિ અને રચના ફીડલના જેવી છે. વાદન ક્રિયા બેંજો પ્રમાણે છે.

સૂર સિંગાર તથા સૂરચેન. આ વાદ્યો પ્રચારમાં બહુધા ન હોઇ વિવેચન કર્યું નથી; પરંતુ આ વાદ્ય સિતારનું મિશ્ર રૂપ છે, તેમજ વાદન ક્રિયા સરોદને મળતી છે, માત્ર રચનામાં કંઇક ભિન્નતા છે. આ વાદ્યને પડદા હોતા નથી.

રૂવાબ. આ વાદ્યની રચના સરોદની રચનાને મળતી હોય છે. તારની જગ્યાએ તાંતનો ઉપયોગ કરવામાં આવે છે અને "જવાથી" વગાડી શકાય છે.

મેંડોલીન. એ પ્રાશ્ચાત્ય પદ્ધતિએ રચાયલું રૂવાબનું અનુકરણ છે. પણ તાંતની જગ્યાએ તાર હોય છે. વાદનક્રિયા રૂવાબના જેવી છે.

સારંગી. (૩) આ વાદ્ય વિશેષ પ્રચારમાં હોઇ વિવેચનની આવશ્યકતા નથી આ વાદ્યને પડદા નથી ને તાંત છે જે ગજથી વગાડી શકાય છે.

દિલરૂબા. જે સિદ્ધાંતે સારંગીની રચના થઇ છે, તેજ નિયમ આ વાદ્યમાં પણ દ્રષ્ટિગોચર થાય છે, વિશેષમાં પડદા હોય છે અને તાંતની જગ્યાયે તાર હોય છે; અને ગજ વતી વગાડવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તાઉસ. તાઉસ અને દિલરૂબામાં લેશ માત્રનો પણ ફરક નથી, પરંતુ કોઠીને બદલે તાઉસ (મયર) આકૃતિ હોવાથી તેને તાઉસ નામ આપ્યું છે વાદનક્રિયા પણ દિલરૂબાના જેવીજ હોઇ વિવેચનની આવશ્યકતા નથી.

ફીડલ આ વાદ્ય પાશ્ચાત્ય વાદ્યો પૈકીનું એક છે. એ હાલ ઘણું પ્રચારમાં છે, એટલે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. અને તેને "વાયોલિન" પણ કહેવામાં આવે છે.

આનંદ લહરી. (રાવણહથ્થો). રાવણે ઉત્પન કર્યાનું ગણાય છે. નાળીએરની કાચલી ઉપર ચામડું મઢી, તેમાં વાંસની એક હાથની લાંબી, પાતળી દાંડી મજબુત કરી, એ તાર લગાવી, ફિડલ પ્રમાણેજ રાખી, ગજવતી વગાડી શકાય છે.

સ્વરમંડળ. (૪) આ વાદ્ય આદિ વાદ્યો પૈકીનું એક છે. એની રચના ચોરસ વા ત્રિકોણ પાટીયાંના ચોકઠા ઉપર ચાર પાંચ સપ્તકનાં સ્વરોના તારોને, પાટીયાંથી અદ્ધર રહે એવી રીતે ગોઠવી, જરૂરી થાટમાં મેળવવામાં આવે છે. આમ તારો અલગ રાખવાથી સરળતાથી અવાજ ઉત્પન્ન થઇ શકે છે. આ વાદ્ય મિજરાફ અથવા અંગૂઠામાં વીંટીવડે વગાડી શકાય છે. આને કહાનુન પણ કહેવામાં આવે છે.

હાર્પ. આ વાદ્ય પાશ્ચાત્ય વાદ્યો પૈકીનું છે. આ વાદ્ય સ્વરમંડળનું અનુકરણ છે. રચના તથા વાદન પણ તેજ પ્રમાણેનું હોવાથી વિવેચન કર્યું નથી.

પિયાનો. હાર્પને મળતુંજ પાશ્ચાત્ય વાદ્ય છે, હાર્પમાં તારોનો અવાજ ઉત્પન્ન કરવાને "જવાથી" તારો ઉપર આઘાત કરવામાં આવે છે. જ્યારે પિયાનોમાં ધ્વનિ ઉત્પન્ન કરવા માટે હારમોનીયમની ચાવી જેવી હોય છે તેને ઠોકવાથી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વાંસળી (મોરલી.)



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંદર તારો સાથે આઘાત થવા માટે રાખેલી હથોડીઓ અથડાય છે અને એ રીતે તારમાંથી ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ વાદ્યનો અતિશય ઉપયોગ પ્રાશ્ચાત્ય દેશમાં, કોન્સર્ટ, બૉલ વગેરેમાં તેમજ દેવલો (Church) માં થાય છે.

સુષિર વાદ્યો.

આ વાદ્યો વાયુદ્વારા સપ્ત શુદ્ધ સ્વરો તથા વિકૃત સ્વરો ઉત્પન્ન કરવાના આશયે રચાયાં છે. તેજ સિદ્ધાંતાનુસાર અનેક રીતની યોજના કરી અનેક વાદ્યો ઉત્પન્ન કરવામાં આવ્યાં છે.

વાંસળી (મોરલી) (૧) આ આદીવાદ્યને વાંસળી, બંસી, મોરલી વગેરે પ્રચલિત અનેક નામો છે. આ વાદ્યની રચના તથા સ્વર રચના આપેલા ચિત્રથી જણાશે. આ વાદ્યમાં અનુભવી વાદક શિવાય કોમળ સ્વરો અન્યથી કાઢી શકાતા નથી; કેમકે તે કાઢવા અતી દુર્ઘટ છે. પાશ્ચાત્ય શોધના પ્રભાવે "પીકકોલો" નામનું, મોરલીનું અનુકરણ, કોમળ તથા શુદ્ધ સ્વરો નીકળી શકે એવું વાદ્ય પ્રચારમાં છે. આપેલા ચિત્રથી એ બાબતની સ્પષ્ટતા થશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શરણાઇ. ધંતુર પુષ્પની આકૃતિની લાકડાંની લગભગ એક ફુટ લાંબી પોકળ દાંડીમાં, નીચેના ભાગે સાથે સાથે છ છિદ્રો અને તળીયાના ભાગે એક મળી સાત છિદ્રો પાડી, વગાડવાની જગ્યાએ વાંશની જી૦હાળી લગાવી, ફૂંક મારવાથી વાગી શકે, એ રીતે આ વાદ્ય રચાયું છે. આ સાજમાં શુદ્ધ તથા વિકૃત સ્વરો, કુશળ વગાડનારાઓ સ્પષ્ટ રીતે કાઢી શકે છે. સ્વરો વાંસળી પ્રમાણે અનુક્રમે ઉત્પન્ન થાય છે.

ક્લેરોનેટ. એ સરણાઇના સિદ્ધાંતપર રચાયલું પાશ્ચાત્ય વાદ્ય છે. એમાં કોમળ તથા શુદ્ધ સ્વરો ઉપરાંત ત્રણ સપ્તકનાં સ્વરો સ્પષ્ટ રીતે નીકળી શકે એવી રચના કરેલી હોય છે. આ તથા એને મળતાં ભિન્ન ભિન્ન પ્રકારનાં વાદ્યો બેન્ડમાં વપરાય છે.

પાવો. (અલગુંજો). આ વાદ્ય વાંસળીનો નમૂનો છે પરંતુ વગાડવાની જગ્યાએ લગભગ શરણાઇ પ્રમાણેની રચના હોય છે. નાદ કાઢવા માટે, શરણાઇમાં ફુંક મારવામાં જેટલી તાકાદ પડે છે તેટલી આમાં પડતી નથી.

મો૦હર. આ વાદ્ય, નાંનાં તુંબામાં બે ઉભી છિદ્ર પાડેલી પાતળી વાંસની પોકળ દાંડીઓ નીચેથી મજબુત બેસાડી તૈયાર કરવામાં આવે છે. શરણાઇ પ્રમાણે, વાંસની નળી ઉપર જી૦હાળી રાખી તુંબામાં પવન ભરવાથી, નાદ ઉત્પન્ન થઇ શકે છે. ગારૂડી લોકો સર્પને મુગ્ધ કરી, પકડવા માટે, આનો ઉપયોગ કરે છે.

તારપું. મયૂરાકૃતિના લાંબા તુંબાને, મો૦હર પ્રમાણે, બે વાંસની છિદ્રવાળી નળીઓ લગાવી તેને વાંસની જી૦હાળી ઉપરના છેડે મુકી, વધારામાં નીચેને છેડે તાડપત્રનું ગોળ ભુંગળું લગાડવામાં આવે છે. વાદન સરળ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે. અમારા દેશમાં જંગલ પ્રદેશના લોકો ઘણે ભાગે આ વાદ્યનો ઉપયોગ કરે છે.

મશક. (બેગપાઇપ). આ વાદ્યમાં શરણાઇ જેવી નળીને ધમણ સાથે જોડી, તે ધમણમાં ફૂંક વતી પવન ભરી, તે નળી દ્વારા, શરણાઇની રીતે સ્વર કાઢવામાં આવે છે. આ વાદ્યમાં ઉપર છ અને નીચે એક એ પ્રમાણે સાત છિદ્રો હોય છે, જેમાંથી શુદ્ધ સ્વરો કાઢી શકાય છે. વધારામાં બીજી બે નળીઓ જે ધમણ સાથે જુદી જોડવામાં આવે છે, તેમાંથી " ષડજ " ના કાયમ સ્વર નીકળે છે, અને તેથી મધુર લાગે છે. આ વાદ્ય આધુનિક કાળમાં રણસંગ્રામમાં ઉપયોગમાં આવે છે.

હારમોનિયમ. (૨) એ પાશ્ચાત્ય વાદ્યો પૈકીનું એક છે. એ વાદ્ય હાલ હિંદમાંજ ઘણું પ્રચલિત છે, એટલે સૂક્ષ્મ વિવેચનની આવશ્યકતા નથી. કેટલેક અંશે આ વાદ્ય અપૂર્ણ છે અને માધુર્ય આપતું નથી.

ઓરગન. આ હારમોનિયમ જેવુંજ વાદ્ય છે પરંતુ હારમોનિયમ કરતાં અધિક મધુર સ્વર નીકળે છે અને એમાં ઘણાં સપ્તક હોય છે.

કોન્સરટીના. આ વાજીંત્ર હાથવતી ધમણ ખોલી, બન્ને બાજુએ આવેલી ચાવીઓ દબાવવાથી, ધમણ દ્વારા આવતા વાયુની મદદથી, હારમોનિયમના જેવી રાખેલી પત્રીથી નાદ ઉત્પન્ન કરી વગાડી શકાય છે. એ વાદ્ય ઘણે ભાગે અષ્ટકોણ આકૃતિનું હોય છે.

આ ચોરસ આકૃતિનાં વાદ્યમાં ચાવીઓ એકજ બાજુએ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એકોરડિઅન. હોઇ ધમણુથી માત્ર એકજ હાથે તે વગાડી શકાય છે. બીજી બાજુ બે, ષડજ અને પંચમ મદદરૂપ સ્વરો હોય છે. રચના કોન્સરટીના જેવીજ છે.

શંખ (૩) આ નૈસર્ગિક વાયુ વાદ્ય હોવાથી સર્વોત્કૃષ્ટ અને પવિત્ર ગણાય છે. મુખથી તેમજ કંઠ આગળની ધોરી નસો દ્વારા આવતા વાયુની સહાયતાથી, અનુભવી મનુષ્યજ માત્ર આ વાદ્ય વગાડી શકે છે. સામાન્ય રીતે તે મુખથી વગાડી શકાય છે, પરંતુ કેટલાક એ વિષયમાં નિપુણ અનુભવીઓ, તે ગળાની ધોરી નસ વતી વગાડી શકે છે.

નસતરંગ. આ વાદ્ય શંખની રચનાના સિદ્ધાંતપર યોજાયલું હોય એમ જણાય છે. શરણાઇની આકૃતિની છિદ્ર વગરની ધાતુની ન્હાની બે ભુંગળીઓ કંઠની ધોરી નસપર રાખી, વાયુદ્વારા કંઠમાંથી ઉદ્ભવતા તમામ સ્વરો કાઢી શકાય છે. શંખ વાદન વિકટ છે પરંતુ આ વાદ્ય અનુભવ અને પ્રયોગે સિદ્ધ કરી શકાય છે.

ભુંગળ. આ વાદ્ય મુખ ભાગ આગળ શરણાઇની આકૃતિને ઘણું મળતું છે પરંતુ તેની ધાતુની બનાવેલી દાંડી વગર છિદ્રની, અને પ્રમાણમાં ઘણી લાંબી હોય છે. વગાડવાની જગ્યાએ એક પડજીભી હોય છે, જેમાં ફૂંક મારવાથી વાગે છે. ભવાયા લોકો ઘણેભાગે તેનો ઉપયોગ કરે છે.

રણશિંગુ. શૃંગાકૃતિનું આ વાદ્ય પ્રાચીન કાળમાં રણસંગ્રામમાં સૈનિકોને શૌર્ય આપવા વપરાતું હતું. આ શિવાય કરનાલ, ભેરી, તુરૈ, શંખ વગેરે શૌર્યોત્પાદક વાદ્યો આજ સિદ્ધાંત પર રચાયલાં છે. આ પ્રકારનાં વાદ્યો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ડમરૂ.



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંગીત વિષયમાં મહત્ત્વનાં નથી, અને તેથી તેમનું બારીક વિવેચન કર્યું નથી.

આનદ્ધ વાદ્યો.

ચાર પ્રકારનાં વાદ્યો પૈકી ઉપર જણાવેલાં બે પ્રકારનાં વાદ્યો સ્વરો પ્રતીતિ કરનારાં છે, જ્યારે અન્ય બે પ્રકારનાં વાદ્યો, સસ્વરે તાલ આપવાના આશયે રચાએલાં છે. આનદ્ધ વાદ્યમાં લાકડાંની, માટીની, યા ધાતુની ભિન્ન ભિન્ન આકૃતિની કોઠી બનાવી, એક વા બન્ને બાજુ ચામડેથી મઢી, અવાજ કાઢવાની તથા તે દ્વારા, વિધ વિધ પ્રકારની તાલ આપવાની યોજના કરેલી છે. આ વાદ્યમાં ડમરૂ આદિ વાદ્ય છે.

ડમરૂ. (૧) આ વાદ્ય લાકડાંની શંકુ આકારની બે પોકળ કોઠીઓને, બન્ને શંકુ શિરોભાગ આગળ જોડી દઇ, વચમાંથી સાંકડી કોઠી બનાવી બન્ને બાજુએ ચાંમડાથી મઢી, વચમાં દોરીથી બાંધેલા લાકડાના બારીક કટકા વતી વગાડવામાં આવે છે. હાલમાં મદારી લોકો આ વાદ્યનો ઉપયોગ કરે છે. સાથેના ચિત્રથી, આકૃતિ વિશે ખ્યાલ આવશે.

આ વાદ્ય શ્રી શંકર મહાદેવે તાંડવ નૃત્ય વખતે વગાડી દેવ દાનવોને મુગ્ધ કર્યાં હતા.

ડફ. આ વાદ્ય લગભગ સાત આંગળના વ્યાસના ગોળ લાકડાના કાંઠાને ચામડાથી એક બાજુએ મઢી તૈયાર કરવામાં આવે છે. એક હાથની આંગળીઓથી તથા હથેળીથી આં વાદ્ય વગાડવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખંજરી — આ વાદ્ય નાનાં પ્રમાણુપર ડફ જેવું બનાવી, કાંઠાપર ઝાંઝરી લગાડી, તૈયાર કરવામાં આવે છે. વગાડવાની રીત ડફ જેવીજ હોય છે.

મૃદંગ (પખવાજ) — (૨) આ વાદ્યની બન્ને બાજુએ ડમરૂ પ્રમાણે ચામડાંથી મઢેલી હોય છે તે લાકડાનું, પીપની આકૃતિનું હોઇ વચમાંથી ગોળ અને સાધારણ પહોળું હોય છે. અને તેમાં નર અને માદા એવા બે વિભાગ છે. માદા તરફના ભાગને " સાહી " નામનો કાળો મસાલો લગાડવામાં આવે છે. જ્યારે નરને, સ્વર નીકળે તેટલા પ્રમાણમાં, ઘઉંનો લોટ લગાડવામાં આવે છે, આ વાદ્ય બન્ને હાથથી વગાડવામાં આવે છે.

તબલા — પખવાજને બે વિભાગમાં જુદા પાડી નાંખી તબલાની યોજના કરવામાં આવી છે. તે બે વિભાગ પૈકી ચામડાનો ભાગ ઉપર રાખી બે હાથથી મૃદંગ પ્રમાણે વગાડવામાં આવે છે. તબલામાં નર અને માદા બન્ને ભાગને સાહી લગાવેલી હોય છે. ઉપરનાં બે વાદ્યો શી રીતે વગાડવા તે તાલ પ્રક્રિયામાં જણાવ્યું છે.

ડંકા તથા નોબત — (૩) રાજ્યની રયાસતનાં આભૂષણ રૂપ ગણાતાં વાદ્યો પૈકી આ વાદ્ય તબલાના નર એટલે બાયાંની આકૃતિનું હોઇ, પ્રમાણમાં મોટું હોય છે અને લાકડાની દાંડીઓવતી વગાડવામાં આવે છે.

ચોઘડીયાં. — ડંકા જેવીજ આકૃતિનાં પણ પ્રમાણમાં ન્હાનાં હોય છે અને શરણાઇ સાથે તાલ આપવા માટે દાંડીથી વગાડી શકાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ડંકા કરતાં નાનાં અને ધાતુનાં પહોળાં અને ગોળાકાર ચપટાં પત્રાનાં પાત્રપર ચામડું મઢી પાતળી નેતરની સોટીથી વગાડવામાં આવે છે અને એ પણ રાજરયાસતનાં આભૂષણો પૈકીનું એક છે.

ત્રાંસા.

ત્રાંસા કરતાં નાની આકૃતિનાં એજ જાતનાં વાદ્યને મરફો કહે છે, અને તે પણ પાતળી દાંડીઓથી વગાડવામાં આવે છે.

મરફો.

આ વાદ્ય મૃદંગનાં ઘાટનું પરંતુ વચમાંથી ઘણે ભાગે સરખું હોય છે. માદાને શાહી લગાવાતી નથી અને નરને ચામડાંના અંદરના ભાગે સાહી લગાવાય છે. બન્ને હાથવતી વગાડવામાં આવે છે, તેમજ લાકડાની દાંડીથી પણ વગાડવામાં આવે છે.

ઢોલ

આ બન્ને વાદ્યો અંગ્રેજી બેંડમાં તાલ આપવાના આશયથી દાખલ કરેલાં જણાય છે. બન્ને તરફ સાદું ચામડું મઢી દાંડીયા અને ચામડાંની હથોડી વતી વગાડી શકાય છે.

બેઇઝ ડ્રમ
સાઇડ ડ્રમ

ઘન વાદ્યો.

આ વાદ્યોમાંથી માત્ર એકજ સ્વર ધ્વનિત થતો હોવાથી, તેને **અર્ધ વાદ્ય** પણ કહેવામાં આવે છે. મુખ્યત્વે કરીને, પીત્તળ, કાંસુ વગેરે ધાતુનું પૃથક્ આકૃતિયોમાં બનાવવામાં આવે છે, જેને કરતાલ મંજીરા, કાંસાં, ઝાંઝ, ઘુઘરી, ઘંટ, વગેરે ભિન્ન ભિન્ન નામે ઓળખવામાં આવે છે. આ વાદ્યો બહુધા દેવ મંદીરો, વગેરે સ્થળોમાં કીર્તન પ્રસંગે વપરાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કરતાલ. લાકડાની બે ચીપો બનાવી તેને એક બીજા સાથે છેડે માર્ગ રાખી વચ્ચે જોડી દેવામાં આવે છે. છેડેના માર્ગમાં ન્હાની ન્હાની ઝાંઝો છુટી જડવામાં આવે છે. આ યોજનાને કરતાલ કહે છે. એવી બે કરતાલનાં યુગલને એક બીજા સાથે આઘાત આપી તાલ ઉત્પન્ન કરવામાં આવે છે. કેટલાક, આવાં યુગલો બે હાથમાં રાખી વગાડે છે. તેનો ઉપયોગ દેવ મંદીરોમાં ભક્તજનો અને અન્ય સ્થળે ભિક્ષુકો બહુધા કરે છે. આ નીચે કરતાલનું ચિત્ર આપવામાં આવ્યું છે તે જોવાથી એ વાદ્યનો સ્પષ્ટ ખ્યાલ આવશે.



Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જલતરંગ કાચના ન્હાનાં મોટાં ચલાણામાં સ્વરનાં પ્રમાણુસર પાણી નાંખી, ચોક્કસ સ્વર કાઢી, બે હાથે પાતળી દાંડીઓ વતી, આ વાદ્ય વગાડી શકાય છે. ઓછામાં ઓછા અઢાર ચલાણાઓનો ઉપયોગ આ વાદ્યમાં થાય છે. થાટનાં પ્રમાણમાં વધારે ઓછું પાણી રેડી, જરુરના સ્વરો તૈયાર કરી શકાય છે. જલતરંગને અનુસરતું "ટયુબા ફોન" નામનું ઇંગ્લિશ વાદ્ય છે તે, સૂરોનાં પ્રમાણમાં તૈયાર કરેલી ધાતુની નળીઓ, ચોકઠાંપર અનુક્રમે ગોઠવી, જલતરંગ પ્રમાણે વગાડી શકાય છે. કાચ તરંગ અને કાષ્ટ તરંગ નામક વાદ્યો હમણાં એજ સિદ્ધાંતે યોજાયલાં છે.

આ શિવાય પ્રત્યેક પ્રકારનાં અનેક વાદ્યો પણ છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તાલ પ્રક્રિયા.

સંજ્ઞા — બોલ

	×			૨		
	૧	૨	૩	૪	૫	૬
દાદરો...	ધા	ધીં	ધા	ધા	તીં	ત્રક
માત્રા-૬	ધા	ધીં	ના	ધા	તીં	ના

	*			૨		૩	
પોશ્તો...	૧	૨	૩	૪	૫	૬	૭
માત્રા-૭	તીં	–	ત્રક	ધીં	–	ધા	ધા

	*			૨		૩	
	૧	૨	૩	૪	૫	૬	૭
રૂપક......	તીં	ના	ત્રક	ધી	ના	ધી	ના
માત્રા-૭	ક	ત્તી	ના	ધી	ના	ધી	ના

	×			૨		૩	
	૧	૨	૩	૪	૫	૬	૭
તેવરો ...	ક	ધી	ટ	ધી	ટ	ધા	–
માત્રા-૭	ધા	દીં	તા	તીટ	કત	ગદી	ગન

	×				૨			
લાવણી...	૧	૨	૩	૪	૫	૬	૭	૮
માત્રા-૮	ધા	ધીં	ધા	તીં	ત્રક	ધીં	ધાગે	તરકિટ

	×				૨			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮
કહેરવા...	ધા	ધીં	ન	ધી	ન	ક	ધીં	ન
માત્રા-૮	ધા	ગે	ન	તુ	ન	ક	ધીં	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×		૨			૦		૩		
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
ઝપતાલ...	ધી	ના	ધી	ધી	ના	તી	ના	ધી	ધી	ના
માત્રા-૧૦	ધી	ના	ધી	ધી	ના	ધાગે	ત્રક	ધી	ધી	ના

	×		૦		૨		૩		૦	
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
સૂલફાગ...	ધા	ધા	દીં	તા	કિટ	ધા	તીટ	કિટ	ગદી	ગન
માત્રા-૧૦	ધા	–	દીં	દીં	તા	–	તીટ	કિટ	ગદી	ગન
	ધી	ધી	ધાગે	તિરકિટ	તૂ	ના	તા	ધી	ધી	ના

	×				૨					
નિસારુક	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
માત્રા-૧૦	ધા	ધી	ટ	ધી	ટ	ધા	તિ	ટ	તી	ટ

	×		૨	૩	૪		૫	૬	૭	૮	
રુદ્રતાલ...	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
માત્રા-૧૧	ધા	–	ક્રી	ટી	ત	ક	ધુ	મ	ક્રી	ટી	તા

	×		૦		૨		૦		૩		૪	
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ધ્રુવપદ ...	ધા	ધા	દીં	તા	કિટ	ધા	દીં	તા	તીટ	કિટ	ગદી	ગન
માત્રા-૧૨	ધા	ધીની	નક	તક	ધીની	નક	તક	ધીની	નાધી	નાધી	નત	ક્રીટ

	×		૦		૨		૦		૩		૪	
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
એકતાલ...	ધીં	ધીં	ધા	ત્રક	તૂ	ના	ક	ત્તા	ધા	ત્રક	ધી	ના
માત્રા-૧૨	ધીં	ધીં	ધા	ત્રક	તૂ	ના	ક	ત્તા	ધી	ના	ધી	ના
	ધીં	ધીં	ધાગે	તિરકટ	તૂ	ના	ક	ત્તા	ધી	તિરકિટ	ધી	ના

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×			૨				૦			૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
દ્વિપચંદી...	ધા	ધીં	-	ધા	ગે	તીં	-	તા	તીં	-	ધા	ગે	ધીં	-
માત્રા-૧૪	ધા	ધીં	-	ધા	ધા	તીં	-	તા	તીં	-	ધા	ધા	ધીં	-

	×					૨					૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
ધમાર ...	ક	ધી	ટ	ધી	ટ	ધા	-	ક	તી	ટ	તી	ટ	તા	-
માત્રા-૧૪	ક	ધી	ટ	ધી	ટ	ધા	-	ગ	દિ	ન	દિ	ન	તા	-

	×		૨				૩				૪			
ચંપકતાલ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
અથવા	ધીં	ધીં	ધા	ત્રક	તૂ	ના	ક	ત્તા	ધીં	ધીં	ધા	ધીં	ધીં	ધા
આડચોતાલ	×		૨		૦		૩		૦		૪		૦	
માત્રા-૧૪	ધા	ત્રક	ધી	ના	તૂ	ના	ક	ત્તા	ત્રક	ધી	ના	ધા	ધી	ના

	×			૨				૦			૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
ઝુમરો ...	ધીં	ધાંગે	ત્રક	ધીં	ધીં	ધાગે	ત્રક	તીં	ધાગે	ત્રક	ધીં	ધીં	ધાગે	ત્રક
માત્રા-૧૪	ધીં	-ત્ર	કીટ	ધીં	ધીં	ધાગે	ત્રક	તીં	-ત્ર	કીટ	ધીં	ધીં	ધાગે	ત્રક

	×		૦		૨		૦		૩		૪		૫	
ફરોદસ્ત...	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
માત્રા-૧૪	ધીં	ધીં	ધા	ત્રક	તૂ	ના	ક	ત્તા	ધત્ર	કધિ	નક	ધાત્ર	કધિ	નક

	×				૨				૩				૪		
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
છોટીસવારી	ધા	-	ધ	દી	ગ	ન	ધુ	મ	કી	ટ	ત	ક	ધીં	-	તા
માત્રા-૧૫	ધુ	મ	કિ	ટ	ગ	દી	ગ	ન	ગ	દી	ગ	ન	ધી	ન	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×				૨				૦				૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
ત્રિતાલ...	ના	ધી	ધી	ના	ના	ધી	ધી	ના	તા	તી	તી	ન્ના	ના	ધી	ધી	ના
માત્રા-૧૬	ધા	ધીં	ધીં	ન્ના	ધા	ત્રક	ધીં	ના	તા	તીં	તીં	ન્ના	ધા	ત્રક	ધીં	ન્ના
	ધા	ત્રક	ધી	ના	ના	ધી	ધી	ના	તા	ત્રક	તી	ના	ના	ધી	ધી	ના

	×				૨				૦				૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
તિલવાડા	ધા	ત્રક	ધા	-ધી	ના	તા	તીં	તીં	તા	ત્રક	તા	-ધી	ના	તા	ધીં	ધીં
માત્રા-૧૬	ધા	ત્રક	ધીં	ધીં	ધા	ધા	તીં	તીં	તા	ત્રક	ધીં	ધીં	ધા	ધા	ધીં	ધીં

	×				૨				૦				૩			
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
પંજાબી	ધા	ધીં	ક	ધીં	ધા	ધીં	ક	ધીં	તા	તીં	ક	તીં	ધા	ધીં	ક	ધીં
માત્રા-૧૬	ધા	-	ધીં	કધીં	ધા	-	ધીં	કધીં	તા	-	તીં	કત્તીં	ધા	-	ધીં	કધીં

	×				૨				૩				૪		૫	
બડી સવારી	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
માત્રા-૧૬	ધા	-	કી	ટ	ધુ	મ	કી	ટ	ટ	કી	ટ	ત	કા	-	કી	ટ

	×		૨		૩	૪		૫	૬	૭		૮	૯	૧૦		૧૧
રુદ્રતાલ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
પ્રકાર ૨ માત્રા ૧૬	ધા	-	કી	ટ	ત	ક	ધુ	મ	કી	ટી	ત	ક	ત	ક	ધા	તા

	×				૨		૩				૪	
વિષ્ણુતાલ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
માત્રા ૧૭	ધા	-	કી	ટ	ત	ક	ધુ	મ	કી	ટ	ત	ક

૫		૬		
૧૩	૧૪	૧૫	૧૬	૧૭
દ્ધે	-	ધી	ન	તા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×	૨	૩	૪	૫
ગણેશ તાલ	૧ ૨ ૩ ૪	૫ ૬ ૭ ૮	૯ ૧૦ ૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬ ૧૭ ૧૮
માત્રા ૧૮	ધા - ધી ટ	ધી ટ ધા -	ધા - કી ટ	ત ક	ગ દી ગ ન

	×	૨	૩	૪	૫	૬	૭	૮	૯
ગણેશ	૧ ૨ ૩ ૪	૫	૬ ૭ ૮ ૯ ૧૦	૧૧	૧૨ ૧૩ ૧૪ ૧૫	૧૬	૧૭	૧૮	૧૯ ૨૦ ૨૧
પ્રકાર ૨	ધા - કી ટ	ત	ધા - કી ટ ત	ક	ગ દી ગ ન	ધી	ધા	ત	ક ધ્ધા તા
માત્રા ૨૧									

	×	૦	૨	૩	૦	૪	૫	૦	૬	૭	૮
અષ્ટમંગળ	૧ ૨	૩ ૪	૫ ૬	૭ ૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨
માત્રા ૨૨	ધા -	કી ટ	ત ક	ધુ મ	કી ટ	ત ક	ધ્ધે -	તા -	ત ક	ગ દી	ગ ન

	×	૨	૩	૪	૫.	૬	૭	૮	૯	૧૦
બ્રહ્મ તાલ	૧ ૨ ૩ ૪	૫ ૬	૭ ૮ ૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬ ૧૭ ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪	૨૫ ૨૬ ૨૭ ૨૮
માત્રા ૨૮	ધા - કી ટ	ત ક	ધુ મ કી ટ	ત ક	ધ્ધે -	તા - ધ્ધે -	તા -	કી ટ	ત ક	ગ દી ગ ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×				૨		૩		૪				૫	૬
લક્ષ્મી તાલ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
માત્રા ૩૬	ધા	–	ક્રી	ટ	ત	ક	ધુ	મ	ક્રી	ટ	ત	ક	ધ્ધે	–

૭		૮				૯		૧૦		૧૧	૧૨
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬
તા	–	ક્રી	ટ	ત	ક	ધી	ની	ન	ક	ધ્ધે	–

૧૩		૧૪	૧૫	૧૬		૧૭		૧૮	
૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬
તા	–	ક્રી	ટ	ત	ક	ગ	દી	ગ	ન

	×				૨				૩				૪	
વિષ્ણુ તાલ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
માત્રા ૩૬	ધા	–	ધી	ટ	ધી	ટ	ધા	–	તા	–	ધી	ટ	ધી	ટ

૫				૬				૭		૮	
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬
ધા	–	ધી	ન	ધી	ટ	ધી	ટ	ધા	–	ક્રી	ટ

૯		૧૦		૧૧		૧૨			
૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬
ત	ક	ગ	દી	ગ	ન	ધા	–	ધી	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

નર્તન

સંગીતની તૃતીય કળા નર્તન છે. **તાંડવ** અને **લાસ્ય** એવા નર્તનના બે વિભાગ છે. **તાંડવ** નૃત્યમાં વિવિધ પ્રકારનાં અભિનય સાથે વીર, રૌદ્ર, ભયાનકાદિ ઉગ્ર રસો પ્રગટ કરી, અંગની સ્ફુર્તિ સાથે અભિનય કરી બતાવવામાં આવે છે. **લાસ્ય** નૃત્યથી માત્ર ગાયનમાં રહેલા શૃંગાર, કરુણા, હાસ્યાદિ શાંત રસો, નવ નવા અભિનયથી અને નૃત્યની મદદથી ગાઇ, જુદી જુદી ક્રિયાઓથી બતાવવામાં આવે છે. આ પ્રકારે સંગીતમાં નર્તન પણ એક આવશ્યક અંગ છે. નર્તનમાં શરીરનાં પ્રત્યેક અંગ હસ્ત, પાદ, નેત્ર વગેરે ઉપયોગમાં આવે છે. આ કળામાં લય અને તાલ પ્રાધાન્ય ભોગવે છે. કથ્થક લોકો આ કળામાં મુખ્યત્વે કરીને પ્રવીણ છે. અને તેઓ વિવિધ પ્રકારનાં નર્તનથી સંગીત અને નૃત્યની તાદૃશતા સિદ્ધ કરી આપવા શકિતમાન છે. આ ગ્રંથનો હેતુ માત્ર ગાયન અને વાદનનો હોવાથી આ કળાનું વિશેષ વિવેચન કર્યું નથી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રકરણ ૨ જું.

पवनाज्जायते नादो नादतः स्वरसंभवः ।
स्वरात्संजायते रागः सरागो जनरञ्जकः ॥
(सारंगधर पद्धति.)

પવનથી નાદ, નાદથી સ્વર અને સ્વરથી રાગ ઉત્પન્ન થાય છે, જે રાગ જનમનરંજન કરે છે.

પ્રથમ પ્રકરણમાં વ્યક્ત કર્યાં પ્રમાણે સંગીતશાસ્ત્રમાં સપ્ત શુદ્ધ તથા પાંચ વિકૃત સ્વરો મળી બાર સુસ્વરની યોજના કરવામાં આવી છે. ષડજ અને તેનાથી પ્રમાણુસર ચઢતા નિષાદ સુધીના શુદ્ધ સ્વરો અને તેની સાથે આવતા પાંચ વિકૃત સ્વરો મળી દ્વાદશ સ્વરસમૂહને સંગીત શાસ્ત્રમાં "**સપ્તક**" સંજ્ઞા આપવામાં આવી છે. સપ્ત સ્વરોના સંક્ષિપ્ત રુપને સપ્તક કહે છે, કિંતુ શુદ્ધ સ્વરોને સ્થાન ચલિત કરવાથી થતા વિકૃત સ્વરોનો પણ સપ્તકમાં સમાવેશ કરેલો છે. સ્વરો જોકે સ્થાન ચલિત કરવાથી સાધ્ય કરી શકાય છે, પરંતુ તેની સંજ્ઞામાં તફાવત પડતો નથી; એટલે સપ્તકમાંજ સમાવેશ થાય છે. આ સપ્તકના સ્વરની ભિન્ન રચનાઓથી રાગ ઉત્પન્ન થાય છે.

સપ્તક.

આવા અનેક રાગોત્પાદક સપ્તકો પૈકી, ગાયકને આવશ્યક "**મંદ્ર**" "**મધ્યમ**" અને "**તાર**" એવા ત્રણ સપ્તકો છે. નૈસર્ગિક રીતે માનવ કંઠમાંથી ઉદ્ભવતા સ્વરને ષડજ માની, તેને અવલંબી રહેલા નિષાદ સુધીના શુદ્ધ વિકૃત સ્વરના સમુદાયને

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

" **મધ્ય સપ્તક** " ની સંજ્ઞા આપવામાં આવી છે. તેનાથી દ્વિગુણ આંદોલનવાળા ષડ્જ અને તેને અવલંબી રહેલા નિષાદ સુધીના શુદ્ધ વિકૃત સ્વરના સમૂહને " **તારસપ્તક** " કહેવામાં આવે છે. મધ્યસપ્તકના ષડજથી અર્ધ આંદોલનવાળા ષડજ અને તેને અવલંબી રહેલા નિષાદ સુધીના શુદ્ધ વિકૃત સ્વરના સમુચ્ચયને " **મંદ્રસપ્તક** " ની સંજ્ઞા આપી છે.

આ શિવાય પિયાનો જેવા પાશ્ચાત્ય પદ્ધતિએ રચાયલાં વાદ્યોમાં, અતિમંદ્ર અગર લરજ, તારતર, તારતમ, વગેરે સપ્તકો દૃષ્ટિગોચર થાય છે, પરંતુ પુરુષ વર્ગના ગાયકને તે બહુધા અનુકૂળ નથી. આ ત્રણે સપ્તકો પૈકી કોઇ પણ સપ્તકનો કોઇ પણ સ્વર વગાડવામાં આવે તો, અનુભવે ઓળખવો અવશ્યનો છે.

" સંગીત શાસ્ત્રમાં 'स्वरेभ्यो ग्राम संभवः' એ સૂત્રાનુસાર 'ગ્રામ' શબ્દ પ્રાચીન કાળથીજ પ્રચારમાં છે.

ગ્રામ સંગીત શાસ્ત્રીઓના મત પ્રમાણે—

यथा कुटुम्बिनः सर्वेप्येकी भूता वसन्तिहि ।
तथा स्वराणां सन्दोहो ग्राम इत्यभिधीयते ।

(सं. रत्नाकर.)

જેમ એક કુટુંબના ઘણા માણસોનો સમૂહ એકજ નાયકને આધીન રહે છે તેજ પ્રમાણે—

नासांकण्ठउरस्तालुर्जिह्वादन्तश्च संस्पृशन् ।
षड्भिःसंजायते यस्मात् तस्मात् षड्ज इति स्मृतः ॥

અર્થાત્ નાસિકા, કંઠ, હૃદય તાલુ, જીહ્વા અને દંતને સ્પર્શ કરી એ છ સ્થાનમાંથી ઉત્પન્ન થતા ષડજના આધિપત્ય નીચે રહેલા સ્વરોના એકીકરણને '**ગ્રામ**' કહેવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રાચીન સંગીત ગ્રન્થમા

नन्द्यावतार्थजीमूतः सुभद्रो ग्रामकस्त्रयः ।
षड्ज मध्यम गांधारास्त्रयाणां जन्महेतवः ॥

એ રીતે નન્દ્યાવર્ત, જીમૂત અને સુભદ્ર એવાં ત્રણ ગ્રામો આપ્યા છે અને ષડજ, મધ્યમ અને ગાંધાર એવાં તેનાં પ્રચલિત નામો છે.

સંગીત શાસ્ત્રમાં ગ્રામની વ્યાપ્તિ આ પ્રમાણે છે—

ग्रामः स्वरसमूहः स्यात्मूर्च्छनादेः समाश्रयः ।
तौ द्वौ धरातले तत्रस्यात् षड्जग्राम आदिमः ॥
द्वितीयो मध्यमग्रामस्तयोर्लक्षणमुच्यते ।
षड्जग्रामः पञ्चमे स्वचतुर्थश्रुतिसंस्थिते ॥
स्वोपान्त्यश्रुतिसंस्थेऽस्मिन्मध्यमग्राम इष्यते ।
यद्वा धस्त्रिश्रुतिः षड्जे मध्यमे तु चतुःश्रुतिः ॥

મૂર્ચ્છનામાં આશ્રિત થયેલા સ્વરોના સમૂહને 'ગ્રામ' કહેવામાં આવે છે, તે પૈકી **ષડજ** અને **મધ્યમ** બે ગ્રામ પ્રચારમાં છે. ષડજ અને મધ્યમ ગ્રામના સ્વરોનું પ્રમાણ નીચે મુજબ છે—

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ષડ્જ ગ્રામ		મધ્યમ ગ્રામ	
પ્રાચીન સ્વર.	અર્વાચીન સ્વર.	પ્રાચીન સ્વર.	અર્વાચીન સ્વર.
ની̣	સા	ની̣	સા
–	–	–	–
–	–	–	–
–	–	–	–
સા	રી	સા	રી
–	–	–	–
–	–	–	–
રી	ગ	રી	ગ
–	–	–	–
ગ	મ	ગ	મ
–	–	–	–
–	–	–	–
–	–	–	પ
મ	પ	મ	–
–	–	–	–
–	–	–	–
–	–	પ	ધ
પ	ધ	–	–
–	–	–	–
–	–	–	–
ધ	ની	ધ	ની
–	–	–	–
ની	સાં	ની	સાં
–	–	–	–
–	–	–	–
–	–	–	–
સાં	રીં	સાં	રીં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ઉપરના સ્વર પ્રમાણ પરથી જણાશે કે ષડજ ગ્રામના સ્વરસમૂહમાં આવતી શ્રુતિની સંખ્યા પ્રાચીન શ્લોકના પ્રમાણ મુજબ છે, અને પંચમ આલાપિની શ્રુતિ પર આવે છે. પરંતુ મધ્યમગ્રામમાં પંચમની એક શ્રુતિ ઓછી છે, અને ધૈવતની એક વધારે છે એટલે પંચમ સંદીપિની ઉપર આવે છે. આ બે ગ્રામ વચ્ચે માત્ર આટલો તફાવત છે.

"**અલંકાર**" શબ્દનો અર્થ સંગીત શાસ્ત્રમાં "રાગના આભૂષણ" એવો થાય છે. સંગીત પારીજાતના મતાનુસાર ભિન્ન ભિન્ન સ્વરસમૂહો રાગના આભૂષણો હોવાથી તેને, તેમજ **મૂર્ચ્છના, તાન, ગમક, મીંડ, બીડાર, ઠાટ,** વગેરે પણ એવીજ રીતે "રાગના આભૂષણો" હોવાથી તેમને પણ અલંકાર ગણવામાં આવ્યા છે. ભિન્ન ભિન્ન સ્વરોથી ઉત્પન્ન થતા અલંકારોને, તાન, મૂર્ચ્છના, વિગેરે અન્ય અલંકારોથી જુદા પાડવાને તેને "**મુખ્ય અલંકાર**" એવું નામ આપીએ તો તે અયોગ્ય ગણાશે નહી.

સ્વરના અનુક્રમે, સ્વરને "વિલંબ" ગતીએ, એકવાર ચઢાવી પુનઃ ઉતારવાની એટલે, "આરોહાવરોહ" ની ક્રિયાને **મૂર્ચ્છના** કહેવામાં આવે છે. એ વિષયમાં પ્રાચીન ગ્રંથકારોનો મત આધુનિક કાળમાં ચાલતી પ્રનાલિને મળતો છે. પ્રાચીન ગ્રંથમાં,

क्रमात्स्वराणां सप्तानामारोहश्चावरोहणम् ।
मूर्च्छनेत्युच्यते ग्रामत्रये ताः सप्तसप्त च ॥
(सं. रत्नाकर.)

એ પ્રમાણે મૂર્ચ્છનાની વ્યાખ્યા આપી છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંગીતમાં શાસ્ત્રવિહિત ત્રણ ગ્રામો કલ્પ્યા છે. આવા પ્રત્યેક ગ્રામની સાત મૂર્છનાઓ કલ્પી ત્રણ ગ્રામની એકવીસ મૂર્છનાઓ ઉત્પન્ન કરી છે. પ્રાચીન ગ્રંથકારોએ ષડજ ગ્રામની

મૂર્છના. આ મૂર્છનાઓનાં નામ કલ્પેલાં છે. તેજ ન્યાયે બીજા ગ્રામોની મૂર્છનાઓને અન્ય સંજ્ઞાઓ આપી છે. સંગીત પારિજાતકાર મૂર્છના વિષે જણાવતાં,

सप्त संख्या युतास्ताः स्युस्तासां नामानि वच्म्यहम् ।
तत्र तूत्तरमंद्रा स्यात्षड्ज पूर्वक संभवा ॥
द्वितीया रजनी प्रोक्ता निषाद स्वर पूर्विका ।
धैवतादिस्वरोद्भूता तृतीय चोत्तरायता ॥
चतुर्थी शुद्ध षड्जा स्यात् पञ्चमादि स्वरोद्भवा ।
मत्सर्याद्या कृताख्या सा मध्यमादि स्वरोद्भवा ॥
अश्वक्रान्ता तु षष्ठीस्याद्गांधारस्वर पूर्विका ।
ऋषभादि स्वरोद्भूता सप्तम्याख्याभिरुद्गता ॥

એ પ્રમાણે કહે છે. એટલે

ષડજ ગ્રામની મૂર્છના

સંજ્ઞા.	સ્વર.
ઉત્તરમંદ્રા	સા રી ગ મ પ ધ ની
રજની	ની સા રી ગ મ પ ધ
ઉત્તરાયતા	ધ ની સા રી ગ મ પ
શુદ્ધષડજા	પ ધ ની સા રી ગ મ
મત્સરીકૃતા	મ પ ધ ની સા રી ગ
અશ્વક્રાન્તા	ગ મ પ ધ ની સા રી
અભિરૂદ્ગતા	રી ગ મ પ ધ ની સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩. માત્ર શુદ્ધ સ્વરોમાંથી ષડજનું સ્થાન બદલતાં ઉત્પન્ન થતા થાટો.

૧

*	સા	સા
	રી	રી
	ગ	ગ
	મ	મ
	પ	પ
	ધ	ધ
	ની	ની
	સાં	સાં
	શુદ્ધ સ્વર	શંકરાભરણ થાટ

૨

	સા	
	રી	
*	ગ	સા
	મ	રીૅ
	પ	ગૅ
	ધ	મ
	ની	પ
	સાં	ધૅ
	રીં	નીૅ
	ગં	સાં
	શુદ્ધ સ્વર	ભૈરવી થાટ

૩

	સા	
	રી	
	ગ	
*	મ	સા
	પ	રી
	ધ	ગ
	ની	મં
	સાં	પ
	રીં	ધ
	ગં	ની
	મં	સાં
	શુદ્ધ સ્વર	કલ્યાણ થાટ

૪

	સા	
	રી	
	ગ	
	મ	
*	પ	સા
	ધ	રી
	ની	ગ
	સાં	મ
	રીં	પ
	ગં	ધ
	મં	નીૅ
	પં	સાં
	શુદ્ધ સ્વર	ખમાજ થાટ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

मेलः स्वर स्मूहः स्याद्राग व्यंजन शक्तिमान् ।
श्लिष्टोच्चारणमेवात्र समुदायः प्रकीर्तितः ॥

એટલે સ્વરસમૂહના આરોહાવરોહનાં ઉચ્ચારણથી રાગ ઉત્પન્ન કરવાની શક્તિવાળા સ્વરસમૂહને **મેલ** કહેવામાં આવે છે.

થાટ. એ પ્રમાણે "**થાટ**" ની વ્યાખ્યા આપી તેમાં રાગોત્પત્તિનું સામર્થ્ય હોવાનું વ્યક્ત કર્યું છે. આવાં વર્ગીકરણ "થાટ" વા "મેલ" ની પ્રથા પ્રાચીન કાળથીજ પ્રચલિત છે. એ રચના મૂર્છનાઓથી ઉત્પન્ન થઇ છે પરંતુ કાળક્રમે તેવા સ્વરસમુદાય વા મેલની સંજ્ઞામાં તફાવત હોવાનું પ્રાચીન અર્વાચીન સંગીત ગ્રંથોની સરખામણી કરતાં જણાય છે. સંક્ષિપ્તમાં **રાગોત્પાદક સ્વર સમૂહને "થાટ" ની સંજ્ઞા આપી છે.**

પ્રાચીન અર્વાચીન થાટોની સંજ્ઞામાં મતફેર છે અને તેનું કારણ તે સમયના સ્વરોમાં અને આધુનિક સમયના સ્વરોમાં ભિન્નતા હોવાને લીધે હશે એમ જણાય છે વળી માર્ગસંગીત "रुढिर्बलियसी" એ ન્યાયે દેશની રૂઢિને અનુસરી, માર્ગસંગીત ઉપરથી સંગીતાચાર્યોએ અનુકૂળતા પ્રમાણે ઉપજાવી કાઢેલા સંગીતના સિદ્ધાંત ઉપર રચાયલું છે, એટલે માર્ગસંગીત અને દેશી સંગીતના સ્વરોમાં ભિન્નતા હોવા સંભવ છે.

પ્રથમ પ્રકરણમાં વ્યક્ત કર્યા પ્રમાણે સા–રી–ગ–મ–પ–ધ–ની-સાં–જેને અંગ્રેજીમાં ઓકટેવ "Octave" કહે છે તેના સા–રી–ગ–મ અને પ–ધ–ની–સાં એવા બે વિભાગ કરી તેને "પૂર્વાંગ" અને "ઉત્તરાંગ" એવી સંજ્ઞા આપી છે. આ વિભાગો પૈકી પૂર્વાંગના શુદ્ધ સ્વરો લઇ, તેમાં આવતા ત્રણ વિકૃત સ્વરો ઉમેરતાં, સા–રી–રી ગ–ગ–મ–મં એ પ્રમાણે સાત સ્વરો આવશે. એ સ્વરોમાંથી જે શુદ્ધ સ્વર આવે તેના વિકૃત સ્વર ન લેતાં, અને જે વિકૃત સ્વર આવે તેના શુદ્ધ સ્વર ન લેતાં, નીચે પ્રમાણે આઠ સમૂહો સંભવિત છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

(૧) સા રી ગ મ   (૫) સા રી ગ મં

(૨) સા રી̅ ગ મ   (૬) સા રી̅ ગ મં

(૩) સા રી ગ̅ મ   (૭) સા રી ગ̅ મં

(૪) સા રી̅ ગ̅ મ   (૮) સા રી̅ ગ̅ મં

તેજ પ્રમાણે ઉત્તરાંગના શુદ્ધ સ્વરો તથા તેમાં આવતા વિકૃત સ્વરો મળી થએલાઃ—

પ–ધ̅–ધ–ની̅–ની–સાં છ સ્વરોમાંથી નીચે પ્રમાણે સ્વર સમૂહો સંભવિત છે.

(૧) પ ધ ની સાં   (૩) પ ધ ની̅ સાં

(૨) પ ધ̅ ની સાં   (૪) પ ધ̅ ની̅ સાં

એ પ્રમાણે ઉત્પન્ન કરેલા પૂર્વાંગ ઉત્તરાંગના બાર સ્વર સમૂહમાંથી, પૂર્વાંગના પ્રત્યેક સ્વરસમૂહ સાથે ઉત્તરાંગના પ્રત્યેક સ્વરસમૂહનું મિશ્રણ કરતાં, નીચે પ્રમાણે બત્રીશ થાટ ઉત્પન્ન થઇ શકે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અનુક્રમ	સ્વર સમુદાય	વિકૃત સ્વર
૧	સા રી ગ મ પ ધ ની સાં	
૨	સા રી ગ મ પ ધ ની સાં	રી
૩	સા રી ગ મ પ ધ ની સાં	ગ
૪	સા રી ગ મ પ ધ ની સાં	રી ગ
૫	સા રી ગ મ પ ધ ની સાં	ધ
૬	સા રી ગ મ પ ધ ની સાં	રી ધ
૭	સા રી ગ મ પ ધ ની સાં	ગ ધ
૮	સા રી ગ મ પ ધ ની સાં	રી ગ ધ
૯	સા રી ગ મ પ ધ ની સાં	ની
૧૦	સા રી ગ મ પ ધ ની સાં	રી ની
૧૧	સા રી ગ મ પ ધ ની સાં	ગ ની
૧૨	સા રી ગ મ પ ધ ની સાં	રી ગ ની
૧૩	સા રી ગ મ પ ધ ની સાં	ધ ની
૧૪	સા રી ગ મ પ ધ ની સાં	રી ધ ની
૧૫	સા રી ગ મ પ ધ ની સાં	ગ ધ ની
૧૬	સા રી ગ મ પ ધ ની સાં	રી ગ ધ ની
૧૭	સા રી ગ મં પ ધ ની સાં	મં
૧૮	સા રી ગ મં પ ધ ની સાં	રી મં
૧૯	સા રી ગ મં પ ધ ની સાં	ગ મં
૨૦	સા રી ગ મં પ ધ ની સાં	રી ગ મં
૨૧	સા રી ગ મં પ ધ ની સાં	મં ધ
૨૨	સા રી ગ મં પ ધ ની સાં	રી મં ધ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨૩	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	ગ મં ધ
૨૪	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	રી ગ મં ધ
૨૫	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	મં ની
૨૬	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	રી મં ની
૨૭	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	ગ મં ની
૨૮	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	રી ગ મં ની
૨૯	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	મં ધ ની
૩૦	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	રી મં ધ ની
૩૧	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	ગ મં ધ ની
૩૨	સા	રી	ગ	મં	પ	ધ	ની	સાં	રી ગ મં ધ ની

કેટલાક ગ્રંથોમાં થાટોની સંખ્યા વિષે મતફેર છે અને વસ્તુતઃ ગણિતશાસ્ત્રાધારે વધુ સંખ્યા સંભવિત છે. સંગીતશાસ્ત્રમાં માધુર્ય પ્રાધાન્ય ભોગવે છે, કારણ કે જનસ્વભાવ માધુર્યનો અનુરાગી છે. ઉપર જણાવેલા બત્રીસ થાટો પૈકી માત્ર બાર થાટો એવા છે કે જેમાં માધુર્ય આધિપત્ય ભોગવે છે અને તેથી જન સમાજને અનુકૂળ અને આનંદદાતા થઇ પડે છે. આથી માત્ર તેવા બાર થાટોજ આધુનિક કાળમાં પ્રચલિત છે અને તે નીચે પ્રમાણે છે. કેટલાકના મત પ્રમાણે બાર થાટને બદલે માત્ર દસ થાટો નિર્મિત કરેલા છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અનુક્રમ	સ્વર સમૂહ	વિકૃત સ્વર	સંજ્ઞા
૧	સા રી ગ મ પ ધ ની સાં		શંકરા ભરણ (બિલાવલ)
૨	સા રી ગ મં પ ધ ની સાં	મં	કલ્યાણ
૩	સા રી ગ મ પ ધ ની સાં	ની	ખમાજ
૪	સા રી ગ મં પ ધ ની સાં	રી મં	મારવા (દિનકી પૂરિયા)
૫	સા રી ગ મ પ ધ ની સાં	રી ધ	ભૈરવ
૬	સા રી ગ મ પ ધ ની સાં	ગ ધ	પીલુ
૭	સા રી ગ મ પ ધ ની સાં	ગ ની	પલાસી (કાફી)
૮	સા રી ગ મં પ ધ ની સાં	રી મં ધ	પૂર્વી
૯	સા રી ગ મ પ ધ ની સાં	રી ધ ની	જોગિયા (આશાજોગિયા)
૧૦	સા રી ગ મ પ ધ ની સાં	ગ ધ ની	કાનરા (આશાવરી)
૧૧	સા રી ગ મં પ ધ ની સાં	રી ગ મં ધ	તોડી
૧૨	સા રી ગ મ પ ધ ની સાં	રી ગ ધ ની	ભૈરવી

ઉપર જણાવ્યા પ્રમાણે આ થાટની સંજ્ઞામાં મતફેર છે. પરંતુ સાધારણ રીતે થાટમાંથી ઉત્પન્ન થતા રાગો પૈકી, સહેલાઈથી યાદ રહી શકે એવા, સુપ્રસિદ્ધ અને સરળતાવાળા રાગ ઉપરથી, તે સ્વર સમુદાય વા મેળને, દેશકાળને અનુસરી, ઉપર જણાવ્યા પ્રમાણે સંજ્ઞા આપવામાં આવી છે. થાટની પદ્ધતિથી અસંખ્ય રાગોનું

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વર્ગીકરણ કરી શકાય છે અને ગાયક તેમજ મુખ્યત્વે કરી તંતુ વાદ્ય વાદન કરનારને, ઘણું સુગમ પડે છે. પ્રાચીન કાળમાં જો કે થાટની પ્રથ્થતિ પ્રચલિત હતી, પરંતુ રાગોનું વર્ગીકરણ કરવાની રીત કાંઇ જુદીજ હતી. તે સમયે હનુમત, ભરત, નારદ, કૃષ્ણ, અને શિવ એવા પાંચ મતો સંગીત વિષયમાં પ્રચલિત હતા. આ પ્રત્યેક મતમાં ગંભીર પ્રકૃતિના રાગોને પુરૂષ કલ્પ્યા છે. અને તે રાગોના આશ્રયે રહેલા અન્ય ચંચળ પ્રકૃતિના રાગોને તે રાગોની સ્ત્રી, પુત્ર વગેરે કલ્પી એક રાગસમૂહ ઉપસ્થ કરવામાં આવેલો છે. ભરત અને હનુમત મત પ્રમાણે,

भैरवो मालकोषश्च हिंदोलो दीपकस्तथा ॥
श्रीरागो मेघरागश्च षडेते पुरुषाः स्मृताः ॥
(सं. रत्नाकर.)

એમ ભૈરવ, માલકોષ, હિંદોલ, દીપક, શ્રી અને મેઘરાગને પુરુષ પ્રકૃતિના કલ્પ્યા છે. કેટલાક બીજા મતો પ્રમાણે,

भैरवः पञ्चमो नाटो मल्लारो गौडमालवः ।
देशाख्यश्चेति षड्रागाः प्रोच्यन्ते लोकविश्रुताः
(सा. पद्धति.)

એ પ્રમાણે છ રાગોને મુખ્ય માનવામાં આવ્યા છે. કેટલાકના મતાનુસાર વર્ષની છ ઋતુઓના પ્રમાણથી, પ્રત્યેક ઋતુનો એક રાગ ગણી, છ રાગોને છ ઋતુમાં વહેચ્યા છે અને તે પ્રમાણે

ઋતુઃ-શરદ, શિષિર, વસંત, ગ્રીષ્મ, હેમંત, વર્ષા.

રાગઃ-ભૈરવ, માલકોષ, હિંદોલ, દીપક, શ્રી, મેઘ.
આવા વર્ગ પાડવામાં આવેલા છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ કારણો શિવાય આમ વર્ગીકરણ કરવાનું બીજું કારણ રાગના મુકરર કરેલા સમય અને રસના ધોરણ ઉપર રચાયું હોય એમ જણાય છે. ભૈરવ ગંભીર પ્રકૃતિનો, શાંત રસનો પ્રભાતનો રાગ છે; માલકોષ, મધ્ય રાત્રિનો, ગંભીર પ્રકારનો શાંતરસ યુક્ત રાગ છે; દીપક રાત્રિના પ્રથમ પ્રહરનો, શૃંગારોદ્દીપનમાં અદ્દભુત દ્યુતિ પ્રગટ કરનારો રાગ છે; હિંદોલ દિવસના દ્વિતીય પ્રહરનો, શૃંગાર રસનો રાગ છે; શ્રી એ સાયંકાળે ગવાતો, શાંત રસનો રાગ છે; અને મેઘ એ વર્ષા ઋતુનો શૃંગાર રસનો રાગ છે. ગમે તે કારણ હો, પણ રાગનું વર્ગીકરણ કરવાની પ્રાચીન પદ્ધતિ કરતાં આધુનિક પદ્ધતિ સરળ છે. આધુનિક સમયમાં સ્ત્રી, પુત્ર વગેરે કલ્પના અનુસાર રાગને સંજ્ઞા આપવામાં આવી નથી. પરંતુ ગંભીર પ્રકૃતિના સ્વતંત્ર અને શુદ્ધ સ્વરૂપના પુરૂષવાચક રાગોને રાગની સંજ્ઞા આપી છે. અન્ય રાગોના સ્વરૂપો જેમાં જણાતા હોય; તેમજ દ્રુત કે મધ્યમ લયમાં ચલણ હોઇ ચંચળ પ્રકૃતિનાં શૃંગાર રસ યુકત સ્ત્રીવાચક રાગોને રાગિણીની સંજ્ઞા આપી છે.

થાટના સ્વરોની ભિન્ન ભિન્ન રચના કરતાં “ રાગ ” ઉત્પન્ન થાય છે એટલે તે વિષે વિવેચન કરીશું.

પ્રાચીન ગ્રંથકારેઃ—

योऽयंध्वनि विशेषस्तु स्वर वर्ण भूषितः ।
रञ्जको जनचित्तानां स रागः कथितो बुधैः ॥
(सं. रत्नाकर.)

રાગ. એ રીતે રાગ શબ્દની વ્યાખ્યા આપી તેમાં ‘ रञ्जकत्वम् ’ ભૂત માત્રને રંજન કરવાનો નૈસર્ગિક ગુણ રહેલો છે એમ જણાવ્યું છે, તથા તેના શણગાર તરીકે સ્વર, વર્ણ, જણાવ્યાં છે. ‘ न रागाणां न तालानामन्तः कुत्रापि विद्यते ’ એ સૂત્રાનુસાર,

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ઉપર જણાવેલા બત્રીસ થાટ વા પ્રચલિત બાર થાટમાંથી ઉત્પન્ન થતા રાગોની સંખ્યા અપરિમિતછે પરંતુ ' रञ्जयतीतिरागः ' એ ઉક્ત અનુસાર જે સ્વર સમુદાય મનરંજન કરે છે અને જેમાં સંગીતશાસ્ત્રના નિયમોનું યથાસ્થિત પાલન થાય છે તેનેજ માત્ર રાગની ઉપમાં આપવી યોગ્ય ગણાય.

જાતિ આ પ્રમાણે સંગીતશાસ્ત્રમાં મુખ્ય મુખ્ય રાગો લઇ તેની સંખ્યા નિયમિત અને મર્યાદિત કરેલી છે તેવી સંખ્યાની પ્રાચીન કાળથીજ જાતિઓ પાડવામાં આવેલી છે અને તે નીચે પ્રમાણે છે.

સંપૂર્ણ, ષાડવ, અને ઓડવ,

આરોહાવરોહમાં જ્યારે સપ્તસ્વરો અનુક્રમે લેવાતા હોય ત્યારે તેને " સંપૂર્ણ " જાતિ કહેવામાં આવે છે જેમકેઃ—

આરોહ	સા રી ગ મ પ ધ ની સાં	સંપૂર્ણ.
અવરોહ	સાં ની ધ પ મ ગ રી સા	

જ્યારે આરોહાવરોહમાં માત્ર એક સ્વર વર્જ્ય થતો હોય ત્યારે તેને " ષાડવ " જાતિ કહેવામાં આવે છે જેમકેઃ—

આરોહ	સા રી ગ પ ધ ની સાં	ષાડવ.
અવરોહ	સાં ની ધ પ ગ રી સા	

જ્યારે આરોહ તેમજ અવરોહમાં બબ્બે સ્વરો વર્જ્ય થતા હોય ત્યારે તેને " ઓડવ " જાતિ કહેવામાં આવે છે જેમકેઃ—

આરોહ	સા રી ગ પ ધ સાં	ઓડવ.
અવરોહ	સાં ધ પ ગ રી સા	

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ ત્રણ વિભાગો શિવાય, વક્ર જાતિ પણ જોવામાં આવે છે. આ જાતિમાં સ્વરનો અનુક્રમે આરોહાવરોહ ન થતાં સ્વરો વક્રતત્વ પામે છે. જેમકે:—

આરોહ { સા ગ રી મ ગ પ મં પ ની ધ સાં } વક્ર
અવરોહ { સાં ની ધ પ મં પ ગ મ ગ પ રી સા }

આ મૂળ વિભાગોનું આરોહાવરોહમાં અરસપરસ મિશ્રણ કરતાં કેટલાક ઉપવિભાગો સંભવિત છે અને તે નિચે પ્રમાણે છે.

અનુક્રમ	આરોહ	અવરોહ	સંજ્ઞા	સંખ્યા
૧	સંપૂર્ણ	સંપૂર્ણ	સંપૂર્ણ	૧
૨	ષાડવ	ષાડવ	ષાડવ	૩૬
૩	ઓડવ	ઓડવ	ઓડવ	૨૨૫
૪	સંપૂર્ણ	ષાડવ	સંપૂર્ણ ષાડવ	૬
૫	સંપૂર્ણ	ઓડવ	સંપૂર્ણ ઓડવ	૧૫
૬	ષાડવ	સંપૂર્ણ	ષાડવ સંપૂર્ણ	૬
૭	ઓડવ	સંપૂર્ણ	ઓડવ સંપૂર્ણ	૧૫
૮	ષાડવ	ઓડવ	ષાડવ ઓડવ	૯૦
૯	ઓડવ	ષાડવ	ઓડવ ષાડવ	૯૦
૧૦	વક્ર સંપૂર્ણ	વક્ર સંપૂર્ણ	વક્ર સંપૂર્ણ	-

વક્ર સંપૂર્ણ, વક્ર ષાડવ, વક્ર ઓડવ અને તેની મિશ્ર જાતિ ઘણા પ્રમાણમાં થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સૂરના મહત્વ પ્રમાણે રાગમાં પ્રાચીન કાળથીજ સૂરની ભિન્ન ભિન્ન સ્થિતિઓ છે, અને તેવા સ્વરોને

સ્વર સ્થિતિ. નીચે પ્રમાણે સંજ્ઞા આપવામાં આવી છે. (૧) **વાદી, અંશ,** કે **પ્રધાન** સ્વર, (૨) **સંવાદી,** (૩) **અનુવાદી.** (૪) **વિવાદી.** પ્રાચીન ગ્રંથકારે આ સ્વરના મહત્વ વિષે વર્ણન કરતાં

तस्यामात्यस्तु संवादी वादिनो राजसंज्ञितः ।

मृत्यु तुल्योऽनुवादी स्याद्विवादी शत्रु वद्भवेत् ॥

(सं—पारिजातः)

એ પ્રમાણે વાદીને રાજાની, સંવાદીને મંત્રીની, અનુવાદીને નોકરની અને વિવાદીને શત્રુની ઉપમા આપી, પ્રત્યેક સ્વરની ઉત્તરોત્તર મહત્તા વ્યક્ત કરી છે.

વાદી સ્વર. 'रागानुरागसंपत्ति वादीवदतिराजते' એ સૂત્રાનુસાર જ્યારે રાગમાં અમુક સ્વર ઉપર વજન મુકવામાં આવે છે, જે સ્વરથી રાગનું સ્વરૂપ ઓળખાય છે, રાગમાં જે સ્વરનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે, અગર રાગમાં જે સ્વર વર્જ્ય કરતાં રાગ સ્વરૂપ ફેરવાઇ જાય છે તેને "**વાદી**" "**અંશ**" કે "**પ્રધાન**" સ્વર કહેવામાં આવે છે.

સંવાદી સ્વર. 'संवादीस्वरसंवादात् मंत्रीवत् रागसंपत्ति वदति' એ ન્યાયે જે સ્વર રાગમાં આવતા વાદી સ્વરથી થોડે અંશે મહત્વનો હોય છે અને રાગનું રૂપ પૂર્ણ કરવામાં મંત્રીની પેઠે સહાય આપે છે તે સ્વરને "**સંવાદી**" સ્વર કહેવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આવા સંવાદી સ્વરોને ત્રણ બાબતોથી ઓળખી શકાય છેઃ-

(૧) આધુનિક પદ્ધતિએ રચાયલા આંદોલનના સિદ્ધાંતથી,

(૨) શ્રુતિના અંતરનાં પ્રમાણથી,

(૩) પ્રાચીનકાળથી માધુર્ય ઉત્પન્ન કરવાની માન્ય કરેલી પદ્ધતિથી.

પ્રાચીન સંગીત ગ્રંથોમાં, માધુર્યના સિદ્ધાંતે સ્વરોનો **સા-પ**-નો સંબંધ વ્યક્ત કરેલો છે; તેમજ આધુનિક કાળના આંદોલનના સિદ્ધાંતે, **સા** કરતાં **પ** ના આંદોલન દોઢાં હોઇ **સા** નો સંવાદી સ્વર **પ** છે એ સિદ્ધ થાય છે. " **વાદી સ્વર પછીની તેરમી શ્રુતિપર આવતો સ્વર સંવાદી સ્વર થઈ શકે છે,** " એ નિયમે પ્રથમ પ્રકરણમાં શ્રુતિની આપેલી સંખ્યા ઉપરથી **ષડજથી** ગણતાં, **પંચમની તેરમી શ્રુતિ** ઉપર આવતો સવર હોઇ, **સંવાદી** સ્વર થઇ શકે. જ્યારે આ નિયમે આવતો સંવાદી સ્વર વર્જ્ય હોય છે ત્યારે **વાદી સ્વરથી નવમી શ્રુતિ ઉપર આવતો સ્વર સંવાદી થઈ શકે છે. મધ્યમને ષડજથી** ગણતાં **નવમી શ્રુતિ** ઉપર હોવાથી આ નિયમે **સંવાદી** થઇ શકે, **ષડજનો** સંવાદી સ્વર **પંચમ** છે પણ ઉદાહરણ તરીકે અમુક રાગોમાં **ષડજ** વાદી હોઇ **પંચમ** વર્જ્ય થતો હોય તો તેવે પ્રસંગે **ધૈવત** ન ગણતા **મધ્યમ** તેનો સંવાદી સ્વર ગણી શકાય. આવા નિયમથીજ **મધ્યમ** અને **પંચમ** ઉભય સાથે વર્જ્ય થઇ શકતા નથી આ ગણત્રીમુજબ સપ્ત વાદી સ્વરોના નીચે પ્રમાણે સંવાદી સ્વરો થઇ શકેઃ—

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વાદી સંવાદી સ્વર પ્રમાણ.

વાદી.	સંવાદી.		
ષડજ	પંચમ અને તેના અભાવે મધ્યમ		
રિષભ	ધૈવત	,,	પંચમ
ગાંધાર	નિષાદ	,,	ધૈવત
મધ્યમ	ષડજ	,,	નિષાદ
પંચમ	રિષભ	,,	ષડજ
ધૈવત	ગાંધાર	,,	રિષભ
નિષાદ	મધ્યમ	,,	ગાંધાર

ઉપર જણાવેલા સંવાદી સ્વરોનું નિરીક્ષણ કરતાં તેમાં આગળ જણાવેલા સર્વ નિયમોનું પ્રતિપાદન કરેલું જણાશે. કદાચ વાદ્ય પર પ્રયોગ કરવામાં આવે તો વાદી સંવાદી સ્વરો એક બીજાથી વિસંગત ન સંભળાતાં સુસંગત હોય એમ જણાશે. પ્રાશ્ચાત્ય સંગીતશાસ્ત્રમાં આવા સુસંગત સ્વર સંબંધને “ Harmony ” સંજ્ઞા આપી છે.

અનુવાદીસ્વર. ‘ अनुवादीतुभृत्यवत् ’ એ ન્યાયે રાગમાં આવતા સ્વરો પૈકી વાદી, સંવાદી, સ્વરો શિવાય બાકી રહેલા સ્વરો, રાગના અનુવાદી સ્વરો થઇ શકે છે. આવા અનુવાદી સ્વરો, રાગની, વાદી સંવાદી સ્વરોથી થતી સ્થિતિમાં રહેલી અપૂર્ણતા પૂર્ણ કરવામાં સહાયક

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બને છે. ભોજનને પૂર્ણ સ્વાદિષ્ઠ બનાવવાને અનેક પ્રકારની સામગ્રીઓ તૈયાર કરવામાં આવી હોય પરંતુ, તેમાં લવણ યુક્ત સામગ્રીનો અભાવ હોય તો તે જેમ સ્વાદ આપતું નથી, તે પ્રમાણે, વાદી સંવાદી સ્વરો સાથે અનુવાદી સ્વરોના અસ્તિત્વ શિવાય રાગમાં મધુરતાનો સ્વાદ આવતો નથી.

વિવાદી સ્વર.

'रागेषु शत्रुतुलया विवादिनः' એ વાકયાનુસાર કોઇ પણ રાગમાં જે સ્વરો રાગ ક્ષતિ કરતા હોઇ વર્જ્ય થતા હોય તે સ્વરોને વિવાદી સ્વરો કહેવામાં આવે છે. આવા વિવાદી સ્વરોના કણ (સ્વરનું યત્કિંચિત્ સ્પર્ષ થવું-જેને પાશ્ચાત્ય સંગીતમાં "grace note" કહેવામાં આવે છે.) અમુક રાગમાં લેવાતાં તે વખતે તેનો શત્રુભાવ દૂર થઇ રાગ માધુર્યમાં વૃદ્ધિ કરે છે એવા કણો બહુધા અવરોહે વક્રત્વ પામી રાગમાં કુશળતાએ લઇ શકાય છે.

પ્રાચીન સંગીત ગ્રંથોમાં:—

। गीतादि निहितस्तत्र स्वरो ग्रह इतीरितः ।

। गीते समाप्ति कृन्यास एकविंशतिधा च सः ।

(सं. रत्नाकर)

ગ્રહ-ન્યાસ સ્વર.

એ પ્રમાણે ગ્રહ અને ન્યાસ સ્વરોની આપેલી વ્યાખ્યા અનુસાર રાગાલાપની શરૂઆત કરતાં પ્રથમ જે સ્વરથી રાગ આરંભ થાય છે, તે આરંભક સ્વરને "ગ્રહસ્વર" કહેવામાં આવે છે; અને જે સ્વરથી રાગાલાપની સમાપ્તિ થાય છે તે અંતના સ્વરને "ન્યાસ સ્વર" ની સંજ્ઞા આપવામાં આવી છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાગની પરસ્પર ભિન્નતા.

એકજ થાટમાંથી સ્વરોની પૃથક પૃથક રચના કરતા, અનેક માધુર્ય યુક્ત, આનંદદાતા અને રાગની ઉપમા યોગ્ય સ્વર સમૂહો ઉત્પન્ન થાય છે. પ્રત્યેક થાટમાંથી આવા અનેક રાગો ઉત્પન્ન થાય છે. એક અથવા જુદા જુદા થાટમાંથી ઉત્પન થતા એકસરખા સ્વરોના રાગોને પરસ્પર જુદા પાડવાને કોઇ નિયમની આવશકયતા જણાતાં, સરળતા ખાતર નીચે પ્રમાણે નિયમો સંક્ષિપ્તમાં આપ્યા છે.

(૧) જાતિ

(૨) વાદી સ્વર

(૩) પૂર્વાંગ ઉત્તરાંગ

એ ત્રણ રીતે એક બીજાથી આવા રાગો જુદા પાડી શકાય છે.

(૧) એકજ થાટમાંથી ઉત્પન્ન થયેલા રાગોપૈકી, કેટલાક રાગો આગળ જણાવ્યા પ્રમાણે ષાડવ ઓડવ સંપૂર્ણ વગેરે રાગની જાતિઓથી જુદા પાડી શકાય છે. ઉદાહરણ તરીકે કલ્યાણ થાટનો **યમન કલ્યાણ** રાગ **સંપૂર્ણ** છે જ્યારે **ભોપાલી** રાગ **ઓડવ** જાતિનો છે.

(૨) કેટલાક એક સરખા સ્વરના રાગો વાદી સ્વરની ભિન્નતાએ જુદા જણાય છે. જેવાકેઃ- **કલ્યાણ** થાટનો **ભોપાલી** રાગ **ઓડવ** છે અને વાદી સ્વર **ગાંધાર** છે. જ્યારે શંકરાભરણ થાટનો **દેશકાર** રાગ **ઓડવ** છે પરંતુ વાદી સ્વર **ધૈવત** છે.

(૩) એકજ થાટ જનિત સજાતીય રાગો પૈકી કેટલાક રાગો પૂર્વાંગમાં અને કેટલાક રાગો ઉત્તરાંગમાં વ્યક્ત થાય છે. આ પ્રમાણે રાગની પૂર્વાંગ ઉત્તરાંગની ચાલથી એક બીજાથી રાગો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જુદા પડે છે. જેમકેઃ- **મારવા** થાટની રાગિણી **સોહીની** **ષાડવ** છે પરંતુ **ઉત્તરાંગમાં** વ્યકત થાય છે; જ્યારે એજ થાટ, સ્વર, અને જાતિની રાગિણી **પુરીયા** જેને **રેનકીપુરીયા** કહેવામાં આવે છે તે **પૂર્વાંગમાં** વ્યકત થાય છે.

આ અપાર સંસાર સમુદ્ર મધ્યે નાનાવિધ પ્રકારના દેખાવો દ્રષ્ટિગોચર થાય છે વા અનુભવાય છે, અને પરિણામે, કર્ણ, નેત્ર, વા મનદ્વારા તેની અનન્ત અસરો ઉદ્ભવે છે. તેવી પ્રેરણા ભાવનાને, સાહિત્યમાં "રસ" સંજ્ઞા આપવામાં આવી છે.

રસ. વસુધા મંડળમાં આવા બે પ્રકારના રસો છે. ભોજ્ય પદાર્થોમાં જીહ્વાને જ્યારે નાના પ્રકારના સ્વાદનું જ્ઞાન થાય છે ત્યારે તેને "જીહ્વારસ" કહેવામાં આવે છે. તેવા કટુ, તિક્ત, આમ્લ આદિ છ રસો છે. જ્ઞાનેંદ્રિયદ્વારા જ્યારે ભિન્ન ભિન્ન માનસિક લાગણીઓ ઉત્પન્ન થાય છે ત્યારે તેને "મનસ્રસ" કહેવામાં આવે છે. તેવા શૃંગાર, હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભૂત, અને શાંત એમ નવ રસો છે. દૃષ્ય અને શ્રાવ્ય કાવ્યોદ્વારા આ રસો યથેચ્છ રીતે વ્યક્ત કરી શકાય છે અને તેથી શ્રોતા દૃષ્ટાપર ગંભીર અસર થાય છે, એટલે સાહિત્યની પદ્યાત્મક શાખા સાથે આ રસોનો નિકટ સંબંધ છે એ સિદ્ધ થાય છે.

રાગના રસો કલ્પેલા છે અને તે કલ્પના કદાચ સ્વરોના રસો ઉપરથી થઇ હોય એમ સંભવે છે. સંગીત સ્વરોનો

શૃંગાર.................સા. રી. મ. ધ. ની.

હાસ્ય ....સા. ગ. મ. ધ. ની.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બીભત્સ }
કરૂણા } .... પ.
ભયાનક }

વીર }
અદ્ભૂત } .... મં
રૌદ્ર }

શાંત.................... રી, ધં

રસ સાથે આ પ્રકારનો સંબંધ છે, એટલે જે રાગોમાં એ સ્વરો પ્રાધાન્ય ભોગવતા હોય તે રાગના ગાયનો જો એ રસોમાં લખાયાં હોય તો રસપ્રકૃતિઅનુરૂપ આનંદ આપે છે. પ્રાચીન સંગીત ગ્રંથકાર આ રસોના સંબધમાં જણાવે છે કે–

स–मौ हास्ये च श्रृंगारे स्वरौ स्यातां तथा ध–नी ।
पो बीभत्से तथा दैन्यें भयानक रसे भवेत् ॥
रसे शृंगारके रिः स्याद्गन्धारो हास्यके पुनः ॥

(सं–पारिजातः)

શૃંગારરસ. જે રસદ્વારા સ્ત્રી પુરૂષનો પ્રેમ વ્યક્ત થાય છે, જેનાથી કામોદ્દીપન થાય છે તેને “ શૃંગારરસ ” કહેવામાં આવે છે. આ રસના અધિષ્ટાતા દેવ શ્રીકૃષ્ણ અને કારણરૂપ રતી અથવા અનુરાગ છે.

હાસ્યરસ. ચિત્ર વિચિત્ર દેખાવો નિહાળતાં યા તેવું વર્ણન સાંભળતાં અગર તે વિષે મનન કરતાં મનુષ્ય જ્યારે આલ્હાદક સ્થિતિમાં આવે છે તેને “હાસ્યરસ” કહેવામાં આવે છે. તેના અધિષ્ટાતા દેવ વામન છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કરૂણારસ. કરૂણા એટલે દયા. જે દૃષ્ય જોતાં, વા તેને વિષે વર્ણન શ્રવણ કરતાં અગર મનન કરતાં મનુષ્ય હૃદય જ્યારે અપરિમિત દયાથી પીગળી જાય છે ત્યારે તે લાગણીને " કરૂણારસ " કહેવામાં આવે છે. એના અધિષ્ટાતા દેવ વરૂણ છે.

રૌદ્રરસ. જે વિષયના અવલોકનથી, શ્રવણથી, અગર મનનથી, ક્રોધની લાગણી ઉશ્કેરાય છે, તેને " રૌદ્રરસ " કહેવામાં અવે છે. તેના અધિષ્ટાતા દેવ રૂદ્ર છે.

વીરરસ. જે વિષય શરીરનાં વીર્ય વા સત્વને શૌર્યદાયી સ્થિતિમાં મૂકે છે તેને " વીરરસ " કહેવામાં આવે છે. વીરતા એજ એનું લક્ષણ છે. એનો અધિષ્ટાતા દેવ ઇંદ્ર છે.

ભયાનકરસ. કેટલાક અણુચિંતવ્યા દેખાવો જોતાં અથવા તેને વિષે શ્રવણ કે મનન કરતાં, જ્યારે મનુષ્યના અંતરમાં એકાએક ભયની લાગણી ઉત્પન્ન થાય છે, ત્યારે તેને " ભયાનકરસ " કહેવામાં આવે છે, એનો અધિષ્ટાતા દેવ યમ છે.

અદ્દભૂતરસ. અસંભવિત દેખાવો જોતાં અથવા તેનું વર્ણન સાંભળતાં અગર મનન કરતાં, જે અપાર વિસ્મયતા પમાડે એવી લાગણી ઉત્પન્ન થાય છે, તેને "અદ્દભૂતરસ" કહે છે. એના અધિષ્ટાતા દેવ બ્રહ્મા છે.

બીભત્સરસ. જ્યારે વાણી અગર કર્મથી નૈતિક મર્યાદાનું ઉલંઘન થાય અને જુગુપ્સા ઉત્પન્ન થાય છે તેને "બિભત્સરસ" કહેવામાં આવે છે. એના અધિષ્ટાતા દેવ મહાકાળ છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શાંતરસ. સંસાર પ્રપંચની વ્યવહારિક પ્રત્યેક ક્રિયાથી મુક્ત થઇ મનુષ્ય જ્યારે સચ્ચિદાનંદ સ્વરૂપમાં મળવાની આશાએ નિર્ગુણ બ્રહ્મોપાસક બને છે, ત્યારે તે લાગણીને "શાંતરસ" વા "ભક્તિરસ" કહેવામાં આવે છે. એના અધિષ્ટાતા દેવ નારાયણ છે.

આ રસો પ્રત્યેક વસ્તુપર પોતાનું પ્રાબલ્ય ચલાવે છે. કિંતુ સતેજ રસેંદ્રિયવાળો મૂક જેમ ખાદ્ય વસ્તુના રસનો સ્વાદેંદ્રિ દ્વારા અનુભવ કરી વર્ણવી શકતો નથી, તેમ સાહિત્ય કે સંગીત જ્ઞાન વિમુખ મનુષ્ય, આ રસોથી ઉત્પન્ન થતા માનસિક ભાવોનો અનુભવ કરવા છતાં, વર્ણવી શકતો નથી.

પ્રચલિત બાર થાટોમાંથી ઉત્પન્ન થતા, અનેક રાગોમાંના કેટલાક દિવસના પ્રહરોમાં અને કેટલાક રાત્રિના પ્રહરોમાં, ગાવાનો નિયમ પ્રાચીન કાળથીજ ચાલુ છે. પ્રથમ જણાવ્યા

રાગ સમય. પ્રમાણે પ્રધાન (અંશ કે વાદી) સ્વર રાગમાં અતિ મહત્વનો છે. એવા **વાદી** સ્વરનાં ધોરણે રાગના **સમય** નિર્દિષ્ટ કરેલા છે. વળી સંગીતશાસ્ત્રમાં માધુર્યનો સિદ્ધાંત પ્રાધાન્ય ભોગવે છે, તે ન્યાયે મુકરર કરેલા સમયે ગવાયલા રાગની મધુરતામાં અને પ્રતિકૂળ સમયે ગવાયલા રાગોના માધુર્યમાં ન્યૂનાધિકતા ભાસે છે ઉદાહરણ તરીકે, પ્રાતઃકાળે ગવાતો ભૈરવ રાગ અને સાયંકાળે ગવાતો શ્રી રાગ, અન્ય કોઇ સમયે ગવાતાં સંપૂર્ણ આનંદ આપતો નથી. આનુ કારણ એ છે કે, દરેક રાગમાં પ્રધાન સ્વરો હોય છે, તે તેના અનુકૂળ સમયેજ મધુર લાગે છે, અને તેમ થવામાં પ્રકૃતિ અનુકૂળ હોય છે. કેટલાક સંગીતકારો આ મત વિરૂદ્ધ જોવામાં આવે છે, પરંતુ ઉપર કહ્યા પ્રમાણે **પ્રકૃતિ** અને **સંગીત**ને પરસ્પર નિકટ સબંધ હોવાથીજ, **સમય**ને પ્રાધાન્ય આપવું પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંગીતોપયોગી સ્વરોના "વિકૃત" કે "કોમળ" અને "તીવ્ર" કે "શુધ્ધ" એવાં નામો આપેલાં છે. તે નામોજ પોતાના ગુણો વ્યક્ત કરે છે. આમ હોવાથી જે રાગોમાં મુખ્યત્વે કરી વિકૃત કે કોમળ સ્વરો વાદી હોય છે તે રાગોજ બહુધા શાંત સમયે ગવાય છે અને તીવ્ર કે શુદ્ધ વાદી સ્વરોવાળા રાગો દુનિયા વ્યવસાયમાં રોકાયલી હોય છે, તેવે વખતે ગવાવાથીજ આનંદ ઉત્પન્ન કરી શકે છે.

એક નિયમ તરીકે, **પ્રાતઃકાળથી** શરૂ થતા રાગોમાં **ઉત્તરાંગના કોમળ** સ્વરો **વાદી** હોય છે. જેમ જેમ સમય વ્યતીત થતો જાય, તેમ તેમ **ઉત્તરાંગના શુદ્ધ** સ્વરો **વાદી** થતા જાય છે. **સાયંકાળે પૂર્વાંગના કોમળ** સ્વરો **વાદી** હોય છે, અને જેમ જેમ રાત્રિ વ્યતીત થતી જાય છે, તેમ તેમ **પૂર્વાંગના શુદ્ધ** સ્વરો **વાદી** થતાં **મધ્યરાત્રિ** વ્યતીત થતાં, પુનઃ **ઉત્તરાંગના કોમળ** સ્વરો વાદિત્વ પામે છે. આ પ્રકારે સમય સાથે રાગનો સંબંધ સતત કાયમ રહે છે.

પ્રાતઃકાળમાં મનુષ્ય આગલા દિવસના વ્યવસાયથી નિદ્રા લઇ, શાંતિ પામી, પ્રફુલ્લિત હૃદયવાળો હોય છે, તેવે સમયે **ઉ-ત્તરાંગના વિકૃત** સ્વરો જે જે રાગમાં **વાદી** હોય છે, તે રાગો માધુર્ય તથા આનંદ આપનારા થાય છે, માટે, તેવા સમયે તેવા રાગો ગવાવા જોઇએ. જેવા કેઃ- **ભૈરવ, રામકલી, ગુણકલી, લલત, બિભાસ** વગેરે.

દિવસના વ્યવસાયથી શ્રાન્ત થયેલું હૃદય શાંતિ તથા આનંદ સંપાદન કરવાને ઉત્સુક હોય છે તેવે સમયે એટલે **સાયંકાળે પૂર્વાંગના વિકૃત** સ્વરો જે જે રાગોમાં **વાદી** હોય છે, તે તે રાગોજ માત્ર માધુર્યદાતા તથા આલ્હાદક હોય શકે, માટે તે સમયે તેવાજ રાગો ગવાવા જોઇએ. જેવા કેઃ- **પીલુ, પૂર્વી, પુરીયાધનાશ્રી, ગૌરી શ્રી** વગેરે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રાતઃકાળનો સમય વ્યતીત થયા પછી મનુષ્ય જ્યારે **દિવસનો** વ્યવસાય શરૂ કરે છે, તે વખતે ઉત્તરાંગના **શુદ્ધ** સ્વરો **વાદી** હોય, તેવા રાગો આનંદ આપી શકે, માટે તે સમયે તેવા રાગો ગવાવા જોઇએ. જેવા કેઃ– **બિલાવલ, દેશકાર** વગેરે.

સાયંકાળ પછી એટલે **રાત્રિના** પૂર્વ ભાગમાં, મનુષ્ય, દિવસનો વ્યવસાય પૂરો કરી, મનની અને તનની શ્રાન્તિમાથી વિશ્રાન્તિ ભોગવવા અને મનુષ્ય, જીવનમાં નૈસર્ગિક રીતે દંપતી સુખ ભોગવવાની રહેલી ઉત્સુકતા સંપાદન કરવા તત્પર હોય છે, તેને અનુકૂળ એટલે **પૂર્વાંગના શુદ્ધ** કે **તીવ્ર વાદી** સ્વરોવાળા રાગો આનંદ આપી શકે, અને તેથી તે સમયે તેવા રાગો ગવાવા જોઇએ. જેવા કેઃ—**કલ્યાણ, કામોદ કેદાર, બિહાગ** વગેરે.

બીજો પણ સાધારણ એક નિયમ એવો દ્રષ્ટિગોચર થાય છે કે, **ષડજ** અને **પંચમ**, કોઇપણ સમયે **વાદી** થઇ શકે છે. **શુદ્ધ મધ્યમ** માત્ર દિવસના ભાગમાં ગવાતા રાગોમાં **વાદી** થઇ શકે છે, અને **તીવ્ર મધ્યમ**, રાત્રિના રાગોમાં વાદી થઇ શકે છે. નિયમોને અપવાદ હોય શકે અને તેથી આ નિયમો પણ અપવાદ રહિત નથી.

મધુરાક્ષરમ્ હ, ઝ, ઘ, ર, ખ, ભ, ધ, ન એ દગ્ધાક્ષરો કહેવાય છે, માટે સુજ્ઞ કાવ્યકારો એમાંના કોઇપણ અક્ષરનો કોઇપણ કાવ્યની શરૂઆતમાં પ્રયોગ કરતા નથી. એ દોષ રહિત લલિતાક્ષરે રચાયલાં કાવ્યોને મધુરાક્ષર કાવ્ય કહેવામાં આવે છે. એ સૂત્રને અનુસરી કોઇપણ વિષયનું લલિત શબ્દો વડે ગીતદ્વારા કરેલું વર્ણન જેટલી અસર કરે છે, તેટલી અસર કાવ્યમાં લાલિત્ય વિહીન શબ્દોના પ્રયોગથી થતી નથી, એટલુંજ નહિ પ્રણ કાવ્યને મધુર બનાવતું નથી. અધુનિક કાળમાં આવા નિયમો ઓછા પ્રમાણુમાં જળવાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગીત રચના

સ્વભાવિક રીતે મનુષ્ય વ્યવહારમાં, વિચાર વિનિમય અર્થે જે ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે, તેને "ગદ્ય" કહેવામાં આવે છે. તેજ વિચારો ગાઇને વ્યક્ત કરવામાં આવતાં તે "પદ્ય" તરીકે ઓળખાય છે. આવા પદ્યોને "પિંગળ પદ્ય" અને "સંગીત પદ્ય" એમ બે ભાગમાં વહેંચી શકાય છે. પિંગળ પદ્યોનો આધાર મુખ્યત્વે કરી માત્રા ઉપર છે. પરંતુ કેટલાક કાવ્યમાં માત્રાની સાથે અક્ષરનું પણ ધોરણ રાખવામાં આવે છે. પિંગળ કાવ્યને છંદની સંજ્ઞા આપવામાં આવી છે. તેવા છંદો બે પ્રકારના છે. અક્ષરમેળ અને માત્રામેળ. માત્રાની સાથે અક્ષરની સંખ્યાની પણ ગણત્રી રાખી જે છંદની રચના કરવામાં આવે છે, તેને "**અક્ષરમેળ છંદ**" કહેવામાં આવે છે. માત્રાની ગણત્રી ઉપરજ માત્ર જે છંદ રચાયલો હોય તેને "**માત્રામેળ છંદ**" કહેવામાં આવે છે.

સંગીત પદ્યમાં પણ માત્રાની ગણત્રી હોય છે પરંતુ તે ગૌણ પક્ષે હોય છે. પ્રધાન પક્ષે તાલ ઉપર આધાર રાખવામાં આવે છે. સાધારણ રીતે ચાતક પક્ષીને એક વખત બોલવાને જેટલો સમય લાગે છે તેટલા સમયને એકમાત્રા કલ્પી છે. એવી માત્રાઓના અમુક નિયમોને અનુસરી, સમૂહ બાંધવામાં આવે છે તેને છંદ કહેવામાં આવે છે. આવી માત્રાઓની નિયમિત ગતિને લય કહેવામાં આવે છે. એવી લયવાળી માત્રાઓના ખંડ પાડી અમુક ખંડની પહેલી માત્રા ઉપર જે ભાર મુકવામાં આવે છે, તેને, "**તાલ**" (Rythem) કહેવામાં આવે છે કે જેનું સ્ફુટ વિવેચન વાદન વિભાગમાં આપેલું છે.

આ પ્રકારે રચાયલાં છંદ તરીકે ઓળખાતાં પિંગળ પદ્યોને સંગીત પદ્યમાં તાલબદ્ધ સુગીત બનાવવાને–

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

स्वरेण पदसंयुक्तं छंदसाचसुसंयुतम् ।
सुमात्रं च सुतालं च सुगीतंतेनभण्यते
(सा–पद्धति)

એટલે, સંગીતાર્થે યોજેલા સુસ્વરો, પદ, છંદ, તાલ, માત્રા વગેરેની પણ આવશકયતા છે. તેવા ગીતોનેજ સંગીત પદ્ય ગણી સુગીતની ઉપમા આપી શકાય.

પ્રબંધ પ્રકાર. આ પ્રકારે રચાયલાં પદ વા ગીતના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણુ પ્રકાર છે. ઉત્તમ પ્રકારનાં પદોમાં ધ્રુવપદ અને તેને અનુસરતાં, હોરી, પ્રબંધ વગેરે છે. આવાં પદો મુખ્યત્વે કરીને ગંભીરપ્રકારના, શાંત રસના અને ઇશ્વર સ્તુતિના હોય છે. વિલંબ લયમાં ચોતાલ, સુલફાગ, ઝંપા, આદિ, તીવ્રા વગેરે તાલોમાં ગાવાથી તેની ઉત્તમતા પ્રગટ થાય છે. “ ગમક ” નામની તાન (ગાયનમાં સ્વરોને કંપિત અને ત્વરિત ગતિથી ખેંચવું તે) તેમાં શોભે છે. આવાં ઉત્તમ પ્રકારના ગીતોમાં, સ્થાયી અંતરો આભોગ અને સંચારી એવાં પદનાં ચારે ચરણો હોય છે. મધ્યમ પ્રકારના પ્રબંધમાં, ખ્યાલ અને તેને અવલંબી રહેલા, ચતરંગ, તિલ્લાના, જુગલબંધ વગેરે પ્રબંધો હોય છે. તેવા પદો બહુધા ગંભીર પ્રકૃતિના ભક્તિ (શાંત) અને શૃંગાર રસનાં હોય છે; અને મધ્યલયમાં આડચોતાલ, તિલવાડો, એકતાલ ત્રિવટ, વગેરે તાલોમાં ગવાય છે. આવાં પદોમાં મુરકી, કુટતાન વગેરે તાનો વિશેષ શોભે છે. કનિષ્ઠ પ્રકારના પ્રબંધમાં ટપ્પા અને તેને અવલંબી રચાયલા, ઠુમરી, ગઝલ, વગેરે પદોનો સમાવેશ થાય છે. આ પદો બહુધા ચંચળ પ્રકૃતિના શૃંગાર રસના હોય છે, અને દ્રુતલયમાં, પંજાબી, લાવણી પોસ્તા, દાદરો, વગેરે તાલોમાં ગાઇ શકાય છે. આવા પદોમાં ઘણેભાગે સપાટ તાનનો ઉપયોગ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આવા ગાયનો પ્રવીણ ગાયકો વિવિધ રાગમાં ત્રણ રીતે ગાય શકે છે.

(૧) ‘ क्रियानंतर विश्रान्तिर्लयः सः त्रिविधः स्मृतः ’ એ ન્યાયે સમાન રીતે વહન કરતી ગતિને લય કહેવામાં આવે છે અને તેવી દ્રુત, મધ્ય અને વિલંબ એવી ત્રણ લયો છે. ગાયન શરૂ કરતાં પહેલાં ગાયક લય દ્વારા સ્વરોના આરોહાવરોહથી રાગનું રૂપ સ્પષ્ટ કરે છે. જેને “રાગાલાપ” કહેવામાં આવે છે.

(૨) આવા રાગાલાપમાં, ઉદ્‌ગ્રાહ, ધ્રુવક, મેલાપક અને આભોગ નામના ચાર ચરણો માત્ર સ્વરના એકીકરણથીજ લય દ્વારા વ્યક્ત કરવામાં આવે છે ત્યારે તેને “ રૂપકાલાપ ” કહેવામાં આવે છે પ્રાચીન ગ્રંથમાં “ રૂપક ” વિષે જણાવતાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

उद्ग्राहश्चान्य धातुःस्याद्ध्रुवकोश्चान्य धातुकः ।
मेलापकोन्य धातुःस्यादाभोगश्चान्य धातुकः ॥
चतुर्धातुकमेतद्विरुपकंकीर्त्यतेबुधै : ॥

(सा.—पद्धति)

એ પ્રમાણે ઉદ્‌ગ્રાહ, ધ્રવક, મેલાપક, અને આભોગ એ નામના ચાર વિભાગોના એકત્ર સમુદાયને રૂપક કહેવામાં આવે છે.

(૩) ગાયન વા પદના શબ્દો રાગના સુસ્વરોમાં તાલની સાથે રૂપકાલાપ દ્વારા એટલે, જેને રૂપકમાં ઉદ્‌ગ્રાહ વગેરે સંજ્ઞા આપી છે તેનેજ પદમાં સ્થાયી અંતરો, આભોગ અને સંચારી કહેવામાં આવે છે તે, ચાર તુકોદ્વારા વ્યકત કરવાની પદ્ધતિને “ આક્ષિપ્તિક ” કહેવામાં આવે છે.

ગાયનની ઉપર જણાવેલી ચાર કડીઓ જુદા જુદા સપ્તકમાં ગાવામાં આવે છે અને તેથી રાગનું રૂપ યથેચ્છ રીતે સ્પષ્ટ થાય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે. આ ચાર તુકો પૈકી જે તુક વા કડીથી ગાયનનો પ્રારંભ થાય છે તે પ્રારંભક કડીને સ્થાયી કહેવામાં આવે છે, અને તેનું ચલણ બહુધા મધ્ય સપ્તકના પૂર્વાંગ અને મંદ્રસપ્તકના ઉત્તરાંગના રાગમાં આવતા સ્વરોમાં હોય છે. ગાયનનું બીજું ચરણ અંતરો છે અને તેનું ચલણ મધ્ય સપ્તકના રાગમાં આવતા સર્વ સ્વરોમાં અને તાર સપ્તકના પૂર્વાંગના, રાગમાં આવતા કેટલાક સ્વરોમાં હોય છે. આભોગ નામક ગાયનની ત્રીજી કડી, રાગમા આવતા મધ્ય સપ્તકના સર્વ સ્વરો સાથે, મંદ્ર સપ્તકના ઉત્તરાંગના કેટલાક સ્વરોની લપેટ લઇ પૂર્ણ થાય છે. સંચારી નામની છેલી કડી, મંદ્ર, મધ્ય, અને તાર સપ્તકના રાગમાં આવતા સર્વ સ્વરોની લપેટ લઇ પૂર્ણ થાય છે. ઉત્તમ પ્રકારના પ્રબંધમાં આ સર્વ તુકો હોય છે.

‘शशिना च निशा, निशया च शशि’

અલંકાર.

ઇન્દુ વિનાની રજની, સૌજન્ય વિનાનો પુરૂષ, પદ્મ વિનાનું પલ્વલ, વારિ વિનાની સરિતા, શૃંગાર વિનાની વનિતા, જેમ શોભતાં નથી તદ્વત, સાહિત્ય અને સંગીત, અલંકાર વિના શોભતાં નથી. સાહિત્યમાં અર્થાલંકાર, શબ્દાલંકાર અને ઉભયાલંકાર એમ ત્રણ અલંકારો છે. સંગીતના તાન મૂર્છના, ગમક વગેરે અલંકારો છે. આ અલંકારોનો યથાસ્થિત ઉપયોગ થતાં, રાગ રંજક બને છે, એટલુંજ નહી પરંતુ તેના માધુર્યમાં વૃદ્ધિ થાય છે.

સંગીતના અલંકારની વિશેષતા.

સંગીતમાં આવતા સપ્ત સ્વરો પૈકી બે, ત્રણ કે ચાર સ્વરોને વિવિધ પ્રકારે ત્વરિત ગતિયે આરોહ અવરોહ કરવાની પદ્ધતિને “ તાન ” સંજ્ઞા આપવામાં આવી છે. બે સ્વરોની તાનને આર્ચિક, ત્રણ સ્વરોના પ્રકારને સામિક અને ચાર સ્વરોના પ્રકારને ગાથિક કહેવાય છે. પાંચ કે તેથી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વિશેષ સ્વરોના આરોહ અવરોહને પરિણામે "તાન નામક" અલંકાર થાય છે, તેના ઘણા પ્રકાર છે જેવા કે જડબાતાન કૂટતાન અને રોલાતાન; તેમજ ગમક, સ્ફૂરિત, કંપિત, લીન, સ્તિમિત, આંદોલિત, આહુત, ત્રિકભિન્ન, મીંડ–બિડાર, અને ડાટ વગેરે વાદનમાં પણ વપરાય છે.

તાન. આગળ જણાવ્યા પ્રમાણે મુખ્ય "તાન" અલંકારનો એક સ્વતંત્ર પ્રકાર છે. રાગ બિસ્તાર અર્થે રાગમાં આવતા સ્વરોને, છૂટા ન પાડતાં ત્વરાથી શ્રુતિના ધ્વનિ સાથે આરોહાવરોહ કરવામાં આવે છે તેને "**તાન**" (સપાટતાન) કહેવામાં આવે છે. સિતાર અને વીણામાં આ પ્રકારે નીકળતી તાનો "સૂત" તરીકે ઓળખાય છે, અને દીલરૂબામાં "ઘસીટ" તરીકે ઓળખાય છે.

જડબાતાન. જ્યારે ગાયક સ્વરોને કંપિત કરી, સ્વરોપર વજન આપી, જડબાને તાકાત પડે એ રીતે હલાવી તાન કાઢે છે ત્યારે તે "**જડબાતાન**" કહેવાય છે.

કૂટતાન. જ્યારે બે, ત્રણ, કે ચાર સ્વરોને એક્કી વખતે લઇ તેનો ત્રુટક આરોહાવરોહ કરવામાં આવે છે, તેને "**કૂટતાન**" કહેવામાં આવે છે. આવી કૂટતાનોને **ગીટકડી**, **મુરકી**, વગેરે નામોથી પણ ઓળખાય છે.

રોલાતાન. ત્રણ કે ચાર સ્વરોને વિવિધ રીતે, શ્રુતિ સાથે, તે સ્વરો પૈકી કેટલાક સ્વરોનું પુનરાવર્તન કરી એટલે તે સ્વરોને ફરીથી ચક્કર પ્રમાણે ત્વરિત ગતિએ લેવામાં આવે તેને "**રોલાતાન**" કહેવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગમક.

"ગમક" એ પણ અલંકારનો એક વિભાગ છે. પ્રાચીન સંગીત ગ્રંથાકારે 'स्वरस्यकंपोगमकः' એ સૂત્રાનુસાર સ્વરોને કંપિત કરવાની પદ્ધતિને "ગમક" કહી છે. તેનું સ્પષ્ટીકરણ એવી રીતે કરી શકાય કે, અમુક સ્વરનો નાદ ઉત્પન્ન કરવાને તેનાથી ઉંચા સ્વર તરફની અમુક શ્રુતિઓનો સ્પર્ષ કરી, તેનો ધ્વનિ શરૂ થતાંજ, ત્વરાથી તે અમુક સ્વર ઉપર આવવું. આ પ્રકારની ગમકની તાન આગળ જણાવ્યા પ્રમાણે ઉત્તમ પ્રકારના પ્રબંધમાં શોભે છે. ગમકની તાનો ઘણા અનુભવે કંઠદ્વારા કાઢી શકાય છે, અને તેમાં નાભી તથા હૃદયને ઘણી તાકાત પડે છે. પ્રાચીન કાળથીજ આવી ગમકો પ્રચારમાં છે અને

स्फूरितं कंपितं लीनं स्तिमितांदोलितावपि ।
आहतं त्रिकभिन्नं च गमकं सप्तधा स्मृतम् ॥

એ પ્રમાણે સ્ફૂરિત, કંપિત, લીન, સ્તિમિત, આંદોલિત, આહત અને ત્રિકભિન્ન એવા તેના સાત પ્રકારો છે.

સ્ફૂરિત.

એક સ્વર ઉપર નાદ ઉત્પન્ન કરી તેનો ધ્વનિ ત્યાંજ સ્ફૂરાયમાન કરવો, એટલે તે નાદને ઘણુંજ સ્થૂળ રૂપમાં કંપિત કરવો, તેને "સ્ફૂરિત" નામની ગમક કહેવામાં આવે છે. આ અલંકાર વીણા, સિતાર, વગેરે તંતુ વાદ્યોમાં સુગમતાએ નીકળી શકે છે. આ અલંકારમાં, એકજ સાર અગર પડદા ઉપર તારને દબાવી, આઘાતથી ધ્વનિ ઉત્પન્ન કરી, ડાબા હાથ તરફ તારને ખેંચી, ઉંચેની એકાદ શ્રુતિ સુધી જઈ પુનઃ તે સ્વરપર પાછા અવાય છે. એ રીતે એકજ આઘાતથી ઉત્પન્ન થયેલો નાદ વિરામ પામે, ત્યાં સુધી વારંવાર સ્વરને સ્પુરાયમાન કરવામાં આવે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કંપિત. એક સ્વરપર આઘાતથી નાદ ઉત્પન્ન કરી તે સ્વરને દ્રુત ગતિમાં કંપિત કરવાની પદ્ધતિને "કંપિત" નામની ગમક કહેવામાં આવે છે. આ અલંકાર તંતુ વાદ્યમાં સહેલાઇથી કાઢી શકાય છે. પરંતુ હારમોનિયમ જેવાં વાદ્યોમાં તે કાઢવા માટે (tremolo) "ટ્રેમોલો" નામની ચાવી હોય છે, તેનાથી આ અલંકારની કેટલેક અંશે નકલ કરી શકાય છે. તંતુ વાદ્યમાં, આ અલંકાર કાઢવાની રીત એવી છે કે, એક પડદા ઉપર બાજના તારને દબાવી, નાદ ઉત્પન્ન કરી ત્વરાથી હલાવવામાં આવે છે.

લીન લીન થવું એટલે કોઇપણ વિષયમાં નિમગ્ન બનવું. કોઇ પણ સ્વરનો નાદ ઉત્પન્ન કરી તે નાદ પૂર્ણ થતાં પહેલાં, તેનાથી ઉંચા સ્વર સુધી શ્રુતિઓ સાથે ખેંચી, તે સ્વર તે સ્થાનપર એવી સ્થિતિમાં સ્થંભિત કરવો કે જેથી મન તલ્લીન બને. આ અલંકારને "લીન" કહેવામાં આવે છે. તંતુ વાદ્યો જેવાં કે વીણા સિતાર વગેરેમાં આ અલંકારો ઘણા રસિક લાગે છે, અને તે કાઢવાની પદ્ધતિ એવી છે કેઃ–વાદ્યના એક પડદા ઉપર, બાજના તારને દબાવી આઘાત કરી, બાજના તારને ડાબા હાથ તરફ ખેંચી, શ્રુતિઓના ધ્વનિ સાથે, એકથી વધારે સ્વરો ઉત્પન્ન કરી આખરના નીકળતા સ્વરનો ધ્વનિ, લાંબો સમય કાયમ રાખવો.

સ્તિમિત. એક સ્વરનો નાદ ઉત્પન્ન કરી, તેજ સ્વરપર ઘણો સમય થોભવાની પદ્ધતિને "સ્તિમિત" કહેવામાં આવે છે. વાદ્યમાં પણ એજ પ્રમાણે કરી શકાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આંદોલિત. એક સ્વરનો નાદ ઉત્પન્ન કરી, તેનાથી ઉંચેના સ્વરોનો નાદ, શ્રુતિઓના ધ્વનિ સાથે, સમુદ્રના તરંગ પ્રમાણે, ગંભીર ગતિમાં, ઉત્પન્ન કરતાં જવું તેને "**આંદોલિત**" નામની ગમક કહેવામાં આવે છે. તે વીણામાં ઉત્તમ રીતે નીકળે છે અને આનંદ આપે છે. આ અલંકાર વીણામાં એવી રીતે કાઢવામાં આવે છે કે, એક સ્વરના સાર ઉપરથી, તે સ્વરથી ચઢતા સ્વરના સાર ઉપર "સૂત" થી જઇ તે જગ્યાએ, તે સ્વરથી ઉંચા સ્વર તરફની શ્રુતિઓ, તેજ સાર ઉપર બાજના તારને ડાબા હાથ તરફ ખેંચી, ધ્વનિ કાઢી, પાછા શ્રુતિઓની સાથે આવતાંજ, બીજા સાર ઉપર સૂતથી જવું. ઉપર જણાવેલી સર્વ ક્રિયા, બાજના તાર ઉપર આઘાતથી ઉત્પન્ન થયેલો નાદ કાયમ રહે ત્યાં સુધીમાં બે, ત્રણ, કે ચાર, અગર તેથી અધિક સૂરો, ઉપર થાય છે.

આહત. વાદી સંવાદી સ્વરના ધોરણે, વાદી સ્વરથી સંવાદી સ્વર ઉપર અગર સંવાદી સ્વરથી વાદી સ્વર ઉપર જવાની પદ્ધતિને "**આહત**" કહેવામાં આવે છે. આજ અલંકારને "**લાગ**" પણ કહેવામાં આવે છે અને તે પ્રત્યેક વાદ્યમાં નીકળી શકે છે.

ત્રિકભિન્ન. એક સ્વરનો સ્પર્શ માત્રથી કણ (grace note) લઇ તેનાથી નીચા બીજા સ્વર ઉપર શ્રુતિઓ સાથે આવી, તે સ્વરનો ધ્વનિ ઉત્પન્ન કરી, તેનાથી નીચા એટલે મૂળ સ્વરથી ત્રીજા સ્વર પર વિરામ પામવું, તેને "**ત્રિકભિન્ન**" કહેવામાં આવે છે. આ અલંકાર તમામ વાદ્યોમાં સરળતાએ નીકળી શકે છે. પરંતુ તંતુ વાદ્યમાં ત્રિકભિન્નમાં, એક સ્વરના પડદા ઉપર બાજના તારને દબાવી, આઘાત સાથે, ત્વરિત ગતિએ, તેની પછીના નીચા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરના ધ્વનિ સહીત, તેનાથી ઉતરતા પડદા અગર સાર પર અવાય છે. આ પ્રકારની ગમકમાં આરોહ કરવા જતાં, સૂતનું સ્વરૂપ જણાય છે, એટલે આરોહ અશકય છે, પરંતુ માત્ર અવરોહ થઇ શકે છે.

મીંડ-બિડાર અને ડાટ.

આ અલંકારો શિવાય, "મીંડ," "બિઠાર," "ડાટ" વગેરે અલંકારો છે. એક સ્વરથી ઉંચા સ્વરો, શ્રુતિઓ સાથે, ગંભીર ગતિથી, ત્રુટક થયા વિના, લેવામાં આવે છે, તેને "મીંડ" કહેવામાં આવે છે. અને તેજ પ્રમાણે ઉંચેના સ્વરોથી આરંભી શ્રુતિઓ સાથે નીચેના સ્વર પર અવાય છે તેને "બિડાર" કહેવામાં આવે છે. આ અલંકારો વીણામાં શોભે છે. "મીંડ" કાઢવાની રીત એવી હોય છે કે એક સ્વરના સાર ઉપર બાજના તારને દબાવી આઘાત કરી, નાદ ઉત્પન્ન કરી, તે ધ્વનિ કાયમ રહે ત્યાં સુધીમાં ગંભીર ગતિથી, વિલંબલયમાં ત્રુટક થયા વિના, ઉંચા ઉપયોગી ત્રણ ચાર સ્વરોનો નાદ, તારને ડાબી બાજુ તરફ ખેંચી, ઉત્પન્ન કરવો. ત્રણ ચાર સ્વર પર્યંત આઘાત કર્યા વિના તારને ખેંચી, આઘાત કરી, નાદ ઉત્પન્ન કરી, ઉપર પ્રમાણે વિલંબલયમાં, ગંભીર ગતિથી, ત્રુટક થયા વિના, તારને અસલ સ્થિતિમાં લાવવાથી તે "બિડાર" થાય છે. રાગમાં આવતા સ્વરો જેટલા વજનથી, (Force) કાઢવામાં આવે છે. તેના કરતાં કેટલાક સ્વરો, ઓછા વજનથી, લોપ થતા હોય એવી રીતે, કાઢવામાં આવે તેને "ડાટ" કહેવામાં આવે છે. સાધારણ રીતે રાગના પદોમાં, રસ સ્થાનનું માધુર્ય વધારવાને, આ પ્રયોગ કરવામાં આવે છે. વાદ્યમાં પણ એજ પ્રમાણે ઓછા વજનથી નાદ ઉત્પન્ન કરવાથી "ડાટ" થાય છે.

સંગીતના અલંકારોનું વર્ણન આ રીતે કર્યું છે. પરંતુ માત્ર શ્રવણ, મનન અને **નિદિધ્યાસનથીજ** તેની પ્રાપ્તિ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકારની આવશ્યકતા.

અલંકારો, ગાનક્રિયામાં જોઇતી કંઠની તૈયારી પ્રાપ્ત કરવાને ઘણાં સહાયભૂત છે. અલંકારોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, રાગમાં તાન, આલાપ, વગેરે અન્ય રાગના શણગારોનો યોગ્ય સ્થાને ઉપયોગ કરવાને ઘણું સુગમ પડે છે. અને તેથીજ આવા અલંકારોનું પ્રાચીન કાળથીજ મહત્વ જણાવ્યું છે.

આવાં અલંકારો અનેક રીતે સાધ્ય કરી શકાય છે. વાદ્ય ઉપર અભ્યાસ કરવાને અગર કંઠની તયારી માટે કેટલાક અલંકારોની “સારીગમ” ઉદાહરણ તરીકે તાલબદ્ધ આપી છે, તે પ્રમાણે અનુક્રમે સંપૂર્ણ આરોહાવરોહ કરવાનું સમજાશે. મતલબ કે આગળ જણાવેલા બારેવ થાટોમાં આ અલંકારોનો યથાવિધિ પ્રયોગ કરવાથી કંઠમાં તેમજ વાદ્યમાં સ્વરસિદ્ધિ થશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૧.

સા
સા-રી-સા
સા-રી-ગ-રી-સા
સા-રી-ગ-મ-ગ-રી-સા
સા-રી-ગ મ-પ-મ-ગ-રી-સા
સા-રી-ગ-મ-પ-ધ-પ-મ-ગ-રી-સા
સા-રી-ગ-મ-પ-ધ-ની-ધ-પ-મ-ગ-રી-સા
સા-રી-ગ-મ-પ-ધ-ની-સાં-ની-ધ-પ-મ-ગ-રી-સા

અલંકાર ૨.

સાં
સાં-ની-સાં
સાં-ની-ધ-ની-સાં
સાં-ની-ધ-પ-ધ-ની-સાં
સાં-ની-ધ-પ-મ-પ-ધ-ની-સાં
સાં-ની-ધ-પ-મ-ગ-મ-પ-ધ-ની-સાં
સાં-ની-ધ-પ-મ-ગ-રી ગ-મ-પ-ધ-ની-સાં
સાં-ની-ધ-પ-મ-ગ-રી-સા-રી-ગ-મ-પ-ધ-ની-સાં

અલંકાર ૩ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા - - -	રી - - -	ગ - - -	મ - - -
પ - - -	ધ - - -	ની - - -	સાં - - -
સાં - - -	ની - - -	ધ - - -	પ - - -
મ - - -	ગ - - -	રી - - -	સા - - -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૪ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા - રી -	રી - ગ -	ગ - મ -	મ - પ -
પ - ધ -	ધ - ની -	ની - સાં -	સાં - - -
સાં - ની -	ની - ધ -	ધ - પ -	પ - મ -
મ - ગ -	ગ - રી -	રી - સા -	સા - - -

અલંકાર ૫ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા સા સા સા	રી રી રી રી	ગ ગ ગ ગ	મ મ મ મ
પ પ પ પ	ધ ધ ધ ધ	ની ની ની ની	સાં સાં સાં સાં
સાં સાં સાં સાં	ની ની ની ની	ધ ધ ધ ધ	પ પ પ પ
મ મ મ મ	ગ ગ ગ ગ	રી રી રી રી	સા સા સા સા

અલંકાર ૬ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા - ગ -	રી - મ -	ગ - પ -	મ - ધ -
પ - ની -	ધ - સાં -	સાં - ધ -	ની - પ -
ધ - મ -	પ - ગ -	મ - રી -	ગ - સા -

અલંકાર ૭ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા - મ -	રી - પ -	ગ - ધ -	મ - ની -
પ - સાં -	ધ - રીં -	રીં - ધ -	સાં - પ -
ની - મ -	ધ - ગ -	પ - રી -	મ - સા -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૮ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
રી - સા -	ગ - રી -	મ - ગ -	પ - મ -
ધ - પ -	ની - ધ -	સાં - ની -	રીં - સાં -
ની - સાં -	ધ - ની -	પ - ધ -	મ - પ -
ગ - મ -	રી - ગ -	સા - રી -	ની઼ - સા -

અલંકાર ૯ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા રી ગ -	રી ગ મ -	ગ મ પ -	મ પ ધ -
પ ધ ની -	ધ ની સાં -	સાં ની ધ -	ની ધ પ -
ધ પ મ -	પ મ ગ -	મ ગ રી -	ગ રી સા -

અલંકાર ૧૦ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા ગ રી -	રી મ ગ -	ગ પ મ -	મ ધ પ -
પ ની ધ -	ધ સાં ની -	ની રીં સાં -	સાં ગં રીં -
રીં ની સાં -	સાં ધ ની -	ની પ ધ -	ધ મ પ -
પ ગ મ -	મ રી ગ -	ગ સા રી -	રી ની઼ સા -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૧૧ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
રી સા ગ -	ગ રી મ -	મ ગ પ -	પ મ ધ -
ધ પ ની -	ની ધ સાં -	ની સાં ધ -	ધ ની પ -
પ ધ મ -	મ પ ગ -	ગ મ રી -	રી ગ સા -

અલંકાર ૧૨ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
ગ રી સા -	મ ગ રી -	પ મ ગ -	ધ પ મ -
ની ધ પ -	સાં ની ધ -	રીં સાં ની -	ગં રીં સાં -
ધ ની સાં -	પ ધ ની -	મ પ ધ -	ગ મ પ -
રી ગ મ -	સા રી ગ -	ની સા રી -	ધ ની સા -

અલંકાર ૧૩ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સા રી ગ મ	રી ગ મ પ	ગ મ પ ધ	મ પ ધ ની
પ ધ ની સાં	સાં - - -	સાં ની ધ પ	ની ધ પ મ
ધ પ મ ગ	પ મ ગ રી	મ ગ રી સા	સા - - -

અલંકાર ૧૪ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સારી સારી ગ -	રીગ રીગ મ -	ગમ ગમ પ -	મપ મપ ધ -
પધ પધ ની -	ધની ધની સાં -	સાંની સાંની ધ -	નીધ નીધ પ -
ધપ ધપ મ -	પમ પમ ગ -	મગ મગ રી -	ગરી ગરી સા -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૧૫ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સારી સારી ગ મ	રીગ રીગ મ પ	ગમ ગમ પ ધ	મપ મપ ધ ની
પધ પધ ની સાં	ધની ધની સાં રીં	રીંસાં રીંસાં ની ધ	સાંની સાંની ધ પ
નીધ નીધ પ મ	ધપ ધપ મ ગ	પમ પમ ગ રી	મગ મગ રી સા

અલંકાર ૧૬ ત્રિતાલ માત્રા ૧૭.

×	૨	૦	૩
સારી ગ સારી ગમ	રીગ મ રીગ મપ	ગમ પ ગમ પધ	મપ ધ મપ ધની
પધ ની પધ નીસાં	સાં - - -	સાંની ધ સાંની ધપ	નીધ પ નીધ પમ
ધપ મ ધપ મગ	પમ ગ પમ ગરી	મગ રી મગ રીસા	સા - - -

અલંકાર ૧૭ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સારી -ગ સારી ગમ	રીગ -મ રીગ મપ	ગમ -પ ગમ પધ	મપ -ધ મપ ધની
પધ -ની પધ નીસાં	સાં - સાં -	સાંની -ધ સાંની ધપ	નીધ -પ નીધ પમ
ધપ -મ ધપ મગ	પમ -ગ પમ ગરી	મગ -રી મગ રીસા	સા - સા -

અલંકાર ૧૮ ત્રિતાલ માત્રા ૧૬.

×	૨	૦	૩
સાગ રીમ ગ -	રીમ ગપ મ -	ગપ મધ પ -	મધ પની ધ -
પની ધસાં ની -	ધસાં નીરીં સાં -	સાંધ નીપ ધ -	નીપ ધમ પ -
ધમ પગ મ -	પગ મરી ગ -	મરી ગસા રી -	ગસા રીની સા -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલંકાર ૧૯ ત્રિતાલ માત્રા ૧૬.

×				૨				૦				૩			
નીરી	સાગ	રીસા	-	સાગ	રીમ	ગરી	-	રીમ	ગપ	મગ	-	ગપ	મધ	પમ	-
મધ	પની	ધપ	-	પની	ધસાં	નીધ	-	ધસાં	નીરીં	સાંની	-	નીરીં	સાંગં	રીંસાં	-
રીંની	સાંધ	નીસાં	-	સાંધ	નીપ	ધંની	-	નીપ	ધમ	પધ	-	ધમ	પગ	મપ	-
પગ	મરી	ગમ	-	ગરી	ગસા	રીગ	-	ગસા	રીની	સારી	-	રીની	સાધ	નીસા	

અલંકાર ૨૦ ત્રિતાલ માત્રા ૧૬.

×				૨				૦				૩			
સારી	સારી	ગમં	પ	રીગ	રીગ	મપ	ધ	ગમ	ગમ	પધ	ની	મપ	મપ	ધની	સાં
સાંની	સાંની	ધપ	મ	નીધ	નીધ	પમ	ગ	ધપ	ધપ	મગ	રી	પમ	પમ	ગરી	સા

અલંકાર ૨૧ ત્રિતાલ માત્રા ૧૬.

×				૨				૦				૩			
સારી	ગમ	રી	-	રીગ	મપ	ગ	-	ગમ	પધ	મ	-	મપ	ધની	પ	-
પધ	નીસાં	ધ	-	ધની	સાંરીં	ની	-	નીસાં	રીંગં	સાં	-	સાં	-	સાં	-
સાંની	ધપ	ની	-	નીધ	પની	ધ	-	ધપ	મગ	પ	-	પમ	ગરી	મ	-
મગ	રીસા	ગ	-	ગરી	સાની	રી	-	રીસા	નીધ	સા	-	સા	-	સા	-

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગાયક ગુણદોષ. જેમ પદ્યોના ત્રણ પ્રકાર છે, તેમ ગાયકના પણ ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ઠ એ ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. આ ત્રણ પ્રકારના ગાયકોની વ્યાખ્યા આપતાં સંગીત ગ્રંથકારેઃ—

अधमो मातुकारश्च धातुकारश्च मध्यमाः ।
धातुमातुक्रियाकारः उत्तमः परिकीर्तितः ॥

(सा—पद्धति)

એ પ્રમાણે વાચકાર એટલે માતુકાર—અધમ ગેય એટલે ધાતુકાર મધ્યમ, અને ધાતુ માતુકારને ઉત્તમ ગાયક ગણ્યો છે. આવા ઉત્તમ પ્રતિના વાગ્ગેયકારનાં લક્ષણો વિશે જણાવતાં—

वाङ्मातुरुच्यते गेयं, धातुरित्यभिधीयते ।
वाचागेयंच कुरुते यःस वाग्गेयंकारकाः ॥

(सं. पारिजातः)

शब्दानुशासन ज्ञानमभिधान प्रवीणता ।
गणच्छंदोनुवेदित्वमलंकारेषु कौशलम् ॥
तौर्यत्रित्रय चातुर्यं हृधशारीरपालिता ।
लयतालकलाज्ञानं विवेकोनेक काकुषु ॥
देशीरागेषु विज्ञत्वं वाक्पटुत्वं सभाजयः ।
इतिवाग्गेयकारस्य गुणाः प्रति निरूपिताः ॥

(सं. पारिजातः)

कवितायं प्रसिद्धस्याद् रागज्ञोऽपि तद्भवेत् ।
रागद्वेष परित्यागी निर्द्वेषः सार्द्रचित्तवान् ॥
त्रिस्थान गमकैर्युक्तो योऽयमुत्तम इरितः ।

(सं. पारिजातः)

એ પ્રમાણે કહે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સંક્ષિપ્તમાં સંગીતની સર્વ કળાઓમાં નિપુણ, સાહિત્યની પ્રત્યેક શાખામાં કુશળ, નિર્દ્વેષી અને રસજ્ઞ પુરૂષોને ઉત્તમ ગાયકની પંક્તિમાં મૂકવાની પ્રાચીન સંગીત આચાર્યોની માન્યતા હોય એમ સિદ્ધ થાય છે. આવા ઉત્તમ ગાયકો આધુનિક કાળમાં જુજ નજરે પડશે.

ગાયકના દોષો વિશે જણાવતાં—

कंपितभीतमुध्दृष्टमव्यक्तमनुनासिकम् ।
काकस्वरं शिरःस्थं च तथा स्थानविवर्जितम् ॥
विश्वरं विरसं चैव विश्लीष्टं विषमाहतम् ।
व्याकुलं तालहीनं च गातुर्दोषा श्चतुर्दशः ॥

આ પ્રમાણે ચૌદ દોષ સંગીત ગ્રંથકારોએ જણાવ્યા છે. આ રીતે સંગીત સાહિત્ય સંપૂર્ણ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સૂચન.

---

૧. ની̣ ધ̣ પ̣ = સ્વર નીચે આ પ્રમાણે મીંડાની નીશાનવાળા સ્વરો; "મંદ્ર" ખરજ સપ્તકના સ્હમજવા.

૨. સાં રીં ગં મં = સ્વર ઉપર આ પ્રમાણેના મીંડાની નીશાનવાળા સ્વરોને "તાર" ટીપ સપ્તકના સ્હમજવા.

૩. રી̄ ગ̄ ધ̄ ની̄ = આ નિશાનવાળા સ્વરોને કોમળ સ્વર સ્હમજવા.

૪. મં = આ નિશાન તીવ્ર મધ્યમનું છે.

૫. <u>ની̣સા</u> <u>સારીગમ</u> = આ પ્રમાણેની લીટી ઉપર આવતા જેટલા સ્વરો હોય તેને એક માત્રામાં લેવા.

૬. ની̣ રી - ગ = આ પ્રમાણે સ્વર વચ્ચે લીટી હોય તો તેનો આગલો સ્વર એટલે રિષભને એક માત્રા જેટલો લંબાવવો.

૭. ની̣ <u>-રી</u> ધ મ = આ પ્રમાણે સ્વરો હોય તો 'ની' ને એક માત્રા અને પછીની લીટી એને 'ની' ની અડધી માત્રા જેટલી લંબાવવી એને 'રી' ની અડધી માત્રા મેળવી એક માત્રા પૂરી કરવી. પા માત્રા પણ આજ રીતે આવશે.

૮. ; ; = આવા એક અથવા વધુ અર્ધવિરામને દરેકને એક માત્રા જેટલો વિરામ હશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૯. ધનીધપ = આ પ્રમાણેનું નિશાન સ્વરો ઉપર હોય તો તે સ્વરો પૃથક પૃથક ન લેતાં મીંડથી લેવા. ગજથી વગાડવા વાદ્યોમાં એક ગજમાં સ્વરો કાઢવા અને ફૂંકના વાદ્યોમાં એક ફૂંકથી સ્વરો કાઢવા.

તાલ સંબંધી સૂચન.

૧ | = તાલના ખંડનું નિશાન છે.

૨ |: = આ નિશાન જ્યાં હોય ત્યાંથી બીજીવાર લેવું.

૩ :|| = આ નિશાન સુધી ફરીવાર લેવું.

૪ ધ્રૂ. = સ્થાયી પર પાછા જવાનું નિશાન છે.

૫ * = આવા નિશાનથી અંતરા ઉપર જવું.

૬ × = આ નિશાન તાલના સમનું છે; જ્યાંથી પ્રથમ માત્રા ગણવામાં આવે છે.

૭ ૨ = આ બીજો તાલ ગણવો, જેને અતીત કહેવામાં આવે છે.

૮ ० = આ તાલની ખાલીનું નિશાન છે, જેને કાળ કહેવામાં આવે છે.

૯ ૩ = આ ત્રિજા તાલનું નિશાન છે, જેને અનાઘાત કહેવામાં આવે છે. આ રીતે જુદા જુદા તાલોના ખંડ ઉપર તાલની સંખ્યા તેમ ખાલીનું નિશાન આપવામાં આવ્યું છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શંકરાભરણ થાટ ૧.

સ્વર

સા રી ગ મ પ ધ ની સાં

સાં ની ધ પ મ ગ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શંકરાભરણ થાટ.

આગળ જણાવ્યા પ્રમાણે સંગીતોપયોગી બત્રીસ થાટો પૈકી માત્ર દ્વાદશ થાટોમાંજ વાદી સંવાદી સ્વરના નિયમો જળવાયલા છે. અન્ય થાટોમાં આવતા સુરો પૈકી પ્રત્યેક સુરનો સંવાદી સ્વર ન હોવાથી સંગીતમાં જે રસ માધુર્ય આવશ્યક છે તે તેમાં સંભવતું નથી અને તેથી તે સર્વ થાટ પ્રચારમાં નથી.

ઉપરોક્ત પ્રચલીત દ્વાદસ થાટો પૈકી, શુદ્ધ સ્વરોના સમૂહથી ઉત્પન્ન થયેલો આ થાટ છે. પ્રાચીન કાળથીજ થાટની પદ્ધતિ પ્રચલીત છે અને તે, આ થાટમાં શંકરો રાગ હોવાથી એ સંજ્ઞા આપવામાં આવી હોય એવી કલ્પના થાય છે. આ થાટ બિલાવલ થાટના નામથી પણ ઓળખાય છે. સરળતા ખાતર આ થાટમાં આવતા રાગોના ઓડવ, ષાડવ, સંપૂર્ણ એમ મૂખ્ય ત્રણ વિભાગો પાડી શકાય. આ થાટમાં ઓડવ રાગમાં **દેશકાર** અને **દુર્ગા** છે. **દેશકારમાં મધ્યમ નિષાદ** વર્જ્ય છે, જ્યારે દુર્ગામાં **ગાંધાર નિષાદ** વર્જ્ય છે. આ રીતે જુદા જુદા રાગોમાં બે સ્વરો વર્જ્ય થતા હોવાથી તે ઓડવ એટલે પાંચ સ્વરના રાગો ગણાય છે. આમ બે સ્વરો વર્જ્ય કરવામાં મનસ્વીપણે સ્વરો વર્જ્ય થઇ શકતા નથી, પરંતુ વર્જ્ય કરવાનું ધોરણ સાધારણ રીતે સંવાદી સ્વરો ઉપર આધાર રાખે છે. આગળ જણાવ્યા પ્રમાણે જેમ ષડજના સંવાદી સ્વરો મધ્યમ અગર પંચમ હોઇ એ ઉભય સ્વરો સાથે વર્જ્ય થઇ શકતા નથી, તેમ કોઇપણ બે સાથે સાથે આવતા સ્વરો વર્જ્ય થઇ શકતા નથી, કારણકે એકના અભાવે બીજો સ્વર સંવાદી હોય છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દેશકાર.

તાલ તિલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

અમલારી બાતે મોંસે બોલો.
બોલોજી.................................ધ્રૃ.
સંદલ ગુલાબ ઘીસ લાઇ,
સબ સોહાગ લગાઇ,
સબ સખીયન મીલ, મંગલ ગાઇ.—ધ્રૃ.

સ્થાઇ—

૦	૩	×	૨	
; ધ પ ગ રી	ગ રી સા રી	ધ - પ ગ	; ગ પ ધ સાં-	
; અ મ લા રી	બા તે મોં સે	બો - લો -	; બો લો જી -	ધ્રૃ.

અંતરો—

૦	૩	×	૨
; ગ પ પ	ધ - સાં -	; ધ રીં ધ સાં	- - ; ;
; સં દ લ ગુ	લા - બ -	; ઘીસ લા ઇ	- - ; ;

૦	૩	×	૨
; ધ ધ સાં -	રીં - સાં ધ	પ - - -	ગ - - -
; સ બ સો -	હા - ગ લ	ગા - - -	ઇ - - -

૦	૩	×	૨	
; રી રી ગ ગ	પ પ ધ ધ	; સાં - ધ રીં	સાં ધ પ ગ	
; સ બ સ ખી	ય ન મી લ	; મં - ગ લ	ગા - ઇ -	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દેશકારઃ—આ રાગ શંકરાભરણ થાટનો શુદ્ધ સ્વરોનો ઓડવ જાતિનો છે. અને તેમાં **મધ્યમ, નિષાદ** વર્જ્ય થાય છે. આ રાગનો વાદી સ્વર **ધૈવત** છે, તેમજ બિલાવલના અંગનો કેટલેક અંશે તેમાં ભાસ થતો હોવાથી, દિવસના પ્રથમ પ્રહરમાં ગાવાનો નિયમ પ્રચારમાં છે. આ રાગ ગંભીર પ્રકારનો હોવાથી, તે આલાપ યુક્ત ગણી શકાય. આ રાગનો વાદી સ્વર **ધૈવત** હોવાથી નિયમાનુસાર **ગાંધાર** અગર **રિષભ** સંવાદી સ્વર થઇ શકે છે, એટલે **ધૈવત** સાથે **ગાંધાર** અગર **રિષભનો,** મહત્તા અનુસાર પ્રયોગ કરતાં, રાગનું રૂપ તાદૃષ્ય થાય છે, એટલુંજ નહીં પરંતુ રાગમાધુર્યમાં વૃદ્ધિ થાય છે. આગળ જણાવ્યું તે પ્રમાણેઃ—

ધ પ ગ રે સા રે ધ પ

એ પ્રમાણે **ધૈવત** તેમજ સંવાદી સ્વરોનો પ્રયોગ કરી શકાય છે. એજ સ્વર સમૂહમાં **ધૈવતને** જો મહત્વ ન અપાય તો તે રાગનાં સ્વરૂપની હાની કરે છે. અને

પ ગ રે સા ધ़ સા રે ગ

એવો પ્રયોગ કરતાં તુરત ભોપાલીનો ભાસ થાય છે.

પ ગ પ ધ પ રી સા

એવા પ્રયોગ કરતાં જેત કલ્યાણનો ભાસ થાય છે.

આગળ **ગ્રહસ્વર** વિષે વિવેચન કર્યું છે, તેનું આ રાગ સ્પષ્ટ ઉદાહરણ છે. આ રાગ, **ધૈવતથી** શરૂ થાય છે એટલે **ધૈવત** એ રાગનો **ગ્રહ** સ્વર ગણી શકાય.

કલ્યાણ થાટનો ભોપાલી તથા જેત કલ્યાણ રાગ ઓડવ છે, તેમજ તેમાં મધ્યમ નિષાદ વર્જ્ય છે, અને અન્ય સર્વ શુદ્ધ સ્વરો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હોવાથી, તે દેશકારને બહુધા મળતો હોય એમ જણાય છે; પરંતુ તેને જુદા પાડવાનાં કેટલાંક કારણો છે તે નીચે પ્રમાણે:—

(૧) ભોપાલી રાગ **રાત્રીનો** છે, જ્યારે દેશકાર **દિવસનો** છે.

(૨) ભોપાલીમાં **વાદી** સ્વર **ગાંધાર** છે જ્યારે દેશકારમાં **ધૈવત** છે.

(૩) જેત કલ્યાણમાં **વાદિ ગાંધાર** છે, તેમ ચાલ જુદી છે.

(૪) ભોપાલી તેમજ જેત કલ્યાણ **પૂર્વાંગમાં** વ્યક્ત થાય છે, દેશકાર **ઉત્તરાંગમાં** વ્યક્ત થાય છે.

(૫) ભોપાલી તેમજ જેત કલ્યાણ રાગ કલ્યાણ થાટનાં હોવાથી, તેની વૃત્તિ **કલ્યાણ** તરફ છે, જ્યારે દેશકારનું વલણ **બિલાવલ** તરફ છે.

બિભાસ નામનો રાગ પણ ઓડવ છે, તેમજ તેમાં મધ્યમ નિષાદ વર્જ્ય છે, એટલે આ રાગ સાથે મળતો રાગ હોવાની સહજ કલ્પના થશે; પરંતુ તેમાં **રિષભ, ધૈવત** કોમળ છે એટલે તેનો સમાવેશ **ભૈરવ** થાટમાં થાય છે, અને એ સ્વરોથીજ એ રાગ દેશકાર યા ભોપાલીથી જુદો જણાય છે. પ્રચારમાં કહેવાતો બિભાસ જેમાં પ્રયોગમાં **રિષભ, ધૈવત** શુદ્ધ લેવામાં આવે છે, તેનો પ્રભાતીયાથી ઓળખાતા રાગમાં સમાવેશ થાય છે.

દેશકારનું ખાસ અંગ

ધ પ ગ રે સા રે ધ પ ગ – ગ પ ધ સાં –; છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દુર્ગા.

તાલ ત્રિતાલ માત્રા ૧૬ મધ્ય લય.

જય જય દેવી, દુર્ગા ભવાની,
જગત જનની મહિષાં સુર મર્દની.—ધ્રૃા.
સર્વ દુઃખ હરની ભવ ભય કંદની,
શર્ણાંગત હું અભય વર્દાયની.—ધ્રૃા.

સ્થાઇ:—

×	૨	૦	૩	
પમ–પમપધ પ	મ રી રીમપ –	રી મ રીમ પધ	પમ– રી ધસા– –	:
જ ય જ ય	દે – વી –	દુ – ર્ગા ભ	વા – ની –	
×	૨	૦	૩	
રી મ પ –	મપ ધ ધ –	ધસાં ધપ મપ મરી	પમ ધપ મરી સા	
જ ગ ત –	જ ન ની –	મ હિ ષા સુર	મ ર્દ ની –	ધ્રૃા.

અંતરો:—

* ×	૨	૦	૩	
પમ– પ ધ ધ	પધ સાંરીં સાં–	સાંરીં સાંધ પધ પમ	રીમ રીપ મરી સા	:
સ ર્વ દુઃખ	હ ર ની–	ભ વ ભ ય	કં દ ની –	
×	૨	૦	૩	
સાધ સા રી મ	રીમ પધ પ ધ	રીંસાં ધપ મપ મરી	મરી પમ રીધ સા	
શ – ર્ણાં –	ગ ત હું –	અ ભ ય વ	ર્દા ય ની –	ધ્રૃા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દુર્ગાઃ—આ રાગ શંકરાભરણ થાટનો છે એટલે તેમાં સર્વ શુદ્ધ સ્વરો છે. ઓડવ જાતિનો છે. આમાં **ગાંધાર, નિષાદ** વર્જ્ય છે. આ રાગનો વાદિ સ્વર **મધ્યમ** છે, જ્યારે સંવાદિ **ષડજ્** છે. રાત્રિના દ્વિતીય પ્રહરે ગાવાનો પ્રચાર છે. આલાપ યુક્ત છેઃ— ધ – મ – રી, ની સંગતી ઘણી માધુર્ય લાગે છે.

આ રાગમાં, સા રી મ, ના પ્રયોગથી સારંગ તેમજ મલ્લાર નો ભાસ થાય છે, પરંતુ સારંગમાં ગાંધાર ઉપરાંત ધૈવત વર્જ્ય છે, જ્યારે આ રાગમાં ગાંધાર, નીષાદ વર્જ્ય છે. મલ્લારમાં માત્ર ગાંધાર વર્જ્ય થાય છે.

મલ્લારમાં

સા – રી – મ પ મ પ ધ સાં

ધ પ મ, સા રી મ

જ્યારે આમાં

પ મ પ ધ મ રી પ

આ રીતે ચલનથી જુદો પડે છે

આ રાગનું ખાસ અંગ

પ મ પ ધ મ, રી સા ધ, સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શંકરો.

તાલ ઝુમરો. માત્રા ૧૪ વિલંબલય.

આદ માહાદેવ બીન બજાઇ.
પાઇ ન્યામતખાન, કરે કરમ દીખાઇ..................ધ્રૂ.
સપ્ત સુરનકી શ્રુતિ, ઓર મન રીઝવાકો,
ઉન પચાશ કુટ તાનલે; સબ ગુનીયનકો કર દીખલાઇ—ધ્રૂ.

સ્થાઇ:—

૦	૩	×	૨
: પધસાં - ની	પ - નીધ	પસાં - -	ની - - -
આ - દ	મા - હા -	દે - -	વ - - -

૦	૩	×	૨ *
પગ -	રીગ - - ધ	રીગ - -	રીસા - - - :
બી - -	ન - - બ	જા - -	ઇ - - -

૦	૩	×	૨
નીસા - -	ગ - પ -	સાગ - -	રી સા સા -
પા - -	ઇ - - -	ન્યા - -	મ ત ખા ન

૦	૩	×	૨
સા ગ -	પ - - પ	સાં ની -	પ - - -
સ દા -	રં - - ગ	કે - -	ર - - -

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	×	૨	
ગ પ -	ની - - ધ	સાં - -	ની - - - :	
ક ર -	અ - - દી	ખા - -	ઈ - - -	ધ્રુ.

અંતરો:—

* ૦	૩	×	૨
પગ - -	પ - પ -	સાં ની -	સાં - - -
સ - -	પ્ત - સુ -	ર ન -	કી - - -

૦	૩	×	૨
ની - -	સાં - - -	પ ગ -	ધ - પ -
શ્રુ - -	તિ - - -	ઓ ર -	મ - ન -

૦	૩	×	૨
રી ગ -	રી - સા -	સા સા સા	ગ - - પ
રિ ઝ -	વા - કો -	ઉ ન પ	ચા - - શ

૦	૩	×	૨
રી ગ -	રી - - સા	ની સા -	ગ ગ પ પ
કુ ટ -	તા - - ન	સ બ -	ગુ ની ય ન

૦	૩	×	૨	
ની - -	પ પ ની ધ	સાં - -	ની - - -	
કો - -	ક ર દી ખ	લા - -	ઈ - - -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શંકરો:—આ રાગ શંકરાભરણ થાટનો છે એટલે આમાં સર્વ શુદ્ધ સ્વરોજ છે. વળી **ષાડવ જાતિનો** છે, અને **મધ્યમ** વર્જ્ય છે. આ રાગનો **વાદી** સ્વર **ષડજ** છે, તે ન્યાયે એ રાગ **રાત્રિનો** માન્યો છે. વાદી સ્વર **ષડજ** હોઇ **પંચમ સંવાદી** છે. વળી **ગાંધાર** પણ આ રાગમાં મહત્વનો સ્વર છે, તેથી કેટલાક **ગાંધારને** પણ **વાદી** સ્વર માને છે, એટલે રાત્રિએ ગાવાનો પ્રચાર યથાયોગ્યજ છે. **ષડજને** વાદી માનતાં **પંચમ**, અને **ગાંધારને** વાદી માનતાં **નિષાદ**, સંવાદી થઇ શકે છે. એ ઉભય સ્વરો સરખી રીતેજ મહત્વના છે. પૂર્વાંગમાં પૂર્વાંગના સ્વરો સાથે **ગાંધારનો**, અને ઉત્તરાંગમાં ઉત્તરાંગના સ્વરો સાથે **નિષાદનો** કુશળતાએ યથાયોગ્ય પ્રયોગ કરતાં, રાગ માધુર્યમાં વૃદ્ધિ થાય છે. આ રાગ ગંભીર પ્રકૃતિનો અને આલાપ યુક્ત છે.

આ રાગના ઓડવ, ષાડવ, સંપૂર્ણ એમ ત્રણ પ્રકારો પ્રચારમાં છે, પરંતુ તે પૈકી ષાડવ રૂપ વધારે યોગ્ય અને ઉચિત છે.

કેટલાકની આ રાગના ઓડવ ષાડવ અને સંપૂર્ણ પ્રકારો હોવાની માન્યતા છે; એટલે તેમની તથા અમારી માન્યતા અનુસાર રૂપના રાગનાં અંગો નીચે પ્રમાણે છેઃ—

શંકરાનું ઓડવ રૂપે,

સાં ની – પ – ની ધ સાં – નીં –

પ ગ – સા ગ પ – ગ – સા –

એવું સ્વર સ્વરૂપ છે અને તેમાં સા ગ પ – ગ – સા – એ સ્વરોથી **માલશ્રીનો** ભાસ થાય છે; પરંતુ એ સ્વરસમૂહ સાથે, સાં ની – પ – ની ધ સાં ની – સ્વરસમૂહ લેતા તે માલશ્રીથી અન્ય ભાસે છે. માલશ્રી ઓડવ છે અને તેમાં **રિષભ**

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધૈવત વર્જ્ય છે. આ રાગના ઓડવ રુપમાં રિષભ અને મધ્યમ વર્જ્ય છે.

શંકરાનું ષાડવ રુપ કરતાં તેનું ખાસ અંગ,

સાં ની – પ – ની ધ સાં – ની –

પ ગ – રી ગ – રી સા –

એ પ્રમાણે છે.

આ રાગનુ સંપૂર્ણ રુપ લેતાં તેનું ખાસ અંગ,

સાં ની – પ – ની ધ સાં – ની –

મંપ રે ગ – રે સા –

એ પ્રમાણે છે. આને શંકરા અરણ પણ કહે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગુણકલી. પ્રકાર ૧

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

આ સર્વ મનતા, કરતા સો નર રચો,
રચો પાક નબિચે સુજાન.—ધ્રુ.
આલે મન નબિચન, પાક મન મૌલા.
કલમા મન કલમા કુરાન.—ધ્રુ.

સ્થાયીઃ—

×		૨			૦		૩		
નીધ	ની	સા	-	ની	ની	ધ	નીધ	-	પ
આ	-	સ	-	ર્વ	મ	ન	તા	-	-

×		૨			૦		૩		
પ	સા	ધ	સા	ગ	રી	સા	ધની	રી	સા
ક	ર	તા	-	સો	ન	ર	ર	ચો	-

×		૨			૦		૩		
સા	ગ	ગ	-	પ	પગ	ગ	રી	-	સા
ર	ચો	પા	-	ક	ન	બિ	ચે	-	સુ

×		૨			૦		૩		
ગરી	ગરી	સા	ની	ધ	ધની	રીસા	પગ	રીસા	સા
જા	-	-	-	-	-	-	ન	-	-

ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

×		૨			૦		૩		
પ	-	સાં	સાંધ	ની	રીં	સાં	રીંસાંની	-	સાં
: આ	-	લે	મ	ન	ન	બિ	ય	-	ન
×		૨			૦		૩		
ની	સાં	ગં	રીં	સાં	નીધ	નીધ	પ	-	ગ :
પા	-	ક	મ	ન	મૈ	-	લા	-	-
×		૨			૦		૩		
ગ	ગ	પ	પ	ધ	પ	ગ	પ	ગ	રી
ક	લ	મા	મ	ન	ક	લ	મા	-	કે
×		૨			૦		૩		
નીરી	સાગ	પધ	પ	સાં	સાંની	ધપ	ગ	રી	સા
રા	-	-	-	-	-	-	ન	-	-

કૃ.

ગુણકલી:—

આ રાગ શંકરાભરણુ થાટનો છે. જાતિ ષાડવ છે. મધ્યમ વર્જ્ય છે. કેટલાક શુદ્ધ મધ્યમ ને અવરોહમાં અલ્પ, વક્રગતિમાં લે છે. એટલે ગ – મ – રી – સા. કરે છે. વાદી સ્વર ષડજ છે. એ નિયમે કોઇપણ સમયે ગવાય પરંતુ સવારે ગાવાનો પ્રચાર છે. સંવાદી પંચમ થશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં દેશકાર, ભુપાલી તથા શુદ્ધ કલ્યાણનો ભાસ થાય છે. પરંતુ આ રાગ તે રાગોથી જુદો પડે છે.

ગ પ ધ પ ગ રી સા

સ્વરસમૂહથી દેશકારનો તેમજ ભુપાલીનો ભાસ થાય છે. પરંતુ દેશકાર તથા ભુપાલીમાં 'મ ની' વર્જ્ય છે અને ઓડવ છે. જ્યારે આમાં માત્ર 'મ' વર્જ્ય છે. એટલે આ રીતે જુદો પડે છે.

શુધ્ધ કલ્યાણ ઓડવ, સંપૂર્ણ છે. જ્યારે આ ષાડવ છે. એટલે એ રીતે જુદો પડે છે.

આ રાગનું ખાસ અંગ.

સા ની ધ ની રી સા ગ પ સાં

ની ધ પ ગ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હેમ કલ્યાણ.

તાલ તિલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

હૈંયારે મેં કેસે કરૂં.
અપને તો જીયા કો, કલના પરત—ધૃ.
અજ હુ ન આયે રંગકે રસીલે,
મોરી ખબર ના લીની—ધૃ.

સ્થાયી:—

૩	×	૨	૦	
સા ધ઼ - પ઼	પ઼ - - ;	સા - ગ મ	પ - - -	
હૈં યા - રે	મેં - - ;	કે - સે ક	રૂં - - -	
૩	×	૨	૦	
ધ પ ગ મ	ગ મ પ -	સા ગ મ પ	ગ મ રી સા	
અ પ ને તો	જી યા કો -	ક લ ના -	પ ર - ત	ધૃ.

અંતરો:—

૩	×	૨	૦	
ગ ગ પ પ	ધ પ સાં -	સાં ધ પ પ	ગ મ ગ -	
અ જ હુ ન	આ - યે -	રં ગ કે ર	સી - લે -	
૩	×	૨	૦	
સા મ ગ પ	પ પ ધ પ	સા ગ મ પ	ગ મ રી સા	
મો - રી -	ખ બ ર ના	લી - - -	ની - - -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હેમ કલ્યાણઃ—

આ રાગ **ષાડવ** શંકરાભરણ થાટનો **શુદ્ધ સ્વરોનો** છે. જો કે કલ્યાણના પ્રકારો પૈકીંનો એક છે, છતાં આમાં માત્ર **શુદ્ધ મધ્યમ** આવતો હોવાથીજ, આનો આ થાટમાં સમાવેશ થાય છે. આ રાગનો **વાદી** સ્વર **ષડજ** છે, તેમજ વલણ કલ્યાણ તરફ હોવાથી, **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. આ રાગની પ્રકૃતિ ગંભીર છે, તેમજ આલાપ યુક્ત રાગ ગણી શકાય. વાદી સ્વર ષડજ છે, એટલે નિયમાનુસાર **પંચમ સંવાદી** સ્વર થઇ શકે, અને રાગમાં યથાયોગ્ય રીતે એ સ્વરોનો પ્રયોગ કરતાં, રાગ આનંદદાતા બને છે અને રાગનું રૂપ વ્યક્ત થાય છે.

આ રાગને **સાવની કલ્યાણ**, અને **મલુહા**, રાગો સાથે ઘણો મેલાપ છે. સાવની કલ્યાણમાં મંદ્રસપ્તકમાં,

ની઼ રી સા ની઼ ધ઼ પ઼

થાય છે, જ્યારે હેમ કલ્યાણમાં મંદ્રસપ્તકમાં

સા ધ઼ પ઼

સ્વરો આવતા હોવાથી એ બે રાગો જુદા જણાય છે.

મલુહામાં મંદ્રસપ્તકમાં,

ની઼ રી સા પ઼ ની઼ સા

સ્વરસમૂહ આવે છે, અને હેમ કલ્યાણમા ઉપર જણાવ્યા પ્રમાણે

સા ધ઼ પ઼

સ્વરસમૂહ આવતો હોવાથી એ બે રાગો પરસ્પર જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ.

સા ગ મ પ ગ મ રી સા – ધ઼ – પ઼ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દેવગિરિ બિલાવલ.

તાલ ઝુમરા. માત્રા ૧૪ વિલંબલય.

બના બ્યાહુન આયા,
નીકી બનો કે કારન, શિષ સેહેરા બંધાયા.—ધૃ.
ધન ઘડી, ધન રાત, માઈરી; આજ સોહાગકી રાત.—ધૃ.

સ્થાયી:—

૦	૩	×	૨ *
મ રી સા	નીધ - સા રી	ગ રી મ	ગ - - -
બ ના -	બ્યા - હુ ન	આ - -	યા - - -

૦	૩	×	૨
સા ગ મ	પ - ની ધ	પ - -	ગ મ ગ -
ની કી બ	નો - કે -	કા - -	ર - ન -

૦	૩	×	૨	
મ રી -	સા નીધ સા રી	રીગ મ -	ગ - - -	
શિ ષ -	સે હે રા બં	ધા - -	યા - - -	ધૃ.

અંતરો:—

* ૦	૩	×	૨
ગ પ પ	ની - ની રીં	સાં - સાં	ગં મં રીં -
ધ ન ઘ	ડી - ધ ન	ભા - ગ	જા - ગે -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	×	૨	
સાંની ધ -	ની - સાં -	ની ધ -	પ - ; સા	
આ - -	ઈ - રી -	આ - -	જ - ; સો	

૦	૩	×	૨	
મ ગ -	પ - ની -	ધ પ મ	ગ - - -	
હા - -	ગ - કી -	રા - -	ત - - -	ધ્રુ.

દેવગિરિ બિલાવલ:—

બિલાવલના કેટલાક પ્રકારો પૈકીનો આ એક **સંપૂર્ણ** પ્રકાર છે, અને આમાં સર્વ **શુદ્ધ સ્વરો** આવતા હોવાથી આ થાટમાં આનો સમાવેશ થાય છે. આ રાગનો **વાદી** સ્વર ષડજ છે. ગમે તે સમયે ગવાતા રાગનો ષડજ વાદી સ્વર થઇ શકે છે એ નિયમે આ રાગ **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. ષડજ વાદી થવાથી **પંચમ સંવાદી** થશે અને એ સ્વરોનો સાવકાશ ઉપયોગ કરતાં રાગ માધુર્યમાં વૃદ્ધિ થાય છે.

શુદ્ધ કલ્યાણ, ગૌડસારંગ અને **બિલાવલ** રાગોથી આ રાગનો મેલાપ છે, પરંતુ તે દરેકથી તે નિરાળો જણાય છે.

આ રાગમાં,

રી સા નીધ સા

એ સ્વરસમૂહથી શુધ્ધ કલ્યાણનો ભાસ થાય છે પરંતુ શુદ્ધ કલ્યાણમાં મધ્યમ તીવ્ર છે એટલે આ રાગથી તે જુદો પડે છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં,

રી ગ મ ગ

સ્વરસમૂહથી ગૌડ સારંગનો ભાસ થશે પરંતુ ગૌડ સારંગમાં પણ શુદ્ધ ઉપરાંત તીવ્ર મધ્યમ છે જ્યારે દેવગિરિ બિલાવલમાં શુદ્ધ મધ્યમ છે. કેટલાકની માન્યતા આ રાગમાં તીવ્ર મધ્યમ પણ લેવાની છે. ગૌડ સારંગનું મંદ્રસપ્તકમાં ચલણ નથી જ્યારે દેવગિરિ બિલાવલનું ચલણ મંદ્રસપ્તકમાં પણ છે.

વળી આ રાગમાં,

સાં ની ધ પ મ ગ – મ રી સા

સ્વરસમૂહથી બિલાવલનો ભાસ થશે. આ રાગ બિલાવલનો એક પ્રકાર છે અને તેથી બિલાવલનું અંગ તેમાં વ્યક્ત થાય એ સંભવિત છે.

આ રાગનું ખાસ અંગ

મ રી સા નીધ – સા રી ગ મ ગ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સુરપરદા બિલાવલ.

તાલ ત્રીતાલ. માત્રા ૧૬ મધ્યલય.

તિહારે સૈંયા, ઘુંઘરવાલે બાલ,
ઘુંઘરવાલે બાલ,............................ધ્રૂ.
તુમારે શિરપર કારે કારે, લટ નાગનસે કારે.—ધ્રૂ.
સનદ પિયા તુમ પ્રેમ દીખાકે, મન મોહન કેસો જાતે.—ધ્રૂ.

સ્થાયી:—

	૨	૦	૩	×
સા	રી ગ મ ધ	- ગમ - રી	સા - ગ મ	પ - -
તિ	હા રે સૈં યા	- ઘું - ઘર	વા - લે -	બા - લ

	૨	૦	૩	×
;	; ગ મ પ	ની - સાં -	ધ પ મ ગ	; ; ;
;	; ઘું ઘ ર	વા - લે -	બા - - લ	; ; ;

	૨	૦	૩	×	
સા	રી ગ રી મ	; ગ મ રી	સા - ગ મ	પ - -	
તિ	હા રે સૈં યા	; ઘું ઘ ર	વા - લે -	બા - લ	ધ્રૂ.

અંતરો:—

*	૨	૦	૩	×
;	; ; ; ;	; ગ ગ મ	ધ પ ધ ધ	; ધ -
;	; ; ; ;	; તુ મા રે	શી ર પ ર	; કા -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૨	૦	૩	×	
ધ	ધ - પ -	; ગમ ધ -	સાં ની ધ પ	મ - ગ	
રે	કા - રે -	; લટ ના -	ગ ન સે -	કા - રે	ધ્રૂ.

અંતરો:—

*	૨	૦	૩	×
;	; ; ; ;	; ગમ ગ મ	ધ - ધ ધ	; ધ પ
;	; ; ; ;	; સન દ પિ	યા - તુ મ	; પ્રે મ

	૨	૦	૩	×	
ધ	ધ - પ -	; ગમ ધ -	સાં ની ધ પ	મ - ગ	
દી	ખા - કે -	; મન મો -	હ ન કે સે	જા - તે	ધ્રૂ.

સુરપરદા બિલાવલ:—

આ રાગ બિલાવલના કેટલાક પ્રકારો પૈકીનો એક **સંપૂર્ણ** પ્રકાર છે તેમજ આમાં સર્વ **શુદ્ધ સ્વરો** હોવાથી આનો આ થાટમાં સમાવેશ થાય છે. કોઇ કોમળ નિષાદને વિવાદી રૂપે માને છે. આ રાગનો **વાદી** સ્વર **ષડજ** છે જે ગમે તે સમયે ગવાતા રાગનો વાદી સ્વર થઇ શકે છે તેથી, તેમજ આ રાગ બિલાવલનો પ્રકાર હોવાથી આ **સવારનો** રાગ ગણવામાં આવ્યો છે. **ષડજ** વાદી થતાં **પંચમ સંવાદી** થશે. પ્રકૃતિ સાધારણ રીતે ચંચળ છે.

આ રાગમાં કેટલીક જગ્યાએ **બિહાગ, અલૈયા બિલાવલ,** અને **ગૌડના** અંગો હોવાથી તે તે સ્થાને તે તે રાગનો ભાસ થાય છે. છાયાલાગ એટલે મિશ્ર રાગ જેનો આ એક નમુનો છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં,

સા ગ મ પ

સ્વરસમૂહથી બિહાગનો ભાસ થાય છે. પરંતુ બિહાગમાં તીવ્ર મધ્યમ વિવાદી છે, તે કલ્યાણ થાટનો છે, અને રાત્રિનો હોવાથી જુદો જણાય છે. તેમ બિહાગનો વાદી સ્વર ગાંધાર છે.

આ રાગમાં,

સાં ની ધ પ મ ગ

સ્વરસમૂહથી અલૈયા બિલાવલનો ભાસ થાય છે, પરંતુ અલૈયા બિલાવલમાં કોમળ નિષાદ, અનુવાદી રૂપે આવતો હોવાથી એ પ્રમાણે જુદો જણાય છે.

આ રાગમાં,

રી ગ રી મ ગ

સ્વરસમૂહથી કેટલેક અંશે ગૌડનો ભાસ થાય છે, જે સ્વરસમૂહો ગૌડ સારંગ તથા ગૌડ મલ્લારમાં જોવામાં આવે છે. પરંતુ સુરપરદામાં બિહાગનું સ્વરૂપ જણાય છે એટલેજ આ રાગ જુદો જણાય છે.

આ રાગનું ખાસ અંગ.

સા રી ગ મ ધ પ ગ મ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મલુહા કેદાર.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

શેકો ન મન મોહન, મોરી ડગરીયાં.—
આયે હો બાંધ બાંકી પઘરીયાં.—ધ્રૃ.
ના મતિ બોલે, ના મતિ ચાલે,
સિર પર ભારી, મોરે ગગરીયાં.—ધ્રૃ.

સ્થાયી:—

×	૨	૦	૩	×	૨	૦	૩	*
ની રી	સા - પ	મ પ	ની સા સા	સાં -	પ - મ	ગ મ	રી - સા	
શે -	કો - ન	મ ન	મો હ ન	મો -	રી - ડ	ગ રી	યાં - -	

×	૨	૦	૩	×	૨	૦	૩	
મ -	ગ - પ	ની -	સાં - -	પ -	ગ મ પ	ગ મ	રી સા -	
આ -	યે - હો	બાં -	ધ - -	બાં -	કી - પ	ધ રી	યાં - -	ધ્રૃ.

અંતરો:—

* ×	૨	૦	૩	×	૨	૦	૩	
પ -	સાં - સાં	ની રીં	સાં - -	ની -	રીં - સાં	ની ધ	પ - -	
ના -	મ - તિ	બો -	લે - -	ના -	મ - તિ	ચા -	લે - -	

×	૨	૦	૩	×	૨	૦	૩	
મ ગ	પ - પ	સાં -	ની ધ પ	ગ મ	પ - ગ	મ રી	સા - -	
સિ ર	પ - ર	ભા -	રી - -	મો -	રે - ગ	ગ રી	યાં - -	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

મલુહા કેદારઃ—

આ રાગ જો કે કેદારના પ્રકારો પૈકીનો એક છે, પરંતુ આમાં માત્ર **શુદ્ધ મધ્યમજ** આવતો હોવાથી, તેમજ આ થાટ પણ **શુદ્ધ સ્વરોનો** હોવાથી, આ થાટમાં સમાવેશ થાય છે. આ રાગ **ઔડવ સંપૂર્ણ** પ્રકારનો છે, આરોહમાં **રિષભ ધૈવત** વર્જ્ય છે. **વાદી** સ્વર **ષડજ** છે, એટલે પૂર્વાંગ વાદી હોવાથી **રાત્રે દ્વિતીય પ્રહરમાં** ગાવાનો પ્રચાર છે. ગંભીર પ્રકૃતિનો અને આલાપ યુક્ત રાગ છે. વાદી સ્વર **ષડજ** છે, એટલે **પંચમ સંવાદી** સ્વર થાય એ સ્વાભાવિક છે, અને ષડજ પંચમનો યથા યોગ્ય પ્રયોગ રાગની મહત્તા વધારે છે. આ રાગમાં આવતા ઉત્તરાંગના મંદ્રસપ્તકના સ્વરોનો સમૂહથી, રાગ વ્યક્ત થાય છે.

આ રાગને મળતા, **જલધર** કેદાર, **સાવની કલ્યાણ**, અને **હેમકલ્યાણ** રાગો છે પરંતુ તે દરેકમાં થોડો થોડો તફાવત હોવાથી જુદા પડે છે જેમકે:—

આ રાગમાં મંદ્રસપ્તકમાં,

ની઼ રી સા પ઼ મ઼ પ઼ ની઼ સા,

એવો પ્રયોગ થાય છે. જ્યારે જલધરમાં, એજ સપ્તકમાં,

ની઼ રી સા ધ઼ પ઼ ગ઼ મ઼ પ઼ ની સા,

સ્વરસમૂહ આવે છે એટલે એ રીતે મલુહાથી જુદો પડે છે.

સાવની કલ્યાણમાં મંદ્રસપ્તકમાં

ની઼ રી સા ની઼ ધ઼ પ઼

સ્વરસમૂહ છે.

જ્યારે મલુહામાં

ની઼ રી સા પ઼, મ઼ પ઼

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થાય છે. વળી આગળ જતાં શ્યાવની કલ્યાણમાં બિહાગનું અંગ જણાય છે જ્યારે મલુહામાં સા, પ, પ્રયોગથી કદાચ કામોદનો ભાસ થાય છે.

હેમ કલ્યાણમાં મંદ્રસપ્તકમાં

સા ધ઼ – પ઼ – સા

એવો પ્રયોગ થાય છે, અને મલુહાનો સ્વરસમૂહ નિરાળોજ છે એટલે એ એ રાગો સહજ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

ની઼ રી સા – પ઼ – મ઼ પ઼ – ની઼ સા, સા પ

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તિલક કામોદ.

તાલ પંજાબી. માત્રા ૧૬ મધ્યલય.

મંગલ કરન, સુંદર ગજગામિની.
નિર્મલ ગાત્ર ભરી મન કામિની.—ધૃ.
ચત્ર ફીરતી ઠેરી મોરી દામિની.
અલક જોગ પૂરન ભયો ભામિની.—ધૃ.

સ્થાયી:—

'	०	૩	×	૨ *
પ઼ ની઼ સા	રી ગ રી મ	ગ રી સા રી	ગ - સા ની઼	-
મં ગ લ	ક ર ન સું	દ ર ગ જ	ગા - મિ ની	-

	०	૩	×	૨	
ની઼ ની઼ સા	રી - મ પ	સાં - ધ મ	ગ - સા ની઼	-	
નિ ર્મ લ	ગા - ત્ર ભ	રી - મ ન	કા - મિ ની	-	ધૃ.

અંતરો:—

*	०	૩	×	૨
મ મ પ	સાં - - સાં	ગં - રીં મં	ગં - સાં ની	-
ચ ત્ર ફીર	તી - - ઠે	રી - મો રી	દા - મિ ની	-

	०	૩	×	૨	
સાં ગં રીં મં	ગં રીં ની સાં	પ સાં પ ધ	મ ગ સા ની઼	-	
અલ ક જો	- ગ પૂ -	ર ન ભ યો	ભા - મિ ની	-	ધૃ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તિલક કામોદ:—

સંપૂર્ણ પ્રકારનો આ રાગ સર્વ શુદ્ધ સ્વરોનો છે તેથી આનો સમાવેશ શંકરાભરણ થાટમાં થાય છે. કેટલાકના મત પ્રમાણે કોમળ નિષાદ લઇ ખમાજ થાટમાં સમાવેશ કર્યો છે. આ રાગમા આરોહમાં ધૈવત વર્જ્ય થાય છે અને અવરોહમાં રિષભ વક્રત્વ પામે છે. વાદી સ્વર ષડજ છે, તેથી તેમજ આ રાગનું બિહાગ અને દેશ તરફ કેટલેક અંશે વલણ છે એટલે રાત્રે દ્વિતીય પ્રહરે ગાવાનો પ્રચાર છે. પંચમ સંવાદી છે. આ રાગ ગંભીર પ્રકૃતિનો હોવાથી આલાપ કરવાનું સરળ પડે છે. આ રાગમાં આવતા મંદ્રસપ્તકના ઉત્તરાંગના સ્વરો સાથે મધ્ય સપ્તકના પૂર્વાંગના કેટલાક સ્વરોથી રાગનું યથાસ્થિતરૂપ વ્યક્ત થાય છે, અને તેમ કરવામાં નિષાદનું વિશેષ પ્રાબલ્ય સહજ માલૂમ પડે છે. આગળ ન્યાસ સ્વર વિષે જણાવ્યા પ્રમાણે આ રાગમાં ન્યાસ સ્વર નિષાદ છે. ન્યાસ સ્વરનું આ એક દૃષ્ટાંત છે; આવા ગ્રહ ન્યાસના નિયમો આધુનિક કાળમાં જળવાતા જુજ જોવામાં આવે છે. આ રાગમાં બિહાગ, દેશ અને બિહારીનો કેટલેક સ્થાને ભાસ થાય છે, પરંતુ નીચે પ્રમાણે જુદો પડે છે:—

બિહાગમાં પ઼ ની઼ સા ગ

એ પ્રમાણે સ્વરસમૂહ આવે છે જ્યારે આમાં

પ઼ ની઼ સા રી ગ સા ની઼

થાય છે તેથી જુદો પડે છે. તેમજ નિષાદ આ રાગમાં મહત્વનો છે.

આ રાગનો અંતરો શરૂ થતાં દેશનો ભાસ થાય છે.

રી મ પ સાં

પરંતુ દેશમાં

રી મ પ ની સાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થાય છે, એટલે દેશથી જુદો પડે છે.

બિહારીમાં,

સા રી મ પ ધ

થાય છે જ્યારે આ રાગમાં,

સા રી મ પ સાં

થાય છે.

તેમજ બિહારીમાં કોમળ નિષાદનો પ્રયોગ સાવકાશે થાય છે અને તેથી જુદો જણાય છે.

આ રાગનું ખાસ અંગ
પ઼ ની઼ સા રી ગ સા ની઼ છે.

બિહાગડો.

તાલ ઝુમરો. માત્રા ૧૪ વિલંબલય.

રેન દિના કેસે કટેરી દૈયાં.
ના મોરે આયે હે સૈયાં.—ધ્રૃ.
દરશ પિયા બીન હોત મલીન અતિ,
પલ પલ દેહ ઘટેરી દૈયાં.—ધ્રૃ.

સ્થાયીઃ—

×			૨				૦			૩			
સા	-	-	ગ	-	-	મ	પ	-	-	ની	-	ધ	ધ
રે	-	-	ન	-	-	દિ	ના	-	-	કે	-	સે	ક

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩ *
સાં - ની	ધ - પ -	મ ગ -	રી - સા -
રે - -	રી - - -	હૈં - -	યાં - - -

×	૨	૦	૩
સા - -	ગ - મ -	પ - -	ની - - -
ના - -	મો - રે -	આ - -	યે - - -

×	૨	૦	૩	
ધ ની સાં	ધ પ મ -	ગ - મ	રી - સા -	
હે - -	- - - -	સૈં - -	યાં - - -	ધ્રુ.

અંતરો:—

* ×	૨	૦	૩
ગ ગ -	પ - - ની	ધ ની સાં	સાં - સાં -
દ ર -	શ - - પિ	યા - -	બી - ત -

×	૨	૦	૩
ની - -	ની - - ધ	સાં - ની	ની - ની -
હો - -	ત - - મ	લી - ન	અ - તિ -

×	૨	૦	૩
- - -	મ ગ મ ગ	પ - -	ની - - ધ
- - -	પ લ પ લ	હે - -	હ - - થ

×	૨	૦	૩	
સાં - -	ની - ધ -	પ મ -	ગ રી સા -	
રે - -	રી - - -	હૈં - -	યાં - - -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિહાગડોઃ—

આ રાગ સંપૂર્ણ છે. આમાં સર્વ શુદ્ધ સ્વરો આવતા હોવાથી આ થાટમાં આને મુક્યો છે. વાદી સ્વર મધ્યમ છે તેમજ બિહાગને કેટલેક અંશે મળતો હોવાથી રાત્રે દ્વિતીય પ્રહરમાં ગાવાનો પ્રચાર છે. આ રાગની પ્રકૃતિ ગંભીર છે એટલે આલાપ થઇ શકે છે. આ રાગનો વાદી સ્વર પૂર્વાંગનો છે, છતાં આનુ સ્વરૂપ અને મહત્વ ઉત્તરાંગમાં વ્યક્ત થાય છે. વાદી સ્વર મધ્યમ છે એટલે સંવાદી નિષાદ થશે, અને એમ મધ્યમ નિષાદને અધિકાર અનુસાર મહત્તા આપવાથી, રાગ વિશેષ સ્પષ્ટ થાય છે. કોમળ નિષાદ વિવાદી રૂપે લેવાનો મત પણ જોવામાં આવે છે.

આ રાગ સાથે શંકરો, બિહાગ અને બિલાવલ રાગો કેટલેક અંશે મળે છે. આ રાગમાંઃ—

પ ની ધ સાં

સ્વરસમૂહથી શંકરાનો ભાસ થવો સંભવિત છે, પરંતુ શંકરો ષાડવ હોઇ મધ્યમ વર્જ્ય છે, જ્યારે આ રાગ સંપૂર્ણ છે.

આ રાગમાંઃ—

સા ગ મ પ

સ્વરસમૂહથી બિહાગની છાયા આવે છે, પરંતુ બિહાગમાં વાદી ગાંધાર છે. જ્યારે આ રાગમાં વાદી સ્વર મધ્યમ છે. એ રીતે બિહાગમાં ગાંધાર અને બિહાગડામાં મધ્યમને મહત્વ આપ્યું છે. વળી બિહાગમાં તીવ્ર મધ્યમ તથા શુધ્ધ મધ્યમ છે, જ્યારે આમાં માત્ર શુદ્ધ મધ્યમજ છે. બિહાગનો આરોહ,

સા ગ મ પ ની સાં

છે જ્યારે આમાં ધૈવત વક્રત્વ પામતો હોવાથી,

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સા ગ મ પ ની ધ સાં

એ પ્રમાણે આરોહ થાય છે.

પ મ – ગ રી સા

સ્વરસમૂહથી કાંઇક બિલાવલનો ભાસ થાય છે, પરંતુ બિલાવલમાં.

સા રી ગ પ

થાય છે, જ્યારે આ રાગમાં,

સા ગ મ પ

થાય છે. આ રાગનું ખાસ અંગ.

સા ગ મ પ – ની ધ સાં ની ધ પ – મ – ગ રી સા

એ પ્રમાણે છે.

સાવની કલ્યાણ.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

દેવ દેવ સતસંગ, નિજ અંગ શ્રીરંગ,
બાબા ગંગ કારન શરન શિવકે આયે.—ધ્રૂ.
જયને બાબા દિગંબરી, પલ્લવ સમાચે સિદ્ધ,
સદા ભક્ત રહેહેં, જગત નિઃશશે, જટા ગંગ ધારી.—ધ્રૂ.

સ્થાયીઃ—

×		૨			૦		૩		
ની	રી	સા	-	ની	ધ	પ	ની	-	સા :‖
દે	વ	દે	-	વ	સ	ત	સં	-	ગ

×		૨			૦		૩		
સા	સા	સા	-	સા	સા	ગ	મ	-	ગ
નિ	જ	અં	-	ગ	શ્રી	-	રં	-	ગ

×		૨			૦		૩		
સા	સા	ગ	-	મ	મ	પ	પ	-	પ
બા	બા	ગં	-	ગ	કા	-	ર	-	ન

×		૨			૦		૩		
સાં -	સાં	પ	ધ	પ	મ	ગ	સા	-	-
શ ર	ન	શિ	વ	કે	આ	-	યે	-	- ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

*×		૨			૦		૩			
ગ	મ	પ	-	પની	સાં	સાં	સાં	-	-	
જય	તે	બા	-	બાદ્દિ	ગં	બ	રી	-	-	
×		૨			૦		૩			
પ	-	ની	સાં	ની	સાં	સાં	પ	-	પ	
પ	-	લ્લ	વ	સ	મા	યે	સિ	-	દ્ધ	
×		૨			૦		૩			
મ	ગ	પ	પ	મ	ગ	-	સા	-	-	
સ	દ્દા	ભ	ક્ત	ર	હે	-	હેં	-	-	
×		૨			૦		૩			
સા	ગ	ગ	મ	પ	સાં	-	સાં	-	-	
જ	ગ	ત	-	નિ	શં	-	શે	-	-	
×		૨			૦		૩			
પ	ધ	પ	-	મ	પ	-	ગ	-	સા	
જ	ટા	ગં	-	ગ	ધા	-	રી	-	-	ધ્રુ.

સાવની કલ્યાણ:—

આ રાગ જો કે કલ્યાણના પ્રકારો પૈકીનો એક છે પરંતુ આમાં માત્ર **શુદ્ધ મધ્યમજ** આવતો હોવાથી તેમજ આમાં સર્વ **શુદ્ધ સ્વરો** હોવાથી આ થાટમાં આનો સમાવેશ થાય છે. એ સંપૂર્ણ જાતિનો છે. આ રાગનો **વાદી** સ્વર ષડજ છે એટલે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કોઈપણ વખતે તે ગાઇ શકાય છે. વળી આ રાગની પ્રકૃતિ ગંભીર છે અને આલાપ સુગમતાએ થઇ શકે છે. આ રાગ મંદ્રસપ્તકના સ્વરોમાં વ્યક્ત થાય છે. વાદી ષડજ હોવાથી **સંવાદી પંચમ** છે અને એ બે સ્વરોનો યથાસ્થિત પ્રયોગ રાગ માધુર્યમાં વૃદ્ધિ કરે છે.

મલુહાકેદાર, જળધરકેદાર, અને **હેમકલ્યાણ** એ રાગો આ રાગને ઘણા મળતા છે, કારણ કે એ સર્વ રાગો મુખ્યત્વે કરીને મંદ્રસપ્તક ઉત્તરાંગમાંજ વ્યક્ત થાય છે અને તેઓની પ્રકૃતિ પણ સરખીજ છે. આ પ્રત્યેક રાગથી સાવનીકલ્યાણ શી રીતે જુદો પાડી શકાય છે તે, તે રાગોની ટીકા જોવાથી જાણી શકાશે. આ રાગનું ખાસ અંગ નીચે પ્રમાણે છેઃ—

પ – સાં પ ધ પ મ ગ –

ભત્રસાખ.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

એ તેરો જોબન રૂપ,
બિધિને આપ બનાયો.—ધૃ.
એસી તું અધિક તપશ્યા,
કીનો તાહીસે પાયો.—ધૃ.

સ્થાયીઃ—

૦		૩			×		૨		
પ	–	<u>ધપ</u>	<u>ધમ</u>	ગ	રી	સા	મ	–	મ
એ	–	તે	–	રો	જો	–	બ	–	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

०		३			×		૨		
ગમ	પ	ધમ	ગ	રી	સા	ની	રી	-	સા
રૂ	પ	એ	બિ	-	ધિ	-	ને	-	-

०		३			×		૨		
મ	-	પ	ધ	પધ	સાંની	ધપ	મ	ગરી	સા
આ	-	પ	-	બ	ના	-	ચે	-	-

ધ્રુ.

અંતરો:—

०		३			×		૨		
પ	-	ધપ	ધમ	પધ	સાં	સાં	સાંધ	-	સાં
એ	-	તે	-	રો	એ	સી	તું	-	અ

०		३			×		૨		
સાં	રીં	સાંની	ધ	પ	ધ	-	સાં	-	સાં
ધિ	ક	ત	પ	-	શ્યા	-	કી	-	નો

०		३			×		૨		
ધપ	ધ	સાં	-	રીં	સાં	-	મ	-	-
તા	-	હી	-	સે	પા	-	ચે	-	-

ધ્રુ.

ભવસાખ:—

આ થાટના વક્ર **ઓડવ સંપૂર્ણ** પ્રકારનો રાગ છે. વાદી સ્વર **મધ્યમ છે.** સંવાદી **ષડજ** થશે. **સવારે** ગાવાનો પ્રચાર છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં દુર્ગાનો ભાસ થાય છે. પરંતુ તે રાગથી આ જુદો પડે છે.

આ રાગમાં

સાં મ પ ધ સાં

સ્વરસમૂહથી દુર્ગાનો ભાસ થાય છે. પરંતુ તેમાં ગાંધાર, નિષાદ વર્જ્ય છે, જ્યારે આ રાગમાં આરોહે રિષભ, ગાંધાર અને નિષાદનો લોપ છે, જ્યારે અવરોહ સંપૂર્ણ છે.

આ રાગનું ખાસ અંગ

સા મ – પ ધ સાં ની ધ પ મ ગ રી ની રી સા

આશાગોડી.

તાલ દીપચંદી. માત્રા ૧૪ મધ્યલય.

રામ ભજન કર લીજે, જીયરા,
રામ ભજન કર લીજે, જીયરા.—ધ્રૃ.
રામ ભજન, યમ પાસ ન લાગે,
નિશ દિન ધ્યાન ધરીજે, જીયરા.—ધ્રૃ.

સ્થાયી:—

×			२				०			३			
પ	ધ	–	મ	–	–	ગ	રી	રી	–	ગ	–	સા	–
રા	–	–	મ	–	–	ભ	જ	ન	–	ક	–	ર	–

×			२				०			३			
રી	ગ	–	સા	–	–	–	રી	ગ	–	મ	પ	ધ	–
લી	–	–	જે	–	–	–	જી	ય	–	રા	–	–	–

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩	
સાં - -	સાં - - સાં	ની સાં -	ધ - પ -	
રા - -	મ - - ભ	જ ન -	કું - ર -	

×	૨	૦	૩	
પ ધ -	મ ગ રી સા	રી ગ -	મ પ ધ -	
લી - -	જે - - -	જી ય -	રા - - -	ધ્રુ.

અંતરોઃ—

* ×	૨	૦	૩	
|: પ - -	પ - પ -	ધ ની -	સાં - સાં -	
રા - -	મ - ભ -	જ ન -	ય - મ -	

×	૨	૦	૩	
સાં - -	સાં - રીં -	સાં ની ધ	પ - - - :||	
પા - -	સ - ન -	લા - -	ગે - - -	

×	૨	૦	૩	
સાં સાં -	ની - સાં -	ધ - -	પ - - પ	
નિ સ -	દિ - ન -	ધ્યા - -	ન - - ધ	

×	૨	૦	૩	
ધ - -	મ ગ રી સા	રી ગ -	મ પ ધ -	
રી - -	જે - - -	જી ય -	રા - - -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આશાગોડી:—

આ રાગમાં સર્વ **શુદ્ધ સ્વરો** આવતા હોવાથી આનો આ થાટમાં સમાવેશ થાય છે. **સંપૂર્ણ** જાતિનો છે. **વાદી** સ્વર **ધૈવત** છે એટલે નિયમાનુસાર **દિવસે** ગવાવો જોઇએ, પરંતુ અપવાદ તરીકે ગણી **કોઇપણ સમયે** ગાઇ શકાય છે. આ રાગ ચંચળ પ્રકૃતિનો છે, એટલે સપાટ તાન વગેરે અલંકારોથી રાગ શોભે છે. વાદી ધૈવત હોઇ **સંવાદી રિષભ** થશે અને એ બે સ્વરો યથાયોગ્ય રીતે લેવાતાં રાગ માધુર્યમાં વૃદ્ધિ કરે છે.

આ રાગને કેટલેક અંશે **માંડ** સાથે મળતાપણું છે. આશાગોડી મધ્ય સપ્તકનાં સ્વરોમાં:—

ગ મ પ ધ –

સ્વરસમૂહ લઇ ધૈવતપર વિરામ લેવો પડે છે, જ્યારે માંડમાં આજ સપ્તકમાં આજ સ્વરસમૂહ ઉપરાંત નિષાદ લઇ નિષાદપર વિરામ લેવો પડે છે એટલે આ બે રાગો પરસ્પર જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

ગ મ પ ધ – પ ધ મ ગ રી – સા ગ રી સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કલ્યાણ થાટ ૨.

સ્વર

સા રી ગ મં પ ધ ની સાં

સાં ની ધ પ મં ગ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કલ્યાણ થાટ.

સંગીતોપયોગી બત્રીસ થાટોનું નિરીક્ષણ કરતાં, અનુક્રમે એક સ્વર વિકૃત કરતાં, તેવા સર્વ સ્વરસમૂહોમાં, વાદી સંવાદી સ્વરના નિયમોનું યથાસ્થિત પાલન થતું નથી. રિષભને વિકૃત કરતાં ધૈવત તેનો સંવાદી સ્વર હોઇ વિકૃત થવો જોઇએ. માત્ર રિષભ વિકૃત થાય એવા કોઇ રાગો કદાચ હશે તો તે પ્રચલિત નથી. **બિભાસ, રામશ્રી** વગેરે રાગોમાં રિષભ વિકૃત લેવાનું મંતવ્ય છે. જો ગાંધાર વિકૃત થાય તો નિષાદ તેનો સંવાદી સ્વર હોવાથી તે પણ વિકૃત થવો જોઇએ. આ રીતે રિષભ વા ગાંધારનેજ વિકૃત કરતાં, સંગીતોપયોગી કોઇ સ્વરસમૂહ સંભવિત નથી. **મધ્યમને વિકૃત** કરતાં, આ થાટમાં **શુદ્ધ નિષાદ** આવતો હોવાથી એ સ્વરસમૂહ સંભવિત છે. શંકરાભરણ શુદ્ધ સ્વરોનો થાટ હોવાથી, તેને પ્રથમ ગણ્યો છે. કલ્યાણ થાટમાં માત્ર મધ્યમ વિકૃત થતો હોવાથી, તે શંકરાભરણ પછી અનુક્રમે આવી શકે છે.

સા રી ગ મેં પ ધ ની સાં

સ્વરોને અનુક્રમે આરોહાવરોહ કરતાં **યમન, શુદ્ધ કલ્યાણ** વગેરે કલ્યાણ પ્રકારના રાગોનો આ થાટમાં સમાવેશ થાય છે અને તે ઉપરથી આ થાટને "**કલ્યાણ**" સંજ્ઞા આપવી વાસ્તવિક છે.

આ થાટમાં કલ્યાણ ઉપરાંત આવતા રાગોમાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી તેમજ પૂર્વાંગના સ્વરો વાદી સ્વર હોવાથી, કેટલાક અપવાદ તરીકે ગણાતા રાગો શિવાય, અન્ય સર્વ રાગો રાત્રે ગવાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શંકરાભરણ થાટ પ્રમાણે, આ થાટના પણ સરળતા ખાતર નીચે પ્રમાણે વિભાગો કરી શકાયઃ—

(૧) **ઓડવ;** જેવાકેઃ–**હિંદોલ, માલશ્રી, ભૂપાલી** અને **જેત કલ્યાણ.**

(૨) **સંપૂર્ણ** જેવાકેઃ– **યમન, શુદ્ધકલ્યાણ,** આ વિભાગમાં માત્ર તીવ્ર મધ્યમ લાગનારા રાગોનોજ સમાવેશ થાય છે.

(૩) **સંકીર્ણ** જેવા કેઃ– **યમનકલ્યાણ. યમનીબિલાવલ, ગૌડસારંગ, શ્યામકલ્યાણ, હમીરકલ્યાણ, કેદાર, કામોદ, જલધરકેદાર,** અને **બિહાગ.** આ વિભાગમાં શુદ્ધ તેમજ તીવ્ર મધ્યમનો ઉપયોગ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હિંદોલ.

સા રી ગ મં

તાલ ત્રિતાલ, માત્રા ૧૬. મધ્યલય.

ધ્, સા, ગ, મં ધ, ની ધ મં ગ, મં ધ સાં,
ની ધ મં ગ, ની ધ મં ગ, મં ગ, સા, ગ સા,–ધૃ.
બ્રહ્મ ગાતસે ઉપજ્યો સાં – ગં – મં – ગં,
જાત હિંદોલ, દિન બસંત
પ્હેલે પેદા હુવે ચોળે ભભૂત—ધૃ.

સ્થાયી:—

×	૨	૦	૩	
:ધ્ – સા –	ગ – મં ધ	ની ધ મં ગ	મં ધ સાં –	
×	૨	૦	૩	
ની ધ મં ગ	ની ધ મં ગ	મં ગ – સા	– ગ સાં –:	ધૃ.

અંતરો:—

×	૨	૦	૩
ગ – ગ મં	– ધ મં ધ	સાં ની સાં –	સાં ગં મં ગં
બ્ર – હ્મ ગા	– ત સે –	ઉ પ જ્યો –	

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩	
સાં - ની ધ	ધમં ધ - સાં	ધ - મં ગ	સાગ - સા ધ	
જા - ત હિં	દો - - લ	દિ - ન બ	સં - ત પ્હે	
×	૨	૦	૩	
- સા ગ મં	ધ મં ગ સા	ગ ધમં ધ સાં	ધમં ગ - સા	
- લે પે -	દ્દા - હુ વે	ચો - ળે ભ	ભૂ - - ત	ધ્રૂ.

હિંદોલઃ—

કલ્યાણ થાટના **ઓડવ** રાગો પૈકીનો **તીવ્રમધ્યમનો** આ એક રાગ છે. તેમાં **રિષભ, પંચમ,** વર્જ્ય છે. આ રાગમાં તીવ્ર મધ્યમ શિવાય અન્ય સર્વ **શુદ્ધ સ્વરો** છે. પ્રાતઃકાળે ગવાતા કોઇપણ રાગ સાથે આ રાગ સુસંગત હોય એમ જણાતું નથી, તેમજ તીવ્ર મધ્યમનો ઉપયોગ થાય છે; તથાપિ ઉત્તરાંગમાં **ધૈવત વાદી સ્વર** હોવાના કારણેજ, આ રાગને **પ્રાતઃકાળનો** રાગ માન્યો છે. પરંતુ પ્રચારમાં આ રાગ **રાત્રે** ગાવાની માન્યતા છે, તે તીવ્ર મધ્યમની દ્રષ્ટિએ જોતાં અસ્થાને નથી. વાદી સ્વર ધૈવત છે, એટલે સંવાદી સ્વર રિષભ અગર ગાંધાર થવો જોઇએ પણ આ રાગમાં રિષભ વર્જ્ય હોવાથી **સંવાદી સ્વર** તરીકે **ગાંધારનો** યથાયોગ્ય પ્રયોગ રાગમાં આનંદ આપે છે.

આ રાગ બહુધા **વસંત ઋતુમાં** ગવાય છે, અને તે પ્રાચીન કાળના રાગોનાં વર્ગીકરણ અનુસાર, મુખ્ય **છ રાગો** પૈકીનો એક છે, એટલે એનું સ્વરૂપ શુદ્ધ અને સ્વતંત્ર હોય, એ સ્વાભાવિક છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગને ભૂપાલી, સોહિની, મારવા, અને પૂરીયા, સાથે કેટલેક અંશે મળતાપણું છે.

કલ્યાણ થાટના અન્ય કોઇપણ રાગ સાથે આ રાગનું મળતાપણું જણાતું નથી, છતાં મંદ્રસપ્તકમાં,

ધ઼ સા –

સ્વર સમૂહથી કદાચ ભૂપાલીનો ભાસ થાય છે. હિંદોલમાં રિષભ, પંચમ, વર્જ્ય છે અને તીવ્ર મધ્યમ લેવાય છે. ભૂપાલીમાં મધ્યમ તથા નિષાદ, વર્જ્ય છે, તેમજ તેમાં,

ગ પ ધ

થાય છે જ્યારે આ રાગમાં,

ગ મં ધ – થાય છે.

મધ્યસપ્તકમાં સોહિનીમાં,

ગ મં ધ ની સાં

થાય છે જ્યારે આ રાગમાં નિષાદ આરોહે વર્જ્ય છે

ગ મં ધ સાં ની ધ

એવો પ્રયોગ થાય છે. જેથી સોહિનીથી જુદો જણાય છે. સોહિનીમાં રિષભ કોમળ આવે છે, જ્યારે આ રાગમાં તે વર્જ્ય છે.

મારવા રાગમાં,

સાં ધ મં મ

થાય છે, જ્યારે આ રાગમાં,

ની ધ મં ગ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સમૂહ આવે છે. તેમજ કોમળ રિષભ તેમાં આવે છે જ્યારે આમાં વર્જ્ય છે એટલે એ બે રાગો જુદા જણાય છે.

પૂરીયામાં,

ની રી ગ

થાય છે, જ્યારે આ રાગમાં,

સા ગ –

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો, નિરાળા પડે છે.

આ રાગનું ખાસ અંગ

સા ગ સા – ધ – સા – ગ – મં ધ સાં

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

માલશ્રી.

તાલ અદ્ધા (ત્રિવટ) માત્રા ૧૬. મધ્યલય.

બોલી ઠોલી જી ના કરો,
અબતો જોગી ભેખ લીયે.
ઠાડે દ્વાર.—ધૃ.
કાનોમેં કુંડલ ધરે મૃગ છાલા.
ઘર ઘર અલખ જગાવે.—ધૃ.

સ્થાયી:—

૩ × ૨ ૦

સા | ગ પ મં ગ | પ - મં ગ | મં - પ - | ગ સા - ||
બો | લી ઠો - લી | જી - - - | - - ના - | ક રો - ||

૩ × ૨ ૦

સા | પ઼ પ઼ - - | ની઼ સા - - | સા - - - | ; ; ;
અ | બ તો - - | જો - - - | ગી - - - | ; ; ;

૩ × ૨ ૦

ગ | પ મં પ પ | સાં ની પ મં | ગ સા ગ પ | ગ સા -
ભે | - ખ - લી | યે - - - | - - - - | - - -

૩ × ૨ ૦

સા | ગ પ મં પ | સાં - - - | મંપ ગ - પ | ગ સા - |
ઠા | - ડે - - | દ્વા - - - | - - - - | ર - - | ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

	૩	×	૨	૦
ગ	- પ - ની	સાં - - -	સાં - સાં -	; ; ;
ફા	- નો - મેં	ફું - - -	ડ - લ -	; ; ;

	૩	×	૨	૦
સા	ગ પ - ગ	ગ - - -	સા - - -	; ; ;
ધ્વ	રે મૃ - ગ	છા - - -	લા - - -	; ; ;

	૩	×	૨	૦	
સા	ગ પ - પ	ની - સાં -	મં પે - પ	ગ સા -	
ધ	ર ધ - ર	અ - લ -	ખ - - જ	ગા વે -	ધ્રુ.

માલશ્રી:—

આ રાગ પણ કલ્યાણ થાટનો **ઓડવ** જાતિનો છે. તેમાં **રિષભ, ધૈવત** વર્જ્ય છે. **મધ્યમ તીવ્ર** છે અને અન્ય સર્વ **શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે તેને જો ઉત્તરાંગનો માનીએ તો આ રાગ સવારે ગવાવો જોઇએ, પરંતુ તેમ નથી; **પંચમ** વાદી હોય એવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે, તેથી તેમજ તેમાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી, પ્રચારમાં આ રાગ બહુધા **સાયંકાળે** ગાવાનો નિયમ છે. પંચમ વાદી સ્વર હોવાથી રિષભ સંવાદી થાય, એ સ્વાભાવિક છે, પરંતુ રિષભ વર્જ્ય હોવાથી પંચમથી નવ શ્રુતિને અંતરે આવતો **ષડ્જ** તેનો **સંવાદી** થશે, અને એ બે વાદી સંવાદી સ્વરોના " સાપ " અગર " પસા " સ્વર સમૂહથી રાગમાં અધિક સૌન્દર્ય વ્યક્ત થાય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે. આ રાગ સાધારણ રીતે ચંચળ પ્રકૃતિનો છે. કેટલાકની માન્યતા મધ્યમ તીવ્ર પણ વર્જ્ય કરવાની છે.

આ રાગને **હિંદોલ, શંકરા** અને **બિહાગ** કાંઇક મળતા છે.

સા ગ

સ્વર સમૂહથી આ રાગ બહુધા હિંદોલ સાથે મળતો હોય એમ જણાય છે પરંતુ હિંદોલમાં

સા ગ મં ધ

થાય છે જ્યારે આ રાગમાં

સા ગ પ મં પ

થાય છે. હિંદોલમાં ધૈવત આવે છે, જ્યારે આ રાગમાં ધૈવત વર્જ્ય છે. આ રાગમાં પંચમ-વાદી સ્વર હોઇ મહત્વનો છે, જ્યારે હિંદોલમાં પંચમ વર્જ્ય છે.

શંકરાના ઓડવ રૂપમાં

સા ગ પ ગ સા

સ્વર સમૂહથી આ રાગનો ભાસ થાય છે. અને તે શંકરા રાગની ટીકા જોવાથી જણાશે.

મંદ્રસપ્તકમાં

પ઼ ની઼ સા ગ

સ્વર સમૂહથી બિહાગનો ભાસ થાય છે. પરંતુ બિહાગમાં તીવ્ર મધ્યમનો વિવાદી રૂપે, તેમજ શુદ્ધ મધ્યમનો અનુવાદી રૂપે, પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં તીવ્ર મધ્યમ અનુવાદી છે અને શુદ્ધ મધ્યમ વર્જ્ય છે. બિહાગમાં માત્ર અવરોહમાં રિષભ ધૈવત લેવાય છે જ્યારે આ રાગમાં આરોહાવરોહે રિષભ, ધૈવત, વર્જ્ય છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં અવરોહમાં ગાંધારથી; ષડજ પર એ બે સ્વરો વચ્ચે આવતી શ્રુતિયોના ધ્વનિ સાથે ખિડાર કરતાં રાગ માધુર્યમાં વૃદ્ધિ થાય છે. આ રાગમાં આ અલંકાર શિવાય, અન્ય કોઇપણ સ્થળે આવો પ્રયોગ કરતાં, રાગનું સ્વરૂપ ફેરવાઇ જવાનો સંભવ છે.

તીવ્ર મધ્યમ અને નિષાદ શિવાય આ રાગમાં આવતા અન્ય સ્વરોનું અનુકરણ " મીલીટરી બ્યુગલ "માં કરેલું જણાય છે.

આ રાગનું ખાસ અંગ

સા ગ પ મેં ગ પ

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ભૂપાલી (ભૂપ કલ્યાણ.)

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ વિલંબલય.

તાન જોબન પર માન ન કરીયે,
ડરીયે પ્રભુસો ગુમાન ન કરીયે.—ધ્રુ.
જો કોઇ આવે અપને ઢીંગવા,
તાસો ગરવ ન કરીયે..............
સદા રંગ એહી રીત માનો.—ધ્રુ.

સ્થાયી:—

૦				૩				
: ધસારીગપધ	સાં	ધ	પ	ગ	રી	સા	રી	
તા	-	ન	જો	બ	ન	પ	ર	
×				૨				*
ધ઼	-	સા	રી	ધપ-	ગરી	ગ	-	:
મા	-	ન	ન	ક	રી	યે	-	

૦				૩				
ગરી	ગ	રી	સા	પગ	ધપ	સાંધ	સાં	
ડ	રી	યે	પ્ર	ભુ	-	સો	ગુ	
×				૨				
પધ	સાંરીં	સાં	ધ	સાંસાં	ધપ	ગરી	સા	
મા	-	ન	ન	ક	રી	યે	-	ધ્રુ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

* ०				૩			
પગ–	–	ગ	ગ	પ	–	ધ	પ
જો	–	કો	ઈ	આ	–	વે	–
×				૨			
ગપધ	સાં	સાં	–	ધ	રીં	સાં	–
અ	પ	ને	–	ઢીં	ગ	વા	–
०				૩			
સાંધ–	–	ધ	–	સાં	સાં	રીં	રીં
તા	–	સો	–	ગ	ર	વ	ન
×				૨			
સાંધ	સાં	રીં	ગં	રીંગં	સાંરીં	ધસાં	પ
ક	–	–	રી	યે	–	–	–
०				૩			
ગ	ગ	–	ગ	–	ગ	પ	રી
સ	હા	–	રં	–	ગ	એ	હી
×				૨			
સારી	ગપ	ગપ	ધસાં	સાંધ	સાંધ	પગ	રીસા
રી	–	–	ત	મા	–	નો	– ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ભૂપાલી:—

કલ્યાણ થાટના **ઓડવ** રાગોમાં ભૂપાલી રાગનો સમાવેશ થાય છે. આ રાગ ભૂપાલી અથવા **ભૂપ કલ્યાણ** નામથી પણ ઓળખાય છે. આ રાગમાં **મધ્યમ, નિષાદ,** વર્જ્ય છે. કલ્યાણ થાટના પ્રત્યેક રાગમાં તીવ્ર મધ્યમ થોડે ઘણે અંશે મહત્વનો સ્વર છે. આ રાગનું વલણ પણ કલ્યાણ તરફ હોઇ, પંચમથી ગાંધાર પર જતાં અવરોહમાં (બિડારમાં) તીવ્ર મધ્યમનો સ્પર્શ થતો જણાય છે. **વાદી સ્વર ગાંધાર** હોવાથી **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચલિત નિયમ યોગ્યજ છે. ગાંધાર વાદી થતાં નિષાદ સંવાદી થશે, પરંતુ આ રાગમાં નિષાદ વર્જ્ય હોવાથી **ધૈવત સંવાદી** થશે. આ રાગની પ્રકૃતિ ગંભીર છે એટલે આલાપ યુક્ત રાગ ગણી શકાય.

આ રાગને શંકરાભરણ થાટના **દેશકાર, બિભાસ** તેમજ આ થાટનો **જેત કલ્યાણ** રાગ સાથે અતિ નિકટ સંબંધ છે, જે તે રાગોની ટીકા જોવાથી જણાશે.

આ રાગનું ખાસ અંગ

પ ગ રી સા – ધ્ – સા રી ગ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જેત કલ્યાણ.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

જૈસો જાકો ભાવ, ચતર વાકો દેખત,
જૈસો રંગ આત્મકો, વૈસોહી દિખાવત.—ધ્રૃ.
એક એક ગુની, ઉપજાવત અનહદ નાદ,
રંગ રંગ દે, સબ જન રિઝવત.—ધ્રૃ.

સ્થાયી:—

૩	×	૨	૦	*
પ ગ પ ધ	ગરી - સા સા	રી સા ગપ ધ	પ - ધ ગ	:
જૈ સો જા કો	ભા - વ ચ	ત ર વા કો	દે - ખ ત	
૩	×	૨	૦	
પ ગ પ ધ	પસાં રીં સાં પ	ધગ પ ધ ગ	રી - સા સા	
જૈ સો રં ગ	આ - ત્મ કો	વૈ સો હી દિ	ખા - વ ત	ધ્રૃ.

અંતરો:—

* ૩	×	૨	૦	
પગ પગ પ પ	સાં રીં સાં -	પસાં રીં સાં પ	ધ ગ પ પ	:
એક એક ગુ ની	ઉ પ જા -	વ ત અ ન	હ દ ના દ	
૩	×	૨	૦	
સા ગ પગ પ	- પ ધ પ	સાં પ ધ ગ	સાગ પધ ગરી સા	
રં - ગ રં	- ગ ક ર	સ બ જ ન	રિ ઝ વ ત	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જેત કલ્યાણઃ—

આ થાટનો **ઓડવ** પ્રકારનો રાગ છે. આમાં **મધ્યમ, નિષાદ,** વર્જ્ય છે. આ રાગનો **વાદી ગાંધાર** છે. **સંવાદી ધૈવત** છે. આ રાગમાં ભૂપાલીમાં પંચમથી ગાંધાર ઉપર આવતા બીડારમાં તીવ્ર મધ્યમનો અંશ દેખાય છે. તે પ્રમાણે આ રાગમાં જણાતો નથી. છતાં પણ કલ્યાણનો એક પ્રકાર હોઇ **રાત્રિના પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે.

આ રાગને મળતાં **ભૂપાલી, દેશકાર,** છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

ગ પ ધ –

સ્વર સમૂહથી ભૂપાલીનો ભાસ થાય છે પરંતુ ભૂપાલીમાં

સા – રી ગ પ ધ સાં

આ પ્રમાણે સરળ આરોહ અવરોહ છે, જ્યારે આમાં

સા ગ પ ધ પ સાં

આ પ્રમાણે થાય છે. એટલે આરોહમાં રિષભ ધૈવત દુર્બળ છે અને અવરોહે ધૈવત ગાંધારની સંગતિથી જુદો પડે છે.

તેમ દેશકાર વાદી સ્વરથી જુદો પડે છે

આ રાગનું ખાસ અંગ

સા ગ પ ધ પ સાં પ ધ ગ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

યમન.

તાલ ઝુમરો. માત્રા ૧૪ વિલંબલય.

બન રે બલૈયાં લુંગી,
આજ સોહાગકી રાત નવેલા બર પાયા—ધ્રૂ.
ચંદ્ર બદન પર નિપટ કી,
લોચન ચમકત લરીયાં,
બના બની કે મૂખ તંબોલ,
બીરી બનાય અનગિન દુંગી,
આજ સોહાગકી રાત, નવેલા બર પાયા—ધ્રૂ.

સ્થાયી:—

	૩	×	૨	૦
: નીધ	ધપમંપ - મં ગ	ગપ - - મં	ગરી મંગ પમં ગરી	ની રી
બન	રે - - બ	લૈ - -	યાં - - -	લું -

	૩	×	૨	૦
સા	નીસા - નીધ ની	રી ગ મં	નીરી ગમં પધ મંપ	ગ રી
ગી	આ - જ સો	હા - ગ	કી - રા -	- ત

	૩	×	૨	૦
સા	સાની ધની ધ પ	મંપ - મં ગ	ગમં પધ નીધ સાંની	રીંસાં ની :
ન	વે - લા -	બ ર પા	યા - - -	- - ધ્રૂ.

અંતરો:—

	૩	×	૨	૦
નીધ	મંપ - મં ગ	ગપ - મં	ગ રી નીરી સા	- -
બન	રે - - બ	લૈ - -	યાં - - -	- -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૩	×	૨	૦	
;	પગ- - પ ધ	પ સાં સાં	નીરીં સાંની ધની પ	સાં સાં	
;	ચં - દ્ર -	બ દ ન	પ ર નિ પ	ટ કી	
	૩	×	૨	૦	
-	નીસાં - ગં રીં	સાં ની ધ	રીંસાં નીધ નીધ પ	ની ધ	
-	લો - ચ ન	ચ મ ક	ત લ રી -	યાં -	
	૩	×	૨	૦	
પ	મંગ પમં ધપ નીધ	પ મં ગ	નીધ પમં ગ રી	પ -	
-	બ ના - બ	ની - કે	મૂ ખ તં -	ઓ -	
	૩	×	૨	૦	
ગ	નીરી ગમં પધ નીસાં	નીધ પ મં	ગ રી ગ પ	ગરી -	
લ	બી - રી બ	ના - ય	અ ન ગિ ન	દું -	
	૩	×	૨	૦	
સા	નીસા - નીધ ની	રી ગ મં	નીરી ગમં પધ મંપ	ગ રી	
ગી	આ - જ સો	હા - ગ	કી - રા -	- ત	
	૩	×	૨	૦	
સા	સાની ધની ધ પ	મંપ - મં ગ	ગમં પધ નીધ સાંની	રીંસાં ની	
ન	વે - લા -	બ ર પા	યા - - -	- -	સૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

યમન:—

આ થાટનો **સંપૂર્ણ** જાતિનો આ રાગ છે. ખરી રીતે કલ્યાણ થાટની સંજ્ઞા યમન આપવી જોઇએ પરંતુ યમન એ કલ્યાણનો એક પ્રકાર છે. વળી કલ્યાણ લગભગ બાર પ્રકારના છે. એટલે થાટની સંજ્ઞા "**કલ્યાણ**" આપી છે એ વાસ્તવિક છે.

આ રાગનો **વાદી** સ્વર **ગાંધાર** છે. એટલે **સંવાદી** નિયમાનુંસાર **નિષાદ** થશે. **રાત્રિના પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. આ રાગ ગંભીર પ્રકારનો આલાપ યુકત છે. આ રાગનો આરોહ અવરોહ સરળ અને સંપૂર્ણ છે. એટલે એનું રૂપ સ્વતંત્ર છે.

આ રાગનું ખાસ અંગ.

સા રી ગ મં પ ધ ની સાં

શુદ્ધ કલ્યાણ.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

અબ ગુન ન કીજીએ નિરગુન,
કા જાને ગુનકી બાત.
અબ ગુની વો જાને ગુનકો સાર—ધૃ.
બડી બેર સમજાયે નહિં સમજે,
લાખ બેર કહુ એક બેર.—ધૃ.

સ્થાયી:—

	૦	૩	×	૨	*
સા ની	સા રી ગ ગ	- રી સા -	પ મં રી ગ	- -	:
અ બ	ગુ ન ન કી	- જી એ -	નિ ર ગુ ન	- -	
	૦	૩	×	૨	
રી સા	પ - મં -	ગ - - -	ની રી ગ રી	- સા	
- -	કા - જા -	ને - - -	ગુ ન કી બા	- ત	
	૦	૩	×	૨	
સા ની	સા રી ગ પ	મં ગ પ ધ	સાં ની ધ પ	મં ગ	
અ બ	ગુ ની વો -	જા - ને -	ગુ ન કો સા	- ર	ધૃ.

અંતરો:—

*	૦	૩	×	૨
; ;	ગ ગ - પ	- પ ધ ધ	સાં - સાં સાં	ની રીં
; ;	: બ ડી - બે	- ર સ મ	જા યે ન હિં	સ મ

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

		૦	૩	×	૨	
સાં -	:	સાં - ની ધ	પ મં રી ગ	પ મં ગ રી	ગ રી	
જે -		લા - ખ બે	- ર કહું	એ - ક બે	- ર	ધ્રુ.

શુદ્ધ કલ્યાણઃ—

આ થાટમાં આ રાગનો સમાવેશ થાય છે. **ઓડવ સંપૂર્ણ** પ્રકારનો **તીવ્ર મધ્યમ** લેનારો રાગ છે. તે શિવાય સર્વ **શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી** સ્વર **ગાંધાર** છે એટલે તે પૂર્વાંગનો હોવાથી **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. ગાંધાર વાદી થતાં **નિષાદ સંવાદી** થશે. આ રાગ ગંભીર પ્રકૃતિનો અને આલાપ યુક્ત છે.

સા રી ગ પ

સ્વર સમૂહથી આ રાગમાં ભૂપાલીનો ભાસ થશે. પરંતુ ભૂપાલી અને આ રાગમાં ભિન્નતા છે એ સહજ સમજી શકાય એમ છે. ભૂપાલીમાં,

સા રી ગ – પ ગ – રી સા

થાય છે. જ્યારે આ રાગમાં,

સા રી ગ – પ મં ગ – રી સા

થાય છે. ભૂપાલીમાં ઉત્તરાગમાં,

પ ધ સાં ધ પ થાય છે.

જ્યારે આ રાગમાં

પ ધ સાં ની ધ પ થાય છે.

આ રાગનું ખાસ અંગ.

સા રી ગ પ મં રી ગ – પ ધ સાં
ની ધ પ મં ગ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

યમન કલ્યાણ

તાલ તિલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

સલુનારે બાલમ મોરારે.
સબ નિશ જાગી પિયા મોરારે—ધ્રૃ.
સુહા ચોલી અતરંગ ભીના,
આજ સોહાગકી રાત.—ધ્રૃ.

સ્થાયી:—

	૩	×	૨	૦
ધ઼	ની઼ રી ગ -	મંપ - ગ રી	સા ની઼ ધ઼ પ઼	મં઼ પ઼ ધ઼
સ	લુ ના રે -	બા - લ મ	મો - - રા	- - -

	૩	×	૨	૦
-	પ઼ ધ઼ ની઼ -	ધ઼ ની઼ રી -	ની઼ રી ગ મ	રી - સા :
-	- - - -	- - - -	- - - રે	- - -

	૩	×	૨	૦
ધ઼	ની઼ રી ગ -	મંપ - ગ રી	; ગરી ગ મં	ગમંપ - પ
સ	લુ ના રે -	બા - લ મ	; સબ નિ શ	જા -ગી

	૩	×	૨	૦	
-	ની ધ પ -	મં પ ગ રી	ગ - રી -	સા - -	
-	પિ - યા -	મો - - રા	રે - - -	- - -	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

	૩	×	૨	૦	
ધ઼	ની઼ રી ગ -	મ઼ંપ - ગ રી	સા ની઼ ધ઼ પ઼	સા - -	
સ	લુ ના રે -	બા - લ મ	મો - - રા	- - -	
	૩	×	૨	૦	
;	; ગ મંપ -	ધનીસાં - સાં -	; નીની ધ ધ	નીસાં - ધપ	
;	; સુ હા -	ચો - લી -	; અત રં ગ	ભી - ના	
	૩	×	૨	૦	
-	; ગ ગ રી	ગમં - ગમં પ	- મં ગ -	રી સા -	
-	; આ જ સો	હા - ગ કી	- રા - -	- ત -	ધ્રુ.

યમન કલ્યાણ:—

કલ્યાણ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગો પૈકીનો આ એક રાગ છે. યમન કલ્યાણ રાગમાં સ્વરોનો,

સા રી ગ મં પ ધ ની સાં। ની ધ પ મં ગ રી ગ મ રી સા

એ પ્રમાણે અનુક્રમે આરોહાવરોહ કરતાં રાગનું રૂપ થાય છે. આ થાટના અન્ય રાગોમાં જે જે સ્થળે જેટલા સ્વરો અનુક્રમે આવે, તે તે સ્થળે યમન, તેમજ કલ્યાણનો ભાસ થવાનો સંભવ છે. આ રાગમાં તીવ્ર મધ્યમ ઉપરાંત **શુદ્ધ મધ્યમ વિવાદી** રૂપે આવે છે. તેવો પ્રયોગ રાગ માધુર્યમાં વૃદ્ધિ કરે છે. શુદ્ધ મધ્યમ વિવાદી સ્વર તરીકે ન લેવાય તો રાગહાનિ થતી નથી. આ રાગમાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તીવ્ર મધ્યમ શિવાય અન્ય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે એટલે તેને **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી સ્વર ગાંધાર થતાં **નિષાદ સંવાદી** થશે. રાગની પ્રકૃતિ ગંભીર છે, એટલે આલાપ થઇ શકે છે.

આ રાગનું ખાસ અંગ

ની̣ રી ગ મં પ રી ગ મ રી સા

એ પ્રમાણે છે.

યમની બિલાવલ.

તાલ પંજાબી. માત્રા ૧૬ મધ્યલય.

ભોર ભયો હે મેરે લાડલે,
જાગો કુંવર કના'ઇ.—ધ્રૃ.
સંગ સખા સબ દ્વારન ઠાડે,
ખેલો સુએ અબ ઉઠો જદુરાઇ—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	×	૨
: ની̣સા રી ગ સા	ની̣ ધ̣ ની̣ ધ̣પ̣	પ મં પ ગરી	ગ મ રી સા
ભો - ર ભ	યો - હે -	મે - રે -	લા - ડ લે
ગ - મ રી	ગ પ ધ ની	ધસાં નીધ પમં પગ	ગ મ રી સા :
જા - ગો -	કું વ ર ક	ના' - - -	ઇ - - - ધ્રૃ.

અંતરો:—

૦	૩	×	૨
મગ - મ ગ	પ - ની ધ	સાં - સાં રીં	સાં ની ધ પ :
સં - ગ સ	ખા - સ બ	દ્વા - ર ન	ઠા - ડે -

૦	૩	×	૨
પમં પ મ ગ	રી ગ મ પ	ગ મ રી રી	રીસાની રી સા -
ખે - લો સુ	ખે - અ બ	ઉ ડો જ દુ	રા - ઈ - ધૂ.

યમની બિલાવલ:—

કલ્યાણ થાટના **શુદ્ધ** અને **તીવ્રમધ્યમ** લેનારા રાગો પૈકી આ એક રાગ છે. આ રાગમાં **યમન કલ્યાણ** અને **બિલાવલ** એ બે રાગોનું મિશ્રણ હોવાથી તેનું આવું સંયુકત નામ પડયું છે અને તેમાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી આ થાટમાં સમાવેશ થાય છે. આ રાગનો **વાદી** સ્વર **ષડજ** છે અને તે પૂર્વાંગનો હોવાથી આ રાગ રાત્રે ગવાવો જોઇએ પરંતુ બીજી દૃષ્ટિએ ષડજ કોઇપણ સમયે ગવાતા રાગનો વાદી સ્વર થઇ શકે છે, તેમજ આ રાગ બિલાવલનો એક પ્રકાર હોઇ તેમાં બિલાવલનો ભાસ થતો હોવાથી, પ્રચારમાં **પ્રાતઃકાળે** ગવાય છે. વાદી સ્વર ષડજ થતાં **સંવાદી પંચમ** થશે એટલે એ બે સ્વરો અધિકારાનુસાર લેવાતાં રાગનું રૂપ વ્યકત થાય છે.

રી ગ મ પ ગ મ રી સા

તેમજ

રી ગ પ ધ

સ્વર સમૂહોથી આ રાગમાં અલ્હૈયા બિલાવલનો ભાસ થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એ બિલાવલનો ભાસ થતાંજ

પ મં પ

સ્વર સમૂહ લેતાં તુરત યમન કલ્યાણનો ભાસ થશે. યમન કલ્યાણનો ભાસ થતાં તુરતજ બિલાવલનો ભાસ કરાવનારા સ્વર સમૂહ લેતાં આ રાગનું સંયુકત રૂપ સ્પષ્ટ જણાશે.

આ રાગમાં માત્ર આ બે રાગોનુંજ મિશ્રણ છે.

આ રાગનું ખાસ અંગ

સા ગ મ રી ગ પ મં પ ગ મ રી સા

પ સાં ની ધ પ મં પ ગ મ રી સા.

એ પ્રમાણે છે.

ગૌડ સારંગ.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

સૈંયાં મેંતો રતડી, હાં,
વે ઘડી વે જમાઇ યાંની.—ધ્રૂ.
હાથ ન મેંદી, પાંવ ન મેંદી,
ચુડા ભરી હે કલાઇ યાંની.—ધ્રૂ.

સ્થાયી—

	૩	×	૨	૦ *
પ	રી નીસા રી સા	ગ રી મ ગ	ગ મ ગમ પ	મ ગ -
સૈં	યા મેં - તો	ર ત ડી -	- - હાં -	- - -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩ × ૨ ૦

પ રી ની – સા | નીસા ગરી મ ગ | ગ – પ મં | પ – –

સૈં યો મેં – તો | ર ત ડી – | હાં – વે ઘ | ડી – –

૩ × ૨ ૦

મં પ મં પ ધ | મગ પમં ધપ ગમ | ગ – ગમ પ | મ ગ –

વે – – – જ | આ – – – | ઇ – યાં – | ની – – | ધ્રુ.

અંતરો:—

* ૩ × ૨ ૦

પ રી નીસા રો સા | સારી સાગ રીગ રીમ | ગ – – – | ; ; ;

સં યો મેં – તો | ર – ત – | ડી – – – | ; ; ;

૩ × ૨ ૦

ગ | પ ની ધ ની | મંપ ધની સાં – | સાં – નીસાં રીંગં | સાં – – ||

હા | – થ – ન | મેં – – – | દી – હાં – | – – – ||

૩ × ૨ ૦

પ – ની – સાં | નીસાં રીંસાં ની ધ | પ – મગ મ | રી ગ –

પા – વ – ન | મેં – – – | દી – ચુ – | હા – –

૩ × ૨ ૦

પ | મંપધ નીસાંની ધપ મ | ગ – – મ | રી ગ રીમ ગપ | મ ગ –

ભ રી – હે ક | લા – – ઇ | યા – – – | ની – – | ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગૌડ સારંગઃ—

કલ્યાણ થાટના **શુદ્ધ** અને **તીવ્ર મધ્યમ** લેનારા રાગો પૈકી આ એક રાગ છે. આ રાગનું સારંગ ગૌલ એવું પ્રાચીન નામ છે. **સર્વ શુદ્ધ** સ્વરો ઉપરાંત **તીવ્ર મધ્યમ** છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે, તીવ્ર મધ્યમનો તેમાં પ્રયોગ થાય છે, અને શુદ્ધ કલ્યાણ સાથે તે કાંઇક અંશે મળતો છે. આ સંજોગોમાં આ રાગ રાત્રે ગવાય એ વિશેષ ઉચિત છે, પરંતુ આ રાગમાં કાંઇક અંશે બિલાવલનો ભાસ થાય છે, તેમજ આ રાગના સંયુકત નામમાં સારંગ શબ્દ આવતો હોવાથી, જો કે તેમાં સારંગનો લેશ માત્ર ભાસ થતો નથી, તોપણ પ્રચારમાં **મધ્યાન્હે** ગવાય છે. વાદી સ્વર ગાંધાર હોઇ **સંવાદી સ્વર નિષાદ** થશે. કેટલાક **વાદી ધૈવત** માને છે.

આ રાગમાં

ગ મ પ ધ

સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે, પરંતુ વધારામાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી,

પ મં પ

એવો પ્રયોગ થતાં ત્યાં કલ્યાણનો ભાસ થાય છે, આ રીતે બિલાવલ તેમજ કલ્યાણના સ્વર સમૂહને લીધે, કલ્યાણથી તેમજ બિલાવલથી આ રાગ જુદો પડે છે. શુદ્ધ કલ્યાણમાં માત્ર તીવ્ર મધ્યમ છે, જ્યારે આ રાગમાં બન્ને મધ્યમ છે. બિલાવલમાં માત્ર શુદ્ધ મધ્યમજ લેવાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં

રી ગ રી મ ગ

સ્વર સમૂહથી ગૌડનો ભાસ થાય છે, તેથી ગૌડ સારંગ નામ આપેલું યોગ્ય ગણી શકાય.

આ રાગનુ ખાસ અંગ.

પ રી ની સા – ગ રી મ ગ પ મં પ મ ગ

એ પ્રમાણે છે.

શ્યામ કલ્યાણ.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

જોબન ભરી દધ બેચે ગુજરીયાં.
ચંદ્ર બદન મૃગ નૈન રસીલે.—ધ્રૃ.
આવત શ્યામ મીલે મારગમેં,
ઘેરી લીનો વહી બ્રિજકી ડગરીયાં.
લપટ ઝપટ ગ્વાલનકે શીરકી,
પટકી દીની મગ બીચ ગગરીયાં.—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	×	૨	*
ગ મ પ ધ	મં પ ગ મ	પ ગ મ રી	ની રી સા -	:
જો - બ ન	ભ રી દ ધ	બે - ચે ગુ	જ રી યાં -	

૦	૩	×	૨	
સાં - ની ની	સાંની ધપ મં પ	ગ મ પ ગ	મ રી નીરી સા	
ચં - દ્ર બ	દ ન મૃ ગ	નૈ - ન ર	સી - લે -	ધ્રૃ.

અંતરો:—

*૦	૩	×	૨
: પ - મં પ	સાં - ની ની	સાં - સાં -	ની રીં સાં -
આ - વ ત	શ્યા - મ મી	લે - મા -	ર ગ મેં -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	×	૨
પ - ની ની	સાં - પ ની	સાં ની ધ પ	ગ મ રી સા
ઘે - રી લી	નો - વ હી	ભિ જ કી ડ	ગ રી યાં -
૦	૩	×	૨
ની સા રી મ	રી મં પ ધ	મં પ ધ પ	મ રી પ -
લ પ ટ ઝ	પ ટ ગ્યો -	લ ન કે -	શી ર કી -
૦	૩	×	૨
રીં સાં ની ધ	પમં પ ધ પ	ગ મ પ ગ	મ રી નીરી સા
પ ટ કી દી	ની - મ ગ	બી - ચ ગ	ગ રી યાં - ધ્રૂ.

શ્યામ કલ્યાણઃ—

કલ્યાણ થાટના **શુદ્ધ** તથા **તીવ્ર મધ્યમ** લેનારા રાગો પૈકી આ એક રાગ છે. તેમાં તીવ્ર મધ્યમ શિવાય અન્ય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી** સ્વર **ષડજ** છે, તેમજ તે કલ્યાણનો એક પ્રકાર હોવાથી, **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી સ્વર ષડજ છે એટલે **સંવાદી પંચમ** થશે, અને એ બે સ્વરો યોગ્ય રીતે લેવાતાં રાગ સ્વરૂપ વ્યક્ત થાય છે.

આ રાગમાં કોઇ કોઇ સ્થાને **કામોદ, કેદાર,** અને **યમન કલ્યાણનો** ભાસ થાય છે.

મં પ ધ પ મ

સ્વર સમૂહથી કેદાર તેમજ, કામોદમાં એજ સ્વર સમૂહ સામાન્ય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રીતે આવતો હોવાથી, કામોદનો પણ ભાસ થાય છે. કેદાર તેમજ કામોદમાં,

મં પ ધ પ મ ગ પ ગ મ રી સા

એવો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં,

મં પ ધ પ મ રી પ – ગ મ રી ની સા

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગોથી આ રાગ જુદો જણાય છે.

સાં ની ધ પ મં પ

સ્વર સમૂહથી યમન કલ્યાણનો ભાસ થાય છે. યમન કલ્યાણમાં શુદ્ધ મધ્યમ વિવાદી રૂપે આવે છે, જ્યારે આ રાગમાં તે અનુવાદી સ્વર તરીકે આવશ્યક હોઇ, યમન કલ્યાણથી જુદો પડે છે.

આ રાગનું ખાસ અંગ.

મં પ ધ પ ગ મ રી ની રી સા, પ – ગ મ રી –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હમીર કલ્યાણ.

તાલ તેવરો માત્રા ૭ વિલંબલય.

હે જગદીશ ચતુર મોરાર,
ભવ ભયહાર દુઃખ નિવાર,
સબકો આધાર નામ તુમ્હાર,
કીજે પાર બેડા હમાર.—ધૃ.

હમ તો શરન ચરન તુમ્હાર,
કર નિરધાર હે કિરતાર,
તુમ પર ભાર અપનો ડાર,
તુમ હો અપાર પતિત ઉધ્ધાર,
ઇતની બિનતી લીજો બિચાર.—ધૃ.

સ્થાયી:—

૨	૩	×	૨	૩	×	*
મંપ– પ	ગ મ	ધ – ની	ધની સાંરીં	ની સાં	ધ –ની પ	
હે –	જ ગ	દી – શ	ચ તુ	ર મો	રા – ર	

૨	૩	×	૨	૩	×
પ પ	મંપ ધની	મંપ– – પ	ગ મ	રી સા	ની રી સા
ભ વ	ભ ય	હા – ર	દુઃ –	ખ નિ	વા – ર

૨	૩	×	૨	૩	×
નીસા– સા	મગ પમં	ધપ નીધ સાંની	ધ પ	ગ મ	નીધ – ધં
સ બ	કો આ	ધા – ર	ના –	મ તુ	મ્હા – ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨ ૩ × ૨ ૩ ×

નીસાં - | મંગં - | ગંમં રીં સાં | ધની સાંરીં | ની સાં | ધ -ની પ |

કી - | જે - | પા - ૨ | બે - | ડા હ | મા - ૨ | ધ્રૂ.

અંતરો:—

* ૨ ૩ × ૨ ૩ ×

પ પ | સાં - | નીસાંરીં સાંસાં | સાં ધ | ની સાં | રીં - સાં |

હ મ | તો - | શ ૨ ન | ચ ૨ | ન તુ | મ્હા - ૨ |

૨ ૩ × ૨ ૩ ×

સાં ગં | રીં સાં | નીસાં - સાં | સાં રીં | સાં સાં | ધ ની પ

ક ૨ | નિ ૨ | ધા - ૨ | હે - | કિ ૨ | તા - ૨

૨ ૩ × ૨ ૩ ×

મંપ પ | મં પ | ધ - પ | પગ મ | રી - | ની રી સા

તુ મ | પ ૨ | ભા - ૨ | અ પ | ને - | ડા - ૨ |

૨ ૩ × ૨ ૩ ×

નીસા સા | મ ગ | પ - મં | મંપ ધ | ગ મ | નીધ - - ધ

તુ મ | હો અ | પા - ૨ | પ તિ | ત ઉ | દ્ધા - ૨ |

૨ ૩ × ૨ ૩ ×

સાં સાં | ગં - | મં રીં સાં | ધની સાંરીં | ની સાં | ધ ની પ

ઈ ત | ની - | બિ ન તી | લી - | જો બિ | ચા - ૨ | ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હમીર કલ્યાણઃ—

આ રાગનો કલ્યાણ થાટમાં સમાવેશ થાય છે, તેમાં **શુદ્ધ** તથા **તીવ્ર મધ્યમ** આવે છે. તે સિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે.

મં પ ગ મ ધ – ની – સાં ધ ની પ

એ પ્રમાણે **વિવાદી રૂપે કોમળ નિષાદનો** પ્રયોગ પણ કેટલાકની માન્યતા અનુસાર કરી શકાય છે.

આ રાગના વાદી સ્વર સબંધે માતાન્તર છે. વાદી સ્વર રાગમાં કોને ગણવો તે મુકરર કરવાને નીચેના ચાર પ્રશ્નો વિચારવા યોગ્ય છે.

૧ રાગમાં કયો સ્વર મહત્વનો છે.

૨ રાગમાં કયા સ્વર ઉપર વધારે વજન (accent) આવે છે.

૩ તેવા સ્વરને વર્જ્ય કરતાં રાગ સ્વરૂપની હાનિ થાય છે કે કેમ?

૪ રાગમાં આવતા અન્ય સ્વરો કરતાં, તે સ્વર વિશેષ પ્રમાણમાં છે કે કેમ?

હમીર કલ્યાણમાં ધૈવત મહત્વનો સ્વર છે, તેના ઉપર વજન (accent) આવે છે, તે વર્જ્ય કરતાં રાગના સ્વરૂપની હાનિ થાય છે, અને રાગમાં તેનો વધારે પ્રમાણમાં પ્રયોગ થતો હોવાથી, અમારી માન્યતા અનુસાર **ધૈવતને વાદિત્વ** આપવું ઉચિત છે. કેટલાક આ રાગને રાત્રીનો ગણી, વાદી ષડજને માને છે.

ધૈવતને વાદી સ્વર તરીકે માન્ય કરતાં તે રાગ પ્રાતઃકાળે ગવાવો જોઇએ પરંતુ તેમ નથીઃ આ રાગમાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી તેમજ, તે કલ્યાણનો એક પ્રકાર હોવાથી અપવાદ તરીકે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાત્રે ગાવાનો પ્રચાર છે. ધૈવત વાદી સ્વર થતાં ગાંધાર સંવાદી સ્વર થશે. એ બે સ્વરો રાગ સ્વરૂપ સ્પષ્ટ કરવામાં સાધક બને છે.

આ રાગમાં કલ્યાણ, બિલાવલ અને છાયાનટ એ ત્રણ રાગોનો ભાસ થાય છે.

પ ગ મ રી સા

એ સ્વર સમૂહથી આ રાગમાં બિલાવલનો ભાસ થાય છે. બિલાવલમાં શુદ્ધ મધ્યમ છે, જ્યારે આ રાગમાં બે મધ્યમનો પ્રયોગ થાય છે, એટલે આ રાગથી તે રાગ જુદો જણાય છે.

મં પ ગ મ

સ્વર સમૂહથી આ રાગમાં યમન કલ્યાણનો ભાસ થાય છે. છાયાનટમાં

ગ મ ની ધ પ

થાય છે જ્યારે આ રાગમાં,

ગ મ ધ – ની સાં –

એવો સ્વર સમૂહ આવતો હોવાથી છાયાનટથી જુદો પડે છે. આ રાગનું ખાસ અંગ

મં પ ગ મ ધ – ની સાં –

એ પ્રમાણે છે.

કેદાર.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ વિલંબલય.

ગુન ગાન નિત નિત ગાઉં,
આવું શરન તિહારે.—ધ્રુ.
નિજ જન અઘ બિદારે, કીયે દુઃખી અતિ સુખારે,
ન્યારે ન્યારે પ્યારે પ્યારે, કર સ્તવનનું કબુલ હમારે.—ધ્રુ.

સ્થાયી:—

	૦	૩	×	૨	*
સા ની̣	સા મ - પ	મં પ ધ પ	મંમ - - રી -	સા -	:‖
ગુ ન	- ગા - ન	નિ ત નિ ત	ગા - - -	ઉં -	:‖

	૦	૩	×	૨	
; ;	ધ̣ - પ̣ -	સા ની̣ મ ગ	પ મં પ ધ	પમ - રી	
; ;	આ - વું -	શ ર ન તિ	હા - - -	રે -	ધ્રુ.

અંતરો:—

*	૦	૩	×	૨	
; ;	મં પ સાં ધ	સાં સાં - રીં	સાં - ની ધ	સાં -	:‖
; ;	નિ જ જ ન	અ ધ - બિ	હા - - -	રે -	:‖

	૦	૩	×	૨
સાં ધ	સાં ની ધ પ	મં પ ધ પ	ગ મ રી સા	નીસા - -
ફી યે	દુઃ ખી અ તિ	સુ ખા - -	રે - ; ;	ન્યા -

	૦	૩	×	૨
મ ગ	પ મં ધ પ	મં પ ધ સાં	નીસાં ધ પમં પ	ગંમં રીં
રે -	ન્યા - રે -	પ્યા - રે -	પ્યા - રે -	ક ર

	૦	૩	×	૨	
સાં ની	ધ પં મં પ	ગ મ પ પ	મંમ - - રી -	નીસા -	
સ્ત વ	ન - તું -	ક બુ લ હ	મા - - -	રે -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કેદારઃ—

આ રાગનો કલ્યાણ થાટમાં સમાવેશ થાય છે. તેમાં **શુદ્ધ** તથા **તીવ્ર મધ્યમ** આવે છે. તે શિવાય **સર્વ શુદ્ધ** સ્વરો છે. કોઇક કોમળ **નિષાદનો વિવાદિ** રૂપે

સા મ ગ પ મં પ ધ ની પ

એ પ્રમાણે પ્રયોગ કરે છે. આ રાગનો **વાદી** સ્વર **શુદ્ધ મધ્યમ** છે, અને તે પૂર્વાંગનો હોવાથી, આ રાગ **રાત્રે દ્વિતીય પ્રહરે** ગવાય છે. મધ્યમ વાદી થતાં **સંવાદી ષડજ** થશે. આ રાગ ગંભીર પ્રકૃતિનો છે.

આ રાગમાં **કામોદ** રાગનો પ્રત્યેક સ્થળે ભાસ થાય છે. પરંતુ કામોદથી આ રાગને જુદો પાડવાના કેટલાંક કારણો છેઃ—

(૧) કામોદમાં પંચમ વાદી છે, જ્યારે આ રાગમાં શુદ્ધ મધ્યમ વાદી છે.

(૨) કામોદનું ખાસ અંગ,

ની સા રી પ –

એ પ્રમાણે છે, જ્યારે આ રાગનું ખાસ અંગ,

ની સા મ –

એ પ્રમાણે છે.

(૩) કામોદમાં તીવ્ર મધ્યમ વક્રત્વ પામે છે જ્યારે આ રાગમાં તે શુદ્ધ મધ્યમ સાથે પણ આવે છે, એટલે

પ મં મ રી – સા

એવો પ્રયોગ કોઇ વખત થાય છે.

આ કારણોથી આ બે રાગો જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ

ની સા મ –, ગ મ રી સા.

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કામોદ.

તાલ તીલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

હું તો જનમ ન છાંડું,
નિસ દિન પ્રેમ પિયાકો સંગ.—ધૃ.
બિધના તોસે ચેહી મૈં માંગત,
મોરે પિયાકા દીજીએ સંગ.—ધૃ.

સ્થાયી:—

૦	૩	×	૨ *	
ગમ રી પ –	; મંપ ધ પ	મ – ગ પ	ગ મ રી સા :	
હું – તો –	; જન મ ન	છાં – – –	– – ડું –	
૦	૩	×	૨	
નીસા મ રી સા	નીસા– – ધ પ	મંપ – મંપધ પ	ગમ પગ મરી સા	
નિ સ દિ ન	પ્રે – મ પિ	યા – – કે	સં – – ગ	ધૃ.

અંતરો:—

* ૦	૩	×	૨	
ગમ રી પ –	: મંપ– પ સાં –	ની રીં સાં –	સાંધ – સાં રીં	
હું – તો –	બિ ધ ના –	તો – સેં –	ચે – હી –	
૦	૩	×	૨	
સાંની– સાં ધની પ :	ગમ રી પ પ	મંપધસાં – ધ પ	ગ મપ રી સા	
માં – ગ ત	મો – રે પિ	યા – કા દી	જી યે સં ગ	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કામોદઃ—

કલ્યાણ થાટના આ રાગમાં શુદ્ધ તથા **તીવ્ર મધ્યમ** આવે છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી** સ્વર **પંચમ** છે, પરંતુ આ રાગમાં તીવ્ર મધ્યમ આવતો હોવાથી, એવા રાગો બહુધા રાત્રે ગવાય છે, એ નિયમે આ રાગ **રાત્રે દ્વિતીય પ્રહરે** ગવાય છે. આ રાગનો વાદી સ્વર પંચમ હોઇ, નિયમાનુસાર **રિષભ સંવાદી** થશે; અને તેથી, **રી, પ,** એવો પ્રયોગ, રાગનું રૂપ વ્યક્ત કરે છે. પ્રકૃતિ ગંભીર છે. રાગ આલાપ યુકત છે.

આ રાગને અને **કેદારને** નિકટ સંબંધ છે. કેદારમાં કામોદનો અને કામોદમાં કેદારનો, ક્ષણે ક્ષણે ભાસ થાય છે; છતાં એ બે રાગો જુદા પાડવાના કેટલાંક કારણો છે, અને તે કેદાર રાગની ટીકા જોવાથી જણાશે.

આ રાગનું ખાસ અંગ

સા રી પ – મં પ ધ પ ગ મ પ ગ મ રી સા,

એ પ્રમાણે છે.

જલધર કેદાર.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

અખીયાં હરિ દરશનકી પ્યાસી,
જબસે નિરખી, તોરી શાંવરી સુરત.—ધૃ.
મધુકર શ્યામહી બેગ મીલાવો:
જનમ જનમ તુજ દાસી.—ધૃ.
હમહી કછુ બલદેવ ન ભાવત;
ખાન પાન રસ હાંસી.—ધૃ.

સ્થાયી:—

	૦	૩	×	૨ *
ની રી	સા - ધ પ	ગ - મ -	પ - ની -	સા - :||
અ ખી	યાં - હ રિ	દ ર શ ન	કી - પ્યા -	સી - ||

	૦	૩	×	૨	
ની ની	સા - મ ગ	પ મં ધ પ	ગ મ રી સા	સા -	
જ બ	સે - - નિ	ર ખી તો રી	શાં વ રી સુ	ર ત	ધ્રુ.

અંતરો:—

*	૦	૩	×	૨
; ;	ની ની સા સા	મ - ગ ગ	પ - મં મં	ધ -
; ;	મ ધુ ક ર	શ્યા - મ હી	બે - ગ મી	લા -

	૦	૩	×	૨	
પ -	સાં ની ધ પ	મં પ ધ પ	ગ મ રી -	સા -	
બો -	જ ન મ જ	ન મ તુ જ	હા - - -	સી -	ધ્રુ.

આભોગ:—

*	૦	૩	×	૨
; ;	ગ મ પ ની	સા - મ ગ	પ મં ધ પ	ગ મ
; ;	હ મ હી ક	હું - બ લ	દે - વ ન	ભા -

	૦	૩	×	૨	
રી સા	સાં ની ધ પ	મં પ ધ પ	ગ મ રી -	સા -	
વ ત	ખા - ન પા	- ન ર સ	હાં - - -	સી -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જલધર કેદાર:—

આ રાગ કેદારનો એક પ્રકાર છે, તેમાં **શુદ્ધ** તથા **તીવ્ર મધ્યમ આવે** છે, તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી** સ્વર **શુદ્ધ મધ્યમ** છે, અને તે ન્યાયે દિવસે ગવાવો જોઇએ, પરંતુ આ રાગમાં તીવ્ર મધ્યમ છે, તેમજ તેનું વલણ કેદાર તરફ છે, એટલે પ્રચારમાં **રાત્રે દ્વિતીય પ્રહરે** ગવાય છે. વાદી સ્વર મધ્યમ થતાં **સંવાદી** સ્વર ષડજ થશે, આ રાગની પ્રકૃતિ ગંભીર અને આલાપ યુક્ત છે.

શંકરાભરણ થાટના **મલુહા કેદાર, સાવની કલ્યાણ** અને **હેમ કલ્યાણ** એ રાગો સાથે આ રાગ ઘણે અંશે મળતો છે.

મલુહા કેદારમાં મંદ્રસપ્તકમાં,

ની઼ રી સા ધ઼ પ઼ મ઼ પ઼ ની઼ સા

એવો પ્રયોગ થાય છે,

સાવની કલ્યાણમાં,

ની઼ રી સા ની઼ ધ઼ પ઼ ની઼ સા

એવો પ્રયોગ થાય છે.

હેમ કલ્યાણમાં,

સા ધ઼ પ઼ પ઼ સા

એવો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં,

ની઼ રી સા ધ઼ પ઼ ગ઼ મ઼ પ઼ ની઼ સા

એવો પ્રયોગ થાય છે, એટલે મંદ્રસપ્તકમાં ગાંધાર સુધી જવાતું

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

હોવાથી, આ રાગ ઉપરના ત્રણ રાગોથી જુદો જણાય છે. આગળ જતાં મધ્ય સપ્તકમાં, મલુહા કેદારમાં,

સા પ મ

એવો સ્વર સમૂહ આવે છે, સાવની કલ્યાણમાં,

સા ગ મ પ

સ્વર સમૂહ આવે છે, અને તે બિહાગની ભ્રાંતિ કરાવે છે. હેમ કલ્યાણમાં,

સા મ ગ પ

એવો પ્રયોગ થાય છે, જે કેદારની ભ્રાંતિ કરાવે છે, જ્યારે આ રાગમાં,

સા મ ગ પ મં ધ પ

એ પ્રમાણે થાય છે. આ રાગમાં અને હેમ કલ્યાણમાં મધ્ય સપ્તકમાં જો કે કેદારનું રૂપ જણાય છે, પરંતુ આ રાગમાં તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે, જ્યારે હેમ કલ્યાણમાં તે વર્જ્ય છે. મલુહા, સાવની, અને આ રાગમાં,

પ઼ ન઼ી સા

સ્વર સમૂહથી બિહાગની ભ્રાંતિ થાય છે.

આ રાગનું ખાસ અંગઃ—

ન઼ી રી સા – ધ઼ પ઼ ગ઼ મ઼ પ઼ – ન઼ી – સા – મ ગ પ
મં ધ પ ગ મ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિહાગ.

તાલ તિલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

કેસે સુખ સોવત નીંદરીયાં;
શ્યામ મૂરત ચિત્ત ચઢી—ધૃ.
શોચ શોચ સદા મન ઉકલાવત,
શ્યામ મૂરત ચિત્ત ચઢી—ધૃ.

સ્થાયી:—

	૩	×	૨	૦ *
પ઼ ની઼	- સા ગ મ	પમગ - રીસાની સા	મંપધપ - ગ મ	ગ -
કે સે	- સુ ખ -	સો - વ ત	નીં - દ રી	યાં -

	૩	×	૨	૦	
રીસાની સા	; સા ગ મ	પ પ ની ધ	પમં પ ગ મ	ગરી સા	
- -	; શ્યા મ મૂ	ર ત ચિ ત્ત	ચ ઢી - -	- -	ધૃ.

અંતરો:—

*	૩	×	૨	૦
રીસાની સા	ગ - પ પ	- ની ગંરીંસાંની સાં	; નીની ધ પ	ની ધ
- -	શો - ચ શો	- ચ સ દા	; મન ઉ ક	લા -

	૩	×	૨	૦	
સાં ની	; સા ગ મ	પ ની ધપ મંપ	ગ મ ગ રી	રીસાની સા	
વ ત	; શ્યા મ મૂ	ર ત ચિ ત્ત	ચ ઢી - -	- -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિહાગ.

આ રાગમાં **બે મધ્યમનો** પ્રયોગ થતો હોવાથી, તેનો કલ્યાણ થાટમાં સમાવેશ કર્યો છે. તેમાં અન્ય **સર્વ શુદ્ધ સ્વરો** આવે છે. રાગનો **વાદી** સ્વર **ગાંધાર** છે, એટલે **રાત્રે દ્વિતીય પ્રહરે** ગાવાનો નિયમ પ્રચલિત છે. વાદી સ્વર ગાંધાર થતાં **સંવાદી નિષાદ** થશે. પ્રકૃતિ ગંભીર છે, અને આલાપ સાવકાશ થઇ શકે છે.

આ રાગને મળતો શંકરાભરણ થાટનો **બિહાગડા** નામનો રાગ છે, તેમાં પણ એજ સ્વરો છે, તેમજ આ રાગનું સ્વરૂપ તેમાં પણ વ્યક્ત થાય છે. આ રાગમાં શુદ્ધ અને તીવ્ર બન્ને મધ્યમો આવે છે, જ્યારે બિહાગડામાં માત્ર શુદ્ધ મધ્યમ અને વિવાદિરૂપે કોમળ નિષાદ લેવામાં આવે છે.

બિહાગડામાં, સાં ની ધ પ મ ગ – રી સા

એવો પ્રયોગ થાય છે, જ્યારે બિહાગમાં

સાં ની ધ પ મં પ ગ મ ગ – રી સા

એવો પ્રયોગ થાય છે, આ રીતે બિહાગડો અને આ રાગ જુદા પડે છે. વળી બિહાગડામાં અવરોહે રિષભ સ્પષ્ટ લેવાય છે, એટલે બિલાવલનો ભાસ થાય છે, જ્યારે આ રાગમાં રિષભ દુર્બલ હોઇ, અવરોહેજ ઘણાં ઓછા પ્રમાણમાં લેવાય છે. બિહાગના બીજા પ્રકારમાં માત્ર શુદ્ધ મધ્યમ આવે છે.

આ રાગનુ ખાસ અંગઃ—

સા ગ પ મં પ ગ મ – ગ – રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખમાજ થાટ ૩.

સ્વર

સા ગ મ પ ધ ની સાં

ની ધ પ મ ગ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખમાજ થાટ.

કલ્યાણ થાટ પછી અનુક્રમે એક સ્વર વિકૃત કરતાં, ખમાજ થાટ થાય છે. મધ્યમ પછી પંચમ વિકૃત થવો જોઇએ પરંતુ, પંચમ ઉત્તરાંગનો સ્થાયી સ્વર હોવાથી વિકૃત થઇ શકતો નથી. પંચમ પછી ધૈવત સ્વર છે, તેને વિકૃત કરતાં તેનો સંવાદી સ્વર રિષભ અથવા ગાંધાર હોવાથી, તે પૈકીનો પણ વિકૃત થવો જોઇએ; આ રીતે માત્ર ધૈવતનેજ વિકૃત કરતાં કોઇ રાગ સંભવિત નથી, એટલે આધુનિક કાળમાં તેવો કોઇ થાટ પ્રચલિત નથી. ધૈવત પછી **નિષાદને** વિકૃત કરતાં, તેનો **સંવાદી સ્વર** નિયમાનુસાર **શુદ્ધ મધ્યમ** થશે, એટલે સા રી ગ મ પ ધ ની સાં, સ્વર સમૂહમાં માત્ર નિષાદ વિકૃત થાય છે, એટલે તે થાટ પ્રચલિત છે, અને તેને **“ખમાજ”** સંજ્ઞા આપવામાં આવી છે. આ સ્વર સમૂહમાં આરોહે રિષભ વર્જ્ય કરી, અન્ય સર્વ શુધ્ધ સ્વર લઇ, અવરોહે વિકૃત સ્વર તરીકે કોમળ નિષાદનો પ્રયોગ કરી, સંપૂર્ણ અવરોહ કરતાં, સ્વાભાવિક રીતે **ખમાજ રાગનો** ભાસ થાય છે તેથી, તેમજ એ રાગ સરળ અને પ્રસિધ્ધિમાં હોવાથી, આ થાટને **“ખમાજ”** સંજ્ઞા આપવામાં આવી છે. સૂક્ષ્મ દૃષ્ટિએ આ થાટમાં સમાયલા રાગોનું નિરીક્ષણ કરતાં, તે પૈકી બહુએક રાગોમાં પૃથક પૃથક સ્થાને ખમાજ રાગનો ભાસ થશે.

જેમ કલ્યાણ થાટમાં કેટલાક રાગોમાં તીવ્ર મધ્યમ ઉપરાંત શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે, તેમ આ થાટના કેટલાક રાગમાં કોમળ નિષાદ ઉપરાંત શુધ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. જે જે રાગોમાં આમ બે નિષાદનો પ્રયોગ થાય છે, તે તે રાગોમાં સ્વાભાવિક, રીતે આરોહે શુધ્ધ, અને અવરોહે કોમળ નિષાદ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

લેવાનો એક નિયમ દૃષ્ટિગોચર થાય છે. આ નિયમને અપવાદ હોય એ સંભવિત છે. અનુક્રમે નિષાદ વિકૃત હોવાથી આ થાટને ત્રીજો મુકયો છે.

આ થાટમાં આવતા રાગોના સરળતા ખાતર નીચે પ્રમાણે વિભાગો કરી શકાયઃ—

ઓડવઃ—**તિલંગ** અને **દુર્ગા**

ષાડવઃ—**રાગેશ્વરી**

સંપૂર્ણઃ—**બિલાવલ**, **અલૈયા બિલાવલ**, **શુક્લ બિલાવલ**, **કકુભ બિલાવલ**, **નટ બિલાવલ**, **લચ્છા સાખ**, **ભટીયાર**, **ખમાજ**, **દેશ**, **સોરઠ**, **ખંબાવતી**, **બિહારી**, **માંડ**, **પહાડી**, **ગૌડમલ્લાર**, **નટમલ્લાર**, **નટ**, અને **કજરી.** આ પ્રકારમાં શુદ્ધ તેમજ કોમળ નિષાદનો પ્રયોગ થતો હોય તેવા રાગોનો સમાવેશ થાય છે.

સંકીર્ણઃ—**ચાંદનીકેદાર**, **છાયાનટ** અને **ઝીંઝોટી.**

આ રીતે પ્રત્યેક થાટમાં સરળતા ખાતર પાંચ સ્વરના રાગોને ઓડવ પ્રકારમાં, છ સ્વરના રાગોને ષાડવ પ્રકારમાં, આરોહ અથવા અવરોહમાં સાતે સ્વરો આવતા હોય તેને સંપૂર્ણ પ્રકારમાં, અને પ્રત્યેક થાટના સ્વરો ઉપરાંત, આગળ આવી ગયેલા થાટમાં વિકૃત થયેલા સ્વરો પૈકી કોઇ સ્વર આ થાટમાં આવતો હોય જેવો કે—**મધ્યમ તીવ્ર**—તેવા રાગોને સંકીર્ણ પ્રકારમાં મુકવામાં આવ્યા છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તિલંગ.

તાલ પંજાબી. માત્રા ૧૬ વિલંબલય.

સૈંયાં મોરી નીંદીયાં ગંવાયે ડારીરે હાં—ધૃ.
મેં સોતીથી અપને મંદિરમેં રે;
સુપને મેં આન જગાઇ.—ધૃ.

સ્થાયી:—

૨	૦	૩	×	
સા ગ - મપ	ની પ સાં ની	પ સાગ મપ ગમ	ગ - સા ની	
સૈં યા - મોરી	નીં દી યાં ગં	વા યે - ડારી	રે - હાં -	ધૃ.

અંતરો:—

૨	૦	૩	×	
; સા - ગમ	પ ની સાં -	; પની સાં ની	પ મ ગ -	
; મેં - સો	તી - થી -	; અપ નેં મં	દિ ર મેં -	

૨	૦	૩	×	
; નીસા ગ મ	પ - ની સાં	ગસાં નીપ મપ ગમ	ગ - સા ની	
; સુપ ને મેં	આ - ન જ	ગા - - -	ઇ - - -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તિલંગઃ—

આ થાટના **ઓડવ** જાતિના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **રિષભ, ધૈવત વર્જ્ય** છે. આરોહે **શુદ્ધ** તેમજ અવરોહે **કોમળ નિષાદનો** પ્રયોગ થાય છે. વિવાદી સ્વર તરીકે **તીવ્ર મધ્યમનો** ઉપયોગ થાય છે. એ શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે અને તે પૂર્વાંગનો હોવાથી, સ્વાભાવિક રીતે આ રાગ **રાત્રે દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી ગાંધાર થતાં **સંવાદી નિષાદ** થશે. આ રાગ ચંચળ પ્રકૃતિનો હોઇ સપાટતાન લઇ શકાય છે.

આ રાગમાં કેટલેક સ્થળે **બિહાગ** અને **ખમાજ**નો ભાસ થાય છે, પરંતુ તે રાગોથી આ રાગ નિરાળો પાડી શકાય છે.

આ રાગમાં,

સા ગ મ પ ગ મ ગ

સ્વર સમૂહથી તેમજ

સા ગ મ પ ની સાં

સ્વર સમૂહથી બિહાગનો ભાસ થાય છે, પરંતુ બિહાગમાં કોમળ નિષાદનો પ્રયોગ થતો નથી, જ્યારે આ રાગમાં તે અવરોહે લેવાય છે. બિહાગમાં આરોહે રિષભ ધૈવત વર્જ્ય છે, પરંતુ તે અવરોહે લેવાય છે, જ્યારે આ રાગમાં તે સ્વરો આરોહાવરોહે વર્જ્ય છે. બિહાગમાં અવરોહે

સાં ની ધ પ

થાય છે, જ્યારે આ રાગમાં અવરોહે

સાં $\overline{\text{ની}}$ પ મ ગ

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એવો પ્રયોગ થાય છે, આ રીતે આ બે રાગો પરસ્પર જુદા પડે છે. આ રાગમાં,

સા ગ મ પ

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે પરંતુ તેમાં,

સા ગ મ પ ધ મ ગ – મ ધ ની સાં

થાય છે, જ્યારે આ રાગમાં,

સા ગ મ પ ની સાં $\overline{\text{ની}}$ પ મ ગ

એવો પ્રયોગ થાય છે, એટલે એ બે રાગો પરસ્પર ભિન્ન જણાય છે.

આ રાગનું ખાસ અંગ

ગ મ પ ની સાં $\overline{\text{ની}}$ પ મ ગ –

એ પ્રમાણે છે.

દુર્ગા.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

મન કાહે કો શંક કરે,
પ્રભુ નામસે સિંધુ તરે.—ધૃ.
અધમ ઉધારન, ભવ ભય તારન,
જગજીવન, જગ ધારન એ.—ધૃ.

સ્થાયી:—

	૦	૩	×	૨	*
ગ મ	ગ - સા ની	ધ ની ધ ની	સા - મ -	ગ -	
મ ન	કા - હે કો	શં - ક ક	રે - - -	- -	
	૦	૩	×	૨	
ગ ગ	મ - ધ ની	ધ - સાં સાં	ની - ધ -	મ -	
પ્ર ભુ	ના - મ સે	સિં - ધુ ત	રે - - -	- -	ધૃ.

અંતરો:—

*	૦	૩	×	૨	
; ;	મ મ ધ ની	ધસાં - સાં સાં	ગં સાં ની સાં	ધ ની	
; ;	અ ધ મ ઉ	ધા - ર ન	ભ વ ભ ય	તા -	
	૦	૩	×	૨	
ધ ધ	ગં મં ગં સાં	ની સાં ની ધ	મ ધ ની સાં	નીધ મ	
ર ન	જ ગ જી -	વ ન જ ગ	ધા - ર ન	એ -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દુર્ગાઃ—

ખમાજ થાટના **ઓડવ** જાતિના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં **રિષભ, પંચમ વર્જ્ય** છે અને **કોમળ** તેમજ **શુદ્ધ નિષાદ**નો પ્રયોગ થાય છે, તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે, એટલે નિયમાનુસાર **રાત્રે દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી સ્વર ગાંધાર થતાં **સંવાદી નિષાદ** થશે.

આ રાગમાં કેટલેક સ્થાને **રાગેશ્વરી** અને **ખંબાવતી**નો ભાસ થાય છે, પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

સા ની̣̅ ધ̣ ની̣ સા

સ્વર સમૂહથી રાગેશ્વરીનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

સા ની̣̅ ધ̣ ની̣ સા ગ મ ગ રી સા

થાય છે જ્યારે આ રાગમાં,

સા ની̣̅ ધ̣ ની̣ સા મ ગ

એવો પ્રયોગ થાય છે, એટલે રિષભ પંચમ વર્જ્ય છે જેથી બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

ધ ની̅ ધ સાં

સ્વર સમૂહથી ખંબાવતીનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

મ પ ધ ની̅ ધ સાં

થાય છે જ્યારે આ રાગમાં,

ગ મ ધ ની̅ ધ સાં

એવો પ્રયોગ થાય છે, એટલે એ બે રાગો ભિન્ન જણાય છે.

આ રાગનું ખાસ અંગ

ગ મ ગ સા ની̣̅ ધ̣ ની̣ સા મ ગ

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાગેશ્વરી.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

પ્રથમ સૂર સાધે રટે નામ જૈંલો,
રહે યાહિ ઘટમેં પ્રગટ પ્રાન સાધે—ધૃ.
સપ્ત સૂર તીન ગ્રામ ગુની જન બખાને,
આવન ગવન કી બિદ્યા કઠીન ભેદ,
પાવે ગુરૂ ન સેવે આદ—ધૃ.

સ્થાયીઃ—

	૦		૩			×		૨	
ગમ-	ગ	રી	સા	ની	ધ	નીસા-	-	ગ	- :
પ્ર	થ	મ	સૂ	-	ર	સા	-	ધે	-
	૦		૩			×		૨	
સા	ગ	મ	ધ	-	ની	નીધ-	ધમ	મગ	રી
ર	ટે	-	ના	-	મ	જૈં	-	લો	-
	૦		૩			×		૨	
સા	નીસા-	ગ	મ	-	ધ	મ	ધ	સાં	-
ર	હે	-	યા	-	હિ	ઘ	ટ	મેં	-
	૦		૩			×		૨	
ગં	ગંરીં	રીંસાં	સાંની	ની	ધ	નીધ	મગ	રી	સા
પ્ર	ગ	ટ	પ્રા	-	ન	સા	-	ધે	- ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

*	૦		૩			×		૨	
ગમ-	ગ	રે	સા	-	સા	મ	મ	ધ	-
પ્ર	થ	મ	સૂ	-	ર	સ	મે	સૂ	-
	૦		૩			×		૨	
સાં	સાં	ની	સાં	-	સાં	સાં	ગં	ગં	ગં
ર	તી	ન	આ	-	મ	ગુ	નિ	જ	ન
	૦		૩			×		૨	
મં	ગંરીં	રીંસાં	સાં	ની	ધ	ધ	ની	ધ	મ
ખ	ખા	-	ને	-	-	આ	-	વ	ન
	૦		૩			×		૨	
મ	ગ	રી	ની	સા	-	સા	-	ની	ધ
ગ	વ	ન	કી	-	-	બિ	-	દ્યા	-
	૦		૩			×		૨	
ની	સા	સા	ગ	મ	ધ	મ	ધ	ની	સાં
ક	ઠી	ન	ભે	-	દ	પા	-	વે	-
	૦		૩			×		૨	
ગં	ગંરીં	રીંસાં	સાંની	ની	ધ	ધમ	ગરી	ની	સા
ગુ	રૂ	ન	સે	-	વે	આ	-	દ	- ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાગેશ્રીઃ—

ખમાજ થાટના **ષાડવ** રાગો પૈકીનો આ એક છે. તેમાં **પંચમ** વર્જ્ય છે તેમજ **આરોહે રિષભ** પણ **વર્જ્ય** છે. તેમાં **શુદ્ધ** તેમજ **કોમળ નિષાદ**નો નિયમાનુસાર પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ** સ્વરો છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે, ને તે પૂર્વાંગનો હોવાથી નિયમાનુસાર આ રાગ **રાત્રે દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી સ્વર મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે. આ રાગમાં ષડજને વાદી માનવાની કેટલાકની માન્યતા છે અને તે માન્યતાનુસાર સંવાદી પંચમ થશે; પરંતુ આ રાગમાં પંચમ વર્જ્ય છે એટલે સંવાદી મધ્યમ થશે.

આ રાગમાં કેટલેક સ્થળે **દુર્ગા** અને **ખમાજ** રાગોનો ભાસ થાય છે, પરંતુ તે રાગોથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

સા ની̣ ધ̣ ની̣ સા ગ મ

સ્વર સમૂહથી દુર્ગાનો ભાસ થાય છે પરંતુ દુર્ગા, ઓડવ હોઇ પંચમ, રિષભ વર્જ્ય છે, જ્યારે આ રાગ ષાડવ હોઇ માત્ર પંચમ વર્જ્ય છે અને અવરોહે રિષભ આવે છે. વળી દુર્ગામાં

મ ગ સા ની̣ ધ̣

થાય છે જ્યારે આ રાગમાં

મ ગ રી સા ની̣ ધ̣

એવો પ્રયોગ થાય છે. એથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

મ ધ ની સાં ની ધ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે, પરંતુ તેમાં પંચમનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં પંચમ વર્જ્ય છે.

આ બે રાગો શિવાય, હવે પછી આવતા અન્ય થાટોમાં આ રાગને મળતા કેટલાક રાગો છે, અને તેનું તે તે થાટોમાં વર્ણન કરવામાં આવશે.

આ રાગનું ખાસ અંગ.

ધ઼ ની઼ સા ગ મ ગ રી સા ની઼ ધ઼

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિલાવલ.

તાલ અદ્ધા (ત્રિવટ). માત્રા ૧૬ મધ્યલય.

હરિ હરિ મનમેં, જપત તેરો નામ,
અલખ નિરંજન, ભવ ભય ભંજન.—ધ્રૂ.

અધમ ઓધારન, ભવ જલ તારન,
તુમી દુખિયનકો, હો બિસરામ.—ધ્રૂ.

સ્થાયી:—

	૩	×	૨	०
સા	સાં ની - સાં	ધ ની પ મ	ગ - - રી	ગ મ ગ
હ	રિ હ - રિ	મ - ન -	મેં - - જ	પ - ત

	૩	×	૨	० *
-	; ગમ પધ પ	ગ - - મ	રી - - સાંની	સા - -
-	; તે - રે	ના - - -	- - - મ	- - -

	૩	×	૨	०
સા	મ ગ - પ	ની ધ ની -	સાં - સાં -	; ; ;
અ	લ ખ - નિ	રં - - -	જ - ન -	; ; ;

	૩	×	૨	०
પ	ની સાં - ગં	રીં સાં ની ધ	પ - મ -	ગ - -
ભ	વ ભ - ય	ભં - - -	જ - ન -	- - - ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

*	૩	×	૨	૦	
પ	પ ની - ધ	ની - - -	સાં - સાં -	; ; ;	
અ	ધ મ - ઓ	ધા - - -	ર - ન -	; ; ;	
	૩	×	૨	૦	
પ	ની સાં - ગં	રીં સાં ની ધ	પ મ ગ મ	ગ - -	
ભ	વ જ - લ	તા - - -	ર - ન -	- - ;	
	૩	×	૨	૦	
સાં	સાં ની ધ ની	પ ધ મ પ	ગ મ ગ -	ગ - -	
તુ	મી દુ - ખિ	ય - ન -	કો - - -	- - -	
	૩	×	૨	૦	
રી	ગ મ - પ	ગ - - મ	રી - સા ની	સા - -	
હોં	- બિ - સ	રા - - -	- - મ -	- - -	ધ્રુ.

બિલાવલ:—

શંકરાભરણ થાટનું પ્રાચીન નામ બિલાવલ થાટ છે, અને તેથી બિલાવલ અને તેના પ્રકારોનો તે થાટમાં સમાવેશ થવો જોઈએ, પરંતુ બિલાવલ અને તેના કેટલાક પ્રકારોમાં શુદ્ધ નિષાદ સાથે **કોમળ નિષાદનો** પ્રયોગ થાય છે, જ્યારે શંકરાભરણ થાટના સર્વ રાગોમાં, માત્ર શુધ્ધ સ્વરોજ આવતા હોવાથી બિલાવલ અને તેના કેટલાક પ્રકારોનો આ થાટમાં સમાવેશ કર્યો છે. આ થાટના **સંપૂર્ણ** પ્રકારોના રાગો પૈકીનો આ એક

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાગ છે. તેમાં **શુદ્ધ** તેમજ **કોમળ નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય સર્વ **શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ધૈવત** છે, અને તે ઉત્તરાંગનો સ્વર હોવાથી નિયમાનુસાર **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. આવા પ્રાતઃકાળે ગવાતા રાગો બહુધા શાંતરસનાં તથા ગંભીર પ્રકૃતિના હોવાથી, આલાપ યુકત રાગ ગણી શકાય. વાદી સ્વર ધૈવત હોવાથી **સંવાદી સ્વર ગાંધાર** થશે.

આ રાગમાં કેટલેક સ્થાને **અલૈયા બિલાવલ, ગૌડ સારંગ, ગૌડ મલ્લાર, ખમાજ** અને **બિહાગ** રાગોનો ભાસ થાય છે.

આ રાગમાં

રી ગ મ પ

સ્વર સમૂહથી કાંઇક અંશે અલૈયા બિલાવલનો ભાસ થાય છે, પરંતુ તે રાગમાં

રી ગ પ

સ્વર સમૂહ આવતો હોવાથી તેમજ કોમળ નિષાદ વધુ પ્રમાણમાં આવતો હોવાથી આ રાગથી જુદો પડે છે. એજ સ્વર સમૂહથી આ રાગમાં ગૌડ સારંગનો ભાસ થાય છે પરંતુ તેમાં

રી ગ મ પ મં પ

એવો પ્રયોગ થતો હોવાથી આ રાગથી જુદો પડી શકે છે. એ સ્વર સમૂહથી ગૌડ મલ્લારનો પણ ભાસ થાય છે પરંતુ તેમાં

રી ગ મ પ મ ગ રી

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં

રી ગ મ પ ગ મ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થાય છે એટલે પરસ્પર એ બે રાગો જુદા જણાય છે. વળી ગૌડ મલ્લારમાં

રી મ પ

સ્વર સમૂહ આવે છે, જ્યારે આ રાગમાં આરોહે ગાંધાર વર્જ્ય ન થતો હોવાથી એ સ્વર સમૂહ આવી શકતો નથી.

આ રાગમાં

ની સાં ની ધ

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે, પરંતુ તેમાં

પ ધ ની સાં

પણ થાય છે જ્યારે આ રાગમાં માત્ર

પ ની સાં

એવો પ્રયોગ થતો હોવાથી આ રાગથી જુદો પડી શકે છે.

આ રાગમાં

સા ગ મ પ ની સાં

સ્વર સમૂહથી બિહાગનો ભાસ થાય છે, પરંતુ તેમાં ધૈવતને દુર્બલત્વ આપવામાં આવ્યું છે, જ્યારે આ રાગમાં ધૈવત વાદી સ્વર છે, અને તે રાગમાં તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં માત્ર શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે.

આ રાગનું ખાસ અંગ.

સાં ની ધ પ મ ગ – રી ગ મ પ ગ – મ રી – સા
એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલૈયા બિલાવલ.

તાલ અદ્ધા (ત્રિવટ). માત્રા ૧૬ મધ્યલય.

દૈંયાં કહાં ગયેરી, બ્રિજકે .બસૈયા રી,—ધૃ.
ના મોરે પંખ, ના મોરે પાયન.
ના તો શુધ કે, દેવૈયા રી.—ધૃ.

સ્થાયી:—

	૩	×	૨	૦	
રી	ગ પ - ધ	ની - - -	સાં - ધ ની	પ મ -	
દૈં	યાં ક હાં ગ	યે - - -	રી - - -	- - -	

	૩	×	૨	૦	
રી	ગ મ - પ	ગ - મ -	રી - - -	સા - -	
બ્રિ	જ કે - બ	સૈ - - -	યા - - -	રી - -	ધૃ.

અંતરો:—

	૩	×	૨	૦	
ગ	- પ - ધ	ની - - -	સાં - - -	- - ;	
ના	- મો - રે	પં - - -	ખ - - -	- - ;	

	૩	×	૨	૦	
પે	- ની - સાં	ધ - ની -	પ - મ -	ગ - ;	
ના	- મો - રે	પા - - -	ય - ન -	- - ;	

	૩	×	૨	૦	
રી	ગ પ - ધ	ની - સાં -	ધ ની પ -	મ ગ -	
ના	તો શુ - ધ	કે - દે -	વૈ - યા -	રી - -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અલૈયા બિલાવલઃ—

આ રાગ બિલાવલનો એક પ્રકાર છે, અને તેમાં **કોમળ નિષાદનો શુદ્ધ નિષાદ** સાથે પ્રયોગ થતો હોવાથી, આ થાટના **સંપૂર્ણ પ્રકારમાં** તેનો સમાવેશ થાય છે. આ રાગમાં **સર્વ શુદ્ધ સ્વરો** છે. આરોહે કોઈવાર **મધ્યમનો લોપ** છે. આ રાગનો **વાદી સ્વર ધૈવત** છે, તે ઉત્તરાંગનો હોવાથી તેમજ તે બિલાવલનો એક પ્રકાર હોવાથી, **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં **સંવાદી ગાંધાર** થશે. જેમ શુદ્ધ કલ્યાણની ફરમાસ થતાં, ઘણેભાગે ગાયક તેને બદલે યમન કલ્યાણના સૂરો કરે છે, તે પ્રમાણે બિલાવલની ફરમાસ થતાં, બહુધા અલૈયા બિલાવલના સૂરો કરતાં જોવામાં આવે છે. સંક્ષિપ્તમાં અલૈયા અને શુદ્ધ બિલાવલનો એટલો બધો મેળાપ છે, કે તે જુદા પાડવામાં ઘણા અનુભવની જરૂર છે.

આ રાગમાં **બિલાવલ** રાગનો ભાસ થાય છે, પરંતુ તે રાગથી આ રાગ જુદો પાડી શકાય છે. કારણ આ રાગમાં કોમળ **નિષાદ** વધારે પ્રમાણમાં આવે છે. જ્યારે શુદ્ધ બિલાવલમાં કોમળ **નિષાદ** કવચિત લેવામાં આવે છે.

આ રાગમાં,

ધ $\overline{\text{ની}}$ પ મ ગ

સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

$\overline{\text{ની}}$ ધ પ મ ગ રી ગ મ પ ની – સાં

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં,

ધ $\overline{\text{ની}}$ પ મ ગ રી ગ પ – ધ ની – સાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

રી ગ પ ની ધ ની સાં

એ પ્રમાણે છે.

શુક્લ બિલાવલ.

તાલ ધ્રુવપદ. માત્રા ૧૨ વિલંબલય.

ભરન જો ગઇ એ હાં,
જલ જમુના તટ પન ઘટ,
નટ નાગરકો પ્રગટ દરશ ભયો.—ધ્રૂ.
શિશ મુગટ પુલ, શ્રવણુ કુંડલ, ઝાંઇ ઝલકે,
આલીરી ગયોરી, મેરો મન હર લીનો.—ધ્રૂ.

સ્થાયી:—

०		૩		૪		×		०		૨	
ગ	સા	ગ	મ	પ	ગ	મ	-	ગ	-	રી	સા
ભ	ર	ન	જો	-	ગ	ઇ	-	એ	-	હાં	-
०		૩		૪		×		०		૨	
ગ	સા	ગ	મ	પ	ગ	મ	-	ગ	મ	પ	ની
ભ	ર	ન	જો	-	ગ	ઇ	-	જ	લ	જ	મુ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

०		३		૪		×		०		૨		
ધ	-	પ	પ	ધ	પ	ધ	મ	ગ	સા	ગ	મ	
ના	-	પ	ન	ઘ	ટ	ન	ટ	ના	-	ગ	ર	

०		३		૪		×		०		૨		
પ	ની	સાં	રીં	ની	ધ	પ	મ	ગ	-	મ	-	
કો	પ્ર	ગ	ટ	હ	ર	શ	ભ	યો	-	-	-	ધ્રૂ.

અંતરો:—

०		३		૪		×		०		૨		
ગ	સા	ગ	મ	પ	ગ	મ	-	;	;	સા	-	
ભ	ર	ન	જો	-	ગ	ઇ	-	;	;	શિ	-	

०		३		૪		×		०		૨		
ગ	મ	પ	ની	સાં	-	રીં	સાં	ની	ધ	પ	-	
શ	સુ	ગ	ટ	કુ	-	લ	શ્ર	વ	ણ	કું	-	

०		३		૪		×		०		૨		
મ	ગ	સા	ગ	મ	પ	ની	સાં	રીં	સાં	ની	ધ	
ડ	લ	ઝાં	ઇ	ઝ	લ	કે	આ	લી	રી	ગ	યો	

०		३		૪		×		०		૨		
પ	-	ધ	પ	ધ	મ	ગ	સા	ગ	મ	-	-	
રી	-	મે	રો	મ	ન	હ	ર	લી	નો	-	-	ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શુક્લ બિલાવલ.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

કલ ના પરત મોહે, નિશ દિનરી હૈંયાં,—(૨)
બિરહા અગન મોરે, (૨) તન મન જરી હૈંયાં.—ધૃ.
સુઘર પિયા બીન, શીંગાર આદર તજ દીયો,
એ રાત હું મગ તકતી ખડી હૈંયાં.—ધૃ.

સ્થાયી:—

×		२		०		३	
ગ	ગ	મ પ ની		ધ	પ	ધપ ધ	મ
ક	લ	ના - પ		ર	ત	મો -	હે
મ	ગ	ગ રી સા		ગ	-	પ મ	-
નિ	શ	દિ - ન		રી	-	હૈં યાં	-
ગ	ગ	ગ - મ		ગ	રી	ગ -	સા
બિ	ર	હા - અ		ગ	ન	મો -	રે
સા	સા	ગ - મ		પ	ધ	ની -	સાં
બિ	ર	હા - અ		ગ	ન	મો -	રે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×		૨			૦		૩			
રીં	સાં	ની	ધ	પ	ધ	–	પ	મ	–	
ત	ન	મ	ન	જ	રી	–	હૈં	યાં	–	ધ્રુ.

અંતરો:—

×		૨			૦		૩		
પ	પ	ની	–	ની	નીસાં	રીં	ની	ની	સાં
સુ	ધ	ર	–	પિ	યા	–	બી	ન	શીં

×		૨			૦		૩		
સાં	ગં	મં	રીં	સાં	ની	ની	સાં	–	સાં
ગા	ર	આ	દ	ર	ત	જ	દી	–	યો

×		૨			૦		૩		
સાં	મ	ગ	–	મ	પ	ધ	ની	સાં	રીં
એ	–	રા	–	ત	હું	–	મ	–	ગ

×		૨			૦		૩			
સાં	ની	ની	ધ	પ	ધ	પ	ધ	મ	–	
ત	ક	તી	–	ખ	ડી	–	હૈં	યાં	–	ધ્રુ.

શુક્લ બિલાવલ:—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારોના રાગો પૈકીનો આ રાગ છે અને તે બિલાવલનો એક પ્રકાર છે. આ રાગમાં **શુદ્ધ** તેમજ **કોમળ નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ** સ્વરો

છે, આ રાગમાં આરોહે **રિષભ ધૈવત વર્જ્ય** છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે, તે પૂર્વાંગનો હોવાથી આ રાગ રાત્રે ગવાવો જોઇએ. પરંતુ મધ્યમ વાદી હોય, એવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે એવો એક નિયમ હોવાથી, તેમજ આ એક બિલાવલનો પ્રકાર હોવાથી, **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી મધ્યમ હોઇ **સંવાદી ષડજ** થશે.

આ રાગમાં **બિલાવલ, બિહાગ** અને **ખમાજ** રાગોનો ભાસ થાય છે, પરંતુ એ રાગોથી આ રાગ જુદો જણાય છે.

આ રાગમાં,

સાં ની ધ પ

સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

સાં ની ધ પ મ ગ

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં,

સાં ની ધ પ મ ગ મ

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

સા ગ મ પ ની સાં

સ્વર સમૂહથી બિહાગનો ભાસ થાય છે પરંતુ તેમાં,

સા ગ મ પ ની સાં

સાં ની ધ પ મ પ ગ મ

એવો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં,

સા ગ મ પ ની સાં

સાં ની ધ પ મ ગ મ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એવો પ્રયોગ થતો હોવાથી, બિહાગથી જુદો પડે છે.

આ રાગમાં,

સા ગ મ પ ગ મ

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

ગ મ ધ ની સાં

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં,

ગ મ પ ની સાં

એવો પ્રયોગ થતો હોવાથી, એ બે રાગો જુદા પડે છે. આ રાગ ખમાજ સાથે ઘણો મળતો છે.

આ રાગનું ખાસ અંગ

ગ સા ગ મ પ ની સાં $\overline{\text{ની}}$ ધ પ ગ મ

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કકુભ બિલાવલ.

તાલ ઝપતાલ. માત્રા ૧૪ વિલંબલય.

શંકર ધર ધ્યાન,
ફલ મુક્તિ કલ જાન.—ધ્રૃ.
શિવ સુલભ શુભ જ્ઞાન,
પરભાત મન માન,
સો, રટલે હર નામ,
પરમાનંદ સુખ ધામ.—ધ્રૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
સા	પ	ની	ધ	પ	મગ-	મ	ગ	-	સા
શં	-	કુ	-	ર	ધ	ર	ધ્યા	-	ન

×		૨			૦		૩			
ગ	મ	પ	-	મગ-	મ	ગ	મ	રી	સા	
ફ	લ	મુ	-	ક્તિ	ક	લ	જા	-	ન	ધ્રૃ.

અંતરો:—

×		૨			૦		૩		
પ	પ	ની	ની	સાં	ની	રીં	સાં	-	સાં
શિ	વ	સુ	લ	ભ	શુ	ભ	જ્ઞા	-	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩
પ ધ	રીં સાં ની	ધ ની	પ - પ
પ ર	ભા - ત	મ ન	મા - ન

×	૨	૦	૩
પ ધ	ની ધ પ	ધ મ	ગ - સા
સો -	ર ટ લે	હ ર	ના - મ

×	૨	૦	૩	
સા ગ	મ પ મ	ગ મ	રી - સા	
પ ર	મા નં દ	સુ ખ	ધા - મ	ધ્રુ.

કકુભ બિલાવલ:—

આ થાટના **સંપૂર્ણ પ્રકાર**ના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં **શુદ્ધ** તેમજ **કોમળ નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ** સ્વરો છે, આ રાગમાં **આરોહે રિષભ વર્જ્ય** છે, અને **ધૈવત દુર્બળ** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે, તે ઉત્તરાંગનો હોવાથી તેમજ આ રાગ બિલાવલનો એક પ્રકાર હોવાથી, **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે.

આ રાગમાં **બિલાવલ, બિહાગ** અને **ખમાજ** રાગોનો ભાસ થાય છે, પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

મ પ ગ મ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે પરંતુ તેમાં,

ની ધ પ મ ગ ગ મ રી સા

થાય છે, જ્યારે આ રાગમાં,

ધ ની ધ પ ધ મ ગ સા

એવો પ્રયોગ થતો હોવાથી તે રાગથી જુદો જણાય છે.

આ રાગમાં,

સા ગ મ પ ગ મ ગ

સ્વર સમૂહથી બિહાગનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

સા ગ મ પ મં ગ મ ગ

એવો પ્રયોગ થતો હોવાથી આ રાગથી જુદો પડે છે.

આ રાગમાં,

સા ગ મ પ ગ મ

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે, પરંતુ ખમાજમાં,

ની ધ ગ મ પ મ ગ

થાય છે જ્યારે આ રાગમાં,

પ ધ ની પ ધ મ ગ

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

સા પ ની પ ધ મ ગ સા

સા ગ મ પ ગ મ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

નટ બિલાવલ.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

આજ નવ નાગરી લાલસોં મચ રહે,
લલિત સંકેત બટ નિકટ હોરી—ધૃ.
સગન દ્રુમ કુંજન વ બિપિન,
કુસુમિત સદા કરત ધુન,
કીર કોકિલ ચકોરી—ધૃ.

સ્થાયીઃ—

×		૨			૦		૩		
ગ	-	સા	ગમ	પ	મ	-	ગ	મ	-
આ	-	જ	ન	વ	ના	-	ગ	રી	-
×		૨			૦		૩		
ગમ	પ	પ	મ	પ	મ	ગ	ગ	ગ	મરી
લા	-	લ	સોં	-	મ	ચ	ર	હે	-
×		૨			૦		૩		
રી	ગરી	ની	ધ	પ	પમ-	-	પ	મ	ગ
લ	લિ	ત	સં	-	કે	-	ત	બ	ટ
×		૨			૦		૩		
ગરી	ગ	ગ	મ	પ	મ	ગ	મ	રી	સા
નિ	ક	ટ	હો	-	-	-	-	-	રી

ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

×	૨	૦	૩
પ પ	ની ની ની	સાં -	સાં રીં સાં
સ ધ	ન કુ મ	કું -	જ ન વ

×	૨	૦	૩
ની ધ	ની સાં સાં	રીં સાં	ધ ની પ
બિ પિ	ન કુ સુ	મિ ત	સ દા -

×	૨	૦	૩
મ ગ	ની ધ ધ	સાં -	સાં નીધ પ
ક ર	ત હુ ન	કી -	ર કો -

×	૨	૦	૩	
પ ની	ધ પ -	મ ગ	મ રી સા	
ફિ લ	ચ કો -	- -	- - રી	ધ્રુ.

નટ બિલાવલ:—

આ રાગમાં **કોમળ નિષાદનો શુદ્ધ નિષાદ** ઉપરાંત સાવકાશે પ્રયોગ થતો હોવાથી આ થાટમાં આ રાગનો સમાવેશ થાય છે. અન્ય **શુદ્ધ સ્વરો** છે. આ રાગ **સંપૂર્ણ જાતિનો** છે. આ રાગનો **વાદી** સ્વર **મધ્યમ** છે. જ્યારે **સંવાદી ષડજ** થશે. આ રાગ **દિવસના પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. કારણ આ રાગ બિલાવલના એક પ્રકારનો છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં **નટ, બિલાવલ** અને ગૌડનો ભાસ થાય છે. આ રાગમાં

રી ગ મ પ ગ મ રી સા

સ્વર સમૂહથી નટનો ભાસ થાય છે, અને એ સમૂહ યથાયોગ્યજ છે. કારણુ આ રાગ નટ અને બિલાવલનું મિશ્રણુ છે.

ની ધ ની સાં, પ મ ગ, ગ મ રી સા

આ સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે. આ રાગ બિલાવલનો એક પ્રકાર હોઇ આ સ્વર સમૂહ આવશ્યક છે.

પ મ ગ મ રી

સ્વર સમૂહથી ગૌડનો ભાસ થાય છે. પરંતુ તેમાં

પ રી સા ગ રી મ ગ

સ્વર સમૂહ હોવાથી આ રાગ જુદો પડે છે.

આ રાગનું ખાસ અંગ

રી ગ મ પ ગ મ રી સા, ની ધ ની સાં – ધ $\overline{\text{ની}}$ પ

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

લચ્છા સાખ.

તાલ એકતાલ. માત્રા ૧૨ વિલંબલય.

તારાની એ માં બેરાની,
માને હેરાની.—ધ્રૃ.
રતન જતન ઐસે કે,
જૈસે પીકર પાની,
માને હેરાની.—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	૪	×	૦	૨ *
‖: ની ધ	પ મગ	રીગ ગ	મ -	- પ	મ ગ
તા -	- રા	- ની	એ -	- માં	- બે

૦	૩	૪	×	૦	૨
રી -	- સા	સાં -	રીં સાં	ની ધ	- પ
રા -	- ની	માં -	ને હે	રા -	- ની :‖ ધ્રૃ.

અંતરો:—

* ૦	૩	૪	×	૦	૨
‖: પ પ	ની -	ની સાં	- સાં	સાં ધ	સાં રીં
ર ત	ન -	જ ત	- ન	ઐ -	સે કે

૦	૩	૪	×	૦	૨
સાં ધની	ની પ	ની -	સાં રીં	રીં સાં	સાં ધ
જૈ -	સે -	પી -	ક ર	પા -	- -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	૪	×	૦	૨	
૫ -	ની -	સાં રીં	સાં ની	ધ -	૫ -	
ની -	મા -	ને હે	રા -	- -	ની -	ધ્રુ.

લચ્છા સાખ:—

આ રાગમાં **શુદ્ધ** તથા **કોમળ નિષાદ** આવતો હોવાથી આ થાટમાં આ રાગનો સમાવેશ યોગ્યજ છે. **અન્ય સ્વરો શુદ્ધ** છે આ રાગ એક બિલાવલ પ્રકારનોજ છે. જેથી ઉત્તરાંગમાં બિલાવલનો સ્વર સમૂહ પ્રદર્શિત થાય છે. આ રાગ **સંપૂર્ણ જાતિનો** છે. આ રાગનો **વાદી** સ્વર **ધૈવત** છે. વાદી સ્વર ઉત્તરાંગનો હોવાથી **દિવસના પહેલે પ્રહરે** ગાવો યોગ્ય છે. ધૈવત વાદી થતાં **સંવાદી ગાંધાર** થશે.

આ રાગમાં **બિલાવલ** અને **ઝીંઝોટીનો** ભાસ થાય છે

સાં ની ધ ૫, મ ગ – રી સા

આ સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે, જે અંગ આ રાગમાં જરૂરી છે.

રી ગ મ ૫ મ ગ –

આ સ્વર સમૂહથી ઝીંઝોટીનો ભાસ થાય છે, પરંતુ તેમાં

સા રી ગ મ ૫ મ ગ – રી સા ની઼ ધ઼ સા

આ પ્રમાણે પ્રયોગ થતાં આ રાગ જુદો પડે છે.

આ રાગનું ખાસ અંગ

ની ધ ૫ મ ગ, રી ગ મ ૫ મ ગ –

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ભટીઆર પ્રકાર ૧

તાલ ધમાર. માત્રા ૧૪ વિલંબલય.

ખેલત કાન્હ હોરી સંગલીયે,
અબીર ગુલાલ ભર ઝોરી—ધ્રૃ.
એક ગાવત એક મૃદંગ બજાવત,
એક નાચત રાધા કિશોરી—ધ્રૃ.

સ્થાયી:—

૨	૩	×
‖: ; સા પ - મ	મગ રી સા -	રી - - સા -
; ખે લ - ત	કા - ન્હ -	હો - - રી -
૨	૩	×
રી સા ની઼ ધ઼ સા	રી - સા -	સા ધ઼ ની઼ પ઼ -
સં - - - -	ગ - - -	લી - - યે -
૨	૩	×
- પ઼ પ઼ ધ -	નીધ - નીધ -	ધ ની - પ -
- અ બી - -	ર - ગુ -	લા - - લ -
૨	૩	×
ધ - ધ સાં -	ની - ધ -	સાં ની ધ પ
ભ - ર - -	ઝો - - -	- - - -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨	૩	×	
- ધ પ મ -	પ મ ગ -	રી - સા રી સા :	
- - - - -	- - - -	- - - - રી	ધ્રુ.

અંતરો:—

૨	૩	×
: ; સા પ - મ	મગ રી સા -	મ - પ - સાં
; એ લ - ત	કા - ન્હ -	એ - ક - ગા

૨	૩	×
- સાં સાં - -	પ - સાં -	સાં - સાં - રીં
- વ ત - -	એ - ક -	મૃ - દં - ગ

૨	૩	×
- મં ગં - મં	રીં સાં - સાં	રીં - સાં ની ધ
- બ જા - -	- વ - ત	એ - ક ના -

૨	૩	×	
ધ પ ની ધ પ	મ ગ મ રી	પ મ ગ રી સા :	
ચ ત - રા -	ધા - - કિ	શો - - - રી	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ભટીયાર:—

આ થાટના **સંપૂર્ણ પ્રકારનો** આ રાગ છે. આ રાગમાં માત્ર **કોમળ નિષાદનો** પ્રયોગ થાય છે. શિવાય બીજા **શુદ્ધ સ્વરો** છે, જેથી આનો સમાવેશ આ થાટમાં કર્યો છે. આ રાગના બે પ્રકાર છે, તે પૈકી પહેલો આ પ્રકાર છે. બીજા પ્રકારમાં **કોમળ રિષભ** તથા **શુદ્ધ** તેમજ **તીવ્ર મધ્યમ** આવે છે, જેથી તે પ્રકારના રાગનો સમાવેશ **મારવા** થાટમાં કર્યો છે. આનો **વાદી** સ્વર **પંચમ** છે, ત્યારે **સંવાદી રિષભ** થશે. ભટીયાર સાયંકાળે ગાવાનો પ્રચાર છે. પરંતુ આ પ્રકારમાં બિલાવલનું અંગ વિશેષ હોવાથી **દિવસના પ્રથમ પ્રહરે** ગાવો ઉચિત છે.

આ રાગમાં **ઝીંઝોટી, ખમાજ** તથા **બિલાવલનો** ભાસ થાય છે.

આ રાગમાં

સા ની ધ સા

થી ઝીંઝોટીનો ભાસ થાય છે પરંતુ ઝીંઝોટીમાં

સા ની ધ – સા રી ગ મ ગ

આ પ્રમાણેનો પ્રયોગ થવાથી આ રાગ જુદો પડે છે.

સાં ની ધ પ

સ્વર સમૂહથી ખમાજનો ભાસ થાય છે, પરંતુ તેમાં

સા ગ મ પ, સાં ની ધ મ પ ધ મ ગ

એવો પ્રયોગ થાય છે જ્યારે આમાં

સા પ મ ગ રી સા, સાં ની ધ પ – ધ પ મ પ ગ રી સા

આ પ્રમાણે પ્રયોગ થતાં આ રાગ જુદો પડે છે.

ની ધ પ મ ગ મ રી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વર સમૂહથી બિલાવલનો ભાસ થાય છે પરંતુ આમાં

નીૅ ધ પ મ ગ મ રી પ

સ્વર સમૂહનો પ્રયોગ થાય છે. જ્યારે બિલાવલમાં

નીૅ ધ પ મ ગ મ રી ગ પ ધ ની સાં

સ્વર સમૂહનો પ્રયોગ થવાથી આ રાગ જુદો પડે છે.

આ રાગનું ખાસ અંગ

સા પ મ ગ રી સા, ધ઼ નીૅ઼ પ઼ – ધ – ધ નીૅ પ ધ સાં આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખમાજ.

તાલ દાદરો. માત્રા ૬ મધ્યલય.

સુધ ના લીની, જબસે ગયો, નેનવા લગાય કે,
નેનવા લગાય કે, મોરલીયાં સુનાય કે.—ધૃ.
રટત ફીરત નિરખ નિરખ, પિયા બિન મુરઝાય કે,
દુઃખ સાગર ભરત ભરત, નેંન નીર બહાય કે.—ધૃ.

સ્થાયીઃ—

×	૨	×	૨
ગ સા સા	ગ - ગ	મ પ મ	પ - પ
સુ ધ ના	લી - ની	જ બ સે	ગ - યો

×	૨	×	૨
સાં - ની	ધ - મ	પ - ધ	મ ગ -
ને - ન	વા - લ	ગા - ય	કે - -

×	૨	×	૨
ની - ની	સાં - રીં	સાં - ની	ધ પ ધ
ને - ન	વા - લ	ગા - ય	કે - મો

×	૨	×	૨
સાં - ની	ધ - મ	પ - ધ	મ ગ -
ર - લી	યાં - સુ	ના - ય	કે - -

ધૃ.

પ	મગ- - -	મગ- રી સા -	રી ની સા	મરી- મ પ	
મે	રો - -	મ - ન -	હ - ર	લી - -	
	૦	૩	×	૨	
-	મગ- રી સા	મરી- મ પ -	નીધ- નીધ- પ	સાં - -	
-	નો - -	- - - -	બ - ડો	હી - -	
	૦	૩	×	૨	
-	નીધ- પ ધ	મ પ રી ગ	રી સા -	રોની- ની સા	
-	રા - -	જા - - -	- - -	તેં - -	ધૃ.

અંતરો:—

	૦	૩	×	૨
પ	મગ- - -	મગ- રી સા -	મરી- મ પ	નીસાં- - સાં
મે	રો - -	મ - ન -	બ્હા ર કી	પો - લ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	०	३	×	२
ગં	રીં - સાં	નીધ- નીપ -	નીધ- પ -	મગ- રી મ
બિ	સા - રી	યાં - - -	અ બ -	રી - મેં

	०	३	×	२
પ	મરી- મ પ	નીધ- નીપપ	નીસાં- - -	સાં રીં સાં
-	કા - -	સે - - ક	હું - -	- - -

	०	३	×	२	
-	નીધ- ની પ	પ ધ મ પ	રી ગં રી	રી ની સા	
-	જી યા -	કી - - -	બા - -	તેં - -	ધ્રુ.

દેશી પ્રકાર (૧):—

આ થાટના **સંકીર્ણ** **વ** પ્રકારના રાગોમાં આનો સમાવેશ થાય છે. આમાં આરોહે **ગાંધાર, ધૈવત,** વર્જ્ય છે. **ગાંધાર કોમળ** છે. **નિષાદ કોમળ** ઉપરાંત **શુદ્ધ** પણ લેવાનો પ્રચાર છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે, પંચમ વાદી હોય એવા રાગો કોઈ પણ સમયે ગાઈ શકાય છે, પરંતુ આ એક તોડીનો પ્રકાર હોઈ **દિવસના દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે. આ રાગ અતિ મધુર છે.

આ રાગ સબંધી ઘણા મતો છે. આ **એક પ્રકાર** જેમાં **ધૈવત** માત્ર **શુદ્ધ** માન્યો છે. **બીજા પ્રકાર**માં માત્ર **કોમળ ધૈવત** માન્યો છે. **ત્રીજા પ્રકાર**માં **કોમળ** તથા **શુદ્ધ ધૈવત** લેવામાં આવે છે, અને **ચોથો પ્રકાર** જેમાં **રિષભ કોમળ** તથા **શુદ્ધ** અને માત્ર **કોમળ ધૈવત**નો પ્રયોગ માન્યો છે, જે **ઉત્તરી દેશી** નામથી ઓળખાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં **ભીમપલાસી** તથા **જોનપુરી**નો ભાસ થાય છે પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં

મગ રી સા

સ્વરસમૂહથી ભીમપલાસીનો ભાસ થાય છે પરંતુ તેમાં આરોહે રિષભનો લોપ છે જ્યારે આમાં આરોહે ગાંધારનો લોપ છે અને તેમાં

સા ગ મ પ મ ગ રી સા

થાય છે, જ્યારે આ રાગમાં

સા રી મ પ, રી મ પ, મગ રી ની સા

આ પ્રમાણે થાય છે જેથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

સા રી મ પ

સ્વરસમૂહથી જોનપુરીનો ભાસ થાય છે, પરંતુ તેમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં શુદ્ધ ધૈવતનો પ્રયોગ થાય છે.

તે રાગમાં–

સા રી મ પ, ધ – ની સાં –

આ પ્રમાણે થાય છે, જ્યારે આ રાગમાં

સા રી મ પ, રી મ પ, નીધ પ સાં –

થાય છે એટલે આ રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

સા – રી મ પ – મરી મ પ – નીધ પ સાં –

ની નીધ પ ધ મ પ રી ગ રી સા રી ની સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પ્રદીપકી (પટદીપકી.)

તાલ તિવરા. માત્રા ૭ વિલંબલય.

બના સારી રેનકા જાગા,
નીકી બનો કે ઘર લાગા—ધૃ.
ધન મોરે ભાગ જાગેરી માઇ,
ઉનકે ઘર કાજા.....................ધૃ.

સ્થાઈ:—

×			૨		૩	
મગ-	રે	-	સા	નીં	ધની	પ
બ	ના	-	સા	-	રી	-
સા	-	સા	ગ	-	સા	ગરી-
રે	-	ન	કા	-	જા	-
સા	-	-	મગરી	-	સામ-	મ
ગા	-	-	ની	-	કી	બ
પ	-	-	મ	-	પ	મં
નો	-	-	કે	-	ઘ	ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×			૨		૩		
ગ	રી	-	સાગ	-	મ	- :	
લા	-	-	ગા	-	-	-	ધ્રુ.

અંતરો:—

×			૨		૩		
;	;	;	મ	મ	પ	સાં	
;	;	;	ધ	ન	મો	રે	

×			૨		૩		
ની	-	સાં	ની	સાં	રીં	-	
ભા	-	ગ	જા	ગે	રી	-	

×			૨		૩		
ની	ધ	પ :	મ	મ	પ	ધ	
આ	-	ઈ	ઉ	ન	કો	-	

×			૨		૩		
મ	પ	-	મગરી	-	સાગમ	-	
ધ	ર	-	કા	-	જા	-	ધ્રુ.

પ્રદીપકી (પટદીપકી):—

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વાદી સ્વર **મધ્યમ** છે જે પૂર્વાંગનો હોઇ આ રાગ **દિવસના ત્રીજા પ્રહરે** તેમજ **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે. આ રાગમાં આરોહે રિષભ, ધૈવત વર્જ્ય છે.

આ રાગમાં કેટલેક સ્થળે, **ભીમપલાસી** અને **દેશી** રાગોનો ભાસ થાય છે પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં

મગ રી સા ની

સ્વરસમૂહથી ભીમપલાસીનો ભાસ થાય છે પરંતુ તેમાં માત્ર કોમળ ગાંધાર, નિષાદ છે, જ્યારે આ રાગમાં કોમળ તેમજ શુદ્ધ ગાંધાર, નિષાદ છે.

આ રાગમાં

સા ગ મ ગ રી સા

થાય છે જ્યારે તેમાં

સા ગ મ પ મ ગ રી સા

થાય છે. આ રીતે એ બે રાગો પરસ્પર જુદા પડે છે.

આ રાગમાં

મ પ સાં ની સાં રીં ની ધ પ, પ ધ મ પ મગ રી

સ્વરસમૂહથી દેશીનો ભાસ થાય છે પરંતુ તેમાં

મ પ સાં નીસાં રીં નીધ ની પ

રી મ પ, પ ધ મ પ રી ગ રી ની સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થાય છે જ્યારે આ રાગમાં

મ પ સાં ની સાં રીં નીં ધ પ

પ ધ મ પ મગ રી સાગ મ.

એ પ્રમાણે થાય છે. એટલે આ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

મગ રી સા ની ધ ની પ - સા -

સાગમ - મગ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગારા.

તાલ દાદરો. માત્રા ૬ મધ્યલય.

કોન અલબેલેકી નાર...............
ઝમાઝમ, પાની ભરેરી (૨)—ધૃ.
હાથ ન ડોરીયા, બાંધે ગગરીયા.
બાંકી ચિતવનસે મોહે,
ઘાયલ કીયોરી.................................ધૃ.

સ્થાયીઃ—

	૨			×			૨			×		*
ધ઼	ગ	રી	ગ	સા	ની઼	સા	રી	ની઼	-	ધ઼	-	:‖
કો	ન	અ	લ	બે	-	-	લે	કી	-	ના	ર	:‖
	૨			×			૨			×		
;	;	;	મ઼	ધ઼	-	ની઼	રીસાની	સા	-	;	;	:‖
;	;	;	ઝ	મા	-	-	ઝ	-	મ	;	;	:‖
	૨			×			૨			×		
સા	ગ	-	મ	રી	ગ	-	મ	પ	-	ગ	-	
પા	ની	-	ભ	રે	-	-	રી	-	-	પા	-	

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૨	×	૨	×	
રી	સા - રી	ની - -	સા - -	ધ -	
-	ની - ભ	રે - -	રી - -	હાં -	ધ્રુ.

અંતરો:—

*	૨	×	૨	×
;	; ; ;	; ; ધ	ની ધ ની	સાની- -
;	; ; ;	; ; હા	- ધ ન	ડા -
	૨	×	૨	×
ની	સા - -	; ; સા	ગ ગ મ	રી ગ
રી	યા - -	; ; ખાં	- ધે ગ	ગ -
	૨	×	૨	×
રી	સા - -	; ; સા	ગ ગ ગ	રી ગ
રી	યા - -	; ; બાં	કી ચિ ત	વ ન
	૨	×	૨	×
ગ	ગ ગ -	- - રી	ગ - ગ	રી ગ
સે	ઓ હે -	- - ઘા	ય લ કી	યો -
	૨	×		
-	મ પ -	ગરીસા -		
-	રી - -	હાં -	ધ્રુ.	

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગારા:—

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારમાં આ રાગનો સમાવેશ આ છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે એ ધોરણે આ રાગ **કોઇ પણ સમયે** ગાઇ શકાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે. આ રાગને કાનડાનો એક પ્રકાર માને છે. આ રાગનું ચલણ બહુધા મંદ્ર સપ્તક ઉત્તરાંગ અને મધ્ય સપ્તક પૂર્વાંગમાં છે. આ રાગને પણ ધુન કહેવામાં આવે છે.

આ રાગમાં કેટલેક સ્થળે **જૈજૈવંતી** અને **જીલ્લા** રાગનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

સા ની સા રી ની ધ

સ્વરસમૂહથી જૈજૈવંતીનો ભાસ થાય છે પરંતુ તેમાં

સા ની સા રી ની ધ પ રી

થાય છે જ્યારે આ રાગમાં

સા ની સા રી ની ધ ગ રી

એવો, પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં જીલ્લાનો ભાસ થાય છે પરંતુ તે જીલ્લા રાગની ટીકા જોવાથી જણાશે.

આ રાગનું ખાસ અંગ

ધ ગ રી ગ સા ની – સા રી ની ધ

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જૈજૈવંતી.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

દેખોરી ના માને શ્યામ,
દેખોરી ના માને શ્યામ,
બિચ ડગર મોરી બૈંયા ગહેલીની.—ધૃ.
બૈંયા મુરક ગઇ, ચુરીયાં કરક ગઇ,
એસો અનારીસે, મૈકો પરો કામ.—ધૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
પ	રી	રી	ગ	મ	ગમ	ગમ	રીગ	રી	રી
દે	ખો	રી	-	ના	મા	ને	શ્યા	-	મ
×		૨			૦		૩		
રીસાની	ની	સા	-	રી	ની	ધ	નીધ	નીધ	પ
દે	ખો	રી	-	ના	મા	ને	શ્યા	-	મ
×		૨			૦		૩		
પ	રી	રી	ગમ	પ	ગ	મ	રીગ	રીગ	રી
દે	ખો	રી	-	ના	મા	ને	શ્યા	-	મ
×		૨			૦		૩		
સાની	-	સા	-	રી	સાની	ધ	નીધ	ની	પ
બિ	-	ચ	-	ડ	ગ	ર	મો	-	રી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×		૨			૦		૩			
પ઼	રી	રી	ગ	મ	ધપ	મગ	ગમ	રીગ	રી	
ઐં	-	યાં	-	ગ	હે	-	લી	-	નીં	

×		૨			૦		૩			
રીસાની઼	ની઼	સા	-	રી	ની઼	ધ઼	નીધ઼	નીધ઼	પ઼	
દે	ઓ	રી	-	ના	મા	ને	શ્યા	-	મ	દૂ.

અંતરો:—

×		૨			૦		૩		
પમગ	મ	પ	ની	પ	ની	ની	નીસાંરીં	ની	સાં
ઐં	-	યાં	-	સુ	ર	ક	ગ	-	ઈ

×		૨			૦		૩		
પ	ની	પની	સાંરીં	સાં	રીંસાંની	નીધ	પધ	ગમ	રી
ચુ	રી	યાં	-	ક	ર	ક	ગ	-	ઈ

×		૨			૦		૩		
રી	રીં	રીં	-	ગં	રીંમં	ગંમં	રીંગં	રીં	રીં
એ	-	સો	-	અ	ના	-	રી	-	સે

×		૨			૦		૩			
રીંસાંની	-	સાં	-	રીં	ધની	પધ	ગમ	રીગ	રી	
મૈ	-	કો	-	-	પ	રો	કા	-	મ	દૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જૈજૈવંતીઃ—

આ થાટના **સંકીર્ણ** **ક** પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી** સ્વર **રિષભ** છે, જે પૂર્વાંગનો હોઇ આ રાગ રાત્રે ગવાવો જોઇએ પરંતુ અપવાદ રૂપ ગણી **કોઇપણ સમયે** ગાઇ શકાય છે. વાદી રિષભ થતાં, નિયમાનુસાર ધૈવત સંવાદી થઇ શકે પરંતુ આ રાગમાં **પંચમનું** પ્રાબલ્ય ધૈવતથી અધિક હોઇ તેને **સંવાદિત્વ** આપવું ઉચિત ગણાય. આ રાગમાં પંચમ, રિષભનો લાગ રાગ સ્વરૂપ પૂર્ણ કરવામાં સહાયક બને છે.

આ રાગમાં કેટલેક સ્થળે **ગારા** અને **સોરઠ** રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

ગ̄ રી સા ની̣ સા રી ની̣̄ ધ̣

સ્વરસમૂહથી ગારાનો ભાસ થાય છે પરંતુ તેમાં

ધ̣ ની̣ – સા – ધ̣ ગ̄ રી ગ̄

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં

પ̣ રી ગ મ રી ગ̄ રી

થાય છે એટલે એ બે રાગો પરસ્પર જુદા પડે છે.

આ રાગમાં

મ પ ની સાં રીં ની̄ ધ પ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી સોરઠનો ભાસ થાય છે પરંતુ તેમાં કોમળ ગાંધારનો પ્રયોગ થતો ન હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

પ રી - ગ મ રી ગ રી -

સા ની સા રી - ની ધ પ

આ પ્રમાણે છે.

હંસકંકણી.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

નયે નયે સુરાગન,
ગુની જન ગાવત.—ધ્રૃ.
નાહી દુર્ગા રાગેશ્વરી,
નાહી કૌશિ બાગેશ્વરી,
અત મન રીઝાવત,
ધન હંસ કંકણી.—ધ્રૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
સા	ગ	ગ	મ	પ	ગ	રી	ગ	રી	સા
ન	યે	ન	યે	સુ	રા	-	ગ	-	ન

×		૨			૦		૩			
ની	સા	ગ	મ	પ	ની	ધ	પ	મ	ગ	
ગુ	ની	જ	-	ન	ગા	-	વ	ત	-	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

* ×		૨			૦		૩		
મ	મ	પ	ની	પ	ની	ની	સાં	-	-
ના	હી	દુ	ર્ગા	રા	ગે	શ્વ	રી	-	-

×		૨			૦		૩		
ગં	રીં	સાં	ની	ધ	પ	ની	ધ	પ	-
ના	હી	કો	શિ	બા	ગે	શ્વ	રી	-	-

×		૨			૦		૩		
પ	ની	ધ	પ	મ	ગ	-	પ	મ	ગ
અ	ત	મ	ન	રી	ઝા	-	વ	-	ત

×		૨			૦		૩			
ની	સા	ગ	મ	પ	ગ	રી	ગ	રી	સા	
ધ	ન	હું	-	સ	કં	ક	ણી	-	-	ધ્રુ.

હંસકંકણી:—

આ થાટના **સંકીર્ણ-क** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **શુદ્ધ** તેમજ **કોમળ ગાંધાર, નિષાદ**નો પ્રયોગ થાય છે તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આરોહે રિષભ, ધૈવતનો લોપ છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે, જે પૂર્વાંગનો હોઇ આ રાગ **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે. કેટલાકની માન્યતા અનુસાર દિવસના ત્રીજા પ્રહરે પણ ગાવાનો પ્રચાર છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં કેટલેક સ્થળે **દુર્ગા, રાગેશ્વરી, કોશી, વાગીશ્વરી,** અને **માલગુંજ** રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં

ની સા ગ મ

સ્વરસમૂહથી દુર્ગાનો ભાસ થાય છે પરંતુ તેમાં, તે ઓડવ હોઇ રિષભ, પંચમ વર્જ્ય છે જ્યારે આ રાગ સંકીર્ણ હોઇ સર્વ સ્વરો ઉપરાંત કોમળ તેમજ શુધ્ધ ગાંધારનો પ્રયોગ થાય છે જ્યારે તેમાં માત્ર શુધ્ધ ગાંધારજ આવે છે. એ રીતે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં રાગેશ્વરીનો પણ ભાસ થાય છે. પરંતુ રાગેશ્વરી ષાડવ હોઇ પંચમ વર્જ્ય છે અને શુદ્ધ ગાંધારનોજ પ્રયોગ થાય છે, જ્યારે આ રાગ સંકીર્ણ હોઇ તેમાં સર્વ સ્વરો આવે છે અને શુદ્ધ તેમજ કોમળ ગાંધારનો પ્રયોગ થાય છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

સાં ની ધ

સ્વરસમૂહથી કોશિનો ભાસ થાય છે પરંતુ તેમાં

સાં ની ધ ની પ મ પ ધ મ ગ મ રી સા

થાય છે. વળી તેમાં માત્ર કોમળ ગાંધારનો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં કોમળ તેમજ શુદ્ધ ગાંધારનો પ્રયોગ થતો હોવાથી આ બે રાગો જુદા પડે છે.

એજ સ્વરસમૂહથી વાગીશ્વરીનો ભાસ થાય છે પરંતુ તેમાં માત્ર કોમળ ગાંધાર અને નિષાદનો પ્રયોગ થાય છે, જ્યારે આ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાગમાં શુદ્ધ તેમજ કોમળ ગાંધાર નિષાદનો પ્રયોગ થાય છે તેમજ વાગીશ્વરીમાં પંચમ પ્રમાણમાં ઘણો દુર્બળ છે.

આ રાગમાં

મ ગ મ પ ગ રી સા

સ્વરસમૂહથી માલગુંજનો ભાસ થાય છે, પરંતુ તે ષાડવ હોઇ પંચમ વર્જ્ય છે, જ્યારે આમાં પંચમનો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

સા ગ મ પ ગ રી સા, ગ મ પ ની સાં –
ની ધ પ મ ગ – મ પ ગ રી સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

માંડ. પ્રકાર (૨)

તાલ લાવણી. માત્રા ૮ મધ્યલય.

મારો મન રીઝોરે કલાલ.
મારો મન રીઝોરે કલાલ. (૨)
મૃગા નેણી જોવા થાકી બાડ.—ધ્રૂ.

ઉંચીસી અટારીરે કલાલ,
હેલા દેદે હારીરે કલાલ.—ધ્રૂ.

થારી મારી જોડીરે કલાલ,
જોડી મત તોડોરે કલાલ.—ધ્રૂ.

સ્થાયી:—

૨	×	૨	×	*
રી રી ગ મ	મ પ મ પ	; રીગ - - રી	સા - - સા :	
મા રે મ ન	રી ઝો રે -	; - - ક	લા - - લ	
૨	×	૨	×	
ગ મ ગ મ	પ ધ પધની -	- પ ધ ની	પ - - પ :	
મા રે મ ન	રી ઝો રે -	- - - ક	લા - - લ	
૨	×	૨	×	
સાં સાં ની ધ	ની પ ધ -	; મ - ગ	રી - - રી	
મા રે મ ન	રી ઝો રે -	; - - ક	લા - - લ	ધ્રૂ.

* ૨	×	૨	×	
; ; સા સા	રી - મ મ	પ પ ધ સાં	ની ધ પ પ	
; ; મૃ ગા	ને - ણી રે	જો વા થા કી	આ - - ડ	ધ્રુ.

અંતરોઃ—

* ૨	×	૨	×	
ગ મ ગ મ	પ ધ ની -	- પ ધ ની	પ - - પ	
ઉં ચી સી અ	ટા રી રે -	- - - ક	લા - - લ	
૨	×	૨	×	
રીં સાં ની ધ	પ ધ પધ -	- પ - મ	ગરી- - - રી	
હે લા દે દે	હા - રી -	- રે - ક	લા - - લ	ધ્રુ.

અંતરોઃ—

* ૨	×	૨	×	
ગ મ ગ મ	પ ધ ની -	- પ ધ ની	પ - - પ	
થા રી મા રી	જો ડી રે -	- - - ક	લા - - લ	
૨	×	૨	×	
રીં રીં સાં સાં	ની - ધ -	પ - મ ગ	રી - - રી	
જો ડી મ ત	તા - ડા -	રે - - ક	લા - - લ	ધ્રુ.

માંડ (માઢ) પ્રકારઃ-(૨)

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં કોમળ તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદનો** પ્રયોગ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય એવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે, એ ધોરણે આ રાગ **કોઈ પણ સમયે** ગાઇ શકાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે.

આ રાગમાં કેટલેક સ્થળે **પીલુ** રાગનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

રીગ – રી સા

સ્વરસમૂહથી પીલુનો ભાસ થાય છે, પરંતુ તેમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં શુદ્ધ ધૈવતનો પ્રયોગ થાય છે, એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

ગ મ પ ધ ની – પ ધ ની પ –

સાં ની ધ, પ મ ગ રી –

રી ગ મ પ મ પ રીગ – રી સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સાવન.

તાલ રૂપક. માત્રા ૭ વિલંબલય.

સૈંયા મોરી પાતી, લેતા જૈયો;
જારે પતંગવા, પિયા પરદેશ,
તોરી, ચોંચ મઢાવું સોનેસે.—ધૃ.
શુકરંગ પુછે, કહાં ભેજી પાતી,
પાતી કહેતી, કંહીના જાતી,
દાગ દીલોં દે, કીસે ન સુનાતી,
પાતી ભીજ ગઇ, મેરે રોનેસે.—ધૃ.

સ્થાયી:—

૨		૩		×		
ની	ની	ધ	પ	મ	પ	ગ
સૈં	યા	મો	રી	પા	-	તી

૨		૩		×		
રીગ	સા	રી	ગ	રી	-	ગસા
લે	-	તા	-	જૈ	-	યો

૨		૩		×		
ગ	રી	મ	મ	પ	પ	પ
જા	-	રે	પ	તં	ગ	વા

૨		૩		×		
મગ-	ગ	મ	પ	મ	-	મ
પિ	યા	પ	ર	દે	-	શ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨		૩		×		
ગ̄	-	રી	-	ની̄	-	-
તો	-	રી	-	ચાં	-	-

૨		૩		×		
ધ	-	-	પ	મ	પ	ગ̄
ચ	-	-	મ	હા	-	વું

૨		૩		×			
રી	ગ̄	સારી	ગ̄	સા	-	-	
સો	-	ને	ને	સે	-	-	સ્થા.

અંતરો:—

*	૨		૩		×		
|:	ગ̄	રી	મ	મ	પં	-	પ
	શુ	ક	રં	ગ	પુ	-	છે

૨		૩		×		
ગ	ગ	મ	પ	ગ̄	રી	સા :||
ક	હાં	એ	જી	પા	-	તી

	૨		૩		×		
|:	રી	-	મ	-	પ	પ	પ
	પા	-	તી	-	કે	હે	તી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨		૩		×			
ગ	ગ	મ	પ	ગ	રી	સા	
કું	હી	ના	-	જા	-	તી	
૨		૩		×			
રી	-	મ	મ	પ	-	પ	
હા	-	ગ	દી	લોં	-	દે	
૨		૩		×			
ની	ની	ની	ની	સાં	-	સાં	
કી	સે	ન	સુ	ના	-	તી	
૨		૩		×			
ધ	સાં	રીં	-	સાં	નીં	ધ	
પા	-	તી	-	ભી	જ	-	
૨		૩		×			
પ	મ	ગ	રી	ની	-	ધ	
ગ	-	ઈ	-	મે	-	રે	
૨		૩		×			
પમ	ગરી	સારી	ગ	સા	-	-	
રો	-	ને	-	સે	-	-	ધ્રુ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સાવનઃ-

આ થાટના **સંકીર્ણ** * પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર નિષાદનો** પ્રયોગ થાય છે, તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. એ ધોરણે આ રાગ **કોઇપણ સમયે** ગાવાનો પ્રચાર છે, પરંતુ મુખ્યત્વે **વર્ષા ઋતુમાં** આનંદ આપે છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે.

આ રાગમાં કેટલેક સ્થળે **પટદીપકી, દેશી,** અને **દેશ** રાગોનો ભાસ થાય છે. પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

ગ મ પ ગ રી

સ્વરસમૂહથી પટદીપકીનો ભાસ થાય છે પરંતુ તેમાં,

સાગ મ મગ રી સા ની ધ ની પ

થાય છે જ્યારે આ રાગમાં,

ગ મ પ ગ રી ની ધ પ

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો પરસ્પર જુદા જણાય છે.

આ રાગમાં,

ગ રી મ પ

સ્વરસમૂહથી દેશીનો ભાસ થાય છે પરંતુ તેમાં,

મગ રી મ પ, ની ધ પ ધ

મ પ ગ મ રી ગ રી ની સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ પ્રમાણે થાય છે તેમજ માત્ર કોમળ ગાંધાર આવે છે જ્યારે આ રાગમાં બન્ને ગાંધાર આવતા હોવાથી જુદા પડે છે.

આ રાગમાં

રી મ પ ની – સાં

સ્વરસમૂહથી દેશનો ભાસ થાય છે પરંતુ તેમાં, કોમળ ગાંધારનો પ્રયોગ માત્ર વિવાદીરૂપ શિવાય થતો નથી, જ્યારે આ રાગમાં કોમળ ગાંધારનો પ્રયોગ સાવકાશે થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

ગ મ પ ગ રી ની ધ પ મ પ ગ રી

સા રી ગ – સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રૂપમંજરી.

તાલ રૂપક. માત્રા ૭ વિલંબલય.

બરખા ઋત અગમ પિયા બિન,
કૈસેં કટે અંધીયારી ઉજીયારી રૈન.—ધૃ.
મોર પપીહા દેત જરાઇ
કોયલીયા લાગી અતિહી દુઃખ દેન.—ધૃ.

સ્થાયી:—

	૨	૩	(x)	૨	૩	(x) *
:નીસા-	મ રી	પ મગ-	મ રી સા	સા -	સા -	ની ધ
બર	ખા -	- -	ઋ - ત	અ -	ગ -	મ -

	૨	૩	(x)	૨	૩	(x)
પ	રીગ સારી	મ મ	પ - -	મપ- મ	ની ધ	ની પ
-	પિ યા	બિ ન	કૈ - -	સેં -	- ક	ટે -

	૨	૩	(x)	૨	૩	(x)
-	ગમ પ	મ ગ	મ રી સા	મરી- પ	મ ગ	મ રી
-	અં ધી	યા -	રી - -	ઉ જી	યા -	- -

	૨	૩	(x)	
સા	નીસા- -	ની ધ	ની પ :	
રી	રૈ -	- -	ન -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

*	૨	૩	(×)	૨	૩	(×)
;	: મરી- -	મ મ	પ - -	પ મપ	ની ધ	ની ધ
;	મો -	ર પ	પી - -	હા -	- -	દે -
	૨	૩	(×)	૨	૩	(×)
પ	પમ- મ	ગરીગ સા	સા ની ધપ	મરી- -	ગમ- મ	પ -
-	- -	ત જ	રા - ઇ	કો -	ય લી	યા -
	૨	૩	(×)	૨	૩	(×)
-	સાં ની	ધ પ	ની ધ પ :	મ પમ	ગરી ગ	સા -
-	- -	લા -	- - ગી	અ તિ	હી -	દુઃ -
	૨	૩	(×)			
સા	સા -	ની ધ	ની પ			
ખ	દે -	- -	ન -	ધ્રુ.		

રૂપમંજરી:—

આ થાટના **સંકીર્ણ ક** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **શુદ્ધ** તેમજ **કોમળ ગાંધાર** સાથે **કોમળ** તેમજ **શુદ્ધ નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વે શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. પંચમ સ્વર વાદી હોય એવા રાગ **કોઇ પણ સમયે** ગાવાનો પ્રચાર છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે. આ રાગ મલ્લારનો એક પ્રકાર હોઇ **વર્ષાઋતુમાં** આનંદ આપે છે.

આ રાગમાં **મલ્લાર**નો ભાસ થાય છે.

મરી પ —

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી મલ્લારનો ભાસ થાય છે, જે વાસ્તવિક છે. પરંતુ મલ્લારમાં ગાંધાર વર્જ્ય છે, જ્યારે આ રાગમાં શુદ્ધ ઉપરાંત કોમળ ગાંધારનો પ્રયોગ થાય છે. શુદ્ધ મલ્લાર ઓડવ છે, જેમાં ગાંધાર, નિષાદ વર્જ્ય છે, જ્યારે આ સંકીર્ણ છે એટલે આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

મરી પ મગ મ રી સા ની ધ પ,

રીગ સારી મપ ની ધ ની પ મગ મ રી સા.

આ પ્રમાણે છે.

રામદાસી મલ્લાર.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

કિતક દૂર વે હૈગો મથુરા નગર,
જહાં કાન્હા બિદેશ ગયોરી.—ધૃ.
જોં જોં સુધ આવત કલના પરત માહે આલીરી,
કહો કહાં કાન્હા બિદેશ ગયોરી—ધૃ.

સ્થાયીઃ—

૦	૩	×	૨	
સા મ મ ગમ	- ગમ પ ગ	મ - રી પ	મ ની પ મ	
કિ ત ક દૂ	- ર વે -	હૈ - ગો -	મ થુ રા ન	
૦	૩	×	૨	
રી સા ની સા	રી સા ગ મ	રી - સા ની	સા - સા -	
ગ ર જ હાં	કા - ન્હા બિ	દે - શ ગ	યો - રી -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૦	૩	×	૨
સા મ મ ગમ -	- ગમ પ ગ	મ પ ની પ	ની - સાં સાં
કિ ત ક હૂ	- ર વે -	જોં જોં સુ ધ	આ - વ ત

૦	૩	×	૨
ની સાં રીં સાં	નીધ ની પ -	ની પ મ -	ગમ - પ મ
ક લ ના પ	ર - ત -	મો હે આ -	લી - રી -

૦	૩	×	૨	
ની પ મ રી	સા - ગ મ	રી - સા ની	સા - સા -	
ક હો ક હાં	કા - ન્હા બિ	દે - શ ગ	યો - રી -	ધ્રૂ.

રામદાસી મલ્લાર:—

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદ** નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. માત્ર અવરોહે **ધૈવત**નો પ્રયોગ થાય છે, તેમજ આરોહે **ગાંધાર વક્ર** છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. વાદી સ્વર મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે. આ રાગ **રાત્રે કોઇપણ સમયે** ગાઇ શકાય છે. આ એક મલ્લારનો અછોપ પ્રકાર છે, **વર્ષા ઋતુમાં** આનંદ આપે છે.

આ રાગમાં **સહાના કાનડા** તેમજ **મલ્લાર** રાગોનો ભાસ થાય છે પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

Digitized by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં,

નીધ ની પ, ગમ પ ગ મ રી

સ્વરસમૂહોથી સહાના કાનડાનો ભાસ થાય છે પરંતુ તેમાં,

નીધ ની પ ધ મ પ સાં

તથા

ગ મ રી સા

આ પ્રમાણે થાય છે તેમજ શુદ્ધ ગાંધારનો પ્રયોગ થતો નથી,

જ્યારે આ રાગમાં

નીધ ની પ ગમ પ મ ની પ મ રી સા

તથા

ગ મ રી પ મ ની પ મ રી સા

આ પ્રમાણે સ્વરસમૂહો આવતા હોવાથી આ બે રાગો જુદા પડે છે.

રી પ મ ની પ મ રી સા

સ્વરસમૂહથી મલ્લારનો ભાસ થાય છે. આ એક મલ્લારનો પ્રકાર હોઇ આ સ્વરસમૂહ આવશ્યક છે.

આ રાગનું ખાસ અંગ

સા મ ગમ પ ગ મ રી પ

મ ની પ મ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધુંડિયા મલ્લાર (ધૂલિયા)

તાલ તેવરા. માત્રા ૭ વિલંબલય.

શ્યામ લો ઘન શ્યામ, ઉમંડ ઘુમંડ આયો,
મંદ મંદ મુરલિ તાન, ગગન ઘોર ઘ્હેરાઇ—ધ્રૂ.

ઉત જલ ધર બૂંદ, ઉત સુધા બરખત,
ઇત ચપલા ઉત, પીતામ્બ ખ્હેરાઇ—ધ્રૂ.

સ્થાયી:—

(x)			૨		૩	
મ	-	રી	મ	રી	મ	મ
શ્યા	-	મ	લો	-	ઘ	ન

(x)			૨		૩	
પ	-	પ	પ	ની	ધ	ની
શ્યા	-	મ	ઉ	મં	ડ	ઘુ

(x)			૨		૩	
મ	-	પ	સાં	-	નીસાં	-
મં	-	ડ	આ	-	યો	-

(x)			૨		૩	
રીં	-	રીં	સાં	ની	ધ	પ
મં	-	દ	મં	દ	મુ	ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

(×)			૨		૩	
મ	પ	-	સાં	-	ની	ધ
લિ	-	-	તા	-	નં	-

(×)			૨		૩	
પ	પ	મ	રી	ગ	સા	-
ગ	ગ	ન	ઘો	-	ર	-

(×)			૨		૩		
સારી	-	-	મ	-	પ	-	:||
ગ્હે	-	-	રા	-	ઇ	-	:|| ધ્રૂ.

અંતરો:—

	(×)			૨		૩	
|:	પમ	પ	-	સાં	સાં	ની	સાં
	ઉ	ત	-	જ	લ	ધ	ર

(×)			૨		૩		
ની	-	સાં	રીં	સાં	ની	પ	:||
બૂં	-	દ	ઉ	ત	સુ	ધા	:||

(×)			૨		૩	
પ	રીં	-	ગં	-	રીં	-
અ	ર	-	ખ	-	ત	-

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

(x)			૨		૩	
ની	સાં	-	ની સાં		રીં	-
ઈ	ત	-	ચ	પ	લા	-
(x)			૨		૩	
સાં	$\overline{\text{ની}}$	-	ધ	પ	મ	-
ઉ	ત	-	ચી	-	તાં	-
(x)			૨		૩	
રી	$\overline{\text{ગ}}$	સારી	મ	-	પ	-
મ્અ	ર	ન્હે	રા	-	ઈ	-	ધ્રૂ.

ધૂંડિયા મલ્લાર (ધૂલિયા):—

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર**, **નિષાદ**નો પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આરોહે **ગાંધાર ધૈવત** વર્જ્ય છે અવરોહે **ગાંધાર** વક્ર છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. **સંવાદી ષડજ** થશે. આ રાગ **વર્ષાઋતુમાં સર્વ** કાળે ગાવાનો પ્રચાર છે. આ રાગ અછોપ પૈકીનો એક છે.

આ રાગમાં **મલ્લાર**, **અડાણો**, તેમજ **કાફી** રાગોનો ભાસ થાય છે પરંતુ તે રાગોથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં

મ રી મ પ, પ રીં સાં $\overline{\text{ની}}$ પ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી મલ્લારનો ભાસ થાય છે. આ રાગ મલ્લારનો એક પ્રકાર હોઇ આ સ્વરસમૂહ આવશ્યક છે. પરંતુ મલ્લારમાં ગાંધાર વર્જ્ય છે. જ્યારે આમાં કોમળ તથા શુધ્ધ ગાંધારનો પ્રયોગ થાય છે.

આ રાગમાં

નીં ધ નીં પ મ પ સાં

સ્વરસમૂહથી અડાણાનો ભાસ થાય છે પરંતુ તેમાં

પ મ પ સાં, મ પ ગ – રી સા

આ પ્રમાણે થાય છે તેમજ કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે.

જ્યારે આ રાગમાં

ની ધ ની મ પ સાં, ની ધ પ મ રી ગ સા

આવો પ્રયોગ થતો હોવાથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં

રી ગ સા રી મ પ

સ્વરસમૂહથી કાફીનો ભાસ થાય છે. કાફીનો આરોહ અવરોહ સંપૂર્ણ છે જ્યારે આ રાગનો આરોહ ઓડવ છે એટલે ગાંધાર ધૈવત વર્જ્ય છે અને અવરોહ વક્ર સંપૂર્ણ છે. એ રીતે આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

મ રી મ પ સાં, ની ધ ની મ પ સાં, પ રીં ગં રીં ની સાં,

ની ધ મ પ રી ગ સારી મ પ

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation Chennai

કાફી (હરપ્રિય.)

તાલ દીપચંદી. માત્રા ૧૪ મધ્યલય.

હો વ્રજ રંગ મચ્યોરી, આજ સબ ખેલે હોરી.—ધૃ.
ગ્વાલ બાલ સબ હીલ મીલ આયે, કેશર રંગ ભરોરી;
અબીર ગુલાલસે ધુમ મચી હે, બાદલ લાલ ભયોરી,
અંગ ઉમંગ બઢયોરી.—ધૃ.

સ્થાયી:—

×	૨	૦	૩
સા - -	રી - રી -	મગ - -	મ - - મ
હો - -	વ્ર - જ -	રં - -	ગ - - મ

×	૨	૦	૩
પધ ની ધ	પ - - -	પ પ -	મ - ગ -
ચો - -	રી - - -	આ જ -	સ - બ -

×	૨	૦	૩	
મ ની -	ધ - પ -	ગમ પધ પમ	ગ રી સા - :	
ખે - -	લે - - -	હો - -	રી - - -	ધૃ.

અંતરો:—

×	૨	૦	૩
સા - -	રી - રી -	મગ - -	મ - - મ
હો - -	વ્ર - જ -	રં - -	ગ - - મ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩
પધ ની ધ	પ - - -	; ; ;	; ; ; ;
ચ્યો - -	રી - - -	; ; ;	; ; ; ;

×	૨	૦	૩
પ - -	રીં - રીં -	- રીં -	ગં - ગં -
ગ્વા - -	લ - બા -	- લ -	સ - બ -

×	૨	૦	૩
સાં રીં -	ની - પ -	ધ સાં રીં	ગં - - -
હી લ -	મી - લ -	આ - -	યે - - -

×	૨	૦	૩
સાં રીં -	ની - ધ -	પ ધ -	મ - - પ
કે - -	શ - ર -	રં - -	ગ - - ભ

×	૨	૦	૩
ની ધની સારીં	સાં - - -	; ; ;	; ; ; ;
રે - -	રી - - -	; ; ;	; ; ; ;

×	૨	૦	૩
ગ ગ -	ગ - ગ -	મ - -	પ - ધ -
અ બી -	ર - ગુ -	લા - -	લ - સે -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩	
ની ધ -	મ - પ ધ	મ ગ -	રી - સા - :	
ધુ - -	મ - મ -	ચી - -	હે - - -	
×	૨	૦	૩	
ની - -	ની - ની -	સાં - -	ની - - ધ	
બા - -	દ - લ -	લા - -	લ - - ભ	
×	૨	૦	૩	
ની ધ -	પ - - -	પ - -	મ - - ગ	
ઘો - -	રી - - -	અં - -	ગ - - ઉ	
×	૨	૦	૩	
મ ની -	ધ - - પ	મ ગ -	મ - - -	
મં - -	ગ - - બ	ઢયો - -	રી - - -	ધ્રુ.

કાફી:—

આ થાટના **સંકીર્ણ** ક પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર** અને **કોમળ** તેમજ **શુદ્ધ નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. પંચમ વાદી હોય તેવા રાગ કોઇ પણ સમયે ગાઇ શકાય છે એ ધોરણે આ રાગ **કોઇ પણ સમયે** ગાવાનો પ્રચાર છે. ફાગણ માસમાં હોરીના સમયે હોરીના પદો બહુધા કાફી રાગમાં ગવાય છે. પંચમ વાદી થતાં **સંવાદી રિષભ** થશે. **વિવાદી** રૂપે **કોમળ ધૈવતનો** પ્રયોગ થઇ શકે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગ અતિ સરળ અને પ્રસિદ્ધ છે અને તેજ કારણે આ થાટને કેટલાકે કાફી (હરપ્રિય) નામ આપ્યું છે, એટલે અન્ય રાગો સાથે એની તુલના કરવી જરૂરની નથી છતાં આ રાગમાં કેટલેક સ્થળે **ભીમપલાસીનો** ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પાડી શકાય છે.

પ મ ગ રી સા

સ્વરસમૂહથી ભીમપલાસીનો ભાસ થાય છે પરંતુ તેમાં માત્ર કોમળ ગાંધાર અને કોમળ નિષાદનો પ્રયોગ થતો હોવાથી

ની સા ગ મ પ –

થાય છે જ્યારે આ રાગમાં કોમળ અને શુદ્ધ ગાંધાર તેમજ નિષાદનો પ્રયોગ

ની સા રી ગ – મ – પ –, પ ધ ની સાં

એ પ્રમાણે થાય છે એટલે આ બે રાગો જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ.

ની સા રી ગ – મ – મ પ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દેશી પ્રકાર. (૨)

તાલ ધ્રુવપદ. માત્રા ૧૨ વિલંબલય.

દેખોરી, એક બાલા,
જોગી મેરે દ્વારે, ભેખ લીયે,
અષ્ટ જોગ રૂંઢ માલ લીયે.—ધ્રૃ.
જટા મધ્ય ગંગા, આગે કરનન બાન લીયે,
ત્રિશુલ ખપ્પર ડેરૂ લીયે.—ધ્રૃ.

સ્થાયી:—

૨	૦	૩	૪	×	૦	
સાની- -	સા રી	મગ- -	રી સા	રી ની	સા -	
દે -	ખો -	રી -	એ ક	બા -	લા -	:
૨	૦	૩	૪	×	૦	
રી મ	પ -	રી મ	પ ધ	મગ- રી	સા -	
જો -	ગી -	મે -	રે -	દ્વા -	રે -	
૨	૦	૩	૪	×	૦	
મ -	પ ની	ધ -	પ -	રી -	મ પ	
ભે -	ખ લી	યે -	- -	અ -	ષ્ટ જો	
૨	૦	૩	૪	×	૦	
પ ધ	મ પ	મગ- -	રી સા	રી -	ની સા	
- ગ	રૂં ઢ	મા -	લ લી	યે -	- -	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૨		૦		૩		૪		×		૦	
મ	પ	-	સાં	-	ની	સાં	-	સાં	-	-	-
જ	ટા	-	મ	-	ધ્ધ	ગં	-	ગા	-	-	-

૨		૦		૩		૪		×		૦	
-	-	;	;	ગં	રીં	સાં	-	ની	ધ	પ	પ
-	-	;	;	આ	-	ગે	-	ક	ર	ન	ન

૨		૦		૩		૪		×		૦	
મ	-	ની	ધ	પ	-	-	-	રી	-	મ	મ
બા	-	ન	લી	યે	-	-	-	ત્રિ	-	શુ	લ

૨		૦		૩		૪		×		૦	
પ	ધ	મ	પ	ગ	મ	રી	ગ	રીસા	-	ની	સા
ખ	-	પ્પ	ર	ડા	-	રૂ	લી	યે	-	-	-

દેશી પ્રકાર (૨):—

આ થાટ **સંકીર્ણ** ડ પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ ગાંધાર** તેમજ **કોમળ** અને **શુદ્ધ નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. આ રાગ **દિવસે દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી પંચમ થતાં નિયમાનુસાર **સંવાદી રિષભ** થશે. આ રાગમાં આરોહે **ગાંધાર, ધૈવતનો લોપ** છે. આ રાગમાં શુદ્ધ **ધૈવત** ઉપરાંત કોમળ **ધૈવતનો** પ્રયોગ થાય છે. રિષભ, મધ્યમ અને પંચમ એ ત્રણ સ્વરની સંગતિ રાગનું અંગ વ્યક્ત કરવામાં સહાયક બને છે. આ રાગ તોડીનો એક પ્રકાર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે. આ રાગ સંબંધી ઘણા મતો છે. એક પ્રકાર જેમાં ધૈવત માત્ર શુદ્ધ માન્યો છે, બીજા પ્રકારમાં માત્ર કોમળ ધૈવત માન્યો છે અને ત્રીજા પ્રકારમાં કોમળ તથા શુધ્ધ ધૈવત લેવામાં આવે છે, જે આ રાગથી જણાશે. **ઉતરી દેશી** જે ચોથો પ્રકાર છે તેમાં રિષભ શુધ્ધ તથા કોમળ અને કોમળ ધૈવતનો પ્રયોગ માન્યો છે.

આ રાગમાં કેટલેક સ્થળે **સારંગ** અને **સુરમલ્લાર** રાગોનો ભાસ થાય છે, પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

રી મ પ

સ્વરસમૂહથી સારંગનો ભાસ થાય છે પરંતુ તેમાં ગાંધાર વર્જ્ય હોવાથી

મ – રી – સા

થાય છે, જ્યારે આ રાગમાં

મગ – રી સા

થાય છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

મ પ ની ધ પ

સ્વરસમૂહથી સૂર મલ્લારનો ભાસ થાય છે પરંતુ તેમાં

મ પ ની ધ પ રી મ પ મ રી ની સા

એવો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં

મ પ ની ધ પ રી મ પ રી મ પ મગ રી ની સા

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

રી મ પ – રી મ પ ની ધ પ – મગ રી ની સા

એ પ્રમાણે છે.

મીરાબાઈકા મલ્લાર.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ મધ્યલય.

તુમ ઘન તે ઘન ગરજે,
ગરજ ગરજ કાહીં અંત જાય બરસે હાં.—ધ્રૃ.
કહું ઘામ કહું છાંહ બનાવત,
કહું લાગત ઝરસેં હો.............,—ધ્રૃ.

સ્થાયીઃ—

૩			×		૨			૦	
મ	રી	–	સારી	નીસા	મગ	મ	રીં	પ	નીધ-
તુ	મ	–	ઘ	ન	તે	–	–	ઘ	ન
૩			×		૨			૦	
સાં	ની	સાં	રીં	સાં	ધ	–	ની	મ	પ
ગ	ર	જે	ગ	ર	જ	–	ગ	ર	જ
૩			×		૨			૦	
સાં	–	ધ	ની	પ	મ	–	પ	ગ	મ
કા	–	હીં	અં	ત	જા	–	ય	બ	ર
૩			×		૨			૦	
ની	પ	–	મરી	મ	પ	ધ	મ	પ	–
સે	–	–	–	–	હાં	–	–	–	–

ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૩			×		૨			૦		
;	;	;	મ	પ	ની	-	પ	ની	ની	
;	;	;	ક	હું	ધાં	-	મ	ક	હું	
૩			×		૨			૦		
સાં	-	સાં	ની	સાં	રીં	ગં	રીં	સાં	સાં	
છાં	-	ઙ	બ	ના	વ	-	ત	ક	હું	
૩			×		૨			૦		
ધ	ની	પ	મરી	મ	પ	ધ	મ	પ	-	
લા	ગ	ત	ઝ	ર	સે	-	-	હો	-	ધ્રૂ.

મીરાબાઇકા મલ્લાર:—

આ થાટના **સંકીર્ણ** ૬ પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, ધૈવત** અને **નિષાદ**નો પ્રયોગ થાય છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. **સંવાદી ષડજ** થશે. આ રાગ **વર્ષાઋતુમાં સર્વકાળ** ગાવાનો પ્રચાર છે. મીરાબાઇએ આ રાગ ઉત્પન કર્યાનું મંતવ્ય છે આ રાગ અછોપ પૈકીનો છે.

આ રાગમાં **મલ્લાર** તેમજ **અડાણા** રાગનો ભાસ થાય છે.

આ રાગમાં

મ રી પ મ રી સા ની સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી મલ્લારનો ભાસ થાય છે પરંતુ તેમાં ગાંધાર વર્જ્ય છે જ્યારે આ રાગમાં શુધ્ધ તેમજ કોમળ ગાંધારનો પ્રયોગ થતો હોવાથી આ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

ધની મ પ સાં

સ્વરસમૂહથી અડાણાનો ભાસ થાય છે પરંતુ આ રાગમાં કોમળ તેમજ શુધ્ધ ગાંધાર, ધૈવતનો પ્રયોગ થતો હોવાથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

મ રી સારી ની સા

મગ મ રી પ ની ધ સાં ની સાં રીં ગં રીં સાં

ધ – ની પ મ પ ગ મ ની પ

મરી મ પ ધ મ પ મરી– સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અહીરી.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

મેં તો તોસે ના બોલું ના બોલુંગી લંગરવારે.—ધ્રુ.
અપની ના સુઝે, કાહુકી ના બુઝે,
અપની ગરજકો તુમ, ઢીટ લંગરવારે.—ધ્રુ.

સ્થાયી:—

	૩	×	૨	૦
સા	સા સા - રી	ગ - ગ -	મ - - મ	- - -
મેં	તો તો - સે	ના - બો -	લું - - ના	- - -
રી	મ પ ધ મ	રી ગ - સા	રી ગ મ -	રીગ સા - :
બો	લું ગી - લં	ગ - - ર	વા - - -	રે - - ધ્રુ.

અંતરો:—

	૩	×	૨	૦
સા	સા સા - રી	ગ - ગ -	મ - - ;	; ; ;
મેં	તો તો - સે	નાં - બો -	લું - - ;	; ; ;
મ	મ પ - ધ	ની - - -	સાં - - -	- - -
અ	પ ની - ના	સુ - - -	ઝે - - -	- - -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૩	×	૨	૦
પ	ની સાં - રીં	સાં - ની -	ધ - પ -	; ; ;
ફા	હુ કી - ના	બુ - - -	ઝે - - -	; ; ;

	૩	×	૨	૦
પ	ની સાં - રીં	સાં - ની -	ધ - પ -	પ - મ
અ	પ ની - ગ	ર - જ -	કો - તુ -	મ - દી

	૩	×	૨	૦	
-	- પ ધ મ	રી ગ - સા	રી ગ મ -	રીગ સા -	
-	- ટ - લં	ગ - - ર	વા - - -	રે - -	ધ્રુ.

અહીરી:—

આ થાટના **સંકીર્ણ** ૯ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ** તેમજ **શુદ્ધ ગાંધાર, નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે, જે પૂર્વાંગનો હોઇ આ રાગ **રાત્રે પ્રથમ પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે. આ રાગમાં **પંચમ** સાથે **કોમળ ધૈવતનો** પણ સાવકાશે પ્રયોગ થઇ શકે છે.

આ રાગમાં કેટલેક સ્થળે **સુરપરદા બિલાવલ, કાફી** અને **દેશી** રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation Chennai

આ રાગમાં

સા રી ગ મ –

સ્વરસમૂહથી સુરપરદાનો ભાસ થાય છે પરંતુ તેમાં

સા રી ગ મ પ –

થાય છે જ્યારે આ રાગમાં

સા રી ગ મ-રી મ પ

થાય છે તેમજ આ રાગમાં કોમળ ગાંધાર આવે છે જ્યારે તેમાં શુદ્ધ ગાંધાર છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

મ પ ધ ની – સાં – પ ની સાં રીં સાં ની ધ પ

સ્વરસમૂહથી કાફીનો ભાસ થાય છે પરંતુ તેમાં

સા રી ગ – મ પ

થાય છે જ્યારે આ રાગમાં

સા રી ગ મ

થાય છે, એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

રી મ પ ધ મ

સ્વરસમૂહથી દેશીનો ભાસ થાય છે. પરંતુ તેમાં માત્ર કોમળ ગાંધાર છે, જ્યારે આ રાગમાં શુદ્ધ તેમજ કોમળ ગાંધાર છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

સા રી ગ – મ, રી મ પ ધ, મ રી ગ સા,

એ પ્રમાણે છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધનાશ્રીઃ—

આ રાગનો સમાવેશ **આજ થાટમાં** થઇ શકે પરંતુ આ રાગમાં **કોમળ રિષભ, ગાંધાર, ધૈવત,** અને **નિષાદનો** પ્રયોગ **શુદ્ધ રિષભ, ધૈવત** અને **નિષાદ** ઉપરાંત થાય છે, તેમજ **તીવ્ર મધ્યમનો** પ્રયોગ પણ થતો હોવાથી, **ભૈરવી** થાટમાં આ રાગનો સમાવેશ કરવો યોગ્ય ગણાય, તેથી ભૈરવી થાટમાં આપ્યો છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આજ

ગ્રંથ કર્ત્તાના

રચિત

સંગીત પુસ્તકો.

૧. **રાગ પ્રવેશિકા.** ભાગ ૧.
પ્રાથમિક શિક્ષણ માટે અમૂલ્ય
પુસ્તક. કીંમત રૂા. ૨-૦-૦

૨. **મ્યુઝીક મેગેઝીન.** ભાગ ૧૨.
"માસિક" બાર માસના ભાગો
એક ગ્રંથમાં બાંધેલા, સ્ટાફ
તથા હિંદી સ્વરલિપિ ઉપરાંત
ગાયનના બોલો તથા ઇંગ્લીશમાં
સમજુતી સાથે વોલ્યુમ ૧. (પ્રથમ)
કીંમત રૂા. ૧૫-૦-૦

૩. **સિતાર દર્પણ.**
થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.
કીંમત રૂા. ૧-૮-૦

૪. **સંગીત પ્રકાશ.** ભાગ-૧.
બીજી આવૃતિ.
કીંમત રૂા. ૪-૦-૦

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પૂર્વી થાટ ૮.

સ્વર

સા રેૅ ગ મં પ ધૅ ની સાં

સાં ની ધૅ પ મં ગ ગ મ ગ રેૅ સા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

—: પૂર્વી થાટ. :—

અનુક્રમે **બે સ્વરો વિકૃત** કરતાં આગળ જણાવ્યા પ્રમાણે **મારવા, ભૈરવ, પીલુ** અને **ભીમપલાસી** થાટો પ્રચારમાં હોવાથી તે થાટોનું વર્ણન કર્યું છે હવે અનુક્રમે **ત્રણ સ્વરો** વિકૃત કરતાં **રિષભ** અને **ગાંધાર વિકૃત** સ્વરો **કાયમ** રાખી અનુક્રમે **ત્રીજો સ્વર વિકૃત** કરતાં,

સા રી ગ મં પ ધ ની સાં

આ પ્રમાણે સ્વરસમૂહ થાય છે, પરંતુ આ સમૂહમાં સંવાદી સ્વરનો નિયમ જળવાતો ન હોવાથી એ સ્વરસમૂહ સંભવિત નથી. તેજ પ્રમાણે નીચે દર્શાવેલા સ્વરસમૂહો

સા રી ગ મ પ ધ ની સાં

તથા

સા રી ગ મ પ ધ ની સાં

આ સ્વરસમૂહોમાં પણ સંવાદી સ્વરનો નિયમ જળવાતો ન હોવાથી એ સ્વરસમૂહો સંભવિત નથી.

વિકૃત રિષભ કાયમ રાખી, **મધ્યમ વિકૃત** કરી, પંચમ ઉત્તરાંગનો સ્થાયી સ્વર હોઇ **ધૈવત વિકૃત** કરતાં

સા રી ગ મં પ ધ ની સાં

સ્વરસમૂહમાં સંવાદી સ્વરનો નિયમ જળવાયલો હોવાથી તેમજ એ સ્વરસમૂહના રાગો પ્રચલિત હોવાથી એ સ્વરસમૂહ સંભવિત છે, અને તે " **પૂર્વી થાટ** " ને નામે ઓળખાય છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ થાટમાં આવતા સર્વ રાગો પૈકી પૂર્વી પ્રસિદ્ધ રાગ હોવાથી તેમજ આ થાટના કેટલાક રાગોમાં આ રાગનો કેટલેક સ્થળે ભાસ થતો હોવાથી આ થાટને " પૂર્વી " સંજ્ઞા આપવામાં આવી છે.

આ થાટમાં આવતા રાગોનાં સરળતા ખાતર નીચે પ્રમાણે વિભાગ કર્યા છે.

ઓડવઃ—રેવા.

ષાડવઃ-ત્રિવેણી, ટંકીકા, લલિત પ્રકાર (૨) અને લલિત પંચમ પ્રકાર (૨)

સંપૂર્ણઃ—પૂરિયા ધનાશ્રી, જેતશ્રી, શ્રી, દીપક; ગૌરી પ્રકાર (૨) બિભાસ પ્રકાર (૪) અને માલવી.

સંકીર્ણઃ—પૂર્વી, પરજ અને વસંત

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રેવા.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

બનત બનાવું બન નાહિં આવત,
હરિ કે બિના કછુ ફલ નાહિં પાવત.—ધ્રુ.
કાર કરૂં અબ કૈસે સમજાવું,
સમઝત નાહિં મૈં કૈસે કે રીઝાવું.—ધ્રુ.

સ્થાયીઃ—

૩				×				૨				૦			*
પ	ધ	પ	પ	ગ	-	રી	સા	ગ	રી	ગ	ધ	પ	-	ગ	ગ
બ	ન	ત	બ	ના	-	વું	-	બ	ન	ના	હિં	આ	-	વ	ત

૩				×				૨				૦			
ગ	ધ	પ	પ	સાં	-	સાં	સાં	પધ	પગ	ધપ	ગરી	ગરી	ગપ	ગ	સા
હ	રિ	કે	બિ	ના	-	ક	છુ	ફ	લ	ના	હિં	પા	-	વ	ત ધ્રુ.

અંતરોઃ—

* ૩				×				૨				૦			
પ	-	ગ	પ	ધ	પ	સાં	સાં	રીં	ગં	રીં	રીં	સાં	રીં	સાં	-
કા	-	ર	ક	રૂં	-	અ	બ	કૈ	સે	સ	મ	જા	-	વું	-

૩				×				૨				૦			
રીં	સાં	ધ	પ	પ	ગ	ગપ	ધ	ધપ	મરી	સારી	ગ	પગ	પગ	રી	સા
સ	મ	ઝ	ત	ના	હિં	મૈં	-	કૈ	સે	કે	રી	રી	ઝા	-	વું ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રેવાઃ—

આ થાટના **ઓડવ** પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **મધ્યમ, નિષાદ વર્જ્ય** છે. **રિષભ, ધૈવત કોમળ** છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે. **સંવાદી તાર ષડજ** થશે. **સાંયકાળે** ગાવાનો પ્રચાર છે. આ રાગમાં પૂર્વીનું અંગ વિશેષ છે.

આ રાગમાં **બિભાસ**નો ભાસ થાય છે પરંતુ તે રાગથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં

પ ધ̅ પ ગ રી̅

આ સ્વરસમૂહથી બિભાસનો ભાસ થાય છે.

પરંતુ તેમાં

ધ̅ – પ ધ̅ – ગ પ ધ̅ – પ ગ રી̅ – સા

આ પ્રમાણે થાય છે જ્યારે આ રાગમાં

ગ રી̅ ગ પ ગ રી̅ સા

આ પ્રમાણે સ્વરસમૂહ આવતો હોવાથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

સા ગ પ ગ રી̅ ગ પ –

ધ̅ પ ગ પ ગ રી̅ સા

આ પ્રમાણે છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ત્રિવેણી.

તાલ ઝંપતાલ માત્રા ૧૦ વિલંબલય.

કાલિંદી સરસ્વતી અરન બરન,
ઉજ્વલ બદન તુંહી ગંગા ત્રિએની.—ધૃ.
એની પ્રકાશ કટત દુઃખ દંદ,
ખંજન મીન લીયે સંગ ત્રિએની.—ધૃ.

સ્થાયીઃ—

×		૨			૦		૩			*
રી	-	રી	-	ગ	રી	સા	રી	-	સા	
કા	-	લિં	-	દી	સ	ર	સ્વ	-	તી	
×		૨			૦		૩			
ની઼	રી	ગ	-	પ	ગ	પ	ગ	રી	સા	
અ	ર	ન	-	બ	ર	-	ન	-	-	
×		૨			૦		૩			
ની઼	રી	ગ	પ	ગ	પ	પ	ગ	પ	ધ	
ઉ	-	જ્વ	-	લ	બ	દ	ન	તું	હી	
×		૨			૦		૩			
પ	ગ	પ	ગ	રી	ગ	રી	સા	ની઼	રી	
ગં	-	ગા	-	ત્રિ	બે	-	ની	-	-	ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

* ×		૨			૦		૩		
પ	ગ	પ	-	સાં	સાં	રીં	સાં	-	સાં
બે	-	ની	-	પ્ર	કા	-	શ	-	ક
×		૨			૦		૩		
ની	રીં	ગં	-	રીં	સાં	રીં	સાં	-	-
ટ	ત	દુઃ	-	ખ	દં	-	દ	-	-
×		૨			૦		૩		
સાં	રીં	રી̅	-	રી̅	ગ	પ	ગ	પ	ધ̅
ખં	-	જ	-	ન	મી	ન	લી	-	યે
×		૨			૦		૩		
પ	-	ગ	રી̅	ગ	રી̅	-	સા	ની̣	રી̅
સં	-	ગ	-	ત્રિ	બે	-	ની	-	-

ધ્રૂ.

ત્રિવેણી:—

આ થાટના **ષાડવ** પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **રિષભ, ધૈવત કોમળ** છે. તે શિવાયના **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર રિષભ** છે **સંવાદી પંચમ** થશે. આ રાગમાં **મધ્યમ** વર્જ્ય છે. કદાચ તીવ્ર મધ્યમનો પ્રયોગ કરવો હોય તો અવરોહે દુર્બળ રીતે પ્રયોગ કરી શકાય છે. આ રાગ **સાંયકાળે** ગાવાનો પ્રચાર છે. આ રાગ **શ્રી** અંગનો છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં **રેવા, ટંકીકા** અને **બિભાસ** રાગોનો ભાસ થાય છે. પરંતુ રેવા ઓડવ છે જ્યારે આ રાગ ષાડવ હોઇ જુદો પડે છે, તે ઉપરાંત આ રાગમાં શ્રી રાગનું અંગ વિશેષ છે, જ્યારે રેવામાં પૂર્વી રાગનું અંગ છે. એટલે આ બે રાગ જુદા પડે છે. આ રાગમાં ટંકીકાનો ભાસ થાય છે. ટંકીકા સંપૂર્ણ છે જ્યારે આ રાગ ષાડવ છે. આનો વાદી સ્વર રિષભ છે અને સંવાદી પંચમ છે, જ્યારે ટંકીકાનો વાદી સ્વર પંચમ છે અને સંવાદી રિષભ છે, એટલે આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં આ થાટનો બિભાસ પ્રકાર (૪) નો ભાસ થાય છે, પરંતુ તે સંપૂર્ણ છે અને પ્રાતઃકાળે ગાવાનો પ્રચાર હોઇ આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

$\overline{\text{રી}}$ - સા - ગ $\overline{\text{રી}}$ ગ મં ગ $\overline{\text{રી}}$ સા,

સા ગ $\overline{\text{રી}}$ ગ પ $\overline{\text{ધ}}$ પ ની $\overline{\text{ધ}}$ પ,

ગ પ $\overline{\text{ધ}}$ પ સાં ની $\overline{\text{ધ}}$ ની $\overline{\text{ધ}}$,

પ મં ગ $\overline{\text{રી}}$ પ ગ $\overline{\text{રી}}$ સા.

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ટંકીકા.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

સુમરન કર ભજ રામ નામકો,
જો કુછ ભલા હોવે તેરા બનસે.—ધૃ.
એક દિન બડે ઘર જાના હોગા,
શોચ સમજ અપને જ્ઞાન ધ્યાનકો.—ધૃ.

સ્થાયી:--

०	૩	×	૨	
ગ રે સા સા	ની રે સા સા	ની રે ગ રે	ગ ગ પ -	
સુ મ ર ન	ક ર ભ જ	રા - મ ના	- મ કો -	
પ - ધ પ	ની ધ પ ગ	ની રી ગ -	પ ગ રી સા	
જો - કુ છ	ભ લા હો વે	તે - રા -	બ ન સે -	ધૃ.

અંતરો:—

०	૩	×	૨	
રી સા સા સા	રી સા પ પ	ધ પ સાં -	ની રીં સાં -	
એ ક દિ ન	બ ડે ઘ ર	જા - ના -	હો - ગા -	
રીં ની ધ ની	ધ પ ધ પ	ગ પ - ગ	રી - સા સા	
શો - ચ સ	મ જ અ પ	ને જ્ઞા - ન	ધ્યા - ન કો	ધૃ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ટંકીકાઃ—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, ધૈવત કોમળ** છે, **મધ્યમ**નો અવરોહે પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગ શ્રી અંગનો હોવાથી જેમ ભૂપાલી, કલ્યાણ થાટમાં મુકાયો છે, તેમ આ રાગ આ થાટમાં મુકવામાં આવ્યો છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે, પંચમ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે, પરંતુ પ્રચારમાં આ રાગ **સાયંકાળે** ગાવાની પ્રથા છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે. કેટલાકના મંતવ્ય પ્રમાણે આ રાગ ઓડવ છે.

આ રાગમાં કેટલેક સ્થળે **જેત, રેવા** અને **ત્રિવેણી** રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

ગ પ ગ રી

સ્વરસમૂહથી જેત રાગનો ભાસ થાય છે, પરંતુ જેત ઓડવ છે જ્યારે આ રાગ ષાડવ સંપૂર્ણ છે, તેમાં શુદ્ધ ધૈવતનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે, આ કારણોથી એ બે રાગો જુદા પડે છે. આ રાગમાં રેવાનો ભાસ થાય છે પરંતુ રેવા ઓડવ છે, જ્યારે આ રાગ ષાડવ સંપૂર્ણ છે, એટલે એ રીતે આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં ત્રિવેણીનો ભાસ થાય છે, પરંતુ ત્રિવેણી ષાડવ છે. કદાચ તીવ્ર મધ્યમનો પ્રયોગ કરવામાં આવે તો અવરોહે અલ્પ પ્રયોગ થાય છે, જ્યારે આ રાગ ષાડવ સંપૂર્ણ હોઇ આ બે રાગો જુદા પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગનું ખાસ અંગ

ની રી ગ રી સા – રી પ ગ રી સા,
ની રી ગ પ ગ રી મં ગ રી ગ મં ધ મં ગ રી સા,
પ – ધં પ સાં ની ધ પ ગ રી ગ પ રી સા.

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

લલિત-લલત પ્રકાર (૨).

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ વિલંબલય.

હો નહિં આવું એહાં,
મિતવા તોરે સંગ;
બગવા નંનંદ રીસાની.—ધ્રૂ.

ચતુર સુઘર સુંદર બાલમવા,
તુમારો કછુ ન જાવે;
સુન પાવે મોરી સાસ નનંદીયા.—ધ્રૂ.

સ્થાયીઃ—

૩	×	૨	૦
ની રી ગ ગ	મ - ગ -	રી ગ મ મં	મ ગ રી સા
હો - ન હિં	આ - વું -	એ - - -	હાં - - -

૩	×	૨	૦
મં ધ સાં -	મં ધ મં ગ	રી ગ મ મં	મ ગ રી સા
મિ ત વા -	તો - - રે	સં - - -	ગ - - -

૩	×	૨	૦	
મં ધ સાં -	ની ધ મં મ	રી ગ મ મં	મ ગ રી સા	
બ ગ વા -	ન નં દ રી	સા - - -	ની - - -	ધ્રૂ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

*૩	×	૨	૦	
ગ ગ ગ ગ	મં ધ સાં -	સાં સાં રીં -	ની ની સાં -	
ચ તુ ર સુ	ઘ ર સું -	દ ર બા -	લ મ વા -	
૩	×	૨	૦	
ની ની સાં રીં	ની ધ મં ગ	મં ધ મં મ	ગ - - ;	
તુ મ રો -	ક છુ - ન	જા - - -	વે - - ;	
૩	×	૨	૦	
ની રીં ગ -	મં - ધ સાં	ધ - મં મ	ગ મ ગ -	
સુ ન પા -	વે - મો રી	સા - સ ન	નં દી યા -	ધ્રુ.

લલિત:—

આ થાટના **ષાડવ સંકીર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં **રિષભ વિકૃત** છે, **મધ્યમ શુદ્ધ** તથા **વિકૃત** છે. સૂક્ષ્મ રીતે જોતાં આ રાગમાં **ધૈવત કોમળ** તથા **શુદ્ધ ધૈવત** વચ્ચે આવતી શ્રુતિ **રમ્યાનો** પ્રયોગ મીંડથી થાય છે, છતાં પણ સ્થૂળ રૂપે કોમળ ધૈવત માનવો યોગ્ય છે. **પંચમ વર્જ્ય** છે. શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર શુદ્ધ મધ્યમ** છે. મધ્યમ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **રાત્રે ચોથે પ્રહરે** ગવાય છે. વાદી મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે.

આ રાગમાં આરોહે પંચમ વર્જ્ય કરી, અવરોહે પંચમ વક્ર કરવાથી **લલતપંચમ** રાગ થશે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં કેટલેક સ્થળે, મારવા થાટનો **લલિત પંચમ** રાગનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

ગ મં ધ સાં

સ્વરસમૂહથી લલિત પંચમ પ્રકાર (૧) રાગનો ભાસ થાય છે, પરંતુ તેમાં શુધ્ધ ધૈવતનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગનુ ખાસ અંગ,

ની઼ રી ગ મ - ગ - રી ગ મ મં મ ગ રી સા, ગ મં ધ સાં,

રીં ની ધ મં ધ મં મ ગ રી સા

આ પ્રમાણે છે.

લલિત પંચમ પ્રકાર (૨).

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ વિલંબલય.

રાજા શ્રી રામચંદ્ર કૃપાલ,
અયોધ્યા નગર કે તારનહાર.—ધ્રૂ.
પતિત પાવન કટત દુઃખ સર્વ,
સેવકકો દીજે આનંદ અનહદ,
દશરથ કે હો કુમાર,—ધ્રૂ.

સ્થાયી:—

	૩	×	૨	૦
ગ	મ - ગ રી	સાની - - ધ઼ ની઼	- સા ગ મ	મં મ ગ :
રા	જા - શ્રી -	રા - મ ચં	- દ્ર કૃ -	પા - લ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૩	×	૨	૦	
સા	ગ - મં ધ	ની સાં ની ધ	પ મં ગ મ	ગ - મ	
અ	યો - ધ્યા ન	ગ ર કે -	તા - ર ન	હુા - ર	ધ્રૂ.

અંતરો:—

	૩	×	૨	૦
ગ	મ - ગ રી	ગ મ ધ ની	સાં - રીં સાં	ગં મં ગં
રા	જા - શ્રી -	પ તિ ત -	પા - વ ન	ક ટ ત

	૩	×	૨	૦
રીં	સાં ની સાં સાં	ની - સાં સાં	ની ધ પ મં	ગ - મ
-	દુઃ ખ સ ર્વ	સે - વ ક	કો - દી જે	આ - નં

	૩	×	૨	૦	
ગ	રી રી સા સા	ની સા ની સાં	ની ધ પ મં	ગ - મ	
દ	અ ન હ દ	દ શ ર થ	કે - હો કુ	મા - ર	ધ્રૂ.

લલિત પંચમ પ્રકાર (૨):—

આ થાટના **ષાડવ સંકીર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, ધૈવત વિકૃત** છે. **મધ્યમ શુદ્ધ** તથા **વિકૃત** છે. **પંચમ**નો પ્રયોગ અવરોહે થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. મધ્યમ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **રાત્રે ચોથે પ્રહરે** ગવાય છે. વાદી મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં કેટલેક સ્થળે, **પંચમ** અને **લલિત** રાગોનો ભાસ થાય છે પરંતુ તે રાગોથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

મ ધ સાં

સ્વરસમૂહથી પંચમનો ભાસ થાય પરંતુ પંચમમાં શુદ્ધ ધૈવત છે અને પંચમ વર્જ્ય છે જેથી એ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં

ની઼ સા ગ મ મં મ ગ

સ્વરસમૂહથી લલિતનો ભાસ થાય છે પરંતુ તેમાં

ની઼ રી ગ મ મં મ ગ.

થાય છે, ઉપરાંત અવરોહે પંચમનો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનુ ખાસ અંગ,

ગ મ ગ રી સા ની઼ ધ઼ ની઼ સા ગ મ મં મ ગ

મ ધ ની સાં રીં સાં ની ધ પ મં પ ગ મ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પૂરિયા ધનાશ્રી.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

ભવન ભવન બોલે, અત ભંવરા,
સુગન ભયો આયે પિયા મોરા.—ધ્રૃ.
બેગ મિલે રસ ખાન જો મૈકો,
ગુન માનુ મેં તોરા...................ધ્રૃ.

સ્થાયીઃ—

૦	૩	×	૨	*
મં પ ધ ની	ધ પ મં પ	મં ગ મં રી	ગ પ પ -	
ભ વ ન ભ	વ ન બો -	લે - અ ત	ભં વ રા -	

૦	૩	×	૨	
મં ગ રી સા	સા - ની રી	ગ - મં રી	નીરી ગમં પધ પ	
સુ ગ ન ભ	યો - આ યે	પિ - યા -	મો - રા -	ધ્રૃ.

અંતરોઃ—

*૦	૩	×	૨
મં - ગ ગ	મં - ધ પ	સાં - સાં સાં	ની રીં સાં -
બે - ગ મિ	લે - ર સ	ખા - ન જો	મૈ - કો -

૦	૩	×	૨	
રીં ની ધ પ	મં ધ પ -	નીરી ગમં ધપ સાંરીં	સાંની ધપ મંગ રીસા	
ગુ ન મા -	નું - મેં -	તો - - -	રા - - -	ધ્રૃ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પૂરિયા ધનાશ્રીઃ—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે, આમાં **રિષભ; મધ્યમ** અને **ધૈવત વિકૃત** છે, શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. પંચમ વાદી હોય તેવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **સાયંકાળે** ગવાય છે, પંચમ વાદી થતાં **સંવાદી ષડજ** થશે.

આ રાગમાં કેટલેક સ્થળે **પૂર્વી** રાગનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

ની ધ̅ પ મં ગ

સ્વરસમૂહથી પૂર્વી રાગનો ભાસ થાય પરંતુ તેમાં

ની ધ̅ પ મં ગ મ ગ

થાય છે જ્યારે આ રાગમાં

ની ધ̅ પ મં ગ મં રી̅ ગ – પ

થાય છે, તેમાં શુદ્ધ અને તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે. જ્યારે આ રાગમાં માત્ર તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે, તે રાગનો વાદી સ્વર ગાંધાર છે જ્યારે આ રાગનો વાદી સ્વર પંચમ છે આથી એ બે રાગો જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ,

મં પ ધ̅ ની ધ̅ પ મં પ મ ગ

મં રી̅ ગ – પ – મં ગ રી̅ સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જેતશ્રી (જયશ્રી.)

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

નાદ બ્રહ્મ બસે,
શિવ આધાર,............
સપ્ત સૂરન તીન ગ્રામ,
મૂર્છના ઓહો તેરે.—ધૃ.

ગીતકુ સંગીત માને,
સંગીતકો ઉપગીત માને,
માને પ્રવાહકી બખાને.—ધૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
મં	ધ	પમં	ગ	-	સા	ગ	પ	-	પ
ના	-	દ	-	-	બ્ર	હ્મ	બ	-	સે

×		૨			૦		૩		
પ	મં	ગ	-	મં	ગ	રી	સા	-	-
શિ	-	વ	-	આ	ધા	-	ર	-	-

×		૨			૦		૩		
ની	સા	ગ	મં	પ	ધ	પ	મં	-	પ
સ	પ્ત	સૂ	ર	ન	તી	ન	ગ્રા	-	મ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×		૨			૦		૩			
ની	ધ॒	પ	મં	પ	મં	ગ	રી	સા	-	
મૂ	ર્છ	ના	ઓ	હો	તે	-	રે	-	-	ધ્રુ.

અંતરો:—

* ×		૨			૦		૩			
ની̣	સા	ગ	પ	મં	પ	ધ॒	મં	પ	પ	
ગી	ત	ફુ	-	સં	ગી	ત	મા	ને	સં	

×		૨			૦		૩			
મં	ધ॒	પ	મં	પ	મં	ગ	મં	-	ગ	
ગી	ત	કો	ઉ	પ	ગી	ત	મા	-	ને	

×		૨			૦		૩			
મં	ધ॒	પ	-	સાં	ની	ધ॒	પ	-	પ	
મા	-	ને	-	પ્ર	વા	હ	કી	-	બ	

×		૨			૦		૩			
મં	ગ	મં	-	ધ॒	મં	ગ	રી	-	સા	
ખા	-	-	-	-	ને	-	-	-	-	ધ્રુ.

જેતશ્રી:—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, મધ્યમ, ધૈવત** વિકૃત છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે, જે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પૂર્વાંગનો હોવાથી આ રાગ **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ગાંધાર થતાં **સંવાદી નિષાદ** થશે આ રાગમાં આરોહે **રિષભ ધૈવત વર્જ્ય** છે. સૂક્ષ્મ રીતે આરોહે સંદીપિની શ્રુતિ અને અવરોહે તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે, પરંતુ સ્થૂળ રૂપે તીવ્ર મધ્યમનો ઉપયોગ કર્યો છે.

આ રાગમાં **જેત** અને **શ્રી** એ બે રાગોનું મિશ્રણ હોઇ, જેત રાગનું સા ગ પ અને શ્રી રાગનું મં ગ રી સા અંગ વ્યક્ત થાય છે.

આ રાગમાં

સા ગ પ

સ્વરસમૂહથી જેત રાગનો ભાસ થાય છે પરંતુ તે રાગ ઓડવ છે, તેમજ માત્ર શુદ્ધ ધૈવતનો પ્રયોગ થાય છે. જ્યારે આ રાગ સંપૂર્ણ છે. તેમજ કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે, એ બે રાગોના વાદી સ્વર અને ચલણમાં પણ ફેર છે. એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

પ મં ગ રી સા

સ્વરસમૂહથી શ્રી રાગનો ભાસ થાય છે પરંતુ તેમાં આરોહે રિષભનો પ્રયોગ થાય છે અને આરોહે ગાંધાર, ધૈવતનો લોપ છે જ્યારે આ રાગમાં આરોહે રિષભ, ધૈવત વર્જ્ય છે અને અવરોહે સંપૂર્ણ છે, એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

ધ પ મં ગ રી સા

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી પૂર્વી રાગનો ભાસ થાય છે પરંતુ તેમાં શુદ્ધ મધ્યમનો પણ પ્રયોગ થતો હોવાથી

ધ પ મં ગ મ ગ રી સા

થાય છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

મં ધ પ મં ગ – સા ગ પ –

એ પ્રમાણે છે.

શ્રી.

તાલ ત્રિતાલ માત્રા ૧૬ વિલંબલય.

એરી હું તો આસ ન ગઇલી,
પાસ ન ગઇલી લુગવા,
ધરત મૈકો નામ........................ધ્રુ.
જબસે પિયા પરદેશ ગવન કીનો,
મેંને છોરો કબહુના ધામ.—ધ્રુ.

સ્થાયી:—

૩	×	૨	૦
ગ રી સા સા	રીં - સાં સાં	ની સાં ની ધ	પ મં પ ધ
એ રી હું તો	આ - સ ન	ગ ઇ લી -	પા - સ ન

૩	×	૨	૦	
મં ગ રી -	ગ રી સા સા	પ પ મં પ	ધ - મંગ રીસા	
ગ ઇ લી -	લુ ગ વા ધ	ર ત મૈ કો	ના - - મ	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૩	×	૨	૦	
ગ રે સા સા	રેં - સાં સાં	ની સાં ની ધ	મં પ ધ પ	
એ રી હું તો	આ - સ ન	ગ ઇ લી -	જ બ સે પિ	
૩	×	૨	૦	
ની - સાં સાં	રેં સાં ની ધ	પ મં પ ધ	મં ગ રે સાં	
યા - પ ર	દે - શ ગ	વ ન કી નો	મે - ને -	
૩	×	૨	૦	
સા - પ -	પ પ મં પ	ધ - પ -	સાંની ધપ મંગ રેસા	
છો - રે -	ક બ હુ ના	ધા - - -	મ - - -	ધ્રૂ.

શ્રી—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, મધ્યમ** તથા **ધૈવત વિકૃત** છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં **અવરોહે ગાંધાર** તથા **ધૈવત વર્જ્ય** છે. આ રાગનો **વાદી સ્વર રિષભ** છે, જે પૂર્વાંગનો હોઇ આ રાગ **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી રિષભ થતાં નિયમાનુસાર સંવાદી ધૈવત થવો જોઇએ, પરંતુ આ રાગમાં **પંચમનું** પ્રાબલ્ય અધિક હોવાથી **સંવાદી પંચમ** થશે. રાગ પ્રકૃતિ ગંભીર છે અને શાંત રસયુક્ત છે.

આ રાગ મુખ્ય છ રાગો પૈકીનો એક હોઇ એનું સ્વરુપ સ્વતંત્ર હોય એ સ્વાભાવિક છે, અને આ થાટમાં આવતા કેટલાક રાગોમાં આ રાગનું અંગ વ્યક્ત થાય છે, જેવા કે **ટંકીકા, ત્રિવેણી, માલવી, જેતશ્રી** અને **વસંત.**

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગનું ખાસ અંગ,

રીં̅ સાં ની ધ̅ પ મં પ ધ̅ –
મં ગ રી̅ – સા રી̅ પ – મં ગ રી̅ સા

એ પ્રમાણે છે.

દીપક.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

ડીમક ડફ બાજે,
બાજત ગત પ્યારી,
ઉદમાત ડમરૂ,
કૈલાસ કે માંહી........ધૃ.
સુન આયે બ્રહ્મા,
પશુ પંછી સુન આયે,
લોગ લુગાઇ...........ધૃ.

સ્થાયી:—

	०	૩	×	૨ *
‖: સાં	પ ગ	પ – ગ	રી̅ –	સા –
ડી	મ ક	ડ – ફ	બા –	જે –

	०	૩	×	૨
ની̣	રી̅ સા	ગ – મં	પ –	પ – :‖
આ	જ ત	ગ – ત	પ્યા –	રી –

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

*	०	૩	×	૨	
;	મં મં	પ - પ	ની ની	સાં -	
;	ઉ ઢ	મા - ત	ડ મ	રૂ -	

	०	૩	×	૨	
રેં	સાં -	પ - મં	મં -	ગ -	
કે	લા -	સ - કે	માં -	હી -	ધ્રુ.

અંતરો:—

*	०	૩	×	૨
;	ની રે	સાં - ગ	મં -	પ -
;	સુ ન	આ - યે	બ્ર -	હ્મા -

	०	૩	×	૨
-	મં ધ	પ - સાં	ની રેં	સાં -
-	પ શુ	પં - છી	સુ ન	આ -

	०	૩	×	૨	
સાં	પ મં	ગ - રે	સા -	સા -	
યે	લો -	ગ - લુ	ગા -	ઇ -	ધ્રુ.

દીપક—

આ થાટના સંપૂર્ણ પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં રિષભ, મધ્યમ, ધૈવત, વિકૃત છે, તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં આરોહે રિષભ અને

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અવરોહે નિષાદ વર્જ્ય છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય એવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **દિવસે ત્રીજે પ્રહરે** ગવાય છે. ષડજ વાદી થતાં **સંવાદી પંચમ** થશે.

આ રાગ મુખ્ય છ રાગોમાંનો એક હોઇ એનું સ્વરુપ સ્વતંત્ર હોય એ સંભવિત છે.

જેત રાગમાં,

પ ગ રી સા

સ્વરસમૂહથી આ રાગનો ભાસ થાય છે પરંતુ આ રાગ સંપૂર્ણ છે જ્યારે જેત ઓડવ છે. આ રાગનો વાદી સ્વર ષડજ છે. જેતનો વાદી સ્વર પંચમ છે. જેતમાં શુદ્ધ ધૈવત છે જ્યારે આ રાગમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે. તેમજ જેતશ્રીનો પણ ભાસ થાય છે, પરંતુ જેતશ્રીમાં આરોહે રિષભ, ધૈવત વર્જ્ય છે, જ્યારે આ રાગમાં આરોહે માત્ર રિષભનો લોપ છે જ્યારે અવરોહે નિષાદનો લોપ છે. આ કારણોથી આ રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ.

સાં પ ગ પ ગ રી સા

ની રી સા ગ – મં પ મં ધ પ સાં

આ પ્રમાણે છે.

આ રાગ વિશે ઘણી દંતકથા છે સંક્ષિપ્તમાં આ રાગ પ્રચારમાં ગાવો બંધ થયાનું મંતવ્ય છે.

આ રાગ વિશે અન્ય મત પણ છે. એક સમય પૂર્વ હિંદુસ્તાન તરફ મારૂં જવું થતાં મધ્ય હિંદુસ્તાનમાં મૈહેર નામનું

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રાજ્ય છે. તે રાજ્યમાં ખાનસાહેબ અલ્લાઉદ્દીનખાન નામના અતિ ઉત્તમ વાદ્યકાર સાથે મારી મુલાકાત થઇ. તેઓ સાથે રાગ, રાગણી વિશે અનેક ચર્ચા થતાં દીપક રાગ વિશે તેઓએ જણાવ્યું હતું કે અમારા એટલે કે તાનસેનનાં ઘરાનામાં દીપક કલ્યાણ થાટનો બિહાગ અંગનો ગાવાનો પ્રચાર છે. જેની સરગમ પણ તેઓએ આપી હતી પણ હાલ પ્રચારમાં એ રાગ ગાવો બંધ થયો એટલે સરગમ આપવી ઉચિત ન ધારતાં આપી નથી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ગૌરી પ્રકાર (૨).

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

ઉડજા પંખેરૂ દિન તો રહા થોડા,
દિન તો રહા થોડા, દિન તો રહા થોડા.—ધ્રુ.

ના ઘર મેરા, ના ઘર તેરા,
ચીરીયાં રૈન, બસેરા રામા,—ધ્રુ.

સ્થાયી:—

×		૨			૦		૩		
ગ	ગ	રી	–	સા	ની	સા	ધની	ધ	–
ઉ	ડ	જા	–	પં	ખે	–	રૂ	–	–
ની	રી	મં	ગ	ગ	રી	–	સા	–	–
દિ	ન	તો	ર	હા	થો	–	ડા	–	–
ની	રી	મં	ધ	ની	સાં	રીં	સાં	–	–
દિ	ન	તો	ર	હા	થો	–	ડા	–	–
ની	સાં	ની	ધ	પ	ગ	મં	ગ	–	–
દિ	ન	તો	ર	હા	થો	–	ડા	–	–

ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

×		૨			૦		૩		
મં	પ	ની	-	ની	સાં	રીં	સાં	-	-
ના	-	ધ	-	ર	મે	-	રા	-	-

×		૨			૦		૩		
ની	રીં	ગં	રીં	સાં	ની	સાં	ની	ધ	પ
ના	-	ધ	-	ર	તે	-	રા	-	-

×		૨			૦		૩		
સાં	ની	ધ	પ	-	ગ	-	ધ	-	પ
ચી	રી	યાં	-	-	રૈ	-	ન	-	બ

×		૨			૦		૩			
ગ	મં	ગ	-	-	મં	ગ	રી	-	સા	
સે	-	રા	-	-	રા	-	મા	-	-	ધ્રૂ.

ગૌરી પ્રકાર (૨):—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **રિષભ, ધૈવત કોમળ** છે, તેમજ **મધ્યમ તીવ્ર** છે. આ રાગનો **વાદી** સ્વર **રિષભ** છે. વાદી રિષભ થતાં **સંવાદી પંચમ** થશે. આરોહે **ગાંધાર**, ધૈવત **વર્જ્ય** છે. આ રાગ શ્રી અંશનો છે. **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે.

આ રાગમાં કેટલેક અંશે શ્રી નો ભાસ થાય છે, પરંતુ તે રાગથી આ રાગ જુદો પાડી શકાય છે.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં,

ની ધ પ મં ગ રી સા

સ્વરસમૂહથી શ્રી નો ભાસ થાય છે પરંતુ તેમાં ચલણ ઉતરાંગ તાર સપ્તકમાં વિશેષ છે જ્યારે આ રાગનું ચલણ મંદ્રસપ્તક તથા પૂર્વાંગ મધ્ય સપ્તકમાં અધિક છે એટલે એ રાગ જુદા પડે છે તેમ મધ્યમ વકૃત્વ પામે છે. જેમ કે,

રી મં ગ

જ્યારે શ્રીમાં તે પ્રમાણે થતું નથી.

આ રાગનું ખાસ અંગ

ગ રી સા ની સા ની ધ પ ની

રી – મં ગ રી સા, મં ધ ની સાં

ની ધ પ ગ મં ગ રી સા.

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિભાસ. પ્રકાર (૪)

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

મોહન જાગો મનોહર મદન મોહન,
મધુસૂદન માધો મુકુંદ, મન અતહી ભાવન—ધૃ.
જાગિયે જગતપતિ, જાગ જીવન જગન્નાથ,
જગ પન જગ સુખ, પાવન—ધૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
ધ	-	ધ	-	પ	પમં-	પ	ગ	રે	સા :‖
મો	-	હ	-	ન	જા	-	ગો	-	-

×		૨			૦		૩		
સા	રે	સા	ગ	પ	ધ	ધ	ની	ધ	પ
મ	નો	હ	-	ર	મ	દ	ન	-	મો

×		૨			૦		૩		
પમં-	પ	ગ	ગ	પ	સાગ-	-	રે	-	સા
હ	ન	મ	ધુ	સૂ	દ	-	ન	-	-

×		૨			૦		૩		
રેસા-	સા	ગ	-	પ	ધ	ધ	સાં	-	સાં
મા	-	ધો	-	મુ	કું	દ	મ	-	ન

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×		૨			૦		૩			
રેં	સાં	ની	ધ	પ	પગ-	પ	ગ	-	રેંસા-	
અ	ત	હી	-	-	ભા	-	વ	-	ન	ધ્રુ.

અંતરો:—

* ×		૨			૦		૩		
ધ	-	ધ	-	પ	પ	ગ	ગ	-	પ
મો	-	હ	-	ન	જા	-	ગિ	-	યે
×		૨			૦		૩		
ધ	સાં	સાં	-	સાં	સાં	ગં	રેં	-	સાં
જ	ગ	ત	-	પ	તિ	-	જા	-	ગ
×		૨			૦		૩		
ધ	સાં	ની	ધ	પ	ગ	પ	ગ	રે	સા
જી	-	વ	-	ન	જ	ગ	જા	-	થ
×		૨			૦		૩		
રે	સા	રે	-	સા	ગ	પ	ધ	-	સાં
જ	ગ	પ	-	ન	જ	ગ	સુ	-	ખ

×		૨			૦		૩			
રેંસાં	નીધ	નીધ	પગ	પ	ગ	-	રે	-	સા	
પા	-	-	-	-	વ	-	ન	-	-	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિભાસ પ્રકાર (૪):—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, ધૈવત, કોમળ** છે. **મધ્યમ તીવ્ર** છે, પરંતુ એની ગતિ **વક્ર** છે. તેમજ **નિષાદ દુર્બળ** છે. આ રાગનો **વાદી** સ્વર **ધૈવત** છે. તે ઉત્તરાંગનો સ્વર હોઇ આ રાગ **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં **સંવાદી રિષભ** થશે. **પંચમ** ન્યાસ છે.

આ રાગમાં કેટલેક સ્થળે **જેત**નો ભાસ થાય છે, પરંતુ તે રાગથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

ગ પ ગ રી સા.

સ્વરસમૂહથી જેતનો ભાસ થાય છે, પરંતુ જેતમાં શુધ્ધ ધૈવત આવે છે અને તીવ્ર મધ્યમ તથા નિષાદ વર્જ્ય છે. જ્યારે આ રાગમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે અને તીવ્ર મધ્યમનો વક્ર રીતે પ્રયોગ થાય છે અને નિષાદ દુર્બલ છે. જેથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

ધ – પમં પ ગ રી સા,

ગ પ ધ સાં ની ધ પ ગ રી સા.

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

માલવી.

તાલ ઝુમરો. માત્રા ૧૪ મધ્યલય.

રી ઢફ બાજે બાજે સબ બાજે,
ચંગ મૃદંગ ઝાંઝકો ઝનકાર............ધ્રુ.

ઉડત હે ગુલાલ ભયો બાદર બરખત રંગ,
છાયે પિચકારી ભીંજ ઉઠી સઘરી બ્રિજનારી—ધ્રુ.

સ્થાયી:—

૦			૩				×			૨				
સાં	-	-	ની	પ	મં	-	પ	-	-	પ	ગ	રી	સા	:
રી	-	-	ઢ	-	ફ	-	બા	-	-	જે	-	-	-	
૦			૩				×			૨				
સા	-	-	ગ	-	મં	પ	મં	ધ	-	સાં	-	-	-	
બા	-	-	જે	-	સ	બ	બા	-	-	જે	-	-	-	
૦			૩				×			૨				
રીં	સાં	-	સાં	ની	પ	મં	પ	-	-	ગ	પ	ગ	-	
ચં	-	-	ગ	-	-	મૃ	દં	-	-	ગ	-	-	-	
૦			૩				×			૨				
રી	સા	-	ગ	-	પ	-	મં	ધ	-	સાંની	પમં	ગરી	સા	
ઝાં	-	-	ઝ	-	કો	-	ઝ	ન	-	કા	-	-	ર	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૦	૩	×	૨	
સાં - -	ની પ મં -	ગ - -	પ - ગ -	
રી - -	હ - ફુ -	ઉ - -	ડ - ત -	
૦	૩	×	૨	
મં ધ સાં	સાં - - સાં	સાં રીં -	ગં - રીં સાં	
હે - ગુ	લા - - લ	ભ યો -	આ - દ ર	
૦	૩	×	૨	
સાં ની -	પ મં ગ ગ	સા ગ પ	મં ધ સાં ની	
અ ર -	ખ ત રં ગ	છા - -	યે - પિ ચ	
૦	૩	×	૨	
પ મં ગ	પ ગ રી સા	સાની - પ -	સા - ગ -	
કા - -	રી - - -	ભીં - -	જ - ઉ -	
૦	૩	×	૨	
મં ધ સાં	ગં રીં સાં -	સાંની પમં પ	ગપ ગરી સા -	
ઠી - -	સ ઘ રી -	બ્રિ જ -	ના - રી -	ધ્રુ.

માલવી:—

આ થાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં રિષભ, મધ્યમ અને ધૈવત વિકૃત છે. તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આરોહે નિષાદ, અને અવરોહે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધૈવતનો **લોપ** છે. આ રાગનો **વાદી સ્વર** રિષભ છે જે પૂર્વાંગનો હોઇ **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી રિષભ હોઇ **સંવાદી** ધૈવત થવો જોઇયે પરંતુ ધૈવત દુર્બળ હોઇ **પંચમ સંવાદી** થશે. આ **શ્રી અંગનો** રાગ છે.

આ રાગમાં **શ્રી,** તથા **માલશ્રીનો** ભાસ થાય છે.

આ રાગમાં

સાં ની પ મં ગ રી સા

સ્વરસમૂહથી શ્રીનો ભાસ થાય છે પરંતુ શ્રીમાં આરોહે ગાંધાર, ધૈવત વર્જ્ય છે જ્યારે આ રાગમાં આરોહે નિષાદ વર્જ્ય છે અને અવરોહે ધૈવતનો લોપ છે એટલે આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં

પ મં પ ગ પ

સ્વરસમૂહથી માલશ્રીનો ભાસ થાય છે, પરંતુ માલશ્રી ઓડવ છે એટલે રિષભ, ધૈવત વર્જ્ય છે, જ્યારે આ રાગમાં રિષભ કોમળ અને પ્રધાન સ્વર છે. તેમજ ધૈવત કોમળ છે એટલે આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

સાં ની પ મં પ ગ પ ગ રી સા

ગ પ મં ધ સાં

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પૂર્વી.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ વિલંબલય.

કગવા બોલે મોરે અટરીયાં,
સુગન ભઇલવા એરી સખીરી,
બુંદ બુંદ બરસન લાગે.—ધ્રૃ.

આવન કરો તુમ મોરે પિયરવા,
ડારૂં ગલે ફુલનકો હરવા,
સખીરી ઉનપર તનમન વારૂં.—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	×	૨	
મં ગ રી સા	ની રી ગ -	પ - મં ગ	ગ મ ગ -	
ક ગ વા -	બો - લે -	મો - રે અ	ટ રી યાં -	
૦	૩	×	૨	
મ ગ રી સા	ની ની સા -	ની - રી ગ	મં રી ગ -	
સુ ગ ન ભ	ઇ લ વા -	એ - રી સ	ખી - રી -	
૦	૩	×	૨	
પ - મં પ	- મં મં ધ	ની ધ પ મં	ગ મ ગ -	
બું - દ બું	- દ બ ર	સ ન લા -	ગે - - -	ધ્રૃ.

અંતરો:—

* ०	૩	×	૨	
મં - ગ ગ	મં મં ધ ની	સાં - રીં સાં	ની ની સાં - :	
આ - વ ન	ક રો તુ મ	મો - રે પિ	ય ર વા -	
०	૩	×	૨	
ની - સાં રીં	સાં - ની -	ધ પ મં -	ગ મ ગ ની	-
ડા - રૂં ગ	લે - કુ -	લ ન કો -	હ ર વા સ	
०	૩	×	૨	
રીં - ગ -	પ મં ધ ની	ધ પ મં ગ	ગ મ ગ -	
ખી - રી -	ઉ ન પ ર	ત ન મ ન	વા - રૂં -	ધ્રુ.

પૂર્વી:—

આ થાટના **સંપૂર્ણ સંકીર્ણ** પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે; આમાં **રિષભ, મધ્યમ** તથા **ધૈવત વિકૃત** છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં **તીવ્ર મધ્યમ** ઉપરાંત **શુદ્ધ મધ્યમનો** પ્રયોગ થાય છે. આ રાગનો **વાદી સ્વર ગાંધાર** છે, જે પૂર્વાંગનો હોઇ આ રાગ **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ગાંધાર થતાં **સંવાદી નિષાદ** થશે. રાગ પ્રકૃતિ ગંભીર હોઇ **શાન્તરસ** યુક્ત છે.

આ થાટમાં આવતા **પૂરિયા, ધનાશ્રી** તથા **જેતશ્રી** રાગોમાં આ રાગનું અંગ વ્યક્ત થાય છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગનું ખાસ અંગઃ—

મં ગ રીં સા, ની રી ગ – પ – મં ગ મ ગ –

મં ધ ની ધ પ મં, ગ મ ગ –

એ પ્રમાણે છે.

આ રાગના નામને મળતો પૂર્બા રાગ છે, જેમાં પંચમ વર્જ્ય થઇ બન્ને ધૈવતનો પ્રયોગ નીચે પ્રમાણે થાય છે,

ની રીં ગ – મં ધ મં ગ – રીં – સા,

સા રીં ની મં – ધે – સા –

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પરજ.

તાલ એકતાલ. માત્રા ૧૨ મધ્યલય.

બરન બરન કર શીંગાર,
પૂહુપ ભરત ઝરત હાથ,
ગલે બિચ મોતીયનકા હાર,
દેખ બરન અપની પ્રાત.—ધૃ

ચલ ગઇ બ્રિજ બાલા સાથ,
નાહી સુનત હમરી બાત,
વોહી મીસલ દરશહે, તુમ,
ડારી ડારી હમ પાત પાત.—ધૃ.

સ્થાયી:—

×	०	૨	०	૩	૪
ધ̅ સાં	ની ધ̅	ધ̅ પ	મં ધ̅	ની સાં	- સાં
બ ર	ન બ	ર ન	ક ર	શીં ગા	- ર

×	०	૨	०	૩	૪
ની સાં	ની ધ̅	ધ̅ પ	ગ મ	ગ રી̅	- સા
પૂ હુ	પ ભ	ર ત	ઝ ર	ત હા	- થ

×	०	૨	०	૩	૪
ની̣ સા	ગ ગ	મં ધ̅	મં ધ̅	ની સાં	- સાં
ગ લે	બિ ચ	મો તી	ય ન	કા હા	- ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×		૦		૨		૦		૩		૪		
ગં	રીં	સાં	ની	સાં	સાં	ની	સાં	ની	ધ	પ	મં	
દે	-	ખ	બ	ર	ન	અ	પ	ની	પ્રા	-	ત	ધ્રુ.

અંતરોઃ—

×		૦		૨		૦		૩		૪	
સા	સા	ગ	ગ	મં	મં	ધ	-	ની	સાં	-	સાં
ચ	લ	ગ	ઇ	બ્રિ	જ	બા	-	લા	સા	-	થ

×		૦		૨		૦		૩		૪	
ની	-	સાં	રીં	સાં	રીં	ની	સાં	ની	ધ	-	પ
ના	-	હી	સુ	ન	તં	હ	મ	રી	બા	-	ત

×		૦		૨		૦		૩		૪	
સા	-	ગ	મં	મં	ધ	ની	સાં	ની	સાં	ગં	ગં
વો	-	હી	મીં	સ	લ	દ	ર	શ	હે	તુ	મ

×		૦		૨		૦		૩		૪		
રીં	સાં	ની	ધ	પ	ગ	મ	-	ગ	રી	-	સા	
ડા	રી	ડા	રી	હ	મ	પા	-	ત	પા	-	ત	ધ્રુ.

પરજઃ—

આ થાટના **સંપૂર્ણ સંકીર્ણ** પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છેઃ આમાં **રિષભ, મધ્યમ, ધૈવત, વિકૃત** છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. તીવ્ર મધ્યમ ઉપરાંત

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે. આ રાગનો **વાદી સ્વર** ષડજ છે. ષડજ વાદી હોય તેવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે. આ રાગ **રાત્રે ચોથે પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે. આ રાગ ઉત્તરાંગમાં વ્યક્ત થાય છે.

આ રાગમાં કેટલેક સ્થળે **કાલિંગડા** રાગનો ભાસ થાય છે. પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં,

ધ॒ પ મ ગ રે॒ સા

સ્વરસમૂહથી કાલિંગડાનો ભાસ થાય છે પરંતુ તેમાં માત્ર શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે તેમજ વાદી સ્વર પંચમ છે જ્યારે આ રાગમાં ઉભય મધ્યમનો પ્રયોગ થાય છે અને વાદી સ્વર ષડજ છે. આ કારણોથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

ધ॒ સાં ની ધ॒ પ ધ॒ મં ધ॒ ની સાં

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બસંત. પ્રકાર (૧)

ફગવા બ્રિજ દેખનકો ચલોરી,
ફગવેમેં મિલેંગે કુંવર કા'ન,
જહાં બાટ ચલત બોલે ફગવા.—ધૃ.

આઇ બહાર સકલ બન ફુલે,
રસિલે લાલકો લે અંગવા.—ધૃ.

સ્થાયી:—

	°	૩	×	૨	*
મં ધ	સાં - નીધ પ	પમં- - ગ ગ	ધમં - ધ ની	રીં સાં :	
ફ ગ	વા - બ્રિ જ	દે - ખ ન	કો - ચ લો	રી -	
	°	૩	×	૨	
મં ધ	સાં - ની ધ	પ - મંગ- -	ગરી- ગ મં ધ	મં ગ	
ફ ગ	વે - મેં મિ	લેં - ગે -	કું વ ર કા'	- ન	
	°	૩	×	૨	
રી સા	સા ની- - - રીગ	મ મં મગ- -	મંગ- મં ધ સાં	ની ધ	
જ હાં	બા - ટ ચ	લ ત બો -	લે - ફ ગ	વા -	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

	✻ ०	૩	×	૨	
; ;	મંગ- - ગ ગ	ધમં- - ધ સાં	રીં રીં સાં સાં	સાંની- -	
; ;	આ - ઇ બ	હા - ર સ	ક લ બ ન	કુ -	

	०	૩	×	૨	
સાં -	ની રીં ગં રીં	- સાં ની સાં	ધનીસાં - ની ધ	પ -	
લે -	ર સિ લે લા	- લ કો -	લે - અં ગ	વા -	ધ્રૂ.

બસંત પ્રકાર (૧):—

આ થાટના **સંપૂર્ણ સંકીર્ણ** પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ, મધ્યમ, ધૈવત વિકૃત** છે તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં **તીવ્ર મધ્યમ** ઉપરાંત **શુદ્ધ મધ્યમ**નો, પ્રયોગ થાય છે. આ રાગમાં **આરોહે પંચમ વર્જ્ય** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય તેવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે એ ધોરણે આ રાગ **કોઈ પણ સમયે** ગાવાનો પ્રચાર છે. આ રાગમાં ઉત્તરાંગ પ્રધાન હોઇ તાર ષડજનું અધિક પ્રાબલ્ય વ્યક્ત થાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે. વસંત ઋતુમાં આ રાગ અધિક આનંદ આપે છે.

આ રાગમાં કેટલેક સ્થળે **લલત** અને **શ્રી** રાગોનો ભાસ થાય છે, પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

ની રી ગ મ મં મ ગ –

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી લલતનો ભાસ થાય છે પરંતુ તે ષાડવ છે, તેનો વાદી સ્વર મધ્યમ છે જ્યારે આ રાગ સંપૂર્ણ છે અને વાદી સ્વર ષડજ છે એટલે એ બે રાગો જુદા જણાય છે.

આ રાગમાં,

સાં ની ધ પ મં ગ રી સા

સ્વરસમૂહથી શ્રી રાગનો ભાસ થાય છે કારણ આ રાગ શ્રી અંગનો હોઇ એવો ભાસ થવો વાસ્તવિક છે, પરંતુ તેમાં માત્ર તીવ્ર મધ્યમનો પ્રયોગ થાય છે જ્યારે આ રાગમાં ઉભય મધ્યમનો, પ્રયોગ થાય છે એટલે, તેમજ વાદી સ્વરની ભિન્નતાએ એ બે રાગો જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ

રીં સાં ની ધ પ મં ગ રી સા

ની̣ રી ગ મ મં મ ગ મં ધ ની સાં.

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બસંત. પ્રકાર (૨)

તાલ ત્રીતાલ. માત્રા ૧૬ વિલંબલય.

આઇ ઋત બસંત, નવે લરીયાં,
બોલેરે પપૈયાં, પિયુ પ્યારે.—ધ્રૃ.
નઇ નઇ પુલરીયાં, બેલરીયાં પુલી,
ગાઇ બ્હાદર શાહ, કે દરબાર.—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	×	૨
; રીગ મંધ સાં -	ની ધ - મં ગ	મં - ગ રી	ગ - મં ધ
; આ ઇ -	ઋ - ત બ	સં - ત ન	વે - - -

૦	૩	×	૨
ગ રી સા -	ની રી ગ મ	મં મ ગ -	મં ધ રીં સાં
લ રી યાં -	બો લ રે પ	પૈ - યાં -	પિ યુ પ્યા રે : ધ્રૃ.

અંતરો—

૦	૩	×	૨
; ગગ મં ધ	રીં - - સાં	ની ની સાં -	- - - -
; નઇં ન ઇ	ફુ - - -	લ રી યાં -	- - - -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	×	૨
ની રીં ગં રીં	સાં ની ધ -	ધમં - - -	ગ - - -
એ - લ રી	યાં - - -	ફુ - - -	લી - - -

૦	૩	×	૨	
ની રી ગ -	મં - ધ રીં	સાં ની ધ મં	ગમં ગ રીં સા	
ગા - ઇ -	મ્હા - હ ર	શા હ કે -	હ ર બા ર	ધ્રૂ.

બસંત પ્રકાર (૨):—

આ થાટના ષાડવ પ્રકારનો રાગ છે. આમાં રિષભ, મધ્યમ વિકૃત છે, તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં તીવ્ર મધ્યમ ઉપરાંત શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે, આ રાગમાં પંચમ વર્જ્ય છે. વાદી ષડજ છે, જ્યારે સંવાદી મધ્યમ થશે.

આ રાગમાં લલિત તથા સોહિનીનો ભાસ થાય છે પરંતુ તેનાથી જુદા પાડી શકાય છે.

આ રાગમાં

ની રી ગ મં મ ગ

સ્વરસમૂહથી લલિતનો ભાસ થાય છે પરંતુ તેનું ચલણ પૂર્વાંગમાં છે જ્યારે આ રાગનું ચલણ ઉત્તરાંગમાં હોઇ આ બે રાગ જુદા પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં

મં ધ સાં

સ્વરસમૂહથી સોહિનીનો ભાસ થાય છે પરંતુ તેમાં

ગ મં ધ ની – ધ મં ગ

આ પ્રમાણે નિષાદ ઉપર વજન છે. જ્યારે,

આ રાગમાં

ગ મં ધ રીં – સાં

આ પ્રમાણે થવાથી રાગ જુદા પડે છે

આ રાગનું ખાસ અંગ.

સારી ગમંધ સાં – નીધ, મં ગ રી – સા

સા ગ મ મં મ ગ.

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જોગિયા થાટ ૯.

સ્વરે

સા રી મ પ ધ સાં

સાં ની ધ પ મ પ ની ધ પ મ ગમરી સા.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

—: જોગિયા થાટ. :—

પૂર્વી થાટ પછી અનુક્રમે ત્રણ સ્વરો વિકૃત કરતાં આ થાટ મુકી શકાય. પૂર્વી થાટમાં રિષભ, મધ્યમ, ધૈવત વિકૃત થાય છે. **વિકૃત રિષભ, મધ્યમ** કાયમ રાખી અનુક્રમે ધૈવત પછી **નિષાદ વિકૃત** કરતાં,

સા રી ગ મં પ ધ ની સાં

સ્વરસમૂહમાં વાદી સંવાદી સ્વરોના નિયમો જળવાતા નથી તેમજ એ સ્વરસમૂહનો કોઇ રાગ પ્રચલિત નથી એટલે એ થાટ સંભવિત નથી.

પંચમ ઉત્તરાંગનો સ્થાયી સ્વર હોઇ વિકૃત ન થતો હોવાથી. અનુક્રમે **રિષભ, ધૈવત વિકૃત** કરી, તે સ્વરો કાયમ રાખી **નિષાદ વિકૃત કરતાં** સંવાદી સ્વરના નિયમો જળવાય છે તેમજ **જોગિયા** વગેરે એ સ્વરસમૂહના રાગો પ્રચલિત હોઇ એ થાટ સંભવિત છે.

આ થાટમાં આવતા રાગો પૈકી જોગિયો સરળ અને પ્રસિધ્ધ રાગ હોઇ આ થાટને " **જોગિયા** " સંજ્ઞા આપવામાં આવી છે.

આ થાટમાં નીચે પ્રમાણે વિભાગ કર્યા છે.

ઓડવ ષાડવઃ—જોગિયા.

સંકીર્ણઃ—રામકલી, અહીરી ભૈરવ,
બિલાસખાની તોડી પ્રકાર (૧)

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જોગિયા, પ્રકાર (૨)

તાલ ત્રિતાલ માત્રા ૧૬ મધ્યલય.

હમારી લરકૈંયા બીતી જાય,
અજ હુ ન આયે ગવનવા, હાં.—ધ્રૂ.

સુહા સાલુ લેતા આઈઓ,
પિયાસે કહિયો જાય.
ચોલી કે બંધ કરકન લાગે,
અબ કયા કીજે હાય.—ધ્રૂ.

સ્થાયી:—

	૦	૩	×	૨	*
ધ	પ ધ - મમ	પધની - ધ પ	ગમ - - રી -	સા - -	:
હ	મા રી - લર	કૈં - યા -	બી - તી -	જા - ય	:

	૦	૩	×	૨	
;	; સારી મ મ	પ - ધ પ	પ ધ સાં -	નીધ પ -	
;	; અજ હુ ન	આ - યે ગ	વ ન વા -	હાં - -	ધ્રૂ.

અંતરો:—

*	૦	૩	×	૨
;	; મ પ -	ધ - સાં -	; રીં રીં -	સાં ની સાં
;	; સુ હા -	સા - લુ -	; લે તા -	આ ઈ યો

० ३ × २

– | ; સાં ની ધ | પ ધ મ – | પ – – – | – – ; ||

– | ; પિ યા સે | ક હિ યો – | જા – – ય | – – ; ||

० ३ × २

: | ; મ મ – | પ – ધ ધ | ; સાંની સાં સાં | રીં – સાં

; | ; ચો લી – | કે – બં ધ | ; કર ક ન | લા – ગે

० ३ × २

– | સાં ની ધ – | પ ધ મ – | પધ ની – ધ | મગમ– રીં સા |

– | અ બ કયા – | કી – જે – | હા – – – | ય – – | ધ્રુ.

જોગિયો:—

આ થાટના **ઓડવ ષાડવ** પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ ધૈવત વિકૃત** છે અને **કોમળ** તેમજ **શુદ્ધ નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં **આરોહે ગાંધાર, નિષાદ વર્જ્ય** છે પરંતુ **અવરોહે** વિવાદી રૂપે શુદ્ધ ગાંધારનો વક્ર રીતે પ્રયોગ થાય છે. **કોમળ નિષાદનો** પ્રયોગ **અવરોહે** થાય છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય તેવા રાગો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **પ્રાતઃકાળે** ગવાય છે. વાદી ષડજ થતાં નિયમાનુસાર સંવાદી પંચમ થવો જોઇએ, પરંતુ આ રાગમાં **મધ્યમનું** પ્રાબલ્ય અધિક હોઇ તે **સંવાદી** થાય છે. આ રાગ ગંભીર પ્રકૃતિનો અને કરૂણરસ યુક્ત છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં કેટલેક સ્થળે ગુણકરી, અને આશાવરી રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી એ રાગ જુદો પડે છે.

આ રાગમાં

સા રી મ પ ધ – પ

સ્વરસમૂહથી ગુણકરીનો ભાસ થાય છે, પરંતુ તેમાં બે મધ્યમનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં માત્ર શુદ્ધ મધ્યમનો પ્રયોગ થાય છે.

આ રાગમાં

મ પ ધ સાં

સ્વરસમૂહથી આશાવરી પ્રકાર (૨)નો ભાસ થાય છે પરંતુ તેમાં

મ પ ધ સાં ની ધ પ મ ગ – રી સા

થાય છે જ્યારે આ રાગમાં

મ પ ધ સાં ની ધ પ, ધ, મ પ ધ ની ધ મ ગમ– – રી સા

એ પ્રમાણે પ્રયોગ થતો હોવાથી, એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

સા રી મ પ – ધ –, સાં ની ધ પ –, ધ મ – પ ધ

ની ધ મ ગમ– – રી – સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રામકલી (રામકરી.)

તાલ ત્રિલવાડો. માત્રા ૧૬ વિલંબલય.

બધાવન ગાવો એ,
સબ મીલનન આયે.—ધ્રૃ.

સબ સખિયન મીલ મંગલ ગાવો,
સદારંગ કે ઘર ભંવર આયે.—ધ્રૃ.

સ્થાયી:—

	૩	×	૨	૦	*
:સા	મગ- - મ પ	ધ - પ -	મં પ ધ ની	ધ પ - :	
બ	ધા - વ ન	ગા - વો -	એ - - -	- - -	

	૩	×	૨	૦	
-	ગ મ - રી	ગ મ પ -	મગ- મ રી -	સા - -	
-	સ બ - મી	લ ન ન -	આ - - -	યે - -	ધ્રૃ

અંતરો:—

*	૩	×	૨	૦
;	; પ પ -	ધ ધ ની ની	- સાં રીં સાં	ધ - ની
;	; સ બ -	સખિ ય ન	- મી - લ	મં - ગ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	૩	×	૨	૦	
સાં	રીં સાં ની ધ	પ - - -	ગ ગ - પ	- ધ સાં	
લ	ગા - - -	વો - - -	સદા - રં	- ગ કે	

	૩	×	૨	૦	
-	ધ ની ધ પ	મંપ - ગ મં પ	મગ - મ રી -	સા - -	
-	ધ - ર -	ભં વ ર -	આ - - -	યે - -	ધ્રૂ.

રામકરીઃ—

આ થાટના **સંકીર્ણ પ્રકારના** રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ ધૈવત કોમળ** છે. ઉપરાંત **તીવ્ર મધ્યમ** તથા **કોમળ** તેમજ **શુદ્ધ નિષાદનો** પ્રયોગ થાય છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. જે ઉત્તરાંગનો હોઇ આ રાગ **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે. આ રાગની પ્રકૃતિ ગંભીર હોઇ સાવકાશ આલાપ થઇ શકે છે. **શાંત રસ** પ્રધાન છે.

આ રાગમાં કેટલેક સ્થળે **ભૈરવ** રાગનો ભાસ થાય છે. પરંતુ તેનાથી આ રાગ જુદો પાડી શકાય છે.

આ રાગમાં,

ની સા ગ મ પ ધ -

સ્વરસમૂહથી ભૈરવનો ભાસ થાય છે પરંતુ તેમાં,

મ ગ રી - સા

થાય છે જ્યારે આ રાગમાં,

ગ મ રી - સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

એવો પ્રયોગ થતો હોવાથી તેમજ આ રાગમાં તીવ્ર મધ્યમ તથા કોમળ તેમ શુદ્ધ નિષાદ આવતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

ની સા મગ– મ પ ધ –

પ – મં પ ધ ની ધ પ –

મ ગ મ રી – સા

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અહીરી ભૈરવ.

તાલ ઝપતાલ. માત્રા ૧૦ વિલંબલય.

તેરેહિ ધ્યાન ધર જ્ઞાન કરતાર,
તું હૈ જોત જગમે ભાનુ ઉદય ભયો:—ધૃ.

તેરેહિ તુંહિ હૈ, પવન પાની બાની,
કર શુદ્ધ તું દાની દાતાર,
તું રંકન કો માન દિયો.—ધૃ.

સ્થાયી:—

૦		૩			×		૨		
ગ	મ	રી	-	સા	સાની	સા	રી	મગ-	મ
તે	-	રે	-	હિ	ધ્યા	-	ન	ધ	ર

૦		૩			×		૨		
મ	-	ગ	રી	ગ	પ	ગમ-	રી	-	સા
જ્ઞા	-	ન	ક	ર	તા	-	ર	-	તું

૦		૩			×		૨		
રી	ગ	મ	-	પ	મ	[illegible]	ગ	મ	-	મ
હૈ	-	જો	-	ત	જ		ગ	મેં	-	-

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

०	३	×	२	
પ ધ	મ ગ રી	ગ મ	પ - પ	
ભા -	નુ - ઉ	દ ય	ભ - યો	ધ્રુ.

અંતરો:—

* ०	३	×	२
ગ મ	રી - મ	પ ધ	સાંની- - સાં
તે -	રો - હિ	તું -	હિ - હે

०	३	×	२
સાં ની	ધ પ ધ	મ ગ	રી - સા
પ વ	ન પા -	ની -	આ - ની

०	३	×	२
સાની- સા	રી - ગ	મ પ	મગ- - મ
ક ર	શુ - દ્ધ	તું -	હા - ની

०	३	×	२
સા રી	ગ મ પ	મગ- મ	રી - સા
હા -	તા - ર	તું -	રં - ક

०	३	×	२	
ની સા	રી મગ- પ	ગ મ	પ - પ	
ન -	કો - -	આ ન	દિ - યો	ધ્રુ.

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અહીરી ભૈરવઃ—

આ થાટના **સંકીર્ણ** પ્રકારના રાગમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **રિષભ ધૈવત** અને **નિષાદ શુદ્ધ** તેમજ **કોમળ** છે. તે શિવાયના **શુદ્ધ** સ્વરો છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. વાદી મધ્યમ થતાં **સંવાદી ષડજ** થશે. આ રાગ પ્રાતઃકાળે ગાવાનો પ્રચાર છે.

આ રાગમાં **ભૈરવ, કાફી** અને **ખંભાવતી**નો ભાસ થાય છે પરંતુ તે રાગોથી જુદો પડે છે.

આ રાગમાં

રી ગ મ પ મ ગ મ પ ધ

સ્વરસમૂહથી ભૈરવનો ભાસ થાય છે, પરંતુ તેમાં માત્ર કોમળ રિષભ, અને કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં બે રિષભ, બે ધૈવત અને બે નિષાદનો પ્રયોગ થતો હોવાથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં

મ પ ધ સાંની સાં

સ્વરસમૂહથી કાફીનો ભાસ થાય છે, પરંતુ તેમાં કોમળ રિષભ, ધૈવતનો પ્રયોગ થતો ન હોવાથી એ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં

ધ સાં ની ધ પ ધ મ ગ

સ્વરસમૂહથી ખંભાવતીનો ભાસ થાય છે પરંતુ તેમાં કોમળ રિષભ, ધૈવતનો પ્રયોગ થતો ન હોવાથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

ગ મ રી સા, રી મગ મ પ ધ મ ગ રી ગ મ પ,

રી મ પ ધ સાંની સાં, ની ધ પ ધ મ ગ.

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બિલાસખાની તોડી, પ્રકાર (૧)

તાલ ઝુમરો. માત્રા ૧૪ વિલંબલય.

ગોવિંદ બીન બજાઈ,
નીકી ગ્વાલન ભઈ...........ધ્રુ.

સુરનર મુનિજન,, દેખ લોભાયે,
રીઝ રીઝ મન ભાયે...........ધ્રુ.

સ્થાયી:—

०			૩				×			૨			
ની	-	રે	ગ	-	-	ધ	મં	ગ	-	રે	-	-	ની
ગો	-	-	વિં	-	-	દ	બી	-	-	ન	-	-	બ
०			૩				×			૨			
રે	-	-	સા	-	-	-	સા	-	-	મ	-	ગ	-
જા	-	-	ઈ	-	-	-	ની	-	-	કી	-	-	-
०			૩				×			૨			
મ	ની	-	ધ	-	પ	-	મં	પ	-	ગ	મ	ગ	-
ગ્વા	-	-	લ	-	ન	-	ભ	-	-	ઈ	-	-	-

ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૦			૩				×			૨			
ની	-	રીં	ગ	-	-	ધ	મં ગ		-	રીં	-	-	ની
ગો	-	-	વિં	-	-	દ	બી	-	-	ન	-	-	બ

૦			૩				×			૨			
રીં	-	-	સા	-	-	-	;	;	;	;	;	;	;
જા	-	-	ઈ	-	-	-	;	;	;	;	;	;	;

૦			૩				×			૨			
ગ	મં	-	ધ	-	ની	-	સાં	રીં	-	સાં	-	સાં	-
સુ	ર	-	ન	-	ર	-	સુ	નિ	-	જ	-	ન	-

૦			૩				×			૨			
ની	રીં	-	સાં	-	ની	-	ધ	પ	-	ગ	મ	ગ	-
દે	-	-	ખ	-	લો	-	ભા	-	-	યે	-	-	-

૦			૩				×			૨			
ગ	મ	-	ની	ધ	પ	-	મં	પ	-	ગ	મ	ગ	-
રી	ઝ	-	રી	-	ઝ	-	મ	ન	-	ભા	-	યે	-

ધ્રુ

બિલાસખાની તોડી પ્રકાર (૧):—

આ થાટના સંકીર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં રિષભ વિકૃત છે, મધ્યમ ધૈવત અને નિષાદ શુદ્ધ તથા વિકૃત છે તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગમાં આવતા શુદ્ધ અને વિકૃત સ્વરોનો પ્રયોગ વિચિત્ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

છે તે આ રાગનું ખાસ અંગ જોતાં સમજાશે. આ રાગનો **વાદી સ્વર ધૈવત** છે, જે ઉત્તરાંગનો હોઇ આ રાગ **પ્રાતઃકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં **સંવાદી રિષભ** થશે. આ રાગ ગંભીર પ્રકૃતિનો શાંતરસ યુક્ત છે.

આ રાગમાં કેટલેક સ્થળે, **રૈનકી પુરીયા**, **છાયાનટ**, **સોહિની** અને **પૂર્વી** રાગોનો ભાસ થાય છે પરંતુ તે સર્વથા આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

ની̣ રી̅ ગ -

સ્વરસમૂહથી રૈનકી પુરીયાનો ભાસ થાય છે પરંતુ તેમાં

ની̣ રી̅ ગ - મં ગ રી̅ ની̣ રી̅ સા

થાય છે જ્યારે આ રાગમાં

ની̣ રી̅ ગ - ધ̅ મં ગ રી̅ ની̣ રી સા

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

ગ મ ની̅ ધ પ મં પ

સ્વરસમૂહથી છાયાનટનો ભાસ થાય છે પરંતુ તેમાં

ગ મ ની̅ ધ પ મં પ ગ મ રી સા

થાય છે જ્યારે આ રાગમાં

ગ મ ની̅ ધ પ મં પ ગ મ ગ -

એ પ્રમાણે પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

ગ મં ધ ની સાં રીં̅ સાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

સ્વરસમૂહથી સોહિનીનો ભાસ થાય છે પરંતુ તેમાં

ગ મં ધ ની સાં રીં સાં ની ધ મં ગ

થાય છે જ્યારે આ રાગમાં

ગ મં ધ ની સાં રીં સાં ની ધ પ

થાય છે એટલે એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં

રીં સાં ની ધ પ ગ મ ગ –

સ્વરસમૂહથી પૂર્વીનો ભાસ થાય છે પરંતુ તેમાં

રીં સાં ની ધ પ મં ગ મ ગ

થાય છે જ્યારે આ રાગમાં આ સ્થળે ઉપર પ્રમાણે તીવ્ર મધ્યમનો પ્રયોગ ન થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનુ ખાસ અંગ:

ની રી ગ – ધ મં ગ રી – ની રી સા

મ ગ મ ની ધ પ મં પ ગ મ ગ –,

ગ મં ધ ની સાં રીં સાં

ની ધ પ ગ મ ગ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કાનરા થાટ ૧૦.

સ્વર.

સા રી ગ મ પં ધ ની સાં

સાં ની ધ પ મ ગ રી સા

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

—: કાનરા થાટ :—

જોગિયા થાટ પછી અનુક્રમે આ થાટ મુકી શકાય. જોગિયા થાટમાં અનુક્રમે રિષભ, ધૈવત, નિષાદ વિકૃત થાય છે. રિષભ પછી અનુક્રમે ગાંધાર, મધ્યમ વિકૃત કરી તે સ્વરો કાયમ રાખી અનુક્રમે એક સ્વર વિકૃત કરતાં,

સા રી ગ મં પ ધ ની સાં

તેમજ

સા રી ગ મં પ ધ ની સાં

સ્વરસમૂહોમાં સંવાદી સ્વરના નિયમો જળવાતા ન હોવાથી એ સ્વરસમૂહોના થાટ સંભવિત નથી.

ઉપના સ્વરસમૂહોમાં જેમ ગાંધાર મધ્યમ વિકૃત કાયમ કરી અનુક્રમે એક સ્વર વિકૃત થાય છે. તેવીજ રીતે **ગાંધાર** સાથે પંચમ સ્થાયી હોઇ વિકૃત ન થતો હોવાથી **ધૈવત વિકૃત** કરી એ સ્વરો કાયમ કરી **નિષાદ વિકૃત** કરતાં,

સા રી ગ મ પ ધ ની સાં

સ્વરસમૂહના કેટલાક રાગો પ્રચલિત છે તેમજ તેમાં સંવાદી સ્વરના નિયમો જળવાય છે એટલે એ થાટ સંભવિત છે,

આ થાટમાં આવતા રાગો પૈકી કાનરો રાગ પ્રસિદ્ધ અને સરળ હોઇ આ થાટને "**કાનરા**" સંજ્ઞા આપવામાં આવી છે. કેટલાકની માન્યતા અનુસાર આ થાટને **આશાવરી** સંજ્ઞા આપવામાં આવે છે પરંતુ અમે કોમળ રિષભ ગ્રાહ્ય કરતી આશાવરીને અનુમોદન આપતા હોવાથી આ થાટને "કાનરા" નામ આપ્યું છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ થાટમાં આવતા રાગોના નીચે પ્રમાણે વિભાગો કરી શકાયઃ—

પાડવઃ—**અડાના કાનરા.**

સંપૂર્ણઃ—**આશાવરી પ્રકાર (૧), દરબારી કાનરા, કોશી કાનરા પ્રકાર (૨), જોનપુરી, દેવ ગાંધાર, ખટ પ્રકાર (૧) અને ઝીલફ પ્રકાર (૨).**

સંકીર્ણઃ-**બરવો, જંગલો, પીલુ બરવો અને જૈજૈવંતી કાનરા.**

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અડાના કાનરા.

તાલ દીપચંદી. માત્રા ૧૪ મધ્યલય.

મેરી સુનો શ્યામ,
બીચ ડગર મોહે, કા'નાને ઘેરી;
તોરો અચલવા, જાને ના દે મૈકો,
ઢીટ લંગરવા..............................ધૃ.
બિનતી કરત તોરે, પૈંયા પરતહું,
છાંડ ડગર મોરી, નનંદ રહી ટેરી;
જાને ના દે મૈકો, ઢીટ લંગરવા,
બિંદા કહત મોહે, કા'નાને ઘેરી.—ધૃ.

સ્થાયી:—

×			૨				૦			૩			
ની	-	-	સાં	-	-	રીં	ધ	ની	-	મ	-	પ	-
મે	-	-	રી	-	-	સુ	નો	-	-	શ્યા	-	મ	-

×			૨				૦			૩			
ગ	-	-	મ	-	-	પ	રી	રી	-	સા	-	સા	-
બી	-	-	ચ	-	-	ડ	ગ	ર	-	મો	-	હે	-

×			૨				૦			૩			
રીં	-	-	સાં	-	સાં	-	ધ	ની	-	મ	-	પ	-
કા'	-	-	ના	-	ને	-	ઘે	-	-	રી	-	-	-

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩
ગ - -	મ - - પ	રી રી -	સા - - -
તો - -	રે - - અ	ચ લ -	વા - - -

×	૨	૦	૩
રી રી -	મ - - -	પ - -	ધ - ની -
જા ને -	ના - - -	દે - -	મૈ - કો -

×	૨	૦	૩	
રીં - -	સાં - સાં -	ની સાં રીં	ની - મ પ	
ઢી - -	ટ - લં -	ગ ર -	વા - - -	ધ્રુ.

અંતરો:—

* ×	૨	૦	૩
મ મ -	પ - પ -	ધ ધ -	ની - સાં -
બિ ન -	તી - ક -	ર ત -	તો - રે -

×	૨	૦	૩
ની - -	સાં - રીં -	ધ ની -	પ - - -
પૈં - -	યાં - પ -	ર ત -	હું - - -

×	૨	૦	૩
મ - -	પ - પ -	ની પ -	મ - પ -
છાં - -	ડ - ડ -	ગ ર -	મો - રી -

 Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

×	૨	૦	૩	
રીં રીં -	સાં - નીસાં	પ ની સાં	ની પ મ પ	
ન નં -	ઠ - ર હી	રે - -	રી - - -	ધ્રુ.

આભોગઃ—

×	૨	૦	૩
મ મ -	પ - ધ -	ની - -	સાં - સાં -
જા ને -	ના - - -	દે - -	મૈ - કો -

×	૨	૦	૩
રીં - -	સાં - સાં -	નીસાં રીં - -	ધ ની પ -
ઢી - -	ટ - લં -	ગ ર -	વા - - -

×	૨	૦	૩
મ - -	પ - પ -	ધ ધ -	ની - સાં -
બિં - -	દા - ક -	હ ત -	મો - હે -

×	૨	૦	૩	
રીં - -	સાં - નીસાં	પ ની સાં	ની પ મ પ	
કા' - -	ના - ને -	ધે - -	રી - - -	ધ્રુ.

અડાના કાનરાઃ—

આ થાટના ષાડવ પ્રકારમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં કોમળ ગાંધાર ધૈવતનો તેમજ કોમળ અને શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે. તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે, આ રાગમાં આરોહે ગાંધારનો લોપ છે અને અવરોહે

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધૈવતનો લોપ છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય તેવા રાગો કોઈ પણ સમયે ગાઈ શકાય છે પરંતુ પ્રચારમાં આ રાગ **રાત્રે બીજા પ્રહરે** ગવાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે, આ રાગ કાનરાનો એક પ્રકાર છે.

આ રાગમાં કેટલેક સ્થળે **નાયકી, મેઘ** અને **સહાના** રાગોનો ભાસ થાય છે પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે જ્યારે નાયકી કાનરામાં ધૈવત વર્જ્ય છે. એટલે આ બે રાગ જુદા પડે છે.

આ રાગમાં,

રી મ પ ની પ મ પ રીં સાં

સ્વરસમૂહથી મેઘનો ભાસ થાય છે પરંતુ તેમાં

સાં ની પ મ પ મ રી – સા

થાય છે જ્યારે આ રાગમાં

ધ ની પ મ

એવો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

રી મ પ

સ્વરસમૂહથી સહાના રાગનો ભાસ થાય છે પરંતુ તેમાં

રી મ પ ગ –

થાય છે જ્યારે આ રાગમાં

ગ મ પ રી –

થાય છે તેમજ કોમળ ધૈવતનો પ્રયોગ થાય છે એટલે એ બે રાગો જુદા જણાય છે.

આ રાગનું ખાસ અંગ

રીં સાં ની ધ ની મ પ ની – સાં –

ધ ની પ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આશાવરી પ્રકાર (૧).

તાલ દીપચંદી. માત્રા ૧૪ મધ્યલય.

કરલે શીંગાર ચતર અલબેલી,
સાજનકે ઘરજાના ભી હોગા.—ધૃ.
વાંહી તેરા સસરા, વાંહી તેરા પિયુ,
વાંહી તેરા ગુજારા ભી હોગા.—ધૃ.

સ્થાયી:—

૦			૩				×			૨				
રી	મ	-	પં	-	સાં	-	ની	ધ	-	પ	-	-	પ	
ક	ર	-	લે	-	શીં	-	ગા	-	-	ર	-	-	ચ	
૦			૩				×			૨				
પ	પ	-	ધ	પ	મ	-	પ	ધ	-	સાં	-	-	-	
ત	ર	-	અ	-	લ	-	બે	-	-	લી	-	-	-	
૦			૩				×			૨				
રીં	ગં	-	રીં	-	રીં	-	સાં	-	-	ની	ધ	પ	-	
સા	-	-	જ	-	ન	-	કે	-	-	ઘ	-	ર	-	
૦			૩				×			૨				
મ	-	-	રી	મ	પ	ધ	પ	ગ	-	રી	-	સા	-	
જા	-	-	ના	-	-	ભી	હો	-	-	ગા	-	-	-	ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

૦	૩	×	૨
રીં મ -	પ - સાં -	ની ધ -	પ - - ;
ક ર -	લે - શીં -	ગા - -	ર - - ;

૦	૩	×	૨
મ મ -	પ - પ -	ધ પ -	સાં - - -
: વાં હી -	તે - રા -	સ સ -	રા - - -

૦	૩	×	૨
ધ રીં -	ગં રીં સાં -	ની સાં રીં	ધ - પ -
વાં હી -	તે - રા -	પિ - -	યુ - - - :

૦	૩	×	૨
પ રીં -	સાં - ની -	ધ ધ -	પ - - મ
વાં હી -	તે - રા -	- - -	- - - ગુ

૦	૩	×	૨	
રી મ પ	ધ સાંની ધ પ	મ ગ રી	ગ રી સા -	
જા - -	રા - - ભી	હો - -	ગા - - -	ધ્રુ.

આશાવરી પ્રકાર (૧):—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં **ગાંધાર, ધૈવત,** અને **નિષાદ કોમળ** છે,

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં આરોહે **ગાંધાર, નિષાદનો** લોપ છે. આ રાગનો **વાદી સ્વર ધૈવત** છે, જે ઉત્તરાંગનો હોઇ આ રાગ **દિવસે દ્વિતીય** પ્રહરે ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં **સંવાદી ગાંધાર** થશે. પ્રકૃતિ ગંભીર છે.

આશાવરીના બીજા પ્રકારમાં **રિષભ કોમળ** આવતો હોઇ તે પ્રકારનો સમાવેશ ભૈરવી થાટમાં થાય છે.

આ રાગમાં કેટલેક સ્થળે **દરબારી કાનરો,** તથા **જોનપુરીનો** ભાસ થાય છે, પરંતુ અમુક સ્વરથી અમુક સ્થળે જુદા પડે છે, જે તે તે રાગોની ટીકાથી જણાશે.

આ રાગનું ખાસ અંગ

સા - રી મ પ - $\overline{\text{ધ}}$ - પ મ પ $\overline{\text{ધ}}$ સાં -

સાં $\overline{\text{ની}}$ $\overline{\text{ધ}}$ પ મ પ $\overline{\text{ધ}}$ પ મ $\overline{\text{ગ}}$ - રી - સા -

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દરબારી કાનરો.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

ઘુંઘટકે પટ ખોલદે.
તોહે રામ મીલેંગે.—ધ્રુ.
ઘટ ઘટમેં રામ રમૈયા,
ઘટકે બચન મત ડોલરે.—ધ્રુ.

સ્થાયી:—

०	૩	×	૨	*
મ઼ - પ઼ પ઼	નીધ ની઼ સા રી	નીસારી ગ - ની઼	રી - સા - :	
ઘું - ઘ ટ	કે - પ ટ	ખો - - લ	દે - - -	

०	૩	×	૨	
સા - સા -	ની઼ - સા રી	ધ઼ - - ની઼	પ઼ - - -	
તો - હે -	રા - મ મી	લેં - - ગે	- - - ;	ધ્રુ.

અંતરો:—

* ०	૩	×	૨	
; મમ પ પ	નીધ - ની સાં	ની - સાં રીં	ધ - નીપ - :	
; ઘટ ઘ ટ	મેં - - -	રા - મ ર	મૈ - યા -	

०	૩	×	૨	
મ મ મ મ	પ પ - મપ	ગ - - ની઼	રી - સા -	
ઘ ટ કે બ	ચ ન - મત	ડો - - લ	રે - - -	ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દરબારી કાનરોઃ—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **ગાંધાર, ધૈવત,** અને **નિષાદ કોમળ** છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં **આરોહે ગાંધાર** દુર્બળ છે. **અવરોહે ધૈવત વક્ર** છે. આ રાગનો **વાદી સ્વર રિષભ** છે જે પૂર્વાંગનો હોઇ આ રાગ **રાત્રે દ્વિતીય પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી રિષભ થતાં **સંવાદી ધૈવત** થશે. આ રાગનું ચલણ મંદ્રસપ્તકમાં હોઇ સ્વરૂપ મંદ્રસપ્તકમાં વ્યક્ત થાય છે. પ્રકૃતિ ગંભીર છે.

આ રાગમાં કેટલેક સ્થળે **આશાવરીનો** ભાસ થાય છે. પરંતુ તેનાથી આ રાગ જુદો પડે છે.

આ રાગમાં

મ પ ની ધ

સ્વરસમૂહથી આશાવરીનો ભાસ થાય છે પરંતુ તેમાં,

મ પ ની ધ સાં ની ધ પ

થાય છે જ્યારે આ રાગમાં

મ પ ની ધ ની સાં રીં ધ ની પ

પ્રયોગ થતો હોવાથી એ બે રાગો પરસ્પર જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

મ઼ પ઼ – ની઼ ધ઼ – ની઼ – ગ રી સા

ની઼ સા રી ધ઼ – ની઼ પ઼ –

ની઼ સા રી – ગ – ની઼ – રી – સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કોશી કાનરા. પ્રકાર (૨)

તાલ રૂપક. માત્રા ૭ વિલંબલય.

રાજનકે રાજા મહારાજા;
રામચંદ્ર સર તાજા.—ધ્રૃ.
જગત ઉધારન જનકો પ્રતિપાલન,
તુંહી આદી અંત કો બિસરામા.—ધ્રૃ.

સ્થાયી:—

૩	(×)	૨	૩	(×)	૨
રીની -	સા મ મ	મગ -	મ પ	મ ગ -	રી -
રા -	જ ન કે	રા -	જા -	મ હા -	રા -

૩	(×)	૨	૩	(×)	૨	
સા -	સાની - ધ	ની -	સા મ	ગ - -	રી સા	
જા -	રા - મ	ચં -	દ્ર સર	તા - -	જા -	ધ્રૃ.

અંતરો:—

૩	(×)	૨	૩	(×)	૨
રીની -	સા મ મ	મગ -	રી સા	મગ મ -	ની ધ -
રા -	જ ન કે	રા -	જા -	જ ગ -	ત -

૩	(×)	૨	૩	(×)	૨
મ ધ	ધ ની સાં -	નીસાં -	મં -	મં ગં -	સાં -
ઉ -	ધા - -	ર -	ન -	જ ન -	કો -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩	(x)	૨	૩	(x)	૨
ની ધ ની	મધ નીસાં -	ની ધ	મ - :	ગ મ -	ની ધ -
પ્ર તિ	પા - -	લ -	ન -	તું હી -	આ -

૩	(x)	૨	૩	(x)	૨	
ની સાં	સાં - સાં	ની ધ	સાંની ધ	મ ગ -	રીસા -	
દી -	અં - તં	કો -	બિ સ	રા - -	મા -	ધ્રુ.

કોશી કાનરા પ્રકાર (૨):—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ ગાંધાર, ધૈવત** અને **નિષાદ**નો પ્રયોગ થાય છે, તે શિવાય **સર્વે શુદ્ધ સ્વરો** છે. **રિષભ પંચમ દુર્બળ** છે. **આરોહે પંચમ વર્જ્ય** છે. આ રાગનો **વાદી સ્વર મધ્યમ** છે. જ્યારે **સંવાદી ષડજ** છે. આ રાગ **મધ્ય રાત્રિએ** ગાવાનો પ્રચાર છે.

આ રાગમાં **માલકોષ** તથા **કાનરા**નો ભાસ થાય છે.

ગ મ ધ ની સાં

સ્વરસમૂહથી માલકોષનો ભાષ થાય છે. પરંતુ તેમાં રિષભ, પંચમ વર્જ્ય છે. જેથી આ રાગ જુદો પડે છે.

પ ગ મ રી સા

સ્વરસમૂહથી કાનરાનો ભાસ થાય છે. પરંતુ તેમાં પંચમ, રિષભનો સાવકાશે પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં બન્ને સ્વર દુર્બળ છે.

આ રાગનું ખાસ અંગ

સા ની ધ ની સા મ પ મ ગ

રી સા ગ મ ધ ની સાં ની ધ મ ગ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જોનપુરી.

તાલ પંજાબી. માત્રા ૧૬ મધ્યલય.

સખી પ્રેમ ડગરીયાં ના જૈયો,
તાપે એ દુઃખ સૈહીયો.—ધ્રૂ.
રસ ખાનકી રાહ બ્હોત કઠીન હે;
અપને મતકી રહીયો.—ધ્રૂ.

સ્થાયી:—

	०	૩	×	૨	*
મમ	પધની સાં – નીધ	પ મ – પધ	ગરીગ સા રી મ	પ – ધ :	
સખી	પ્રે – – મડ	ગ રી – યા	ના – જૈ –	યો – –	

	०	૩	×	૨	
;	; ગંરીં સાં –	ની – સાં સાં	નીસાં – નીસાંરીં ધ	પ – ધ	
;	; તા પે –	એ – દુઃ ખ	સૈ – હી –	યો – –	ધ્રૂ.

અંતરો:—

*	०	૩	×	૨
મમ	પ – પ પ	નીધ – ની –	સાં – સાં સાં	રીં ની સાં :
રસ	ખા – ન કી	રા – હા –	બ્હો – ત ક	ઠી ન હે

	०	૩	×	૨	
:	; ગંરીં સાં –	ની સાં સાં –	ધની સાંરીં સાંની ધ	પ – ધ	
:	; અપ ને –	મ ત કી –	ર હી – –	યો – –	ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જોનપુરીઃ—

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે આમાં **ગાંધાર, ધૈવત, નિષાદ, કોમળ** છે, તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે, આ રાગમાં આરોહે **ગાંધાર** વર્જ્ય છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. પંચમ વાદી હોય તેવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **દિવસે દ્વિતીય પ્રહરે** ગવાય છે. વાદી પંચમ થતાં **સંવાદી રિષભ** થશે. આ રાગનું ચલણ અવરોહે વક્ર છે.

આ રાગમાં કેટલેક સ્થળે શુદ્ધ રિષભ લેતી **આશાવરી** અને **દરબારી કાનરાનો** ભાસ થાય છે.

આ રાગમાં

સા રી મ પ – ધ̄ ની̄ સાં

સ્વરસમૂહથી આશાવરીનો ભાસ થાય છે પરંતુ તેમાં અવરોહે

સાં ની̄ ધ̄ પ મ ગ̄ – રી સા

થાય છે જ્યારે આ રાગમાં નિષાદ વક્ર થતો હોવાથી

સાં ની̄ સાં ધ̄ ની̄ પ મ પ ધ̄ ગ̄ રી સા રી મ પ –

એ પ્રમાણે થાય છે. તેમજ આરોહે

મ પ ધ̄ ની̄ સાં –

થાય છે જ્યારે આશાવરીમાં

મ પ ધ̄ સાં

આ પ્રમાણે નિષાદનો લોપ થાય છે એટલે આ બે રાગ જુદા પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં

મ પ ની ધ ની સાં

થી દરબારી કાનરાનો ભાસ થાય છે પરંતુ તેમાં

મ પ ની ધ ની સાં રીં ધં ની પ

એ પ્રમાણે પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ,

મ પ ધ ની સાં - ની ધ પ મ પ ધ ગ સા - રી મ પ -

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખટ પ્રકાર (૧)

તાલ રૂપક. માત્રા ૭ વિલંબલય.

આજ ખેલત બ્રિજ નંદલાલ,
હોરી જમુનામેં કુંવર કા'ન.—ધ્રૂ.
બિન મૃદંગ ઝાંઝ કોધુકાર,
મારત કેસર રંગ આજ.—ધ્રૂ.

સ્થાયી:—

૨	૩	(×)	૨	૩	(×) *	
મ -	ગ પ	મ ગ -	પ મ	પ પ	ધ - ધ	
આ -	જ ખે	લ ત -	બ્રિ જ	નં દ	લા - લ	
૨	૩	(×)	૨	૩	(×)	
સાં -	ધ રીં	ધ ધ ની	મ પ	ગ -	સારી - સા	
હો -	રી જ	મુ ના મેં	કું વ	ર -	કા' - ન	ધ્રૂ.

અંતરો:—

*૨	૩	(×)	૨	૩	(×)	
પ મ	પ ધ	સાં - સાં	ની સાં	રીં ધ	પ - પ	
બી -	ન મૃ	દં - ગ	ઝાં ઝ	કો ધુ	કા - ર	
૨	૩	(×)	૨	૩	(×)	
સાં ગં	ની સાં	ધ ની પ	મ પ	ગ રી	સારી - સા	
મા -	ર ત	કે - -	સ ર	રં ગ	આ - જ	ધ્રૂ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ખટ પ્રકાર (૧)

આ થાટના **સંપૂર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **કોમળ ગાંધાર, ધૈવત** તેમજ **ઉભય નિશાદનો** પ્રયોગ થાય છે. તે શિવાયના **શુદ્ધ સ્વરો છે,** આ રાગનો **વાદિ સ્વર ધૈવત** છે. જે ઉત્તરાંગનો હોય આ રાગ **દિવસના બીજા પ્રહરે** ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં **સંવાદી ગાંધાર** થશે. બીજા પ્રકારના ખટનો સમાવેશ ભૈરવી થાટમાં કર્યો છે.

આ રાગમાં કેટલેક સ્થળે **આશાવરીનો** ભાસ થાય છે,

આ રાગમાં.

મ પ ધ સાં

સ્વરસમૂહથી આશાવરીનો ભાસ થાય છે. પરંતુ તેમાં માત્ર કોમળ નિષાદ આવે છે. જ્યારે આમાં બે નિષાદ આવે છે. જેથી આ બે રાગ જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગ

મ ગ પ ધ સાં ની સાં

ની સાં ધ ની પ મ ગ રી સા

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દેવગાંધાર.

તાલ ત્રિતાલ માત્રા ૧૬ મધ્યલય.

પરીએ વાંકે પાયન સજની.
જો ન માને ગુનીયનકી સીખીયાં.—ધ્રૃ.

ઐસોહી બિઘનારોહી આવે,
ઐસે માનસકે પાસ ન જૈએ,
દરશ કહા વાસો લરીએ હાં.—ધ્રૃ.

સ્થાયી:—

૦	૩	×	૨ *
; પસાં ના સાં	નીધ પ મ પ	ગ - સારી મ	પ ધમ પ - :
; પરી એ -	વા - કે -	પા - ય ન	સ જ ની -

૦	૩	×	૨
ગ - રી સા	રી ની સા સા	ગરી પમ ધપ સાંની	ગરીં સાંની ધમ પ
જો - ન મા	ને - ગુ ની	ય ન કી -	સી ખી યાં - ધ્રૃ.

અંતરો:—

* ૦	૩	×	૨
મ - પ -	નીધ પ સાં સાં	ની - સાં રીં	સાં ની ધ પ :
ઐ - સો -	હી - બિ ઘ	ના - રો હી	આ - વે -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૦	૩	×	૨
ગં - ગં રીં	સાં ની ધ પ	મ - પ પ	ગ રી સા -
ઐ - સે મા	ન સ કે -	પા - સ ન	જૈ - એ -

૦	૩	×	૨
ની સારી મ મ	પ - ધપ સાં	ગં રીં સાં ની	ગરીં સાંની ધપ મપ
દ ર શ ક	હા - વા સો	લ રી એ -	હાં - - -

ધ્રુ.

દેવગાંધારઃ—

આ થાટના સંપૂર્ણ, પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. તેમાં **ગાંધાર, ધૈવત, નિષાદ કોમળ** છે, તે શિવાય સર્વ શુદ્ધ સ્વરો છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે. ષડજ વાદી હોય એવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે. પ્રચારમાં આ રાગ **દિવસે દ્વિતીય પ્રહરે** ગવાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે. આ રાગમાં આરોહે **રિષભ ધૈવત** વર્જ્ય છે, આ રાગની પ્રકૃતિ ચંચળ છે.

આ રાગમાં કેટલેક સ્થળે **દેશી** અને **આશાવરી** (શુદ્ધ રિષભ લેતી) ના ભાસ થાય છે.

આ રાગમાં

ની સા રી મ પ -

સ્વરસમૂહથી દેશીનો ભાસ થાય છે પરંતુ તેમાં શુધ્ધ તેમજ કોમળ નિષાદ, ધૈવત છે જ્યારે આ રાગમાં માત્ર કોમળ નિષાદ, ધૈવતનો પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં

ગં રીં સાં ની ધ પ –

સ્વરસમૂહથી આશાવરીનો ભાસ થાય છે પરંતુ તેમાં,

પ મ ગ રી સા

થાય છે જ્યારે આ રાગમાં

પ મ પ ગ રી સા

આ પ્રમાણે પ્રયોગ થતો હોવાથી એ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં કેટલાકની માન્યતા અનુસાર આરોહે અમૂક વખતે શુદ્ધ ગાંધાર નિષાદ પણ લેવામાં આવે છે, જેમકે

પ ગ રી સા ની સા રી ગ મ પ ગ

રી ગ સા –

આ રાગનું ખાસ અંગ

પ સાં ની ધ પ મ પ ગ રી સા

ની સારી મ પ

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ઝીલફ઼ પ્રકાર (૨)

તાલ ઝપતાલ. માત્રા ૧૦ મધ્યલય.

રથકી ગરૂલ ધૂલ આસમાન છાંયો હે,
દોર દોર દેખનકો જદુનાથ આયો હે.—ધૃ.
પાતીકે ભેજનકો છીન હુના લાગી બાર,
દ્વારિકા છાંડ પ્રભુ કુંજન કો આયો હે.—ધૃ.

સ્થાયી:—

×		૨			૦		૩		
નિ̣	સા	મગ	-	મ	પ	પ	મપ	-	પ :
ર	થ	કી	-	ગ	રૂ	લ	ધૂ	-	લ
×		૨			૦		૩		
પ	ધ	ની	-	સાં	નીસાં	રીં	ધ	-	પ
આ	સ	મા	-	ન	છાં	-	યો	-	હે
×		૨			૦		૩		
રીં	ગં	સાં	ની	સાં	ધ	-	ધ	ની	પ
દો	-	ર	દો	ર	દે	-	ખ	ન	કો
×		૨			૦		૩		
મગ	મ	પ	-	મ	રી	-	રી	-	સા
જ	દુ	ના	-	થ	આ	-	યો	-	હે ધૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અંતરો:—

×		૨			૦		૩			
મ	-	પ	પ	ધ	ની	ની	ધની	સાં	સાં :	
પા	-	તી	કે	ભે	જ	ન	કો	છિ	ન	
×		૨			૦		૩			
ની	-	સાં	-	રીં	સાં	ની	ધ	ની	પ	
હુ	-	ના	-	લા	ગી	-	બા	-	ર	
×		૨			૦		૩			
પ	-	રીં	-	સાં	ની	સાં	ધ	ની	પ	
દ્વા	-	રિ	-	કા	છાં	-	ડ	પ્ર	ભુ	
×		૨			૦		૩			
પમ	-	મ	પ	પ	મગ	-	મ	રી	સા	
ફું	-	જ	ન	કો	આ	-	ચો	-	હે	ધ્રૂ.

ઝીલફ઼ પ્રકાર (૨):—

આ થાટના સંપૂર્ણ પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આ રાગમાં આરોહે રિષભનો લોપ છે. જ્યારે અવરોહે ગાંધાર વક્ર થઇ લોપ થાય છે. આ રાગમાં ગાંધાર, ધૈવત અને નિષાદ કોમળ છે શિવાયના સ્વરો શુદ્ધ છે. વાદી ધૈવત છે, જે ઉત્તરાંગનો હોઇ આ રાગ દિવસના પ્રથમ પ્રહરે ગાવાનો પ્રચાર છે. વાદી ધૈવત થતાં સંવાદી રિષભ થશે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગ આશાવરી તથા જોનપુરીને મળતો છે. પરંતુ એની ચાલ અલગ હોઈ બનેવ રાગથી જુદો પડે છે, જે એ રાગોની ટીકા જોવાથી માલમ પડશે.

આ રાગનું ખાસ અંગ

ની઼ સા મગ – મ પ ધ ની સાં

ની ધ ની પ મ ગ મ રી સાં

આ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

બરવો.

તાલ લાવણી (ધુમાલી). માત્રા ૮ મધ્યલય.

રૂક્ષમણી બ્યાહુનકી રચના,
રૂક્ષ મૈયા કુમતિ પાઇ,
દુષ્ટનકી સૈન બુલાઇ,
પિતુ માત નિરાદર કરહી;
અકરમી માનત નાહી જકનીઆ.—ધૃ.

પડ પ્રથમ સિદ્ધ શ્રી શીલ સર્વ;
ઉપમાન બિરદ કહું એરી.
જનમો જનમકી લગન મેરી,
પગ પડી પ્રીતકી બેડી.
હિતકે સુન સાચે સમાચાર;
પ્રભુ મેં અર્ધાંગી તેરી.
રૂક્ષમણી બ્યાહુનકી રચનાં.—ધૃ.

સ્થાયી:—

	×	૨	×	૨ *
ની સા	રી ગ રી મ	ગ રી સા રી	ની ની સા -	- - :
રૂ ક્ષ	મ ણી - બ્યા	હ ન કી -	ર ચ ના -	- -

	×	૨	×	૨
સા સા	રી - મ -	પ ધ મ ગ	રી ગ સા - :	- - :
રૂ ક્ષ	મૈ - યા -	કુ - મ તિ	પા - ઈ -	- -

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

	×	૨	×	૨	
સા -	રી રી મ -	પ ધ ગ રી	ની - સ -	- -	
દુ -	ષ્ટ ન કી -	સૈ - ન બુ	લા - ઇ -	- -	
	×	૨	×	૨	
સા સા	રી - મ મ	પ - ની ની	સાં સાં સાં સાં	રીં ની	
પિ તુ	મા - ત નિ	રા - દ ર	ક ર હી અ	ક ર	
	×	૨	×	૨	
ધ પ	મ - ધ પ	ગ રી સા રી	ની ની સા -	- -	
મી -	મા - ન ત	ના - હી જ	ક ની આ -	- -	ધ્રુ.

અંતરો:—

*	×	૨	×	૨
પ પ	ની ની ની સા	- સા સા -	ગ - રી સા	- સા
પ ડ	પ્ર થ મ સિ	- દ્ધ શ્રી -	શી - લ સ	- ર્વ
	×	૨	×	૨
ની સા	રી ગ રી મ	ગ રી સા રી	ની - સા -	; ;
ઉ પ	મા - ન બિ	ર દ ક હું	એ - રી -	; ;
	×	૨	×	૨
; ;	ગ રીં મ મ	પ પ પ -	ગ ગ ગ મ	- મ
; ;	જ ન મો જ	ન મ કી -	લ ગ ન મે	- રી

	×	૨	×	૨	
મ મ	રી મ – પ	ધ મ ગ રી	ની – સા –	; ;	
પ ગ	પ ડી – પ્રી	– ત કી –	એ – ડી –	; ;	
	×	૨	×	૨	
સા સા	રી – મ મ	પ – ની –	સાં સાં – સાં	– સાં	
હિ ત	કે – સુ ન	સા – ચે –	સ મા – ચા	– ર	
	×	૨	×	૨	
સાં સાં	રીં – ની ની	ધ – પ –	રી મ પ ધ	પ –	
પ્ર ભુ	મેં – અ રૂ	ધાં – ગી –	તે – – –	રી –	
	×	૨	×	૨	
પ પ	મ પ – મ	ગ રી સા રી	ની ની સા –	; ;	
રૂ ક્ષ	મ ણી – બ્યા	હ ન કી –	ર ચ ના –	; ;	ધ્રુ.

બરવોઃ—

આ થાટના **સંકીર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે, આમાં **ગાંધાર, ધૈવત** અને **નિષાદ શુદ્ધ** તથા **કોમળ** આવે છે. બાકીના **સર્વ શુદ્ધ સ્વરો** છે.

આ રાગમાં **આરોહે ગાંધાર** અને **ધૈવત વર્જ્ય** છે. આ રાગનો **વાદી સ્વર ષડજ** છે, જે પૂર્વાંગનો હોઇ કોઇપણ સમયે આ રાગ ગાઇ શકાય. પ્રચારમાં **સાંયકાળે** ગવાય છે. વાદી ષડજ થતાં **સંવાદી પંચમ** થશે રાગ પ્રકૃતિ ચંચળ છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આવા મિશ્ર રાગોને “ ધૂન ” કહેવામાં આવે છે. આ રાગ પણ તેનો એક પ્રકાર છે.

જે રાગમાં કોમળ તથા શુદ્ધ સ્વરો આવતા હોય, તે રાગમાં બહુધા સ્વરોનો પ્રયોગ નીચે પ્રમાણે થાય છે:—

શુદ્ધ ગાંધારનો પ્રયોગ આરોહે થાય છે, જ્યારે કોમળ ગાંધારનો પ્રયોગ અવરોહે થાય છે જેમકે:-

ગ મ પ ગ રી સા

શુદ્ધ ધૈવતનો પ્રયોગ અવરોહે થાય છે, જ્યારે કોમળ ધૈવતનો પ્રયોગ વક્ર રીતે થાય છે જેમકે:-

સાં ની ધ પ રી મ પ ધ મ ગ રી સા

એજ પ્રમાણે શુદ્ધ નિષાદનો પ્રયોગ આરોહે થાય છે. જ્યારે કોમળ નિષાદનો પ્રયોગ અવરોહે થાય છે જેમકે:-

રી મ પ ની સાં રીં ની ધ પ

આ રાગમાં કેટલેક સ્થળે **દેશી, સોરઠ** અને **પીલુ**નો ભાસ થાય છે.

આ રાગમાં,

રી મ - પ ધ -

સ્વરસમૂહથી દેશીનો ભાસ થાય છે, પરંતુ તેમાં માત્ર કોમળ ગાંધાર, બે ધૈવત અને બે નિષાદનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં ગાંધાર, ધૈવત અને નિષાદ શુદ્ધ તથા કોમળ આવે છે, તેથી આ બે રાગો જુદા પડે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

આ રાગમાં,

રી મ પ ની સાં રીં ની ધ પ

સ્વરસમૂહથી સોરઠનો ભાસ થાય છે પણ તેમાં

રી મ પ ની સાં – રીં ની ધ પ – રી મ પ ધ મ ગ રી

એ પ્રમાણે થાય છે જ્યારે આ રાગમાં

રી મ પ ની સાં – રીં ની ધ પ – રી મ પ ધ મ ગ રી

થાય છે તેથી આ બે રાગો જુદા પડે છે.

આ રાગમાં,

પ઼ ની઼ સા ગ રી સા

સ્વરસમૂહથી પીલુનો ભાસ થાય છે, પરંતુ તેમાં માત્ર કોમળ ધૈવત તથા શુદ્ધ નિષાદનો પ્રયોગ થાય છે, જ્યારે આ રાગમાં શુદ્ધ તથા કોમળ ધૈવત, નિષાદનો પ્રયોગ થતો હોવાથી આ આ બે રાગો જુદા પડે છે.

આ રાગનું ખાસ અંગઃ—

પ઼ ની઼ સા ગ રી સા

ગ મ પ ધ – મ ગ રી સા

રી મ પ ની સાં રીં ની ધ પ

રી મ પ ધ મ ગ રી સા

એ પ્રમાણે છે.

જંગલો.

તાલ ત્રિતાલ. માત્રા ૧૬ મધ્યલય.

હાંરે જીયરા લગાયે લીનો જાય.
જાતરે સખી મોરા.—ધ્રૃ.
ઈસરે તલાવકી ઝીંગી મછલીયાં;
બંસીયા બજાયે લીનો જાય.—ધ્રૃ.

સ્થાયી:—

૨	૦	૩	×	*
રી મ – પધ	મ ગ રી સા	રી મ – પધ	પ – – –	‖
હાં રે - જીય	રા – – લ	ગા યે – લીનો	જા – – ય	:‖

૨	૦	૩	×	
; ; ; પપ	ધ – – મપ	ગ – મ –	ધપ મગ રી સા	
; ; ; જાત	રે – – સખી	મો – રા –	– – – –	ધ્રૃ.

અંતરો:—

*૨	૦	૩	×	
; મમ પ પ	ધ – ની સાં	– ધ – નીસાં	ધ ધ પ –	‖
; ઈસ રે ત	લા – વ કી	– ઝીં – ગીમ	છ લી યાં –	:‖

૨	૦	૩	×	
પ મ રીગ સા	રી મ – પધ	પ – – –	સાંની ધપ મગ રીસા	
બં સી યા બ	જા યે – લીનો	જા – – ય	– – – –	ધ્રૃ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જંગલો:—

આ થાટના **સંકીર્ણ** પ્રકારનો આ રાગ છે. આમાં **ગાંધાર, ધૈવત કોમળ** તથા **શુદ્ધ** આવે છે, જ્યારે **નિષાદ માત્ર કોમળ** આવે છે. તે શિવાય **સર્વ શુદ્ધ સ્વરો** છે. આ રાગમાં આરોહે **ગાંધારનો લોપ** છે. આ રાગનો **વાદી સ્વર પંચમ** છે. પંચમ વાદી હોય તેવા રાગો કોઇપણ સમયે ગાઇ શકાય છે; પરંતુ પ્રચારમાં આ રાગ **સાંયકાળે** ગવાય છે. વાદી પંચમ થતાં **સંવાદી ષડજ** થશે. રાગપ્રકૃતિ ચંચળ છે.

આ રાગમાં કેટલેક સ્થળે **આશાવરી**નો ભાસ થાય છે.

આ રાગમાં,

રી મ પ ધ પ

સ્વરસમૂહથી આશાવરીનો ભાસ થાય છે, પરંતુ તેમાં,

રી મ પ ધ પ ગ – રી – સા –

થાય છે જ્યારે આમાં,

રી મ પ ધ મ ગ રી સા –

થાય છે, તેમજ આ રાગમાં કોમળ ગાંધાર, ધૈવત ઉપરાંત શુદ્ધ ગાંધાર, ધૈવતનો પ્રયોગ થતો હોવાથી આ બે રાગો જુદા પડે છે. વળી આ રાગ સંકીર્ણ છે જ્યારે આશાવરી સંપૂર્ણ છે.

આ રાગનું ખાસ અંગ:—

રી મ પ ધ મ ગ રી સા – રી મ પ ધ પ –

પ ધ મ પ ગ – મ –

ધ ની સાં ધ પ –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પીલુ બરવો.

તાલ લાવણી (ધુમાલી). માત્રા ૮ મધ્યલય.

કસ કર મારા તીરરે.
મેરે બારે જોબન પર,
બારે જોબન પર.
બારે જોબન પર.—ધૃ.
બરછીકા મારા, કોઇ દમ જીવે.
નેનોકા મારા ફકીરરે.
મેરે બારે જોબન પર.—ધૃ.

સ્થાયી:—

૨				×			
;	પ઼પ઼	ન઼ી	ન઼ી	સા	-	સા	-
;	કસ	ક	ર	મા	-	રા	-
૨				×			
;	ગ	-	રી	સા	-	સા	સા
;	તી	-	ર	રે	-	મે	રે
૨				×			
;	ગ	-	મપ	ગ	રી	સા	સા
;	બા	-	રેજો	બ	ન	પ	ર
૨				×			
;	પ	-	પમ	પધ	ની	ધ	પ
;	બા	-	રેજો	બ	ન	પ	ર

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨				×			
;	ગ	-	મપ	રીગ	સારી	ની	સા
;	આ	-	રેજો	બ	ન	પ	ર

ધ્રુ.

અંતરો:—

*૨				×			
;	સાસા	ગ	મ	ગમ	પધ	પ	-
;	બર	છી	કા	મા	-	રા	-

૨				×			
;	ગગ	મ	પ	ગ	રી	સા	-
;	કોઇ	દ	મ	જી	-	વે	-

૨				×			
;	ગ	મ	ગ	સા	-	ગ	ગ
;	ને	ના	કા	મા	-	રા	ફ

૨				×			
મ	-	-	રી	મ	પ	ધ	પં
કી	-	-	ર	રે	-	મે	રે

૨				×			
ગ	-	મ	પ	ગ	રી	સાં	સા
આ	-	રે	જો	બ	ન	પ	ર

ધ્રુ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પીલુ બરવોઃ—

આ થાટના **સંકીર્ણ** પ્રકારના રાગોમાં આ રાગનો સમાવેશ થાય છે. આમાં **ગાંધાર ધૈવત** અને **નિષાદ શુદ્ધ** તથા **કોમળ** આવે છે. બાકીના **સર્વ શુદ્ધ** સ્વરો છે, આ રાગમાં આરોહે રિષભ વર્જ્ય છે.

આ રાગનો **વાદી** સ્વર ગાંધાર છે, જે **પૂર્વાંગનો** હોઇ આ રાગ **સાયંકાળે** ગાવાનો પ્રચાર છે. વાદી ગાંધાર થતાં, **સંવાદી નિષાદ** થશે રાગપ્રકૃતિ ચંચળ છે.

આવા મિશ્ર રાગોને “ ધૂન ” કહેવામાં આવે છે. આ રાગ પણ તેનો એક પ્રકાર છે.

આ રાગ **પીલુ** અને **બરવાનું** મિશ્રણ છે અને એ બે રાગોનાં અંગ આ રાગમાં વ્યક્ત થાય છે.

આ રાગમાં

પ઼ ની઼ સા ગ રી સા

સ્વરસમૂહ એ પીલુનું અંગ છે. અને

ની ધ પ – ગ મ પ ધ પ

સ્વરસમૂહ એ બરવાનું અંગ છે.

આ રાગમાં, પીલુ અને બરવાની સાથે મળતા રાગોનો, ભાસ થાય છે અને તે, તે રાગોની ટીકા જોવાથી જણાશે.

આ રાગનું ખાસ અંગઃ—

પ઼ ની઼ સા ગ રી સા –

ગ મ પ ગ રી સા

ની ધ પ ગ મ પ ધ મ ગ મ પ ગ રી સા –

એ પ્રમાણે છે.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

જૈજૈવંતી કાનરો.

તાલ ધ્રુવપદ. માત્રા ૧૨ વિલંબલય.

માનો મવાસ દાસ,
ઘુંઘટકી ઓટ કોટ.—ધ્રૂ.
નૈનનકી પાટ આડ,
અંજન બનાય કૈસે.—ધ્રૂ.
મેરે ભવ પાલ લાલ,
મીલે હુ પ્યારે લાલ,
એ બ્રીજ બાલ જાકી,
જગ મેં દુહાઇ હે.—ધ્રૂ.

સ્થાયી:—

×		૦		૨		૦		૩		૪	
પ̣	-	રી	ગ	મ	મ	ગ	મ	ગ	રી	ગ̄	રી
મા	-	નો	-	-	મ	વા	-	સ	દા	-	સ

×		૦		૨		૦		૩		૪		
સા	-	ની̣	સા	રી	-	ધ̣̄	-	ની̣	પ̣	-	પ̣	
ઘું	-	ઘ	ટ	કી	-	ઓ	-	ટ	કો	-	ટ	ધ્રૂ.

અંતરો:—

